# રાજસ પ્રકરણ



## રાજસ પ્રકરણનું વિશેષ :

આ આધ્યાયમાં અરિષ્ટવધ અને નારદજી દ્વારા કંસને કહેવાય છે કે ''તને મારનાર કૃષ્ણ ગોકુળમાં છે'' તેથી ધનુર્યાગ નિમિત્તે તેમને બોલાવી લાવવા અક્રૂરજીને કંસ આજ્ઞા કરે છે.

રાજસમાં યાદવો મુખ્ય છે. પ્રમાણ પ્રકરણના ૭ અધ્યાય છે જેમાં અધ્યાયનો અર્થ ક્રમથી ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય અને ધર્મી, એમાં નારદજી, અક્રૂરજી, નંદજી, વિદુરજી, ગોપીજનો, અક્રૂરજીને દર્શન આપનાર હરિ અને કુબ્જા, એ બધાં પ્રમાણભૂત છે.

અહીં વ્યૂહ વિશિષ્ટ ભગવાનમાં રાજસભક્તોને સ્નેહ થયો છે. આગળ ના પ્રકરણની જેમ જ અહીં પણ પ્રમાણથી સ્નેહ, પ્રમેયથી આસક્તિ, સાધનથી વ્યસન અને ફળ એમ ક્રમ છે.

ભગવાન વ્રજભક્તોના તામસ ભાવને કારણે ગોકુળ પધાર્યા તેથી ગોકુલસ્થ ભક્તો રાજસ થયા ક્રમે કરીને તેઓ સાત્વિક થઈને નિર્ગુણ થશે ત્યારે તેમની મુક્તિ થશે.

નારદજીએ કંસને કહ્યું કે ''ભગવાન વસુદેવ સુત છે'' તે વાત જાણીને કંસે વસુદેવ દેવકીને કારાગારમાં મૂકયા. નારદજી મધ્યમાધિકારી હોવાથી આમ કર્યું. આ તેમનું કાર્ય ભગવાનને ન ગમ્યું કેમ કે ભક્તોને કારાગારનું દુઃખ વેઠવું પડયું. તેથી નારદજીની સન્મુખ જે ભગવાન પ્રકટ થયા તે પ્રદ્યુમ્ન વ્યૂહાત્મા થયા, નહિ કે પુરુષોત્તમ.

કારાગૃહમાં જેમ ભગવાનનું પ્રાકટય થયું અને ભગવાને તેમને ગોકુળ પધરાવી દેવા કહ્યું તેમ જ અહીં ભગવાને નારદજીને પ્રેરણા કરીને કંસ દ્વારા અક્રૂરને આજ્ઞા કરાવી પોતે ગોકુળથી મથુરા પધાર્યા.

મથુરામાં વસુદેવને ભગવાને માયા વડે બેડી બંધનમાંથી છોડાવ્યા હતા અને શ્રીકૃષ્ણ પોતે હવે છોડાવશે.

તામસ કેશી તથા અરિષ્ટ દૈત્યોનો વધ ભગવાને મથુરામાં ન કરતાં ગોકુળમાં કર્યો કેમ કે તામસનો વધ મથુરામાં ન થાય. ગોકુલસ્થ ભક્તોના સુખરૂપ જીવન માટે ભગવાને તેમને માર્યા. આમ ઐશ્વર્ય અને વીર્યરૂપ બે અધ્યાયનો અર્થ કહ્યો.



અક્રૂરજી - સાત્વિક હોવા છતાં રાજસ-તામસ દોષને લીધે કંસની સેવા કરે છે. તેના તે દોષ ગયા ત્યારે તે ભગવાન પાસે આવ્યા. દોષમુક્ત થવાથી ભગવાન પ્રસન્ન થયા. તેથી તો અક્રૂરજીને ત્રણે માર્ગમાં (કર્મ-જ્ઞાન-ભક્તિ) નિષ્ઠા થઈ. તેથી તો તેમના ઉપર નંદરાયજી, બળદેવજી અને ભગવાન પ્રસન્ન થયા અ.૩ પૂરો.

શુકદેવજી પોતાના વચનોથી ભગવાન વ્રજ છોડી મથુરા જાય છે તેમ નથી કહેતા પણ ગોપીજનોના શબ્દોથી જણાવે છે તે તેમનો કૃષ્ણપ્રેમ છે. ગોપીઓએ ભગવાનને કાયાથી નહિ પણ વાણીથી રોકયા કેમ કે તેઓ શ્રુતિ-વાણીરૂપા છે. અહીં જથો 'શ્રી' અધ્યાય પૂરો થયો.

અક્રૂરજીને બ્રહ્મહ્રદમાં દર્શન આપ્યા તેથી તેમને ભગવત્ સ્વરૂપનું જ્ઞાન થયું (માહાત્મ્યજ્ઞાન) તે પછી અક્રૂરજીએ સ્તુતિ કરી તેથી અભિમાન છોડયું જાણીને ભગવાને તેમનામાં સ્નેહ અને ભક્તિનો સંસ્કાર કર્યો. અહીં જ્ઞાનરૂપ પાંચમો અધ્યાય પૂરો.

વૈરાગ્ય એ કે અક્રૂરજી પોતાના ઘરમાં ગયા. જ્ઞાન થયા પછી ઘરમાં રહીને પણ વૈરાગ્ય પૂર્ણ રહે. કુબ્જાને સીધી કરી. ધોબી રજકને માર્યો તેમાં વૈરાગ્ય એકે તેણે રામાવતારમાં સીતાનો દ્વેષ કરેલો અને આ કૃષ્ણાવતારમાં પણ દૈત્યોની પડખે રહીને દ્વેષ કર્યો. ભગવાને કહ્યું કે કપડાં આપીશ તો તારું શ્રેય થશે તો પણ ન સમજયો ત્યારે ભગવાને માર્યો, તેનો ઉદ્ધારન થયો હોત તો અનેક જન્મો સુધી તે દ્વેષ કરતો રહેત. આમ માળી વ.ની જેમ જ તેના પર પણ કૃપા થઈ તેથી આ વૈરાગ્ય રૂપ અધ્યાય થયો.

રાજસ પ્રમેય પ્રકરણમાં મલ્લો-૧, દેવકીજી-૨, વસુદેવજી-૩, યાદવો-૪, સાંદીપની-૫, નંદરાયજી/યશોદાજી ગોપી-૬ અને કુબ્જા-૭ વ. ભગવાનના પ્રમેય બળને બતાવનારા વ્યક્તિ છે.

કુવલયાપીડ, કંસ અને તેના ભાઈઓ પોતાના દોષથી મર્યા. ભક્તોની મુક્તિ સદેહે છે અને ભગવાનને હાથે મરેલા દુષ્ટોની મુક્તિ દેહ છૂટયા પછી છે. ભગવાનનું રૂપ તો ભયમોચક છે પણ કંસને તે જ રૂપનો ભય હતો તેથી ભગવાને તેને માર્યો. સ્નેહની જેમ ભયથી પણ ભગવાનમાં આસક્તિ થાય છે, એમ ભયરૂપ સાધનથી આસક્તિ થયાનું ત્રણ અધ્યાયથી કહ્યું. તેમાં ભગવાનનાં ઐશ્વર્ય, વીર્ય અને યશ કહ્યા. ભક્તની આસક્તિમાં પ્રતિબંધ રૂપ અધૈર્ય, અજ્ઞાનને કારણે થાય છે. તે પ્રતિબંધ ન થાય તે માટે બે અધ્યાયથી ભગવાને

ઉદ્ધવજી દ્વારા નંદાદિ ગોકુલવાસીઓને સાંત્વન કરાવ્યું. ઉદ્ધવજીએ કહ્યું કે - તમારી અંદર જ ભગવાન બિરાજે છે. તમે માનશો તો ભગવાનનો સંયોગ થશે અને ભગવાન બહાર છે તેમ વિચારશો તો વિયોગ થશે. ભગવાને આ તામસભકતોને પોતામાં આસકત કરાવવા માટે જેમ ચૌર્યાદિ લીલા કરી તેમ હવે તેઓ રાજસ થવાથી તેમને સંદેશ માત્રથી સાંત્વન આપીને આસકત કર્યા. સ્વભાવથી દુષ્ટ જીવને જ્ઞાન કરાવવાની જરૂર છે તેથી ભગવાને ઉદ્ધવને મોકલ્યા પોતે જાતે ન પધાર્યા.

ભગવાને જે જે લીલા દ્વારા અલૌકિક સામર્થ્ય બતાવ્યું તે પૂર્વાર્ધમાં છે અને લોકધર્મ સ્વીકાર્યા તે ઉત્તરાર્ધમાં છે. તામસ પ્રકરણમાં ભગવાને ભકતોનો ઉદ્ધાર ગુણાતીત તેવા પોતાના સ્વરૂપ દ્વારા કર્યો. હવે વસુદેવજીનું હિત કરનાર પ્રદ્યુમ્નભગવાન રાજસ ભકતોનો લીલા વડે નિરોધ કરશે. અહીં પણ ભગવાન સ્વરૂપ અને ગુણ વડે લીલા કરે છે તથા વંશવૃદ્ધિનું કાર્ય પણ કરે છે, વિવાહ પણ કરે છે. ઉષાહરણ પર્યંત રાજસ પ્રકરણ રહેશે. રાજસ પ્રકરણના પ્રમાણમાં દ્વિવિદ તથા નારદજીનાં આખ્યાન છે. અક્રૂરજી ભકિતબોધક છે અને ગોપીજનો પ્રેમાર્થ બોધિકા છે અરિષ્ટ (દુર્ભાગ્ય)ની નિવૃત્તિ થાય તો કર્મની પ્રવૃત્તિ થાય. કર્મમાર્ગ ફલ આપનાર થાય માટે ભગવાન અહીં ઘણા ઉપદ્રવી રાજસોને મારે છે.

## રાજસ પ્રકરણાર્થ

<u>કા. ૧૧૨ થી ૧૧૫</u> : તામસ પ્રકરણની જેમ રાજસપ્રકરણ પણ ૨૮ અધ્યાયોનું છે. યાદવો રાજસ કહેલા છે. રજોગુણ વ્યગ્રતા કરાવનારા હોવાથી, તેમ ન થાય માટે તે દેશ વ. છ પ્રકારના દુઃખોથી છોડાવવા જોઈએ.

દુઃખ કરનારાઓને ગુણથી હણવાના છે. અરિષ્ટ વગેરે દુઃખ કરનારા છે. તે પછી દેશ, દ્રવ્ય અને ખ્યાતિથી મુકિત કરાવવાની છે. તે પછી કાલ, દ્વારકા વ. દેશથી તથા સુખસામગ્રી વ. દ્રવ્યોથી મુકિત કરાવવાની છે. પછી ધર્મીએ પણ મુકિત કરાવવાની છે કેમ કે તે જ મુકિત કરાવવાનું જાણે છે.

અરિષ્ટ વ. દૈત્યોને હણ્યા તે અ. ૩૩-૩૪માં કહ્યું. અ.૪૧ માં મલ્લો તથા કંસને અને તેના ભાઈઓને હણ્યા. અ. ૪૮માં કાલયવનને અને અ. ૫૬માં મૂર તથા નરકને અને અ. ૫૮માં બલભદ્રે રૂકમીને હણ્યો છે. દેશથી મુકિત કરાવી એટલે યાદવો મથુરા છોડી બીજે ચાલ્યા ગયા હતા તેમને પાછા વસાવ્યા તેઓને કાલથી મુકિત કરાવી.





## રાજસ પ્રમાણ પ્રકરણાર્થ

<u>અ. ૩૩ થી ૩૯</u> : નારદ, (સત્યનું જ્ઞાન કરાવનાર) અક્રૂર, નંદ, અંતઃપુરનો અધ્યક્ષ, ગોપીઓ, હરિ, કુબ્જા આ સાતનો પ્રમાણ વચનોથી રાજસોને ભગવાનમાં અત્યંત પ્રેમ થયો છે.

| અ. | | શ્લોક |
|---|---|---|
| ૩૩ | નારદ - નારદે કંસને સત્ય કહ્યું કે કૃષ્ણ દેવકીના પુત્ર છે. | ૧૭ |
| ૩૪ | અક્રૂર - કંસને ગોળ ગોળ રીતે પણ સત્ય કહ્યું | ૩૮-૩૯ |
| ૩૫ | નંદ - અક્રૂરને કંસ સંબંધી સત્યજ્ઞાન કરાવે છે. | ૪૧-૪૨ |
| ૩૬ | નંદના અંતઃપુરનો અધ્યક્ષ - ભગવાન ગોકુલથી મથુરા પધારવાના છે તેવા વધામણા આપ્યા. | ૧૨ |
| ૩૬ | ગોપીઓ - તેમાણે આ સમાચાર સર્વસ્ત્રીમાં ફેલાવ્યા. | ૧૩-૧૮ |
| ૩૬ | વ્યૂહરૂપ હરિ-તેમાણે વાત ફેલાવી કે ભગવાન મથુરા પધારશે. કુબ્જા સરળ થઈ તેથી બધાંએ જાણ્યું કે કૃષ્ણ ભગવાન છે. | ૨૪ |

રાજસ ભકતોને આ સાતે એ ભગવાનના વાસુદેવ વ્યૂહનું જ્ઞાન કરાવ્યું કેમ કે આ પ્રમાણ પ્રકરણ છે.

<u>કા. ૧૧૯</u> :

(૧) સ્નેહ વધારવાનો ઉપાય ભય છે અને તેથી દેવોનું છૂપી રીતે હિત કરનાર નારદે કંસને કહી દીધું કે વસુદેવનો પુત્ર કૃષ્ણ નંદજીને ત્યાં મોટો થાય છે. આથી કંસ કોપ્યો તેથી યાદવો (દેવો) ભય પામ્યા. તેઓ એ ભૂલી ગયા કે ગર્ભસ્તુતિમાં ભગવાન યાદવોનું રક્ષણ કરે તેવી વિનંતી કરેલ છે. કંસ ત્રાસ ફેલાવે તો ભગવાન તેને જલ્દી મારે. ભયમાં ભગવાન બચાવનાર હોવાથી પ્રેમ વધે છે.

(૨) કંસે અક્રૂરને ગોકુળથી કૃષ્ણ-બલભદ્રને લેવા મોકલ્યા ત્યારે તેણે વસુદેવ-દેવકીને શા માટે લેવા જાય છે તેનો ઉત્તર તેમને ગોળ-ગોળ આપેલ તેથી વસુદેવ વ. ને ભય થયો. ભય સમયે તેમને ભગવાનમાં સ્નેહ વધ્યો.

(૩) નંદે અક્રૂરને કંસનો સ્વભાવ જણાવ્યો (૩૫-૪૧/૪૨) કંસનો ખરો સ્વભાવ જણાતાં અક્રૂરનો કંસ પર સ્નેહ ન રહ્યો અને કૃષ્ણ પ્રતિ બમણો થયો, કેમ કે હવે તે દોષ રહિત થયો તેથી તો તેણે કૃષ્ણને પોતાને ઘરે લઈ જઈ સાન્નિધ્ય આપ્યું.

(૪) નંદના અંતઃપુરના અધ્યક્ષ અને (૫) ગોપીઓએ ભગવાન મથુરા પધારવાના છે તે સમાચાર ગોકુલવાસીઓમાં ફેલાવ્યા તેથી તેઓને શોક થતાં તેમનો સ્નેહ વધ્યો.

(૬) વ્યૂહરૂપ હરિએ એવો ભય ઉત્પન્ન કર્યો કે પોતે ગોકુલથી મથુરા પધારશે પછી પાછા નહિ આવે. તે પછી ભગવાને ઉદ્ધવને મોકલીને પોતાનો સ્નેહ તેવો જ છે તે ખાત્રી કરાવીને ગોપીઓના સ્નેહને સ્થિર કર્યો.

(૭) દરજી અને માળી સાથે ભગવાનનો સંબંધ થયો તેથી તેઓનો ભગવાનમાં સ્નેહ વધ્યો. ભગવાન સાથે જેઓને નવો સંબંધ થયો તેમને પ્રભુમાં સ્નેહ જાગ્યો અને પહેલાના સંબંધવાળામાં આસકિત થઈ. તે રીતે કુબ્જાને સારી કરી દીધી તે જાણીને મથુરાની સ્ત્રીઓમાં ભગવાન પ્રતિ સ્નેહ થયો.

યાદવોને પીડનાર અરિષ્ટને ભગવાને ગોકુલમાં માર્યો. અરિષ્ટ એટલે એવી વાસના જે સર્વથા નાશ થનાર નથી ભગવાને આવી વાસનારૂપ અરિષ્ટને ગોકુળમાં મારીને ગોકુલમાં સ્થાપી.

ભગવાન મથુરા પધારે છે જાણીને ભગવાન પ્રતિ અવજ્ઞારૂપ વચનો કહેનારી તામસ ગોપીઓ, ભગવાન મથુરા પધારે છે ત્યારે રાજસ થાય છે, પછી ક્રમે કરી સાત્વિક અને નિર્ગુણ થશે, તેથી મુકિત થશે, તેથી મુકિતથી કથા સ્કંધ-૧૧માં કહી છે.

## અધ્યાય-૩૬ / સુબોધિની અ.૩૩

# અક્રૂરજીનું ગોકુલમાં જવું

૧-૧૫ : શુકદેવજી-બળદના દેખાવવાળો ભયંકર અરિષ્ટાસુર ધરણીને ધ્રુજાવતો નંદરાયજીના ગોષ્ઠમાં આવ્યો. તેના આવવાથી ગાયો, ગોપીઓ, પશુ-વ. બધાં ખૂબ જ ભયભિત થઈ ગયા તેથી શ્રી કૃષ્ણના શરણે ગયા. ભગવાને તેઓને શાંત કર્યા પછી અસૂરને પડકાર કર્યો. ભગવાને તેને શિંગડાથી પકડી પાછો ધકેલી દીધો. છતાં તે સામો થયો ત્યારે ભગવાને તેના ગળાને મરડી નાખ્યું. ત્યારે દેવો વ. ઘણા પ્રસન્ન થયા.

૧૬-૪૦ : ત્યારે નારદજીએ કંસને કહ્યું કે- વસુદેવ પોતાના પુત્ર શ્રીકૃષ્ણને ગોકુલ મુકી આવ્યા હતા અને યશોદાની કન્યાને લઈ આવ્યા હતા અને રોહિણીના પુત્ર બળરામને નંદજીને ત્યાં રાખેલ છે. એ બન્નેએ તમારા માણસને (અરિષ્ટસુરને) મારી નાખ્યો છે. ત્યારે ક્રોધે ભરાઈને કંસ વસુદેવને મારવા તૈયાર થયો પણ નારદે તેને અટકાવ્યો. કંસે વસુદેવ-દેવકીને હાથકડીથી





જકડીને તેમને કેદખાને પૂર્યા. પછી કંસે કેશીદૈત્યને ગોકુલ, બે ભાઈને મારવા મોકલ્યો તથા મલ્લો, મહાવતો અને અમાત્યોને બોલાવ્યા અને કહ્યું કે રામકૃષ્ણ મને મારવાના છે તેવી આકાશવાણી થઈ છે તેથી તમે તેને અહીં બોલાવીયે ત્યારે મારી નાખજો. પછી તેણે ધનુર્યાગ કરવાના નિમિત્તે રામ કૃષ્ણને બોલાવવા માટે અક્રૂરને તેડાવ્યા. અને નંદરાય વ. સહિત રામ કૃષ્ણને તેડી લાવવા આજ્ઞા કરી. તથા તે પછી નંદ તથા વસુદેવ અને યાદવોને મારી નાખવાની યોજના પણ જણાવી. ત્યારે અક્રૂરે કહ્યું - તમે બચવાનો ઉપાય વિચાર્યો તે તો ઠીક છે પણ ફળ તો દૈવાધીન છે તેથી તે બાબતે સમબુદ્ધિ રાખવી ઘટે છતાં હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ. તે પછી કંસ તથા અક્રૂર પોતપોતાને ઘરે ગયા.

## અધ્યાયાર્થ - ૩૩ સુબોધિની

કા. ૧૨૮ થી ૧૩૨ : નારદ ભગવદ્ ભકત હોવાથી તેણે એવું કાર્ય ન કરવું જોઈએ કે જેથી વસુદેવ-દેવકીને કેદખાને જવું પડે. એવો વિચાર આવે પણ નારદ તો દેવોનું છૂપું કાર્ય કરનાર છે. તેથી તેણે કંસને ભગવાન સંબંધી સત્ય સમાચાર કહ્યા. જો કે નારદના આ કાર્યમાં ભગવાનની સંમતિ ન હોતી તેમ લાગે છે કેમ કે નહિ તો નારદ પોતાનો અપરાધ ક્ષમા કરવા ન કહે (અ-૩૪/૧૦/૨૫) નારદે ભગવાન પાસે ખૂલાસો કરી દીધો તેથી તેણે દોષ તો ન લાગ્યો પણ ભગવાને તેને મૂર્ખ જાણી ઉપેક્ષા કરી. નારદ મધ્યમાધિકારી હોવાથી પહેલા ભગવાનનો વિચાર ન જાણ્યો પણ તેણે દેવોની પ્રેરણાથી આ કાર્ય કર્યું. અહીં રાજસોનો નિરોધ કરાવનારી લીલા કરનાર ભગવાન પ્રદ્યુમ્નરૂપ હોવાથી નારદે ખુલાસો કરતાં દોષ નથી લાગ્યો.

વાસુદેવ-દેવકીના પ્રથમ બંધનનું કારણ આગળના જન્મમાં તેમણે ‘‘ભગવાન પોતાનો પુત્ર થાય’’ તેવી માગણી કરી તેથી આકાશવાણીથી કંસને કોપાવ્યો અને બંધન થયું. હવે જ્યારે ભગવાન પ્રકટયા ત્યારે સ્તુતિકરી તેમાં કંસ તરફથી આ બાળકને ભય છે તેમ સૂચવ્યું તેથી બીજે પધરાવવા ચાહ્યું. ત્યારે ભગવાને તેમને ગોકુલ પધારવા પ્રેરણા કરી. વસુદેવ-દેવકીની આવી સૂચનાથી નારદ કોપ્યા અને કંસને સત્ય હકીકત કહી દીધી તેથી ફરી બંધન થયું. પહેલીવારના બંધનમાંથી માયાએ છોડાવ્યા કેમ કે બાળક ઉપરની માયાને લીધે ભગવાન પોતાનો પુત્ર થાય તેવી સ્તુતિ કરેલી. બીજીવારના બંધનમાંથી ભગવાન છોડાવશે કારણ કે ભગવાને બીજા સ્થળે પધારવું જોઈએ તેવી સૂચના તેમણે ભગવાન માટે કરેલી.

૧૩૩ : નારદને દેવોનું કાર્ય છૂપાઈને કરવાનો અધિકાર હતો માટે તેને દોષ ન લાગ્યો પણ તેના આ કાર્યથી ભગવાન પ્રસન્ન નથી તે ભગવાને તેમને પ્રત્યુત્તર નથી આપ્યો તેનાથી જણાઈ આવે છે.

## અધ્યાય-૩૭ / સુબોધિની અ. ૩૪
## કેશીદૈત્ય અને વ્યોમાસુર વધ

૧-૯ : શુકદેવજી - ઘોડાનું રૂપ ધરીને સર્વને ડરાવતો કેશી દૈત્ય ગોકુળમાં આવ્યો. ભગવાને જોયું કે તે ભગવાનને જ શોધી રહ્યો છે તેથી આપે સામે આવીને પડકાર ફેંકયો. ભગવાન સામે તે અનેક પ્રકારે ત્રાટકયો પછી ભગવાને પોતાનો ડાબો હાથ તેના મુખમાં ઊંડે સુધી ઉતારી દીધો તેથી શ્વાસ રૂંધાઈ જવાથી તે પ્રાણહીન થઈ ગયો. આ જોઈ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી.

૧૦-૨૪ : ત્યારે ત્યાં નારદજી આવ્યા અને ભગવાનની શ્લો.૧૧ થી ૧૫ થી સ્તુતિ કરી અને ભવિષ્યમાં પણ ભગવાન અસૂરોને મારશે તથા બીજી અનેક લીલાઓ કરશે તે પ્રમાણે શ્લો.૧૬ થી ૨૪ થી સ્તુતિ કરી.

૨૫-૩૪ : તે પછી નારદજી ગયા એકવાર ભગવાન ગોપબાળકો સાથે ગોવર્ધન પર્વત પર ચોર-રક્ષકની રમત રમતા હતા. તેમાં કેટલાક ચોર, કેટલાક રક્ષક અને કેટલાક ઘેટાં બન્યા હતા. ત્યારે માયાવી મયનો પુત્ર વ્યોમ ત્યાં ગોવાળીયો થઈને આવ્યો અને ઘેટાં બનેલા ગોપોને ઉઠાવીને એક પર્વતની ગુફામાં એકઠા કરવા લાગ્યો. ભગવાન તેની આ ચાલાકી જાણી ગયા તેથી તેમણે તેને પકડયો ત્યારે તે અસૂર મૂળરૂપમાં આવી ગયો. તેના ઘણાં પ્રયત્ન છતાં તેને ભગવાને છોડયો નહિ. ભગવાને તેનું ગળું મરડીને મારી નાખ્યો, તે પછી ભગવાને ગુફામાં બંધ થયેલા ગોપબાળોને શીલાનું ઢાંકણ તોડીને છોડાવ્યા, તે પછી આપ સૌ ગોપો સાથે વ્રજમાં પધાર્યા.

## અધ્યાયાર્થ ૩૪ સુબોધિની

કા. ૧૧૩ : રાજસ કંસ તેનું દુષ્ટકાર્ય બુદ્ધિથી કરનારો હતો તેથી તેણે તામસ કેશીને ગોકુળ મોકલ્યો. તામસનો વધ મથુરામાં થાય તો મુકિત ન મળે તેથી તે ગોકુળમાં માર્યો. કેશી જ્ઞાનમાં વિઘ્ન કરનારો હોવાથી તો અક્રૂર વ. ભગવાનના સ્વરૂપને ન જાણી શકયા. અને અરિષ્ટ ભકિતમાં વિઘ્ન કરનારો હતો. ગોકુલવાસીઓને જ્ઞાન તથા ભકિત પ્રાપ્ત થાય માટે ભગવાને તે બન્નેને હણ્યા, ભગવાન ગોકુળથી બીજે પધારે ત્યારે ગોકુલવાસીઓમાં જ્ઞાન અને ભકિત ન





હોય તો તેઓ એક ક્ષણ પણ જીવી ન શકે. ભગવાનની ગેરહાજરીમાં ગોકુળ વાસીમાં જ્ઞાન-ભકિત સારી રીતે થઈ શકે માટે અક્રૂર ગોકુળમાં આવ્યા. ભગવાન ગોકુળથી અન્ય જગે પધારે પછી પણ લીલા થઈ શકે માટે ભગવાને તેને ગોકુળમાં હણ્યો.

ભગવાને અરિષ્ટને ઐશ્વર્યથી હણ્યો, વીર્યથી કેશીને તથા વ્યોમને હણ્યા. આ ત્રણ અનુક્રમે ભકિત, જ્ઞાન અને કર્મ (લીલા) માં બાધક હતા. તેમના મરવાથી હવે વિરહમાં પણ ગોકુળમાં ભકિત જ્ઞાન અને લીલા થવાથી ત્રણે માર્ગ પુષ્ટ થશે. તે પુષ્ટ થયા છે તેનું પ્રમાણ એકે ગોકુલવાસીઓ તામસ મટી રાજસ થશે.

## અધ્યાય-૩૮ / સુબોધિની અ. ૩૫
## અક્રૂરજીનું વ્રજમાં આગમન

શ્લોક ૧ થી ૨૭ : અક્રૂરજી બીજે દિવસે રથમાં બેસીને નંદરાયજીના ગોકુલ જવા નીકળ્યા. અને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા કે તેમને ભગવાનના દર્શન થશે અને તે માટે તે કંસનો પણ આભાર માનવા લાગ્યા. ભગવાનની અનેક લીલા-ગુણોને વાગોળતા ચાલ્યા. તે એકાન્તિક શરણાગત ભાવને ઘુંટવા લાગ્યા. તેજ રીતે બળદેવજી પણ તેમનું સ્વાગત કરશે તેમ વિચારતા વિચારતા તે ગોકુળ પહોંચી ગયા ત્યારે જમીન-રજમાં લોટી પડયા. જીવનું પરમ કર્તવ્ય ભગવાનના ચરણારવિંદના દર્શન, સ્પર્શ, ભગવદીયત્વ અને માહાત્મ્યજ્ઞાન દ્વારા એવો ભકિતભાવ સંપાદન કરે.

૨૮ : ત્યાં તેમણે ગોદોહણના સ્થળ પર શ્રીકૃષ્ણ-રામ બન્ને ભાઈના દર્શન થયા. જેમાંના એક શ્યામ અને બીજા ગૌર છે. બન્ને ભાઈઓ અક્રૂરજી પ્રતિ કૃપા અવલોકન કરતા હતા. અક્રૂરજી રથમાંથી ઉતરીને બન્ને ભાઈઓના ચરણમાં લોટી પડયા અને ખૂબ જ વિહવળ થઈ ગયા. ભગવાને તેમને ઊભા કરીને આલિંગન આપ્યું પછી તેમના હાથ પકડીને ઘરમાં લઈ ગયા. પછી તેમનો પૂજનાદિથી સત્કાર કર્યો તથા ભોજન કરાવ્યું.

તે પછી અક્રૂરજીને નંદરાયજીએ પૂછયું - હે દાશાર્હ, કંસ જીવે છે ત્યાં સુધી કસાઈએ પાળેલા ઘેટાંઓ જેવા બીજાઓના શું કુશળ સમાચાર પૂછાય ? કેમ કે તેણે પોતાની બહેનના જ બાળકોને મારી નાખ્યા ત્યાં કુશળ શું પૂછીએ ?

# અધ્યાયાર્થ ૩૫ સુબોધિની

કા. ૧૩૯ : સાત્વિક અક્રૂરને પોતાના રાજસ-તામસ દોષોથી કંસનો સંગ થયો પરંતુ માર્ગમાં તેને ભગવાન સંબંધી મનોરથો થયા તેથી તેના દોષો નાશ પામ્યા અને ભકિતથી તે શ્રી કૃષ્ણ પાસે પહોંચ્યો.

કા. ૧૪૦ : જો કે કંસે તેણે કૃષ્ણનું અનિષ્ટ થાય તે પ્રકારના કાર્ય માટે જવા આજ્ઞા કરી ત્યારે ભકતે તેમાં સામેલ થવું ન જોઇએ પણ તેને કંસનો સંગ હતો અને તે અસુરોનો સિદ્ધાંત જાણતો હતો તેથી જેવા સાથે તેવાની રીતે કામ કઢાવવા તે જવા તૈયાર થયો, વળી તે ભગવત્ શાસ્ત્રો પણ જાણતો હતો તેથી કંસની આજ્ઞાનો તેણે ગોળ-ગોળ જવાબ આપ્યો કે જેનો અર્થ કંસ ન સમજી શકે.

૧૪૧ : હવે માર્ગમાં તો તેને કંસનો સંગ ન રહેવાથી તે સાત્વિક થયો અને ભગવાન પાસે ભકત થઇને ગયો તેથી ભગવાન પ્રસન્ન થયા.

૧૪૨ : તેની ત્રણે માર્ગમાં શ્રદ્ધા છે (૧) શ્રી કૃષ્ણનું માહાત્મ્ય જ્ઞાન તેને હતું જે ભકિતમાર્ગમાં ઉપયોગી હતું (૨) ભગવાનનું સ્વરૂપજ્ઞાન તેને જ્ઞાનમાર્ગમાં ઉપયોગી હતું (૩) તેની ભગવાન સંબંધી કામના કર્મમાર્ગમાં ઉપયોગી હતી તેથી અનુક્રમે તેણે શ્રીકૃષ્ણ, બલભદ્ર અને નંદજીને પ્રસન્ન કર્યા.

અક્રૂરને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન હતું તે ભગવાનનો યશ છે.

## અધ્યાય-૩૯ / સુબોધિની અ. ૩૬

## ભગવાનનું મથુરા પધારવું

૧-૧૨ : અક્રૂરજી જમી પરવારીને પલંગ પર બેઠા. તેમણે માર્ગમાં કરેલ બધા મનોરથો પૂર્ણ થયા. પછી ભગવાને તેમની સમક્ષ આવીને પોતાના પરિવાર સંબંધી પૃચ્છા કરી. તથા પોતાને લીધે પોતાના માતા-પિતા દુ:ખી થયા તે બાબતે અફસોસ વ્યકત કર્યો. તે પછી ભગવાને અક્રૂરજીને તેમના આવવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે અક્રૂરજીએ કંસનો વસુદેવને મારવાનો પ્રયાસ, નારદ દ્વારા સત્ય હકિકતની કંસને જાણ થવી વ. સમાચાર કહ્યા કંસે નંદ વ. ને મથુરા આવવાનું આમંત્રણ આપ્યું તે નંદજીને કહી સંભળાવ્યું તેથી નંદે બધાને ગોરસની ભેટ સહિત જવા તૈયાર થવા કહ્યું.

૧૩-૩૦ : આ સમાચાર ગોપીજનોએ સાંભળ્યા કે અક્રૂર રામ-કૃષ્ણને મથુરા લઇ જવા આવ્યો છે, ત્યારે તે ઘણા દુ:ખી થયા. શ્લોક ૧૪ થી ૧૮માં





ગોપીજનોની મનોસ્થિતિ વર્ણવી છે. ગોપીજનો વિધાતાને ભગવાનના રૂપ-ગુણ-લીલા સંબંધિ અનેક વચનો સંભળાવવા લાગી. અને વિધાતાને દોષ દેવા લાગી. મનોમન અક્રૂરને પણ કોસવા લાગી. તે જ રીતે ભગવાનને પણ દોષ દેવા લાગી અને મથુરાની સ્ત્રીઓનાં સૌભાગ્યથી બળવા લાગી તથા ઘણી ઋણાત્મક ધારણાઓ કરવા લાગી ગોપીઓને લાગે છે કે દૈવ જ તેમનાથી રુઠયું છે પછી કોઇ શું કરી શકે ? તેમ હતાશ થઇ ગયાં. પછી તેમણે ભેગા મળી ભગવાનને રોકવાનો વિચાર કર્યો અને વડીલો સામે બળવો કરવાની સ્થિતિમાં આવી ગયા. આ પ્રકારે ઠપકો આપીને રૂદન કરવા લાગ્યા.

૩૧-૩૭ : ગોપીજનો ભગવાનને વાણીથી ઠપકો આપતા હતા પણ મનથી તો અતીશય ચાહતા હતા. આમ રૂદન કરતાં કરતાં આખી રાત વીતી ગઇ. અક્રૂરજી તથા નંદજી વ. પોતપોતાના વાહન ચલાવવા લાગ્યા. ગોપીઓ ભગવાન કંઇક સંદેશ આપશે તે સાંભળવા પાછળ પાછળ ચાલી, તેમના માર્ગમાં ઊભા રહ્યા ત્યારે ભગવાને ''હું પાછો આવીશ'' (ઉત્તમ દૂત અને સંદેશ દ્વારા) તેમ કહી તેમને શાંત કર્યા. તેઓ ભગવાનના રથની ધજા અને ધૂળ દેખાઇ ત્યાં સુધી ત્યાં જ ચિત્રની જેમ ખોડાઇ રહ્યા. તેમનું મન તો ભગવાન સાથે જ ગયું હતું. તેમને મનમાં હતું કે થોડે જઇને ભગવાન પાછા વળશે પણ તેમ ન બન્યું ત્યારે નિરાશ થઇને ઘરે પાછા ફર્યા, તે પછી તે ભગવદ્ ગુણગાનથી પોતાના મનના સંતાપને દૂર કરતા.

૩૮-૫૭ : ભગવાન, બળદેવજી અને અક્રૂરજી કાલિન્દીજીના કાંઠે પધાર્યા ત્યાં વિધિવત્ જલપાન કરીને અક્રૂરજીએ ભગવાનની આજ્ઞા લઇને કાલિન્દીના ધરામાં સ્નાન કરવા જલમાં ડૂબકી લગાવી અને ગાયત્રીનો જપ કરતા રહ્યા, તો જપમાં તેમણે બન્ને ભાઇઓને જોયા. તેમણે બે ભાઇને તો રથમાં બેસવા કહ્યું હતું તેથી ખાત્રી કરવા જલ બહાર મસ્તક કાઢયું તો બે ભાઇને ત્યાં જોયા. તેમને ભ્રમ તો નથી થયો તેની ખાત્રી કરવા ફરી જલમાં ડૂબકી મારી તો ફરી તેવા જ દર્શન થયા અને જલમાં સિદ્ધ-નાગ-ગંધર્વ-અસૂરો વ. તેમની સ્તુતિ કરી રહ્યા છે. શેષજીનું બહુ સુંદર સ્વરૂપ પણ જોયું અને ચતુર્ભુજ સ્વરૂપ ભગવાનના પણ દર્શન થયા. તે સિવાય દેવો, ઋષિમુનીઓ, બ્રહ્મા, મહેશ વ. પણ સ્તુતિ કરતા દીઠા. અને ભગવાનની બારેય શકિત તેમની સેવા કરતી દીઠી. આવા દર્શનથી અક્રૂરજી ઘણા રોમાંચિત થયા. તે પછી તેમણે પોતાની નિર્ગુણાવસ્થાને છોડીને સત્વગુણનો આશ્રય કરીને વૈષ્ણવને ઉચિત તેવી સ્તુતિ કરવા લાગ્યા.

## અધ્યાયાર્થ ૩૬ સુબોધિની

કા. ૧૪૪ : મથુરામાં રહેતા યાદવો રાજસ હતા. ગોકુલવાસી ગોપીઓ તામસમાંથી રાજસ થયા. ભગવાન તો ગોકુળમાં બેઠે જ મથુરાવાસી યાદવોનો નિરોધ કરી શકે તેમ હતા, તેમણે તે માટે કંઇ મથુરા જવાની આવશ્યકતા નહોતી પણ ગોપીઓના મનનો ભગવાન પ્રતિનો ઉત્તમ ભાવ ભગવાનના જવાથી પ્રકટ થયો, તે મથુરા ન ગયા હોત તો પ્રકટ ન થાત !

૧૪૫ : ઊતિલીલામાં કહ્યા મુજબ વાસના ભગવત્ પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે ગોપીજનોની અંદર રહેલ વાસનારૂપ અરિષ્ટ તો મરી ગયો પણ છતાંય થોડી વાસના રહી તેથી ઋષિરૂપા અને શ્રુતિરૂપા ગોપીઓએ ભગવાનને મથુરા જતાં રોકવા, માત્ર વાણીનો જ ઉપયોગ કર્યો નહિ કે કાર્યનો.

૧૪૬ : અક્રૂર ઉપર નંદ, બલભદ્ર અને ભગવાન ત્રણે પ્રસન્ન થયેલા. અક્રૂરે કાલિન્દીના ધરામાં ડૂબકી મારી ત્યારે તેને શેષશાયી

૧૪૭ : સ્વરૂપી ભગવાનના દર્શન થયા, તેનાથી ખાત્રી થઈકે તેને ગોલોક-વૈકુંઠધામ પ્રાપ્ત થશે જ. જો તેને આ વાતની ખબર હોત તો તે ભગવાનનો સંગ છોડીને યમુનામાં સ્નાન કરવા ન જાત. આ અધ્યાયમાં ગોપીઓને ભગવાનનો વિરહ થાય છે તે શ્રી ધર્મનું વર્ણન છે.

## અધ્યાય-૪૦ / સુબોધિની અ. ૩૭

## અક્રૂરજીએ કરેલી ભગવાનની સ્તુતિ

૧-૩૦ : અક્રૂર ભગવાનની સ્તુતિ કરતાં કહે છે - સર્વ જડનાં કારણરૂપ આપ છો. સર્વજીવ સૃષ્ટિના આત્મા પણ આપ છો. આપ સાક્ષાત્ ઈશ્વર છો, યજ્ઞદેવતા પણ આપ છો, જ્ઞાનરૂપ પણ આપ છો, સર્વમૂર્તિમાન આપ છો આપ શિવ છો, સર્વ દેવોની કરેલ ભકિત પણ આપની જ ભકિત બને છે, બધી ઉપાસના પણ આપને જ પહોંચે છે. બ્રહ્મા સુધીના જીવો પ્રકૃતિના ગુણોને અધીન છે તેથી પ્રાકૃત છે પણ આપ નિર્ગુણ છો. આપ જ વિરાટ પુરુષ છો અને સર્વકંઇ - સર્વકોઈ આપના અંગ રૂપે છે. આપ નામ-રૂપ લીલાર્થે ધારણ કરો છો. આપ જ સર્વ અવતારના અવતારી છો. જીવ ભવાટવીમાં અહંતા-મમતાના કારણે ભટકે છે. મારી પણ એવી જ દશા છે. હું અજ્ઞાની હોવાથી ભટકું છું. મારી બુધ્ધિ કે મારા પ્રયાસથી હું ઉગરી શકું તેમ નથી તેથી આપના શરણે છું, જ્યારે જીવનો છેલ્લો જન્મ હોય ત્યારે જ તેને મનુષ્ય દેહ



મળે છે અને ભગવદ્ સેવા કરવાની તથા ભગવત્ સ્વરૂપ જાણવામાં રૂચિ થાય છે અને ભગવલ્લીલામાં પરાયણતા થાય છે. હે સર્વરૂપ ! હું આપને પ્રણામ કરું છું આમ શ્લોક ૧ થી ૩૦ માં અક્રૂરજીએ નિર્ગુણાવસ્થાને ત્યજીને સત્વગુણનો આશ્રય કરીને વૈષ્ણવોચિત સ્તુતિ ભગવાન પ્રતિ કરી.

## અધ્યાયાર્થ ૩૭ સુબોધિની

કા. ૧૪૮ : ભગવાને શેષશાયી સ્વરૂપે દર્શન આપીને પોતાનું માહાત્મ્ય જણાવ્યું તેથી તેણે (અક્રૂરે) આ અધ્યાયમાં સ્તુતિ કરી. સંસ્કારને લીધે તેનામાં ભગવાન પ્રતિ સ્નેહ રૂપ ભકિત હતી (પણ તેને સત્પુરુષનો સંગ ન્હોતો) પોતે કાકા છે એવું અભિમાન તજીને પણ તે ભગવાનને નમન કરતો. અક્રૂરે કરેલી આ સ્તુતિ ભગવાનનું જ્ઞાન કાર્ય છે.

## અધ્યાય-૪૧ / સુબોધિની અ. ૩૮

## મથુરાનગરીમાં શ્રીકૃષ્ણનો પ્રવેશ

શ્લોક ૧ થી ૩ : જલમાં સ્તુતિ કરતા અક્રૂરને ભગવાને પોતાના શ્રી અંગના દર્શન કરાવ્યા અને પછી તે લીલા સમેટી પણ લીધી. ભગવાનના દર્શન બંધ થતાં આશ્ચર્ય સાથે અક્રૂરજી જલમાંથી બહાર આવીને રથમાં બેઠા, ત્યારે ભગવાને તેમને પૂછ્યું - લાગે છે કે તમે કોઈ અદભૂત દશ્ય જોયું હોય !

૪-૫ : ત્યારે અક્રૂરે ભગવાનને કહ્યું - જે કંઈ અદ્દભૂત વસ્તુઓ છે તે બધી જ આપમાં છે, હવે મારે કંઈ જોવાનું બાકી નથી રહેતું.

૬-૧૮ : સાંજ થતાંમાં તો તેઓ મથુરા આવી પહોંચ્યા. રસ્તામાંના લોકો આ બન્ને ભાઈને અનિમેષનેત્રે જોતા રહેતા હતા. નંદરાયજી વ. તો પહેલાં જ પહોંચી ચૂકયા હતા. ભગવાને અક્રૂરજીને કહ્યું તમે ઘરે જાઓ, અમે તો નગરની શોભા જોઈશું. ત્યારે અક્રૂરે ભકત હોવાના દાવે ભગવાનને ઘરે પધારવાની ઘણી વિનંતી કરીને નમસ્કાર કર્યા ત્યારે ભગવાને કહ્યું - યદુવંશીના દ્રોહી કંસને મારીને પછી અમે બન્ને ભાઈ તમારે ત્યાં આવશું.

શુકદેવજી - પછી અક્રૂર કચવાતે મને છૂટા પડયા અને કંસને કૃષ્ણ-બલરામના પધાર્યાના ખબર આપી, ઘરે ગયા.

૧૮-૩૧ : ત્રીજા પહોરમાં ભગવાન-બળદેવજી ગોપબાળકો સહિત મથુરા નગરીના દર્શને નિકળ્યા. નગરની ભવ્યતાનું વર્ણન

શ્લોક ૨૦ થી ૨૩માં કર્યું છે. ભગવાન મથુરા નગરીમાં વિહરવા લાગ્યા ત્યારે મથુરાની સ્ત્રીઓ ખૂબ જ ઉત્કંઠા પૂર્વક એમના દર્શન કરવા લાગી આ વર્ણન શ્લોક ૨૪ થી ૨૯ માં છે. ભગવાને પણ તેમની પ્રેમદષ્ટિનો યથોચિત પ્રતિભાવ આપ્યો. માર્ગમાં બ્રાહ્મણોએ ભગવાનની પૂજા કરી. સ્ત્રીઓએ પણ પુષ્પવર્ષા કરી. મથુરાની સ્ત્રીઓનો વિરહ ભગવાને શાંત કર્યો. મથુરાના નગરજનો ભગવાનનાં દર્શન કરીને ગોપીજનોના ભાગ્યને વખાણવા લાગ્યા.

<u>૩૨-૫૨</u> : તે વખતે એક ધોબી ત્યાં આવી ચડયો ભગવાને તેની પાસે ધોએલા-રંગેલા વસ્ત્રો માંગ્યા તે કંસનો નોકર મદોન્મત હતો, તેણે ખીજાઈને કહ્યું - વનવાસીઓ થઈને રાજાના વસ્ત્રો ચાહો છો ! હમણાં રાજાના સૈનિકો આવશે તો તમારી બૂરી વલે કરશે ! ત્યારે તે બડાઈખોર ધોબીના માથા પર ભગવાને એક ફટકો મારતાં જ તેનું માથું ધડ થી જુદુ થઈ ગયું. ત્યારે તેના માણસો કપડાંના પોટલાં મૂકીને નાઠા. તેમાંથી બધાંએ મનગમતા વસ્ત્રો લીધા. ત્યાં એક દરજીએ ભગવાનને તે વસ્ત્રો બંધ-બેસતા કરી દીધા. ભગવાને તે દરજી પર પ્રસન્ન થઈ આલોકની સર્વ સંપત્તિ આપી અને પરલોકમાં સારૂપ્ય મુકિત આપી. તે પછી ભગવાન સુદામા નામના માળીને ત્યાં પધાર્યા. ત્યારે તે માળીએ ભગવાનને દંડવત કરી તેમનું પૂજન કરી હાર-પહેરાવી સન્માન કર્યું અને પોતાને મહા ભાગ્યવાન માનવા લાગ્યો. તેણે શ્લોક ૪૫ થી ૪૮માં સ્તુતિ કરીને વિનંતી કરી કે મને સેવાની આજ્ઞા કરો. તેથી ભગવાને પ્રસન્ન થઈને સુદામાને કૃષ્ણમાં અચલ ભકિત, ભકતોની મિત્રતા અને પ્રાણીમાત્ર પર ઉત્કૃષ્ટ દયા તે ત્રણે જે તેણે માંગ્યા તે આપ્યા. ઉપરાંત લક્ષ્મી સહિત છ એ પ્રકારનાં ઐશ્વર્ય ભગવાને તેને માંગ્યા વગર આપ્યા. આ વૈરાગ્ય નિરૂપક અધ્યાય પૂરો.

## <u>અધ્યાયાર્થ ૩૮ સુબોધિની</u>

<u>કા. ૧૪૯ થી ૧૫૦</u> : ભગવાને મથુરા પહોંચી અક્રૂરને ઘરે મોકલી, પોતે નગરી જોશે તેમ કહી નગર બહાર જ રોકાયા. પછી નગરી જોતાં વચ્ચે મળેલ ધોબીને મારે છે, દરજી તથા માળી સુદામાની પર કૃપા કરે છે પછી કુબ્જાને સુંદરી બનાવીને તેના મનોરથ પૂર્ણ કરવાની સંમતિ સૂચક વચન કહે છે. આ બધાં પ્રસંગોથી કૃષ્ણે પોતાનું ભગવાનપણું સિદ્ધ કરીને કેટલાકને સંશયરહિત કર્યા.

<u>૧૫૧ થી ૧૫૨</u> : ધોબીએ પૂર્વના કાળમાં સીતાજીમાં દોષ જોયો હતો તેથી દંડને લાયક જ હતો, તે દૈત્યપક્ષનો હતો. ભગવાને તેને વસ્ત્ર આપશે તો ફળ



મળશે તેમ કહેલું છતાં ન આપ્યા તેથી હણ્યો. ધોબી અખાડામાં મલ્લો કેવી રીતે કૃષ્ણને મારે છે તે જોવા ઉત્તેજીત હતો. ભગવાને તેને કર્મનું જ ફળ આપ્યું છે. ઉદ્ધત ન થયો હોત તો ભગવાન તેને મારત નહિ ભગવાનનો અહીં વૈરાગ્ય ગુણ છે. જેને જે પ્રમાણે કર્યું તે પ્રમાણે ફળ આપે છે.

<u>૧૫૩</u> : માળી પાસે તો ભગવાને કંઈ માંગેલ પણ નહિ છતાં તેણે ભગવાનનો સત્કાર સારી રીતે કર્યો. ભગવાનના પરિવારનો પણ સત્કાર કર્યો તેથી તેને તે પ્રકારે આપવાનું આપ્યું.

<u>૧૫૪</u> : તે બેની વચ્ચે વસ્ત્રને માપના કરીને પહેરાવનાર દરજી ઉપર પણ ભગવાને કૃપા કરી.

## <u>અધ્યાય-૪૨ / સુબોધિની અ. ૩૯</u>

## શ્રીકૃષ્ણે ધનુષ ભાંગ્યુ અને રક્ષકોને માર્યા

<u>શ્લો. ૧ થી ૧૪</u> : તે પછી રાજમાર્ગ પર જતાં ભગવાને એક સુંદર મુખવાળી પણ કુબડી સ્ત્રીને હાથમાં ચંદનયુકત પાત્ર લઈને જતી જોઈ. ભગવાને તેને કહ્યું - હે સુંદરી તું કોણ છે ? આ ચંદન કોના માટે લઈ જાય છે ? તે તું અમને આપીશ તો થોડા જ સમયમાં તારું કલ્યાણ થશે, ત્યારે પ્રત્યુત્તરમાં એણે કહ્યું કે હું 'ત્રિવક્રા' છું, કંસની દાસી છું અને આ ચંદનને લાયક તો આપ બન્ને છો. તેમ કહી તેણે તે ચંદન બન્ને ભાઈને લગાવી દીધું. ત્યારે પ્રસન્ન થઈને ભગવાને પોતાના ચરણોથી કુબ્જાના પગના બન્ને પંજા દબાવ્યા અને એક હાથ ઊંચો કરી હડપચી પર લગાવી અને બીજો હાથ તેની પીઠ પર લગાવી તેને સીધી કરી દીધી. અને તે ભગવાનના સ્પર્શથી ઉત્તમયુવતી બની ગઈ. ત્યારે તેને ભગવાનને પામવાની કામના જાગી તેથી કહ્યું- 'મારા ઘરે ચાલો' ત્યારે ભગવાને હસીને કહ્યું - તારું ઘર, સંસારી લોકોને માનસિક પિડા મટાડવાનું સાધન છે. અમારા જેવા ઘરબાર વિનાના મુસાફરોને તારો જ આશરો છે. હું મારું કાર્ય પૂરું કરીને જરૂર આવીશ.

<u>૧૫-૨૬</u> : પછી ભગવાન વ. ધનુર્યજ્ઞના સ્થાનમાં આવ્યા. ભગવાને તે ધનુષને ઉઠાવવાની ઈચ્છા કરી, બધાંએ તેમને તેમ કરતાં રોકયા પણ તે માન્યા નહિ અને ડાબા હાથે જ ઊઠાવી લીધું અને શેરડીના સાંઠાની જેમ ભાંગી નાખ્યું ત્યારે ભયંકર અવાજ થયો તે સાંભળી કંસને પણ ત્રાસ થયો. આથી રક્ષકો ભગવાન પ્રતિ ધસી આવ્યા તેથી બન્ને ભાઈઓએ એ ધનુષના ટૂકડાથી જ રક્ષકોને માર્યા. કંસે મોકલેલી સેનાની પણ એવી જ દશા કરી. આમ નગરમાં

બન્ને ભાઈ ગોપબાળો સાથે ફરી પોતાના ઉતારા પર આવ્યા. નગરના લોકોને ખાત્રી થઈ કે આ બન્ને શ્રેષ્ઠ દેવો છે એટલે કે બીજા દેવોને છોડીને જે લક્ષ્મી શ્રેષ્ઠદેવને વરી હતી તે જ આ છે. તેઓ ભગવાનની બહુ પ્રસંશા કરવા લાગ્યા. રાત્રે વાડૂ કરી ભગવાન બગીચાના મુકામે જ પોઢી ગયા.

૨૭-૩૧ : રમતવાતમાં ધનુષ તોડયું અને સેનાને મારી નાખી તે જાણીને કંસ ખૂબ ગભરાયો. તેને રાત્રે નિદ્રા પણ ન આવી, તેને ઘણા અપશુકન થયા અને લાગ્યું કે હું મરીશ.

૩૨-૩૮ : સવારે તેણે મલ્લક્રીડા ઉત્સવ શરૂ કરવાની જાહેરાત કરાવી. બધાં જ લોકો અને કંસ મલ્લક્રીડા સ્થાનમાં પોતપોતાની યોગ્ય જગાએ આવીને બેઠા. નિશાન વાગતાં જ ચાણુર મુષ્ટિક, કૂટ, શલ, તોશલ વ. મલ્લો અખાડામાં આવી ગયા. ગોકુળના ગોપોએ લાવેલ ભેટ રાજાને નિવેદીત કરીને પોત પોતાના સ્થાને બેઠા.

## અધ્યાયાર્થ ૩૯ સુબોધિની

કા. ૧૫૫ : (૧) સ્થાવર ધનુષનો ભંગ અને રક્ષકોને માર્યા તથા (૨) કુબજા પરની કૃપા આ બે પ્રકારે ભગવાને નિગ્રહ કાર્ય કર્યું. ધોબીને કરેલ દંડ, ત્રણ પર કરેલ કૃપા (દરજી, માળી, કુબ્જા) અને બે પર કરેલ નિગ્રહથી આ ભગવાન છે તેમ પ્રમાણ થયું.

# રાજસ પ્રમેય પ્રકરણ

## પ્રકરણાર્થ - અ. ૪૦ થી ૪૬

૧૫૬ : આ સાત અધ્યાયમાં ભગવાનનું પ્રમેયબલ જણાવ્યું છે કે જેનાથી યાદવોની ભગવાનમાં આસકિત થઈ.

૧૫૭ : આ પ્રકરણના સાત અધ્યાયોમાં સાત ભકતો અને સાત દ્વેષી છે.

૧૫૮ : અહીં દેવકી, વસુદેવ તથા બધા યાદવોને પોતાના મનમાં સંતોષ આપીને ભગવાનમાં આસકિત કરાવી.

૧૫૯ : ગુરુ, અધિષ્ઠાતા દેવ છે તેને પુત્ર લાવી આપીને મુકત કરેલ છે. દેવકી-વસુદેવ, યાદવો, નંદ યશોદા, ગોપીઓ અને કુબ્જા, અક્રૂર અને પાંડવો આ સાતનો ભગવાને આ પ્રકરણમાં પ્રપંચમાંથી ઉદ્ધાર કરેલ છે.





૧૬૦ : કુવલયાપીડ હાથી-૧ ચાણુર-૨ મુષ્ટિક-૩ કૂટ-૪ શલ-૫ તોશલ-૬ એ પાંચ મલ્લો અને સાતમો કંસ, આ સાત ભગવાનનો દ્વેષ કરનારા હોવાથી હણાયા. તે પોતાના દોષને લીધે મરાયા કંસનું વેર વાળવા આવેલા તેના આઠ ભાઈ પણ હણાયા.

૧૬૧ : ભગવાન સાથે હર કોઈ પ્રકારે સંબંધ રાખનારને મુકિત થાય છે ફરક એટલો છે કે ભકતોને જીવતાં મુકિત થાય છે અને દ્વેષીઓની મર્યા પછી મુકિત થાય છે.

## અધ્યાય-૪૩ / સુબોધિની અ. ૪૦

## કુવલયાપીડને માર્યો અને મલ્લોની સભામાં શ્રીકૃષ્ણ પધાર્યા

વિશેષ : પ્રમાણ પ્રકરણમાં (પ્રમાણ) શબ્દનું બળ કહ્યું. હવે ૭ અધ્યાયથી (પ્રમેય) અર્થનું બળ કહે છે. અગાઉ અનેક ઉત્સવોથી બધાં પ્રપંચને ભૂલી ગયા અને માહાત્મ્યનું જ્ઞાન થયું હવે અહીં આ પ્રકરણમાં બે બે અધ્યાયથી આસકિત કહેવાની છે. તથા તેનું ફળ પણ કહેવાનું છે. ભગવાનના અતુલ સામર્થ્યથી ભકતોની તેમનામાં આસકિત થાય જ.

શ્લો. ૧ થી ૧૬ : ભગવાન તથા રામ પ્રાતઃકાલની સ્નાનાદિ વિધિ પતાવીને મલ્લક્રીડા નિરખવા રંગભૂમિએ આવ્યા, ત્યાં તેમણે જોયું કે રંગભૂમિના દરવાજે જ કુવલયાપીડ હાથીથી તેમને મારવા મહાવત તૈયાર છે. ભગવાને તેને રસ્તો આપી દેવા પડકાર કર્યો ત્યારે તેણે હાથીને રામ-શ્યામ પ્રતિ દોડાવ્યો. પણ ભગવાને તેને થોડો વખત ખેલવા દઈ પછી પૂંછડીથી પકડીને ગોળ-ગોળ ખૂબ ઘૂમાવ્યો પછી ભગવાને તે ક્રોધીત હાથીના દાંત ખેંચી કાઢયા અને મહાવતો તથા રક્ષકો સહિત તેને મારી નાખ્યો અને તે લોહી નિગળતા દંતશૂળને લઈને રંગમંડપમાં પ્રવેશ્યા, ત્યારે આપનું રૂપ દર્શનીય હતું.

૧૭ : તે વખતે ભગવાન મલ્લને વજ્ર જેવા કઠોર દેહવાળા (રૂદ્રરસ), સાધારણ જનને નરરત્ન (અદ્‌ભૂતરસ), સ્ત્રીઓને સાક્ષાત્ કામદેવ (શૃંગારરસ), ગોપોને સ્વજન (હાસ્યરસ), દુષ્ટરાજાને દંડ-દેનાર શાસક (વીરરસ), પોતાના પિતા નંદજીને બાળક (વાત્સલ્ય રસ), કંસને મૃત્યુ (ભયાનક રસ), અજ્ઞાનીઓને વિરાટ (બિભત્સ રસ), યોગીજનોને પરમતત્વ (શાન્ત રસ) અને ભકત શિરોમણિ વૃષ્ણિવંશીઓને પોતાના ઈષ્ટદેવ પ્રેમ-ભકિતરસ જણાયા. બધાંને પોતપોતાના ભાવાનુસાર અનુભવ થયો.

વિશેષ : લોકો દશ પ્રકારના છે તેથી જેને જેવો ભાવ હોય તે પ્રમાણે ભગવાન

અનુસરે તો તેમનો નિરોધ થાય, અન્યથા સંસારમાં બંધન થાય. નવગુણ અને ગુણાતીત તેમ ૧૦ છે તેમ શૃંગારાદિ રસ પણ ૧૦ છે. પહેલા ત્રણ રાજસ પછી ત્રણ તામસ પછી ત્રણ સાત્વિક અને છેલ્લો નિર્ગુણ અને પહેલાં આધ્યાત્મિક પછી આધિદૈવિક એ ક્રમ છે.

૧૮-૩૧ : કુવલયાપીડને મર્યો જાણી કંસ વીર હોવા છતાં ગભરાયો. ભગવાનનું સ્વરૂપ જ એવું હતું કે રંગમંચ પર બેઠેલા સૌ તેમના સૌંદર્યનું પ્રત્યેક ઈન્દ્રિયથી પાન કરવા લાગ્યા અને તેમની લીલાઓનું સ્મરણ થઈ આવ્યું. ''આ ભગવદવતાર છે તેવી માન્યતા થઈ ગઈ. ગોકુળમાં રહી તેમણે અનેક અસૂરોને માર્યા હતા અને ગોકુળવાસીઓનું અનેક ઉત્પાતોથી રક્ષણ કર્યું હતું તથા ગોપીજનો તેમના દર્શન માત્રથી તાપમુકત થતા હતા.''

૩૨-૪૦ : ત્યાં તો ચાણુરે રામ-કૃષ્ણને મલ્લ યુદ્ધ કરવા માટે લલકાર્યા અને રાજા તથા સૌને પ્રસન્ન કરવા બાહુયુદ્ધ કરવા નિમંત્ર્યા. ત્યારે ભગવાને કહ્યું આપણે બન્ને રાજાની પ્રજા ખરા પણ ધર્માનુસાર તો કોઈ બળીયો બાળક મારી સામે લાવો, ત્યારે ચાણુરે કહ્યું હમણાં જ તમે હાથીને માર્યો તેથી તમે બાળક નથી તેથી તમે મારી સાથે અને બલરામ મુષ્ટિક સાથે બાહુયુદ્ધ કરે.

## અધ્યાય-૪૪ / સુબોધિની અ. ૪૧

## શ્રીકૃષ્ણે કરેલો કંસનો વધ

વિશેષ : ભાઈઓ સહિત કંસના વધથી શ્રીકૃષ્ણના માતા-પિતાને ભગવાનમાં નિરોધ થયો. સ્ત્રીઓએ ભગવાનના કિશોરભાવનું વર્ણન કર્યું તે પણ માતા-પિતાની આસકિત વધારવા. ભકતને વધુ કલેશ ન થાય માટે ભગવાને મલ્લોને માર્યા. અને તે જ કારણે કંસને માર્યો અને શત્રુ હોવા છતાં મોક્ષ કર્યો.

શ્લો. ૧ થી ૧૬ : ત્યારે ભગવાન અને બલરામ બન્ને ભાઈ મલ્લો સાથે મલ્લયુદ્ધ કરવા તૈયાર થયા. આવા બળવાન મલ્લો સાથે નાના બાળકનું દંગલ જોઈને સ્ત્રીઓ કહેવા લાગી - આ તો કંસ અધર્મ કરી રહ્યો છે. યુધ્ધ કરતા ભગવાનના સ્વરૂપને જોઈને સ્ત્રીઓ આસકત થઈ ગઈ. આ રીતે ભગવાન અને બલરામના સ્વરૂપનું વર્ણન કરવા લાગી. તથા ગોપીજનોના ભાગ્યની સરાહના કરવા લાગી. ભગવાન સ્વરૂપથી શોભે છે નહિ કે વસ્ત્રાભરણથી.

૧૭-૩૧ : ભગવાને જોયું કે સ્ત્રીઓની ભયયુકત વાતો તેમના માત-પિતા સાંભળશે તો ઘણો કલેશ થશે કેમ કે તે પોતાના પુત્રનું સામર્થ્ય જાણતા નથી. આમ મલ્લયુદ્ધ કરતાં બન્ને મલ્લો ઢીલા થઈને મૂર્છાવશ થવા લાગ્યા જ્યારે





મલ્લે છેલ્લો ભારે હુમલો કર્યો ત્યારે ભગવાને તેના હાથ પકડીને આકાશમાં ખૂબ ફેરવ્યો અને પછાડયો. તે જ રીતે બલદેવજીએ પણ મુષ્ટિકને તમાચો મારીને મરાણતોલ ફટકો માર્યો, તેમ બન્ને મરી ગયા તે પછી તે જ રીતે કૂટ અને શલ અને તોશલ પણ માર્યા ગયા ત્યારે બીજા મલ્લો ભાગી ગયા. પછી ભગવાન પોતાના મિત્રો સાથે મલ્લકુસ્તી કરવા લાગ્યા. ત્યારે કંસે વાજાં બંધ કરાવ્યા અને કહેવા લાગ્યો કે વસુદેવના આ બન્ને પુત્રોને નગર બહાર કાઢો, વસુદેવને મારી નાખો નંદને કેદ કરો અને ગોપોને લૂંટી લો.

૩૨-૩૮ : પછી કૃષ્ણ ઊંચા આસન પર બેઠેલા કંસ પાસે પહોંચી ગયા ત્યારે કંસ તલવાર-ઢાલ ઉઠાવી લડવા તૈયાર થયો પણ ભગવાને તેને પકડી લીધો. તેનો સ્પર્શ કર્યા વગર કેશ પકડયા અને તેને અખાડામાં ફેંકયો, પછી ભગવાન તેના પર કૂદયાં ત્યાં જ કંસ મરી ગયો. ભગવાને તેના દેહને ઘસડયો તે જોઈને હાહાકાર થઈ ગયો. કંસ જાગતાં ઉંઘતાં હરેક ક્ષણે ભય-દ્વેષથી કૃષ્ણનું ચિંતન કરતો હતો તેથી તેની સારુપ્ય મુકિત થઈ, જે મોટા મોટા યોગીઓને પણ દુર્લભ છે. કંસના ૮ ભાઈ પણ વેર લેવા લડવા આવ્યા, તેમને રામે હાથીદાંતથી મારી નાખ્યા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી મરનારાઓની સ્ત્રીઓ શોક કરવા લાગી અને કહેવા લાગી કે આ નિરપરાધીનો દ્રોહ કરવાનું જ ફળ મળ્યું છે. ભગવાનનું બૂરું ચાહે તેનું ભલું કઈ રીતે થઈ શકે ?

૪૯ : ભગવાને સ્ત્રીઓને સાંત્વન આપ્યું અને મરનારનાં ક્રિયા કર્મ કરવાની વ્યવસ્થા કરી. તે પછી કેદખાનામાં જઈને માતા-પિતાને છોડાવ્યા અને તેમના ચરણ સ્પર્શ કર્યા. દેવકી-વસુદેવે તેમને અત્યારે જગદીશ જાણ્યા તેથી આલીંગન ન કરી શકયા.

## અધ્યાય-૪૫ / સુબોધિની અ. ૪૨

## મથુરામાં શાન્તિ સ્થાપી ભગવાન ગુરુને ત્યાં પધાર્યા

અહીં પિતા, માતા, ઉગ્રસેન અને બીજાઓનો ભગવાનમાં નિરોધ અને ભગવાનનો એમનામાં નિરોધ કહ્યો છે.

શ્લો. ૧ થી ૯ : માતા-પિતાને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય તે ભગવાનને ઈષ્ટ ન હોવાથી ભગવાને માયા ફેલાવી. પછી ભગવાન તેમને કહેવા લાગ્યા કે અમો તેમોને અમારા બાળપણનું સુખ ન આપી શકયા કે ન અમને આપના સાનિધ્યનું સુખ મળ્યું. આપના ઋણનો બદલો અમે આપની ગમે તેટલી સેવા કરીયે તો પણ ન ચૂકવી શકીયે તેવું છે. વળી અહીં ભગવાને પુત્રના

પિતા-માતા પ્રતિના ધર્મો પણ કહ્યા એમ કહી ભગવાને ક્ષમા માગી.

૧૦-૩૭ : ભગવાનની વાણી સાંભળીને માતા-પિતાને મોહ થયો અને બન્નેને આલીંગન આપ્યું, ગળું રૂંધાઈ ગયું. માતા-પિતાને દિલાસો આપીને ઉગ્રસેનને યદુના રાજા બનાવ્યા અને કહ્યું કે યયાતિના શાપથી અમે રાજગાદી પર બેસી શકીયે તેમ નથી, તમે જ અમારા રાજા છો. યદુ વૃષ્ણિ અન્ધક, મધુ, દાશાર્હ કુકર વ. ને બોલાવીને ભગવાને નગરમાં વસાવ્યા અને તેમને સંપત્તિ આપીને સંતુષ્ટ કર્યા. બધા મથુરાવાસી પોતાને હવે સુરક્ષિત સમજતા હતા. તે પછી રામ-કૃષ્ણે નંદરાયજી પાસે આવીને વિનંતી કરી - આપ અમારા પર પુત્ર કરતાં પણ અધિક પ્રેમ વરસાવ્યો છે, હવે આપ વ્રજમાં પધારો. અમે આપને જોવા આવીશું. તે પછી સૌ વ્રજવાસીનો સત્કાર કરીને ભેટ આપી. નંદરાયજીએ બન્ને ભાઈઓને આલીંગન આપ્યું પછી વ્રજમાં ગયા. પછી વસુદેવજીએ ગર્ગાચાર્યને બોલાવીને બન્ને ભાઈઓના યજ્ઞોપવિત સંસ્કાર ક્ષત્રીયો પ્રમાણે કરાવ્યા. બ્રાહ્મણોને દાન આપ્યાં. કૃષ્ણજન્મ વખતે જે સંકલ્પ કર્યો હતો તેટલી ગાયો દાનમાં આપી. પછી બન્ને ભાઈ ઉજ્જૈનમાં ગુરુ સાંદીપની પાસે વિદ્યાભ્યાસ માટે ગયા. ત્યાં તે શ્રેષ્ઠ વિદ્યાર્થીને છાજે તે પ્રકારે ગુરુના આજ્ઞાપાલક અને વ્રતનિષ્ઠ રહ્યા. ગુરુએ તેમને વેદ-વેદાંગ વ. સર્વ ભણાવ્યા તેમજ બીજા શાસ્ત્રો પણ ભણાવ્યા. એક જ વારમાં તે બધું જ ભણી લેતા. ચોસઠ દિવસમાં જ આપે ચોસઠ વિદ્યા સિદ્ધ કરી લીધી. તે પછી ભગવાને ગુરુદક્ષિણા માટે વિનંતી કરી, ત્યારે ગુરુએ વિચાર્યું કે આ બાળક તો કોઈ સામાન્ય નથી પણ મહાનુભાવ છે, તેની પાસે શું માંગવું ? પછી તેમણે પ્રભાસના સમુદ્રમાં પોતાનો પુત્ર મરી ગયો હતો તે પાછો મેળવી આપવાની ગુરુદક્ષિણામાં માંગણી કરી.

૩૮-૫૦ : ભગવાન પ્રભાસ ગયા સમુદ્રે ભગવાનનું પૂજન કર્યું. પછી ભગવાને સમુદ્ર પાસેથી પુત્રની માંગણી કરી ત્યારે સમુદ્રે કહ્યું તેને તો પંચજન નામનો દૈત્ય શંખનું રૂપ ધરીને લઈ ગયો છે. તે સાંભળી ભગવાન જળમાં પેઠા અને શંખાસૂરને માર્યો પણ તેના પેટમાં ગુરુપુત્રને ન જોયો. તે શંખને લઈને ભગવાન યમરાજની સંયમ નગરીમાં આવ્યા ત્યારે યમે આવીને બન્ને ભાઈનો સત્કાર કર્યો અને સેવાની વિનંતી કરી. ત્યારે ભગવાને યમને કહ્યું કર્મવશ અમારા ગુરુનો પુત્ર અહીં આવ્યો છે તેના કર્મ પર ધ્યાન ન આપીને તે અમને પાછો આપો, યમરાજાએ ગુરુપુત્ર પાછો આપ્યો, તે લઈને તેમણે તે ગુરુને આપ્યો. પછી ગુરુના આશીર્વાદ પામી બન્ને ભાઈ મથુરા પધાર્યા. પ્રજા તેમને જોઈને ઘણી રાજી થઈ.





## અધ્યાયાર્થ : ૪૦-૪૧-૪૨ સુબોધિની

કા. ૧૬૨ થી ૧૬૩ : ભગવાન સાથે કોઈપણ પ્રકારે સંબંધમાં આવનારને મોક્ષ પ્રાપ્ત થાય છે. જો કે ભયને લીધે તો ભગવાનમાં પ્રેમ કે આસકિત ન થાય પણ તદ્રૂપ થવાય તેથી તેવા ભગવાનથી અતીશય ભયભિત અસુરોના ભગવાન દ્વારા વધ થતાં મોક્ષ થાય છે, તે સિદ્ધાંત પ્રમાણે મલ્લો અને કંસને મોક્ષ આપ્યો, આ વ્યવસ્થા દ્વેષીઓ એટલે કે બહારના લોકો માટે છે. હવે અંદરના-સ્વકીયો જેવા કે માતાપિતા, ઉગ્રસેન, યાદવો તથા ગુરુ સાંદિપનીની પોતાનામાં સ્નેહાત્મક આસકિત કરાવીને મોક્ષ આપે છે. બે અધ્યાયોથી આ જ વૃત્તાંત કહ્યો.

૧૬૪ : અ.૪૨ (૪૫)/૧૯માં ઘરડાં જુવાન થયાનું કહ્યું છે તે એ બતાવવા કે ભગવાન કાલને પણ બાધ કરે છે, આ ભગવાનનું માહાત્મ્ય છે. આવું માહાત્મ્યજ્ઞાન થયું ન હોય ત્યાં સુધી સ્નેહાત્મક ભકિત થતી નથી.

શંકા - ભય સ્નેહથી વિરુદ્ધ છે તેથી અહીં ભયનું નિરૂપણ કરવું યોગ્ય નથી.

સમાધાન - ભયથી એકતાન (આસકત) થવાય છે. ભગવાનમાં એકતાન થાય તેને મોક્ષ મળે છે

૧૬૫ : સ્નેહવાળાને જો સાંત્વન ન આપવામાં આવે તો તેઓને ભગવાનમાં આસકિત થવામાં વિઘ્ન થાય તેથી (સુ.) ૪૩ થી ૪૬ સુધીના ચાર અધ્યાયોથી સાત્વિક, રજસ અને તામસ ગુણવાળા પ્રાણીઓનું સાંત્વન કર્યાનું કહ્યું છે ઉત્તમ પુરુષ ઉદ્ધવ વ. થી જ્ઞાન આપી બોધ કરી કાલથી થતું દુઃખ રોકી દીધેલ છે.

### અધ્યાય-૪૬ / સુબોધિની અ. ૪૩

### ઉદ્ધવજીએ ગોકુલ જઈ નંદ-યશોદા અને ગોપીજનોનું સાંત્વન કર્યું.

વિશેષ : ભગવાને વ્રજમાં પધારી નંદ-યશોદા વ. નો નિરોધ કર્યો હતો છતાં અહીં ફરીથી નિરોધ કર્યાનું કહેવાય છે. તે તેમના નિરોધના સમર્થન માટે છે. વળી ભગવાનની કૃપાનો અને ગોપીજનોના પ્રેમનો ઉત્કર્ષ પણ નિરોધ ફરી કહેવાથી સિદ્ધ થશે.

શ્લો. ૧ થી ૬ : ભકત ઉદ્ધવજીને ભગવાન કહે છે તમે વ્રજમાં જઈને અમારા માતા-પિતા તથા ગોપીજનોને વિયોગનું માનસિક દુઃખ દૂર થાય તેવું કરો, કેમ

કે તેઓનું ચિત્ત માત્ર મારામાંજ રહેલું છે. વિરહ વ્યથામાં તેઓ મૂર્છિત થઈ જાય છે. તેમણે જેમ તેમ પ્રાણ ટકાવી રાખ્યા છે. મારામાં અને તેમનામાં ભેદ નથી.

૭-૨૬ : તેથી ઉદ્ધવજી નંદજીના વ્રજમાં આવ્યા તે પછી વ્રજ કેવું છે તેનું વર્ણન શ્લોક ૧૦ થી ૧૩માં છે. નંદજીએ ઉદ્ધવનું સ્વાગત કર્યું, ભોજન કરાવ્યું, પરિશ્રમ દૂર કરાવ્યો અને વસુદેવ વ. ના કુશળ સમાચાર પૂછયા. વળી પૂછયું શું શ્રી કૃષ્ણ અમને કયારેય યાદ કરે છે ? તેઓ એકવાર અમને સૌને જોવા પધારશે ખરા ? એમણે અમારા બધાનું હંમેશા રક્ષણ કર્યું છે. એમ કહી ભગવાનની અનેક લીલાના પ્રસંગોનું સ્મરણ થતાં તેનું વિવરણ કર્યું તે શ્લોક ૨૦ થી ૨૨. તે પછી નંદજી તેમના માહાત્મ્યની વાત કરી તે ઈશ્વર છે તેમ કહે છે, કેમ કે જે રીતે મથુરામાં અસુરોને માર્યા તે મનુષ્યથી શકય નથી.

૨૭-૩૦ : આ સ્મરણ તાજું થતાં નંદજી ગદ્‌ગદ્ થઈ ગયા. યશોદાજી પણ વિહ્‌વળ થઈ ગયા. નંદ-યશોદાનો શ્રી કૃષ્ણમાં આવો પરમ અનુરાગ જોઈને ઉદ્ધવજીને આનંદ થયો. પછી તે નંદજીને કહેવા લાગ્યા - તે સર્વના ઈશ્વર છે તેમાં બે મત નથી.

વિશેષ : સત્કર્મ થી કે જ્ઞાનથી કે ભકિતથી કે પ્રેમભકિતના લીધે સરાહના થઈ શકે છે પણ આ ચારે ક્રમથી એક થી બીજી ચડીયાતી છે. પ્રમાણબલ કરતાં પ્રમેયબલ અધિક છે તેથી (નવધા) સ્વતંત્ર ભકિત કરતાં પ્રમેય (સ્વરૂપ) ભકિત રસાલ છે.

૩૧-૪૩ : ઉદ્ધવજી નંદજીને કહે છે - ભગવાન સર્વ તત્વોનું મૂળ કારણ છે. તેમનામાં એક ક્ષણ માટે પણ જીવ મન લગાવે તો શુદ્ધ થઈને બ્રહ્મમય થઈ જાય છે કેમ કે તેની કર્મવાસના ધોવાઈ જાય છે. ભગવાન બધાના જ આત્મા (પરમાત્મા) છે પણ ભકતોની અભિલાષા પૂર્ણ કરવા મનુષ્યદેહ ધારીને આપને ત્યાં પધાર્યા હતા. અચ્યુત થોડા વખતમાં વ્રજમાં આવીને તમારા સૌનું પ્રિય કરશે, તે પોતાનું વચન પાળશે. પછી તમને ખેદ નહિ રહે, એ સર્વ પ્રતિ સમાન દૃષ્ટિવાળા છે એમને તો માતા-પિતા-સ્ત્રી-પુત્ર વ. સંબંધોના ભાવો નથી. ભગવાનનો અવતાર ક્રિડાર્થ છે નહિ કે કર્મને લીધે કેમ કે તેતો અજન્મા છે. ત્રણે ગુણોનો સ્વેચ્છા સ્વીકાર કરીને સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરે છે. ભગવાન તમારા પુત્ર છે તે તમારો ભ્રમ છે. તે તો સર્વના આત્મા છે. ભગવાનથી પૃથક કોઈ વસ્તુ નથી. તેની સત્તાના કારણે જ સર્વમાં સત્તા જણાય છે.





૪૪-૪૯ : આમ વાતોમાં જ રાત પસાર થઈ ગઈ. સવારે ગોપીજનો તો પોતાના કામે લાગેલા હતા. પણ ગોપીઓએ નંદજીના દ્વાર પર સોનાનો રથ જોયો તેથી વિચારવા લાગ્યા કે આ રથ કોનો આવ્યો ? અક્રૂર તો પાછો નથી આવ્યો ને ? પછી ખિજાઈને વિચારવા લાગ્યાં કે શું કંસ મર્યો તેથી આપણા લોહી-માંસથી તેનું પિંડદાન કરવા માટે આપણને લઈ જવા તો નથી આવ્યો ને ? (અનુસંધાન - પેજ નં. ૧૭૬ પર)

## અધ્યાય-૪૭ / સુબોધિની અ. ૪૪

## ઉદ્ધવજીએ ગોપીજનોને આપેલ ભગવાનનો આદેશ

વિશેષ : ભગવાન ઉદ્ધવજી દ્વારા જ્ઞાનનો સંદેશો મોકલીને ગોપીજનોનો વિશેષ નિરોધ કરાવે છે. વળી છૂટા પડયા પછી પ્રીતિમાં ઢીલાશ આવે તેવું નથી થયું તે પણ બતાવે છે. પહેલાં પ્રીતિ વડે અને હવે જ્ઞાન વડે નિરોધ ગાઢો કર્યો તેના પરિણામે ગોપીજનોમાં ત્રણ દોષ ગયા - વસ્તુ નિશ્ચય, ઉપાલંભ અને વ્યાજોકિત. તેમને ભકિત, સ્તુતિ અને ઉપદેશ થયા, જ્ઞાનથી ભગવાનમાં દોષવૃત્તિ ગઈ. હકીકતમાં ઉદ્ધવ દ્વારા ઉપદેશ તો ભગવાને જ કર્યો છે.

૧ : ઉદ્ધવજી કૃષ્ણ જેવા જ જણાતા હતા તેથી ગોપીજનો તેમની પાસે આવ્યા. તે કમલનયન, કમલમાળા અને પિતાંબરધારી શુદ્ધ મણિજડેલા કુંડળવાળા હતા.

વિશેષ : શંકા - જ્યારે ગોપીઓ દૃષ્ટાંતો આપીને ૮ પ્રકારે ભગવાનમાં દોષ દૃષ્ટિવાળા થયા તેવાને ઉપદેશ આપવો શું કામ ?

સમાધાન - તે તો જે બોલ્યા છે તે અતીશય કલેશને કારણે બોલ્યા છે. બાકી અગાઉ તેમણે ભગવાન ખાતર સર્વનો પરિત્યાગ કર્યો છે અને ગોવિંદમાં પોતાની કાયા, વાણી અને મનનો વિનિયોગ કર્યો છે, તે માટે લૌકિક લજ્જા પણ છોડી છે તેથી તેમના દોષ દૂર કરવા જ્ઞાન જરૂરી છે.

૨-૧૦ : ગોપીઓ આપસમાં વાત કરે છે કે એ કૃષ્ણ સમાન જણાતો પુરુષ કોણ છે ? તે જાણવા તે ઉદ્ધવજીને ઘેરી વળી, જ્યારે તેમણે જાણ્યું કે તે તો ભગવાનનો સંદેશ લઈને આવ્યા છે ત્યારે તેમના પ્રતિ વિનયવાળા થઈને તેમનો સત્કાર કર્યો અને કહ્યું કે તમે કૃષ્ણના કહેવાથી માતા-પિતાને સાંત્વન આપવા આવ્યા લાગો છો ? અમારા ગોકુળવાસીઓને તો સ્મરણ કરવા લાયક કોઈ હોય તો તે નંદનંદન જ છે. સામાન્ય રીતે જણાતા પ્રેમ સંબંધ સાથે કોઈને કોઈ સ્વાર્થ ભળેલો હોય છે, જેમ કે ભ્રમર-પુષ્પ, ગણિકા-પુરુષ, રાજા-પ્રજા,

આચાર્ય-શિષ્ય, ઋત્વિજ-યજમાન, પક્ષી-ફળાઉ વૃક્ષ, અતિથિ-યજમાન, મૃગ-વન, જારપુરુષ-સ્ત્રી.



૧૧ : આ ગોપીજનો ભગવાનની લીલાના સ્મરણમાં દેહાનુસંધાન પણ વિસરી ગયા, ભ્રમિત મનવાળા થઈ ગયા. તે વખતે તેમણે જોયું તો એક ભમરો ગણગણી રહ્યો છે. ત્યારે તેઓને તેમાં ઉદ્ધવના દર્શન થયા અને લાગ્યું કે અમે રીસાઈ ગયા છીયે તેથી ભગવાને અમને મનાવવા આને મોકલ્યો છે. શ્લોક ૧૨ થી ૨૧ ભ્રમરગીત નામે પ્રસિદ્ધ છે. અહીં ભ્રમર સાથેની સંગતિ ઉદ્ધવ અને ભગવાન્ બન્નેને લાગુ પડે છે.

૧૨ : શ્લોક ૧૨ થી ૨૧ સુધીનાને ભ્રમરગીત કહે છે જેમાં ગોપીજનોએ ઉદ્ધવ સમક્ષ પોતાની વિરહવ્યથા પ્રકટ કરી છે જે ભ્રમર અને ઉદ્ધવ બન્નેને લાગુ પડે છે.

ગોપીજને કહ્યું - હે ભ્રમર, તું કપટીનો મિત્ર છે તેથી તેનું જ કાર્ય કરે છે. વળી તારી વનમાળા અમારી શોકયને આલિંગન આપવાથી ચૂંથાએલી છે અને તેમના કૂચ પર લગાવેલ કુમકુમ તારી દાઢી-મૂછ પર લાગેલ છે તેથી તું અમારો ચરણસ્પર્શ ન કર. અમને ખોટા ખોટા પ્રણામ ન કર. તું પણ તારા સ્વામીની જેમ જ પ્રેમ કરવાવાળો નહિ પણ આમ-તેમ ઉડાઉડ કરવાવાળો જ છે. મધુપતિ કૃષ્ણ ભલે મથુરાની માનીનીઓને મનાવે અને તેમ કરતાં તેમના પર જે નિશાન જણાશે તેથી તો સભામાં તેમની મજાક જ થશે. અમે હવે તને ઓળખી ગયા છીએ તેથી છેતરાઈએ તેમ નથી.

૧૩ : હે ભ્રમર, તું જે પુષ્પનો રસ લઈ તેને છોડી દે છે તેમ ભગવાને પણ પોતાની પરમ માદક અધર સુધાનું એકવખત પાન કરાવીને અમારો ત્યાગ કરીને ગયા. તારામાં અને ભગવાનમાં ફરક એટલો છે કે તું પાન કરીને છોડે છે જ્યારે તે પાન કરાવીને છોડે છે. આમ બન્ને ચંચળ તો છો જ છતાં આશ્ચર્ય છે કે ચંચલ સ્વભાવવાળા લક્ષ્મીજી ભગવાનના ચરણકમલની સેવા કઈ રીતે કરતા હશે ? લાગે છે કે નારદજી જેવા ભકતો શ્રી કૃષ્ણની સર્વોપરીતા ગાય છે માટે તેમનું ચિત્ત ચોંટયું હશે.

૧૪ : હે છ પગવાળા ભ્રમર ! અમે તો ઘરબાર વગરના થઈ ગયા છીયે, જ્યારે તે તો ગોપીપતિ - વ્રજપતિ મટીને યદુપતિ થઈ ગયા છે, તો પછી તેમના યશ અમારી આગળ શા માટે ગાય છે ? આવો યશ તો અમે ઘણીવાર સાંભળી ચૂકયા છીએ. તારે યશગાન કરવા હોય તો અર્જુનના સખા, સદા



વિજયીના ગુણગાન તેની મથુરાની સખીઓ પાસે કર કેમ કે તે નવી છે અને ત્યાં ગાઈશ તો તે તારું ભલું કરશે.

૧૫ : કપટથી હસવું, કટાક્ષ સંકેત કરવા વ. સ્ત્રીને આધીન કરવાના ઉપાય છે તે તો ભગવાનને સ્વયં સિદ્ધ છે તેથી તો ત્રાણે લોકમાં તેને કોઈ સ્ત્રી દુલર્ભ નથી. તેમની સેવા તો સાક્ષાત્ લક્ષ્મીજી કરે છે પછી અમારો શો હિસાબ ? તે તો અમારા જેવા દીનનો પક્ષ કરવાવાળા છે અને તેમ ન કરે તો તે ઉત્તમશ્લોક ન ગણાય. તેથી અમારી વચ્ચે તારી સીફારીશની જરૂર નથી.

૧૬ : અમે જાણીયે છીયે કે તું મુકુંદની પાસે જઈ તેનું દૂતકાર્ય કરવા અહીં આવ્યો છે. તારા મનમાં કપટ અને બહાર વિનય છે જેથી અમને ભોળવવાનાં વચનો બોલે છે. અમારા ચરણે માથું ટેકવવું છોડી દે. જેના માટે અમે ઘર-પતિ-પુત્રો વ. સર્વ લોક છોડયા તેણે એમને છોડી દીધા, તેવા અકૃતજ્ઞ સાથે અમારી સંધી કેવી કરવાની હોય !

૧૭-૧૮ : હે મધુપ, આ લોભી શ્રી કૃષ્ણે રામાવતારમાં પારધીની જેમ છૂપાઈને વાલીને માર્યો, તે પણ પ્રયોજન વગર અને સ્ત્રીવશે એવા રામે શુર્પણખાના નાકકાન કાપીને તેને કદરૂપી બનાવી. વામનરૂપે બલિરાજાની પૂજાનો સત્કાર કર્યો વળી બલીએ માંગેલી ચીજ આપી છતાં કાગડાની જેમ વરૂણપાશથી તેને બાંધ્યો. (કાગડો જેનું ખાય તેને જ ઘેરી લઈ પજવે છે) આવા શ્યામ શરીરવાળા કૃષ્ણની મિત્રતાનું અમારે કાંઈ કામ નથી, છતાં તેની લીલા કથાઓ છોડવી તો અમારા માટે મુશ્કેલ છે. તેનું કારણ એ છે કે કૃષ્ણલીલાના એક કણનો પણ રસાસ્વાદ જે લે છે તેને સંસારના ધર્મો છૂટી જાય છે અને સંન્યાસધર્મ હૃદયમાં દ્દઢ થઈ જાય છે, અરે એટલુ જ નહિ તે રસ વગર જીવન જ ટકી નથી શકતું.

૧૯ : જેમ અજ્ઞાની કૃષ્ણસાર હરણીઓ પારધીના મધુરનાદમા વિશ્વાસ મૂકીને ફસાઈ મરે છે તેવી જ રીતે અમે ગોપીઓએ શ્રી કૃષ્ણની કપટવાણીમાં વિશ્વાસ મૂકી તેને સત્ય માની આજે પણ તેના નખસ્પર્શથી થએલ કામવ્યાધિથી અમે પિડાઈએ છીએ. તેથી હે કૃષ્ણના ઉપમંત્રી તું કંઈ આ બાબતે વિશેષ બોલીશ નહિ, બીજું જે કંઈ કહેવું હોય તે કહે.

૨૦ : હે પ્રિયતમના સખા ! તને અમારા પ્રિયતમે અમને તેડવા મોકલ્યો છે શું ? તું ભગવાનનો દૂત છે તેથી જે જોઈએ તે માંગી લે. અમે જાણીયે છીયે કે જેમનો સંગ ત્યજવો અતી મુશ્કેલ છે તેવા શ્રીકૃષ્ણ પણ એકલા રહી શકતા

નથી અત્યારે પણ તેમના હૃદયમાં તો લક્ષ્મીજી કાયમ નિવાસ કરી જ રહ્યા છે તો પછી તું અમને શા માટે લઈ જવા માંગે છે ?

<u>૨૧</u> : હે ભ્રમર, શ્રી કૃષ્ણ ગુરુકુળમાંથી પાછા પધારી મથુરામાં પ્રસન્નતાથી બિરાજે છે ને ? તે અમ વ્રજવાસી નંદ-યશોદા, ગોવાળ તથા તેમની દાસી ગોપીઓને યાદ કરી વાત કરે છે કે ? આ કૃષ્ણ પોતાનો સુવાસીત હસ્ત અમારા શીર પર કયારે ધરશે ?

૨૨ : આ પ્રકારે ગોપીજનોએ પોતાની હૃદય-વ્યથા ઉદ્ધવ સમક્ષ ખાલી કરી ત્યારે ઉદ્ધવજી તેઓને કૃષ્ણનો સંદેશો સંભળાવતા કહેવા લાગ્યા.

<u>૨૩ થી ૨૮</u> : હે ગોપીજનો ! તમે પૂર્ણાર્થ છો અને લોકોમાં પૂજનીય છો કેમ કે ભગવાન વાસુદેવમાં તમારું મન આટલું બધું સમર્પિત છે. તેથી તમારે કંઈ કર્તવ્ય કરવાના બાકી નથી રહેતા કેમ કે દાન, વ્રત, તપ, હોમ, જપ, યોગ, વેદાભ્યાસ વ. તો શ્રી કૃષ્ણની ભકિત પ્રાપ્ત કરવા માટે જ કરવાના હોય છે, તમારી ભકિત તો લોકમાં આદર્શરૂપ છે કેમ કે કૃષ્ણને વરવું તે મનુષ્ય માટે અશકય છે જે તમે સર્વ સમર્પણ કરીને કરી દેખાડયું. કૃષ્ણ વિરહની આ ચરમદશા અને સર્વાત્મભાવ થવો તે ભગવાનનો તમારા પર અનુગ્રહ જ છે. હું તમારા સ્વામીનો રહસ્યમંત્રી છું અને તેથી તેમણે મને તમારું પ્રિય કરવા સંદેશો લઈને મોકલ્યો છે.

આ પ્રમાણે સંદેશ આપતાં પહેલાં ભુમિકા (ઉત્થાનિકા) કરીને હવે સંદેશો કહે છે.

<u>૨૯ થી ૩૮</u> : ભગવાન કહે છે - નથી મને તમારો વિયોગ કેમ કે હું તમારો આત્મા છું અને નથી તમને મારો વિયોગ કેમ કે ભગવાન ભકતાધીન છે. જેમ પંચમહાભૂત સર્વત્ર વ્યાપ્ત છે તેમ હું મન-પ્રાણ-પંચભૂત, ઈન્દ્રિય અને તેના વિષયોના રૂપ થઈ જઈને તેમનો આશ્રય બની જઉં છું. જેને હું કહીયે છીયે તે જીવ તો જ્ઞાનપ્રચૂર, અવિદ્યારહિત અને દેહાદિ સંઘાત રહિત તથા ગુણોના આશ્રયરહિત છે પણ માયાની ત્રણ વૃત્તિને લીધે (સુષુપ્તિ, સ્વપ્ન, જાગરણ) તેવો દેખાય છે. તેથી મનને સંઘાતથી જોડાતાં રોકવું જોઈએ. આત્માને સંઘાતથી જુદા જાણવાથી તે જોડાવું મટશે. આ જ જન્મમરણના ફેરાને અટકાવવાનો ઉપાય છે. જે કંઈ સાંખ્ય-યોગ તપ વ. માર્ગો છે તે મનને રોકવાના ઉપાયરૂપ સાધનો છે. તમારું મન મારામાં જોડાએલું રહે માટે જ હું તમારાથી દૂર રહુ છું. આ પ્રકારનો પ્રેમનો સ્વભાવ જ છે. તેમ તમારું મન અન્ય વૃત્તિઓથી



નિવૃત્ત કરી માત્ર મારામાં સ્થિર કરશો ત્યારે તમે મને સદા માટે પ્રાપ્ત કરશો. આ પ્રકારે જ અંતઃગૃહગતા ગોપીજનો મને પ્રાપ્ત કરી શકયા હતા.

<u>૩૯ થી ૫૩</u> : આ પ્રકારે ભગવાનનાં વચનો ઉદ્ધવ પાસેથી સાંભળીને ગોપીજનો પ્રસન્ન થયા અને તેમને ભગવાનના સ્વરૂપ-લીલાનું અનુસ્મરણ થયું, તેથી ઉદ્ધવજીને કહેવા લાગ્યા. ગોપીજનોએ કહ્યું - સર્વનું હિત કરનાર શ્યામસુંદર કુશળ તો છે ને ? ભગવાન મથુરાની સ્ત્રીઓને પણ અમારી જેમ પ્રેમ કરે છે ને ? અને અમ ગામડીયણોને કયારેક યાદ કરે છે ? શું ભગવાને અમારી સાથે કરેલ રાસલીલાને યાદ કરે છે ? તે શું અમારા હૃદયના દાવાનળ ને શાંત કરવા ઈન્દ્રે કરેલ જળવર્ષાની જેમ પધારશે ? તો કોઈ ગોપી શંકા કરે છે કે - હવે તો તે રાજકુમારીઓ સાથે પરણશે પછી અહીં શા માટે આવે ? તો કોઈ કહે છે કે - ભગવાન તો પૂર્ણકામ છે તેથી તે આપણી પાસે શા માટે આવે ? દાખલો આપે છે કે વેશ્યા પિંગલાએ તો કૃષ્ણની આશાએ બીજા બધાની આશા છોડી, અમે કોની આશાએ કૃષ્ણની આશા છોડીયે ?

અમે કોઈપણ રીતે તેમનો સંબંધ છોડી શકીયે તેમ નથી. ઘણાં બધા પ્રદેશોમાં કરેલ કૃષ્ણની લીલાને ગોપીઓ યાદ કરે છે. તેમનું રૂપ-લીલા-વ. અદ્‌ભૂત હતા તેથી તેમને વિસારવા અશકય છે. હવે ગોપીઓ ભગવાનને શરણાગત થઈને કહે છે કે - તમે સ્વયં અમને સૌને બચાવો. આપે ગજેન્દ્ર અને વેદોનો ઉદ્ધાર સત્વરે કર્યો હતો તો અમારા ઉદ્ધારમાં વિલંબ શા માટે ?

<u>૫૪ થી ૫૮</u> : ભગવાનનો સંદેશો સાંભળીને તેમને ભગવાન આત્મારૂપે પ્રતીત થયા તેથી તેમનો ઈન્દ્રિયાધ્યાસ દૂર થયો. ગોપીજનોની વિરહ વ્યથા દૂર કરવા ઉદ્ધવજી ગોકુળમાં મહિનાઓ સુધી રહ્યા અને ભગવાનની લીલાઓ સંભળાવતા રહ્યા તથા ભગવાનની લીલાસ્થલીમાં વિહાર કરતા રહ્યા અને પૂછી પૂછીને લીલાસ્મરણ કરતા રહ્યા. ભગવાનનાં આવેશમાં ગોપીજનોની વિકળતા જોઈ ઉદ્ધવજી તેમને નમસ્કાર કરી કહેવા લાગ્યા.

## <u>ઉદ્ધવગીત :</u>

<u>૫૯</u> : ઉદ્ધવજી - આ પૃથ્વી ઉપર દેહ ધારણ કરી જાણ્યો હોય તો તે માત્ર આ ગોપવધૂઓજ છે કેમ કે તે ગોવિન્દમાં દૃઢ ભાવવાળા છે, જે ભાવને મુનીઓ તથા સર્વકોઈ ઈચ્છી રહ્યા છે પણ પ્રાપ્ત કરી શકયા નથી. અનંત ભગવાનની લીલાકથામાં જેને રસ નથી તેવા બ્રહ્મજન્મથી પણ કંઈ ફળ નથી.

<u>વિશેષ</u> : શ્લોક ૫૯ થી ૬૪ ઉદ્ધવગીત નામે પ્રસિદ્ધ છે. શરીરધારી તે કહેવાય <u>કે જે શરીરનો સ્વતંત્ર ઉપયોગ કરી શકે. જ્ઞાનીઓને જ્ઞાન થયા પછી શરીર</u>

નિરૂપયોગી લાગે છે તેથી ભારની જેમ વેંઢારે છે. સામાન્ય ભકતો મૂઢપણાથી દેહને જ આત્મા માને છે તેથી તે તનુરૂપ કહેવાય તનુધારી નહિ તેથી તનુને ભગવદર્થે વાપરનારા ગોપીજનો જ સાચા તનુધારી છે. આમના જેવો ઉત્કટભાવ બીજે કયાંય જાણ્યો નથી. જ્ઞાનનિષ્ઠા કે આત્મલાભવાળીને પણ આવો ભાવ પ્રાપ્ત થતો નથી. પ્રહ્‌લાદે પણ રાજય કર્યું છે અને જીવનમુકતને પણ બહિ:સંવેદન હોય છે. વસિષ્ઠાદિ બ્રાહ્મણો આંતર્નિષ્ઠમાં બ્રહ્મચિંતન અને બહિર્નિષ્ઠમાં વેદકર્મ કરે છે. કર્મ તો પ્રપંચને સ્વસ્થ કરાવનાર માત્ર છે તેથી ભગવત્ કથામાં રસ હોવો તે જ ફળ છે.

૬૦ : ઉદ્ધવજી આશ્ચર્ય પ્રકટ કરે છે કે કયાં આ વનમાં દહીં દૂધ વેચવા ફરનારી આચાર-જ્ઞાન-જાતીથી હીનગ્વાલીની અને કયાં ભગવાન શ્રી કૃષ્ણમાં અનન્ય પરમપ્રેમ ? તેઓ ધન્ય છે. ભગવાનનું સ્વરૂપ અને માહાત્મ્ય જાણ્યા વગર પણ તેમનું ભજન કરે તો ય પ્રભુ સ્વરૂપ બળથી, કૃપાથી તેનું પરમ કલ્યાણ કરી દે છે.

વિશેષ : આ ગોપીજનો સ્ત્રીયોનીમાં હોવાથી જાતિથી હીન છે સારા કુળનીએ વનમાં રહેવું તો ઉત્તમ છે પણ આ તો વનમાં રહેનારી નહિ પણ ઘર છોડનારી છે. તે તો સ્વાચ્છંદ્ય થયું ! છતાં ભગવાનને લોકમાં રહેનારનો પણ ભગવદ્‌ભાવ કેવો હોવો જોઈએ તે આદર્શ ગોપીજનોને બનાવ્યા. ભગવાનને ભૂતલ પર પધારતા વાર થઈ તેથી ભ્રમથી તેમને ગોપોમાં પતિભાવ થયો હતો પણ જયારે પ્રભુ પધાર્યા પછી તો તેમનો અનન્ય ભાવ ભગવાનમાં જ થઈ ગયો. તેથી તેમનામાં વ્યભિચારદોષ ન ગણાય. ગોપો ભગવદ્‌ભોગ્ય ચિજમાં સ્વભોગ વિચારે તો તો તેમનો નાશ જ થાય. એમને તો માત્ર પતિ તરીકેનું અભિમાન જ હતું. ગોપોનો ભાવ તો સદાનંદકૃષ્ણમાં છે તેથી તેઓ નિર્દોષ છે. ભગવાનમાં ભાવ થવો તે દોષ નથી કેમ કે તેમ ન હોય તો કોઈ કર્મ જ ન કરે. કૃષ્ણ ભગવાન છે તેમ જાણ્યા વગર પણ ભાવ થાય તો પણ ફળદાયક છે. જેમ રોગી દવાનું સ્વરૂપ જાણ્યા વગર પીવે તો પણ સ્વસ્થ થાય છે. તેથી પ્રભુના પ્રાકટયકાળ માં સ્વરૂપબળ પ્રમેય કરે છે.

બીજું વર્ણાશ્રમ ધર્મો દેહનિષ્ઠ છે અને તે અનુસાર જ ધર્મશાસ્ત્રની આજ્ઞાઓ છે તેથી તેને દૈહિકધર્મ કહેવાય છે. ધર્મશાસ્ત્રો ભગવદ્‌ધર્મ કહેનારા નથી. ખરેખર તો આત્મધર્મ જ સ્વધર્મ છે. ભગવદ્‌માર્ગમાં ભગવાનથી અન્યનું ભજન દોષ ઉત્પન્ન કરનાર છે. સ્ત્રીઓમાં રાગ વિશેષ હોવાથી જો તે સ્વતંત્ર રહે તો તેમનો નાશ થાય તેથી ભગવાન પધારે નહિ ત્યાં સુધી ભગવાને તેમની





રક્ષા કરી. ગોપીજનો ભગવદર્થ જ પ્રકટ થયા હતા. બીજાના ભજન રહિત ભગવદ્ ભજન કરવાથી ભગવાન પ્રાપ્ત થઈ શકે. ગોપીજનો પતિ કરતાં અન્યનું ભજન કરવા છતાં દોષવાળા તો ન થયા પણ તેમનું વિશેષણ વ્યભિચારદુષ્ટ તો શુકદેવજીએ યથાર્થ જ કહ્યું છે.

ધર્મ બે પ્રકારનો છે. (૧) અંતરંગ (૨) બહિરંગ

અંતરંગ ધર્મ : (૧) ભગવદ્‌વિષયક શ્રવણ (૨) યોગ વ. થી ભગવદ્ ચિંતન (૩) ફલબુધ્ધિ વગરનાં યજ્ઞાદિ ધર્મ.

બહિરંગ ધર્મ : (૧) સ્વર્ગને ઉદ્દેશીને કરાતાં વર્ણાશ્રમ વૈદિકધર્મ (૨) સ્વર્ગના ફળવાળા દેવતાના વ્રતો (સ્માર્ત ધર્મો) (૩) ઐશ્વર્ય, આરોગ્ય સંબંધિ ગ્રહ-દેવતા વ. નું પૂજન

આમાં પ્રત્યેકનો પૂર્વ બલવત્તર સમજવો.

વ્યસનદશા પછીનું શ્રવણ ધર્મરૂપ નથી ગણાતું કેમ કે જેમાં વેદની પ્રેરણા હોય તેને જ ધર્મ કહેવાય. જેનો જેમાં (પુષ્ટિ કે મર્યાદા) અધિકાર હોય તેના માટે તે તે ધર્મ છે. અર્જુનનો મર્યાદાપુષ્ટિમાં અંગીકાર હોવાથી તેને ગુરુજનોને મારવાથી પણ દોષ ન લાગ્યો. જયારે ગોપીજનો તો પુષ્ટિ પુષ્ટિ (શુદ્ધપુષ્ટિ)માં અંગીકૃત છે તેથી ભાર્યાદિક ધર્મ આમને માટે પરધર્મ છે તેથી વિવાહિત પતિભજનને શુકદેવજીએ વ્યભિચારમાં ગણ્યું.

૬૧ : રાસોત્સવ વખતે આ વ્રજાંગનાના ગળે ભગવાને પોતાનો હાથ ભેરવ્યો તેવો કૃપાપ્રસાદ તો લક્ષ્મીજી કે દેવાંગનાને પણ પ્રાપ્ત નથી થયો.

વિશેષ : ભગવાને આવું દાન ગોપીજનોને એટલા માટે કર્યું કે તેમણે ભગવાનની ઈચ્છાને અનુકૂળ ભજન કર્યું. આથી ભગવાને એવી કૃપા કરી કે જે સૃષ્ટિ પેદા થયા પછી કરી નથી. તેથી ગોપીજનોની વડાઈ ગવાઈ છે. ભગવાન જયારે ઉપેન્દ્ર થયા ત્યારે ઈન્દ્રરૂપે દેવાંગનાનો ભોગ કરે છે પણ આ પ્રકારે નહિ. અહીં તો ભગવાન અનેક રસમાં અભિનિવેશ કરીને રમ્યા.

૬૨ ઉદ્ધવજી : મારા માટે તો શ્રેષ્ઠ વાત એ છે કે હું વૃંદાવનમાં કોઈ ગુલ્મ (ઝાડી) લતા કે ઔષધી થાઉં કે જેથી મને વ્રજાંગનાઓની ચરણધૂલીનો લાભ મળે, સ્વજન-સંબંધિ તથા લોકવેદની મર્યાદા છોડવી અત્યંત કઠીન છે તે તેમણે છોડી અને ભગવન્મય થઈને ભગવાનનો પ્રેમ પામ્યા કે જેને શ્રુતિઓ ભગવાનની વાણી ભગવાનના પ્રેમમય સ્વરૂપને શોધતી રહી છે પણ પ્રાપ્ત કરી શકી નથી.

વિશેષ : ઉદ્ધવજી પોતાને ગોપીજનોના દાસાનુદાસ થવાનો અધિકારી પણ નથી સમજતા તેથી તો ગુલ્મ-લતા વ. થવા ચાહે છે કે જેથી ગોપીજનોની ચરણરજ પામે. ગોપીજનોની સમાનતા વિચારમાં પણ દોષ થાય અને મોટા વૃક્ષ થાય તો લાંબા આયુષ્યને કારણે પછી પ્રભુ પ્રાપ્તિમાં વિલંબ થાય માટે અલ્પાયુષી લતા થવા ચાહે છે.

ગોપીજનો મહાન છે કેમ કે તેમણે આર્યધર્મ છોડયો તેથી અપકીર્તિ અને સ્વર્ગથી વંચિત રહેવું પડે, તેનો પણ ભય ન રાખ્યો. તેમણે તે મોક્ષદાતાનો માર્ગ પકડયો (મોક્ષનો નહિ) આ ગોપીજનો મોક્ષ આપનારા છે માટે ઉદ્ધવજી તેમની ચરણ રજને ઝંખે છે. વેદ સ્પષ્ટ પણે ભગવદ્‌માર્ગ ચિંધી નથી શકતો, ગોપીજનોને ભગવાને દષ્ટાંતરૂપ કર્યા છે.

૬૩ : જે ભગવદ્ ચરણારવિંદને લક્ષ્મીજી બ્રહ્માજી અને સનકાદિક પૂજીને હૃદયમાં જોઈ શકે છે. તે જ ચરણારવિંદ ગોપીજનોના તાપ દૂર કરવાનું સાધન (ફળ) બની રહે છે તેથી તેમની સ્તુતિ કરી છે.

વિશેષ : સર્વમાટે જે ફ્લરૂપ લક્ષ્મીજી છે તે પણ ભગવાનનું ચરણપૂજન કરવા છતાં સર્વોચ્ચ પામી નથી શકતાં. જેને સર્વ પુરુષાર્થ સિદ્ધ છે તેવા બ્રહ્મા પણ ભગવાનનાં ચરણ સેવે છે. તે હૃદયમાં જ ધ્યાન કરે છે, બહારથી તો તેમને પ્રાપ્ય નથી, તેવા ચરણોને રાસમાં થાકી ગયેલાં ગોપીજનો હૃદય પર ભગવાન ધારણ કરીને શ્રમ દૂર કરે છે. આમ પ્રમાણ અને પ્રમેય બન્ને રીતે ગોપીજનો શ્રેષ્ઠ છે.

૬૪ : તેથી તો ઉદ્ધવજી ગોપીજનોની સાક્ષાત્ ચરણરજના અધિકારી પણ પોતાને ગણતા નથી તેથી કહે છે કે આવા ગોપીજનોની એક ચરણરજને હું વારંવાર પ્રણામ કરું છું. ગોપીજનોએ ગાયેલ પ્રભુગુણગાન ત્રણે લોકને કૃતાર્થ કરનાર છે.

૬૫ : ત્યાર પછી ઉદ્ધવજી નંદયશોદા સહિત સર્વની આજ્ઞ લઈને મથુરા જવા વિદાય થવા સવાર થયા ત્યારે તે સૌ દ્રવીત હૃદયે ભગવાન માટે ભેટ-સામગ્રી લઈને આવ્યા અને કહ્યું કે ‘‘અમે મનસા-વાચા-કર્મણા કૃષ્ણમય બની રહીયે, અમે મોક્ષ નથી ઈચ્છતા પણ જે તે યોનીમાં જે તે ઉત્તમ કર્મોના ફળરૂપે અમને કૃષ્ણમાં પ્રીતિ વધતી રહે’’ ઉદ્ધવજીએ પછી મથુરા આવીને શ્રી કૃષ્ણને વ્રજભક્તોનો અતીશય પ્રેમયુક્ત વ્યવહાર-ભાવ કહી સંભળાવ્યો અને ભેટ સમર્પી.





## અધ્યાયાર્થ ૪૩ સુબોધિની

કા. ૧૬૭ થી ૧૭૧ : અજ્ઞાન હોય ત્યારે સાંત્વન કરવાનું કહેલ છે તે અહીં બે અધ્યાયથી કહ્યું છે.

શંકા - વ્રજભક્તો કૃષ્ણમાં આસક્તિવાળા થતા ત્યારે ભગવાન નક્કી પ્રકટ થતા. પણ આ વ્રજભક્તો તો પૂર્ણ આસક્તિવાળા હતા તો તેમને સાંત્વન કરવાનું શું પ્રયોજન ?

સમાધાન - ભગવાન સર્વત્ર છે તે વિષયનું અજ્ઞાન હોય ત્યારે સાંત્વન કરવું જરૂરી છે. તેમનું અંતઃકરણ ભગવાનથી બર્હિમુખ થાય ત્યારે ભગવાનનાં દર્શન ન થાય ત્યારે દુઃખી થતા તેથી વ્રજભક્તોને જ્ઞાન આપવું જોઈએ. ભગવાને બહારથી પ્રકટ થવાની જરૂર નથી. પ્રપંચમાં હોય ત્યારે ભગવાનમાં આસક્તિ ન રહેતી તેથી તો તેમના પ્રપંચનો નાશ કરવા ભગવાન ચોરી વ. કરતા તેવી જ રીતે અત્યારે તેમનું ચિત્ત પ્રપંચને લીધે બર્હિમુખ થાય ત્યારે ભગવાન તેમને દુઃખ આપીને ચિત્તને બર્હિમુખ થતું અટકાવતા.

૧૭૨ થી ૧૭૮ : ગોકુળની જેમ મથુરાવાસીઓનો પ્રપંચ દૂર કરવા, ભગવાનમાં આસક્તિ કરાવવા ભગવાને તેમના પુત્રપણાનો સ્વીકાર કર્યો. ગોકુળ વાસીઓના દોષ નિવૃત્તિ માટે પ્રપંચ વિસ્મૃતિ કરાવવા અને જ્ઞાન કરાવવા ભગવાને ઉદ્ધવને મોકલ્યા. પ્રશ્ન એ થાય કે આ કાર્ય માટે ભગવાન સ્વયં કેમ ન પધાર્યા ? તો કહે છે : ભગવાન તો ગોકુળમાં સદા રહેલા જ છે, પરંતુ ઉદ્ધવને મોકલીને દોષ દૂર કરાવવા છે. ગોપીઓના ૪ પ્રકારના દોષ હતા. ૧. માન ૨. ભગવાન પોતાને ભૂલી ગયા છે તેવું દોષારોપણ ૩. ભગવાન સાથે સમાધાન કરવાની ના કહેવી ૪. ભગવાને પોતાને ઠગ્યા છે તેમ કહેવું. ઉદ્ધવે આપેલ જ્ઞાનથી તેમના આ દોષ દૂર થયા છે.

## અધ્યાયાર્થ - ૪૫ / ૪૬ સુબોધિની

૧૭૯ થી ૧૮૬ : કુબ્જા અને અક્રૂર બન્ને રાજસ હતા. તે બન્નેને મોડલ તરીકે લઈને તેમનું સાંત્વન કર્યું છે. સાત્વિક પાંડવો અને કુંતિને ધૃતરાષ્ટ્રે દુઃખ દીધું તેથી તેમને સાંત્વન જરૂરી છે, તે માટે જ્ઞાન આપવું જરૂરી છે. તેથી ધૃતરાષ્ટ્રને જ્ઞાન આપ્યું અને પાંડવોને સાંત્વન કર્યું. ધૃતરાષ્ટ્ર ઉત્તમ સાત્વિક હતો તેમ તેના પ્રત્યુત્તરથી જણાય છે પણ પુત્ર ઉપરના સ્નેહને લીધે તેણે પાંડવોને દુઃખ આપ્યું, તેથી તેને જ્ઞાન આપવું યોગ્ય હતું પહેલા સ્કંધમાં તેને મુક્તિ મળ્યાનું પણ કહ્યું છે.

## અધ્યાય-૪૮ / સુબોધિની અ. ૪૫

# ભગવાને કુબ્જા અને અક્રૂરને માન આપ્યું

<u>વિશેષ</u> : ગોપીજનોનું સાંત્વન ગયા અધ્યાયથી કર્યું હવે બીજાનું સાંત્વન બે અધ્યાયથી કહેવાશે જેમાં સાત્વિક પાંડવો અને રાજસ મથુરાવાસીઓનું સાંત્વન કહેશે. મથુરાવાસી કુબ્જા અને અક્રૂર રાજસ પ્રકૃતિના હોવાથી તેમની કામના શાંત કરી કે જે કામના મનમાં રહેલી છે. દાસભાવે ઉદ્ધવ મુખ્ય છે અને શાસ્ત્રીય રીતે અક્રૂર મુખ્ય છે તેથી પછી તેમને હસ્તિનાપુર મોકલશે. કુબ્જાનું સાંત્વન પ્રદ્યુમ્ન વ્યૂહરૂપે કર્યું અને અક્રૂરનું વાણી વડે કર્યું.

<u>૧ થી ૧૦</u> : પછી ભગવાન આતુર તેવી કુબ્જાને ઘરે પધાર્યા તેનું ઘર ઉદ્દીપક સાધનોથી સજજ હતું. ભગવાનને પધારેલા જોઈ કુબ્જાએ ઊઠીને સ્વાગત કર્યું. સાથે આવેલા ઉદ્ધવજીનું પણ સ્વાગત કરી આસન આપ્યું પણ દાસભાવે કરી તે નીચે બેસી ગયા. ભગવાન કુબ્જાની સેજ પર બિરાજ્યા. ભગવાને કુબ્જા સાથે ક્રીડા કરી તેથી કુબ્જાના કરોડો જન્મના ત્રિવિધ તાપ શાંત થયા. કુબ્જાએ પ્રભુને માત્ર અંગરાગ જ સમર્પ્યો હતો તેના બદલામાં તેને મોક્ષથી પણ અધિક સુખ પ્રાપ્ત થયું. પછી ભગવાન ઉદ્ધવજી સાથે પોતાના મહેલમાં પધાર્યા.

<u>૧૧</u> : બ્રહ્મા વ. સર્વના નિયામક તેવા ભગવાનને પ્રસન્ન કરવા દુર્લભ છે અને તેમને પ્રસન્ન કર્યા પછી ક્ષુલ્લક સુખ માગવું તે મૂર્ખતા છે. માગવા લાયક તો ગોપીજનો જેવો દઢભાવ કે કૈવલ્યમોક્ષ છે. તેથી જ શુકદેવજીએ કુબ્જાને દુર્ભગ કહી.

ભગવાન બદલેવજી અને ઉદ્ધવજીને લઈને અક્રૂરને ત્યા પધાર્યા કેમ કે તેમની અભિલાષા પૂરી કરવી છે અને અક્રૂરને હસ્તિનાપુર પણ મોકલવાનું કાર્ય સોંપવું છે. અક્રૂરે નર નરવર અને તેમનાથી ય શ્રેષ્ઠને પોતાને ઘરે આવતા નિહારી સ્વાગત કર્યું પૂજન કર્યું અને પ્રભુના પગને ગોદમાં લઈને દબાવ્યા તથા ભગવાનની દુષ્ટદૈત્યહનન લીલાની પ્રસંશા કરી તથા ભગવાનની સર્વના ઈશ્વર તથા પરમતત્વ તરીકેની સ્તુતિ શ્લોક ૧૮ થી ૨૭ સુધી, કરી જેમાં આપ પરમતત્વ તથા આપ અજન્મા છો તેમ કહ્યું ભૂતલ પર પધારવાનું પ્રયોજન કહ્યું પરમપવિત્ર, શરણાગત વત્સલ તથા સ્વરૂપદાન કરનાર કહી, ભગવાન પોતાના ઘરે પધાર્યા તેને પોતાનું સૌભાગ્ય માનવા લાગ્યા તથા પોતાને માયાના દઢ બંધનમાંથી મુકત કરવાની પ્રાર્થના કરી.

<u>૨૮</u> : પછી ભગવાને તેમને પ્રત્યુત્તર આપ્યો અને અક્રૂરજીની પ્રસંશા કરી કે તમે તો અમારા વડીલ, સાધુપુરુષ છો. પછી એમને હસ્તિનાપુર દુઃખી પાંડવોને સાન્ત્વનુ આપવા માટે જવાની વિનમ્રતાથી આજ્ઞા કરી. તથા ત્યાંના ગુપ્ત અહેવાલ લાવવા કહ્યું.



## અધ્યાય-૪૯ / સુબોધિની અ. ૪૬

# અક્રૂરજીને હસ્તિનાપુર મોકલી ભગવાને પાંડવોનું સાંત્વન કર્યું

<u>વિશેષ</u> : આ અધ્યાયમાં સાત્વિક પાંડવોનું સાંત્વન ભગવાન અક્રૂરજી દ્વારા કરાવીને તેમનો નિરોધ કરે છે. અક્રૂરજીએ પાંડવોની વિષમસ્થિતિ જાણી અને કહેવા લાયક ધૃતરાષ્ટ્રને કહ્યું હવે ભગવાન પોતાની રીતે નિરોધ કરશે.

<u>૧ થી ૧૦</u> : અક્રૂરજી હસ્તિનાપુર જઈને સર્વ મહાનુભાવોને મળ્યા અને પરસ્પર ખબર અંતર પૂછયા તથા ત્યાં કેટલાક માસ રહીને પાંડવો સાથેનો ધૃતરાષ્ટ વ. નો વ્યવહાર જાણ્યો. પ્રજા પાંડવોને ચાહે છે પણ દુર્યોધનાદિ પાંડવોનો ઉત્કર્ષ સહી સકતા નથી. કુંતીજી પોતાના ભાઈને મળી તથા પોતાની પરિસ્થિતિ કહી તથા પુછયું કે શું ભગવાન આવીને અમને આ વિપદામાં સાંત્વન આપશે ?

<u>૧૧ થી ૧૩</u> : કુંતીજી ભગવાન સામે હોય તેમ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા તથા શરણે ગયા.

<u>૧૪ થી ૩૧</u> : અક્રૂર અને વિદુર બન્ને સમદષ્ટિ હતા છતાં વિદુર ધર્મના પક્ષપાતી હોવાથી વિશેષ યશસ્વી છે. તેઓએ રડતાં કુન્તિને સાંત્વન આપ્યું. તે પછી અક્રૂરે હસ્તિનાપુરની સભામાં ભગવાન કૃષ્ણે આપેલો સંદેશો કહી સંભળાવ્યા. તેમાં તેમને સર્વ પ્રત્યે સમદષ્ટિ રાખી સંદેશમાં સદાચરણ કરવાની સલાહ હતી. તથા જીવનની ક્ષણભંગુરતા કહી. તેથી ધર્મપૂર્વક જીવવામાં જ કલ્યાણ છે, પાપનો ભાગીદાર કોઈ થતો નથી. ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું : આપની વાણી મને સાંભળવી તો બહુ ગમે છે પણ પુત્રો પ્રતિની મમતાના કારણે મને સાચી સલાહ ટકતી નથી. ભગવાન પૃથ્વીનો ભાર ઉતારવા પ્રકટયા છે તેમની ઈચ્છા વિરુધ્ધ કંઈજ થઈ શકવાનું નથી. સચ્ચિદાનંદ પરબ્રહ્મ જગતકર્તા જગન્મેય ભગવાનને મારા નમસ્કાર.

અક્રૂરજીએ પછી મથુરા આવીને હસ્તિનાપુરના બધાં અહેવાલથી પ્રભુને અવગત કર્યા. અહીં પૂર્વાધ પૂરો થયો. જેમાં ભગવાને ભકતોની ઈચ્છા મુજબની લીલા કરી હવે ભગવાન પોતાની મરજી અનુસાર લીલા કરશે.

# દશમસ્કંધ ઉત્તરાર્ધ

## રાજસ પ્રકરણ અંતર્ગત સાધન પ્રકરણ

વિશેષ : રાજસભકતોને ભગવાનમાં વ્યસન સિદ્ધ થાય માટે અહીં સાત અધ્યાય વડે રાજસના સાધનનો વિચાર કર્યો છે. લોકો આફતમાં ઘેરાયેલા હોય અને જો તેમને ઉગારી લેવામાં આવે તો શ્રીકૃષ્ણમાં વ્યસન થાય.

જરાસંધ સત્તરવાર આવ્યો તેને ભગવાને પોતાના પૌરુષથી પાછો કાઢ યો. જરાસંધ ત્રણરૂપે આવ્યો શિવપ્રસાદયુકત વિપ્રપ્રસાદ યુકત અને કાલયવનરૂપે જ્યારે છેલ્લે તે બ્રાહ્મણોના આશિર્વાદ લઈને આવ્યો ત્યારે ભગવાને ઐશ્વર્યબળ થી દ્વારકાનગરી તૈયાર કરાવીને યોગબળથી યાદવોને દ્વારકા પહોંચાડયા. આમ આફતમુકત યાદવો ભગવાનમાં વ્યસનવાળા થયા. એક અધ્યાયમાં લોક આફત (લૌકિકબળ) ને પોતાના ઐશ્વર્યથી દૂર કર્યું. બીજા અધ્યાયમાં કાલયવનનો દાહ કરાવીને આધ્યાત્મિક આધિદૈવિક દુઃખ દૂર કરાવ્યા. મથુરામાં આ દોષ છે તેથી આ ચરિત્ર કર્યું. રૂકમિણિજીનો પ્રસંગ આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખનો પ્રકાર છે. સર્વરાજાનો વિરોધ હોવાથી કૃષ્ણ-રામના વિવાહ કઈ રીતે થઈ શકે ? તે આધ્યાત્મિક દુઃખ છે. અને તે ચિંતાના મૂળરૂપ દૈવઈચ્છાના ચિંતનને આધિદૈવિક દુઃખનો પ્રકાર જાણવો. ત્રણ અધ્યાયથી તે દુઃખની નિવૃત્તિ કરી છે. કેમ કે ચિન્તા કાયિક વાચિક અને માનસિક તેમ ત્રણ પ્રકારની છે. આ વીર્ય અધ્યાય છે.

શંકા - મુચકુન્દનો મોક્ષ ન કર્યો તો વીર્યનો અધ્યાય કઈ રીતે ગણાય ?

સમાધાન - મુચકુન્દના હિત માટે જ તેને સાધન કરાવીને પછી મુકત કર્યો, આમ કરીને ભગવાને લીલા સિદ્ધ કરવી છે. યવનને મુકિત થઈ છે પણ તેનું દુષિતધન જરાસંધની સેના લઈ ગઈ. તેથી જરાસંધ વ. ની બુદ્ધિનો નાશ થયો. તદુપરાંત આ પર્વત ઘણો ઊંચો હોવાથી ઠંડો રહેતો હતો તેથી તેની ઠંડી ખાળ વા જરાસંધને ભ્રમ કરાવ્યો કે રામ-શ્યામ આ પર્વત પર છે અને તેથી તેણે પર્વતને ચારે બાજુથી આગ લગાવી, આમ પર્વતની ઠંડી ગઈ. ભગવાન પર્વત પર હતા ત્યાં સુધી આગ ન લાગી બળદેવજીની સ્ત્રી રેવતી નિરોધની અધિકારીણી ન્હોતી તેથી તેની કથા નવમાં સ્કંધમાં છે.

રૂકિમણીમાં ગાન્ધર્વ, રાક્ષસ અને ધર્મ્ય તેમ ત્રણે વિવાહ સિદ્ધ થયા. બ્રાહ્મણને મોકલ્યો તેથી ગાંધર્વ, યુદ્ધમાં હરણ કર્યું તેથી રાક્ષસ અને ભાવ પ્રદર્શિત કરીને વર્યા તે ધર્મરૂપ વિવાહ. રૂકિમણી લક્ષ્મીરૂપા છે, તેના પિતા



ભિષ્મક સમુદ્રરૂપ છે. ભાઈ રૂકિમ કાલકૂટ વિષરૂપ છે. રૂકિમ દૈત્યનું હિત કરનાર હોવાથી તેણે કૃષ્ણ સાથે યુદ્ધ કર્યું, પછી બળદેવજી તેને મારશે. ભગવાને તેનું મુંડન કરી અધવચ્ચે છોડી દીધો. મુંડન પણ વધ સમાન જ છે. જો કે મારવા આવે તેને મારવામાં દોષ ન્હોતો. બળદેવજીએ ભગવાનને ઠપકો આપ્યો કેમકે તેમનામાં અન્યધર્મનો પ્રવેશ થતાં લૌકિકભાવ જાગ્યો હતો. ભગવાન જો રૂકિમને દ્વારકા લઈ જાત તો બીજા દૈત્ય રાજાઓથી તેને જીવનભર વૈમનસ્ય રહેત. જ્ઞાનાધ્યાયમાં જ રૂકિમનું મુંડન કહ્યું છે.

કામ વડે લોકમાં વ્યસન થાય છે. શંબર માયાનો જાણકાર તથા શિવનો કૃપાપાત્ર છે. તે સુતિકાગૃહમાંથી પદ્યુમ્નને ઉપાડી ગયો કે જે બાળક દશ દિવસનો પણ નથી થયો. માયા અને કામ લોકમાં બંધન કરાવનાર છે પણ જે કામની ઉત્પત્તિ કૃષ્ણથી થાય તો જીવનું દુઃખ દૂર થાય. કામરૂપ પ્રદ્યુમ્ન શ્રીકૃષ્ણથી પ્રકટયો છે તેથી તે લોકોને બાધક ન થયો તે માટે આ અધ્યાય ભગવાનનો વૈરાગ્યધર્મ બતાવે છે. ધર્મની કથા કહેવા માટે મણિની કથા કહે છે. લોકમાં મણિજ (વ્યસન) દુઃખ દૂર કરે તો ભગવાનને પધારવાની જરૂર ન રહે. તેમ ન બને માટે ભગવાને મણિથી દુઃખ થયાનું કર્યું છે. સત્રાજીતને સમજાવવા છતાં તેણે મણિ રાજાને ન આપ્યો તેથી દુઃખ થયું. મણિ લક્ષ્મીનું સ્વરૂપ છે અને સત્યભામા સરસ્વતિનું સ્વરૂપ છે. લક્ષ્મી-સરસ્વતિના ભોકતા ભગવાન છે. સત્રાજીત તે બન્નેનો અન્ય વિનિયોગ કરવા માગતો હતો તેથી ભગવાને તેમ ન થવા દીધું. ભગવાન અકિલષ્ટકર્મા હોવાથી તેની પાસેથી મણિ લેતા નથી. આ મણિ સત્રાજીતનો ભાઈ ગળામાં પહેરીને ગયો હતો તેને સિંહે માર્યો. સિંહ પાસેથી તે મણિ બળવાન જાંબુવાન રિંછ લઈ ગયો. તેની સાથે યુધ્ધ કરી તે મણિ ભગવાન પાછો લાવ્યા તથા જાંબુવતી સાથે પરણ્યા પણ તે મણિ ઉચ્છિષ્ટ હોવાથી ભગવાને ન રાખ્યો. સત્રાજીતે ખોટો આરોપ ભગવાન પર મૂકયો હતો તેથી પોતે અપરાધી ન ગણાય માટે પોતાની કન્યા ભગવાનને પરણાવી પણ ભગવાને ઉચ્છિષ્ટ મણિ ન સ્વીકાર્યો. આ પ્રકારે સાત અધ્યાયથી બતાવ્યું કે જેમ ભગવાનને શરણાગત નથી તેને કલિકાળ પોતાનો કોળીયો બનાવે છે, તેમ ભગવાન અન્ય હૃદયને ગ્રહણ કરતા નથી.

હવે ૭ અધ્યાયથી રાજસભકતોના ફલનો વિચાર કરે છે યાદવોમાં અક્રૂરજી મુખ્ય છે. પછી વિદ્યાના પાંચ પર્વ રૂપ કન્યાઓ સાથે ભગવાનનો વિવાહ થાય છે. કૃષ્ણ સંબંધથી આ નાયિકાઓ ફળરૂપ થઈ. તેથી એ દુઃખથી મુકત થયાં. પછી ૧૬ કલારૂપ તથા તેની હજાર હજાર વૃત્તિરૂપ સોળ હજાર

નાયિકાઓ કૃષ્ણને પ્રાપ્ત થઈ. અહીં ફળ ૪ પ્રકારનું છે. (૧) કૃષ્ણ પ્રાપ્તિ રૂપ ફળ (૨) શ્રી કૃષ્ણને સ્ત્રી પ્રાપ્તિ થઈ તે ફળ (૩) ભગવાનના અંશથી પુત્રાદિ થયા (૪) નાયિકાઓને સર્વભાવથી ફળ સિદ્ધ કરવું.

અક્રૂરજીને અર્થયુકત ધર્મ પુરુષાર્થ સિદ્ધ થયો. સત્રાજીતને મારનાર સતધન્વા વ. ભગવાનને પ્રિય છે. સત્રાજીતને યુદ્ધમાં મારવાને બદલે સ્ત્રીઓની સમક્ષ ઊંઘતાને માર્યો. ભગવાને સત્રાજીત મર્યાનું અજ્ઞાન બતાવ્યું. સતધન્વા ભાગવાને બદલે ભગવાનને શરણે ગયો હોત તો અક્રૂરની જેમ મારત નહિ. આ મર્યાદા પ્રમાણે ઉત્તમ ન હોવાથી બળદેવજી સહમત ન થયા. બળદેવજીમાં ભગવદાવેશ ઓછો હોવાથી તે મિથિલા ગયા. હવે પછી તેમનો મત ભગવાનથી જુદો પડશે. શતધન્વાને માર્યા પછી 'વૃથા માર્યો' તેમ ભગવાને કહ્યું છે. અક્રૂરજી કાશી તરફ ગયા ત્યાં તેમને અર્થ સાથે ધર્મ સિધ્ધિ રૂપ ફળ થયું. મણિ યાદવોએ જોયો તે તેમને ફળ થયું.

પાંડવોને સાંત્વન કરવા ભગવાન ગયા અને તેમને ગર્વ કરનારી ત્રણ વસ્તુ મળી. વિશ્વકર્માથી નગરનિર્માણ, અગ્નિથી ગાંડીવ અને મયદાનવથી સુધર્મા સભા.

કાલિન્દીજી આત્મજ્ઞાનરૂપા છે. મિત્રવિન્દા તપોરૂપ છે, તેમના બે ભાઈ અંતઃતાપ અને બહિઃતાપ છે, તેમને હરાવી ભગવાન મિત્ર વિન્દાને લાવ્યા. નાગ્નજિતી યોગરૂપા છે, તે સિદ્ધિરૂપા હોવાથી ઘણા સત્કાર સાથે લાવ્યા. ભદ્રાજી નિત્ય-અનિત્યના વિવેકરૂપ છે, એ સ્વયં પ્રાપ્ત થયા. લક્ષ્મણાજી ભકિતકરૂપા છે તેથી એમની કથા વિસ્તારથી કહી છે, એ સાત્વિકોના ફળને માટે છે. ઈન્દ્રિયો અને વિષયોની વૃત્તિ ઘણી વધે ત્યારે કર્મથી મળતું ફળ અટકે છે, તે બતાવવા સોળ હજાર સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા, નરકને મારીને (નરનું સુખ = નરક) આ કન્યાઓ લાવ્યા તે ચિત્તની વૃત્તિરૂપ છે, અવિદ્યાના કાર્યરૂપ મુર દૈત્ય નરકનો રક્ષક છે, તેના પુત્રો પ્રાકૃત ઈન્દ્રિયો જાણવી.

નરકાસુર ભૂમિથી ઉત્પન્ન થયો છે તેથી તેને ભગવાન સિવાય કોઈ ન મારી શકે. બધાં યાદવોને દૈવાધીન ઐહિક સુખ છોડાવીને ભગવાન સ્વયં તેમને આલોક પરલોકનું સુખ આપે છે. અ. ૬૦માં ભગવાને રૂકિમણી સાથે પરિહાસ-વિલાસ કર્યો તેમાં ભગવાનનું વાચિક તિરોધાન છે. તામસ પ્રકરણની ગોપીઓમાં ભગવાને કાયિક તિરોધાન કર્યું. તેમ રાજસમાં વાચિક તિરોધાન છે. આ ભકિતને દઢ કરવા માટે છે. તેમ કરી ફલભોગ કરાવે છે.





દૈત્ય સંબંધ દૂર કરવા બળદેવજીએ મંગળ પ્રસંગમાં રૂકિમને માર્યો કેમકે અધર્મરૂપ વિવાહનું પાપ રૂકિમમાં હતું, તેના મરણથી તે ગયું. ઘરે આવેલા કૃષ્ણ સર્વભાવ વડે ભકતના અર્થને સિદ્ધ કરે છે તે બતાવવા ઉષાનું આખ્યાન કહ્યું, તે વૈરાગ્ય અને ધર્મી અધ્યાયથી કહ્યું. ભગવાન બધું જાણવા છતાં પોતાના ધર્મ છૂપાવીને રહે છે, ભકતોના કાર્યાર્થે જ તેને વાપરે છે. બાણે ઉષાનો પુરુષસંગ જાણ્યો તેથી મારવા દોડયો પણ નારદજીએ રોકયો કેમ કે મહાદેવજી તેમ ઈચ્છતા હતા. ભગવાન અને મહાદેવજીનું યુદ્ધ તો નાટય માત્ર હતું. દરેક દેવને પોત-પોતાના ભકતોમાં પક્ષપાત હોય છે તે બતાવવા માટે યુદ્ધ હતું. ભગવાન જ બાણાસુરના હાથ કાપી શકે તેમ હોવાથી ભગવાને તેના ૯૯૬ આસુરી દૈત્ય બુધ્ધિ યુકત હાથ કાપ્યા.

<u>વિશેષ</u> : પૂર્વાર્ધમાં ભગવાને જે લીલા કરી તે ભકતની ઈચ્છા પ્રમાણે હતી. જયારે અહીં લૌકિકરાજાની જેમ સ્વતઃ લીલા કરે છે. જે ભગવાન પ્રકટ થયા છે તેમને સર્વોધ્ધાર માટે ભકિતની અપેક્ષા નથી. નિરોધલીલામાં ભગવાનની સંસારની પરંપરા કહી છે. આ લીલામાં ભગવાન, ભગવદીય અને ભગવત શાસ્ત્ર ત્રણે એકરૂપ છે તેથી તો વિવાહાદિ લીલા પણ નિરોધરૂપ ગણાય છે. કાલ એકવીસ પ્રકારનો હોવાથી ભગવાનના ધર્મો વ. પણ ૨૧ અધ્યાયથી કહેવાય છે. ભગવાનની કૃતિ અહીં પ્રમાણ છે. તેથી સાત સાત અધ્યાય ધર્મ-ધર્મી ભેદથી કહ્યા છે, તેમાં સર્વનો સમાવેશ થઈ જાય છે. રાજસ ભકતોના સાધનમાં ભગવાનની કૃતિ જ સમજવાની જેમાં વિવાહ અને પુત્ર પ્રાપ્તિ લગી બધું આવી ગયું. તેમાં સ્થાન અલૌકિક જોઈએ તેથી દ્વારકનગરીનું નિર્માણ કર્યું તેમાં ઉપદ્રવ ન થાય માટે જરાસંધને પ્રવર્ષણ પર્વત સુધી ખેંચી લાવીને ''ભગવાન બળી ગયા'' તેવો ભ્રમ ઉત્પન્ન કર્યો, જેથી તે દ્વારકા સુધી ન આવે. મુચકુંદ પર અનુગ્રહ ન કરે તો ભગવાનની લીલા લૌકિકી લાગે.

ભગવાન પ્રાકટયમાં ભકતોના વિવિધ દુઃખ કારણરૂપ છે. તેમાંથી પૃથ્વી અને વૈષ્ણવ એ બન્નેના દુઃખને કારણે તો મથુરા છોડયું. જરાસંધ પ્રજાપતિએ આપેલ છે. પ્રજાપતિ ૧૭ પ્રકારના છે તેથી ભગવાને ૧૭ વાર તેને હરાવીને મથુરાથી દૂર ફગાવ્યો હવે ૧૮મી વખત આવે તો પ્રમાણની રક્ષા કરવા માટે ભગવાન તેને દૂર ન કરે. શિવજી વેદરૂપ છે, તેનું જરાસંધે આરાધન કર્યું છે. શિવજીએ પ્રસન્ન થઈને તેને બ્રાહ્મણોના આશિર્વાદ લેવા કહ્યું. પ્રમાણરૂપ બ્રાહ્મણો હોવાથી અઢારમાં સંગ્રામમાં ભગવાન તેને જીતાડશે એટલે ભગવાનનો જ સર્વથા જય છે.

## અધ્યાય-૫૦ / સુબોધિની અ. ૪૭
## ભગવાને જરાસંધને સતરવાર હરાવ્યો

૧ થી ૧૯ : શુકદેવજી - કંસને બે રાણી હતી તે કંસના મર્યા પછી પિતા જરાસંધ પાસે ચાલી ગઈ. તેમણે પોતાની વિતક કથા કહી તે સાંભળીને દુઃખીત જરાસંધ ઘણો ક્રોધીત થયો. તેણે ૨૩ અક્ષૌહિણી સેનાથી મથુરાને ઘેરી લીધી તેથી યાદવો બહુ ગભરાયા પણ ભગવાને વિચાર્યું કે આ ભૂમિનો ભાર સામે ચડીને મારી પાસે આવ્યો તે સારું થયું. ત્યાં જ ભગવાન માટે આકાશમાંથી બે રથ તથા આયૂધો વ. ઉતરી આવ્યા. ત્યારે ભગવાને બળદેવજીને કહ્યું આપના પ્રિય આયુધો હળ-મુશળ ધારણ કરીને યાદવોનો દુઃખમાંથી ઉદ્ધાર કરો અને આ દુષ્ટોના ભારને ઓછો કરો. તેમ કહી તેમણે શંખધ્વનિ કર્યો. ત્યારે જરાસંધે કહ્યું હે કૃષ્ણ, પુરુષાધમ, હું તારી સાથે યુદ્ધ નહિ કરું. તું બાળક છે તેથી મને તારી સાથે લડવામાં લજ્જા આવે છે. વળી તું તો મામાને મારનારો છે.

વિશેષ : શ્રી આચાર્યજી માને છે કે સરસ્વતી ભગવાનની વાણી હોવાથી આવાં વચનો પ્રકટે જ નહિ તેથી તેનો ભગવદ્ વિષયક અર્થ કરે છે.

કૃષ્ણ એટલે આનંદ સ્વરૂપ, પુરુષ એટલે જ્ઞાન સ્વરૂપ અને અધમ એટલે જે નીચે વ્યાપીને રહે છે તે જગત. બાલક - એટલે જેના એક વાળ માં બ્રહ્મા રહે છે. અથવા બાળકોને જેનાથી સુખ થાય છે તે.

વિલજજ્યા એટલે લોકો એમ કહેશે કે આ જરાસંધે સ્વામી સામે યુદ્ધે ચડયો ? તે ઉચિત નથી.

ગુપ્તેન - આપે જેનું રક્ષણ કર્યું હોય તેને કોણ મારી શકે ? તેથી બીજા કરતાં આપના હાથે મરવું સારું છે.

અમંદઃ - જ્યાં માયા નથી તે મોક્ષ. મોક્ષનું દાન કરે તે અમંદ.

૨૦ થી ૪૩ : મગધની સેનાથી ભગવાનના રથ ઘેરાઈ ગયા હતા તેથી મથુરાની સ્ત્રીઓ બહુ જ ભયભિત થઈ ગઈ. પરંતુ ભગવાને એટલું તુમુલ યુદ્ધ કર્યું કે સેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો. ભગવાન માટે આ અશકય નથી, તે તો માત્ર નાટય બતાવે છે. બલભદ્ર જરાસંધને પકડી લાવ્યા. ભગવાને તેને બાંધતા અટકાવ્યા અને છોડી મૂકયો ત્યારે તે લાજનો માર્યો જંગલમાં જવા નીકળ્યો તો બીજા રાજાઓએ તેને તપ કરવા જતાં રોકયો, તે માટે ઘણાં વચનો કહ્યાં જેવાં કે - કૃષ્ણ તો ભગવાન છે તેનાથી હારવું પણ સૌભાગ્ય છે, આ હારને કર્મબંધન સમજો, વ. હારેલો જરાસંધ મગધમાં આવ્યો. મથુરાનગરીમાં ભગવાનનું સ્વાગત થયું. યુદ્ધભૂમિમાંથી પ્રાપ્ત ધન રાજભંડારમાં મોકલ્યું.

વિશેષ : આ જ પ્રકારે જરાસંધ સત્તર વખત હાર્યો ત્યારે તેણે તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યા. શિવજીએ કહ્યું - કૃષ્ણ બ્રાહ્મણોને બહુમાન આપનાર છે માટે તું બ્રાહ્મણોના આશિર્વાદ લઈને જા. તેથી તેણે બહુ માનપૂર્વક બ્રાહ્મણોને તેડાવ્યા અને સન્માન કરીને બ્રાહ્મણોના 'અજેય રહેશે' તેવા આશીર્વાદ મેળવ્યા. નારદજીએ આ વાત જાણી તેથી તેમણે કાલયવનને મોકલ્યો કે જે કાલયવને પણ યાદવોનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ મથુરામાં કાલયવન અને જરાસંધ એક સાથે ભેગા થઈ જાય તેવો તખ્તો ગોઠવ્યો. આ કાલયવનની યાદવસભામાં યાદવોએ મશ્કરી કરેલી તેથી તેણે યાદવોને મારવા પ્રતિજ્ઞા કરેલી (આ કથા અન્ય પુરાણમાં છે.)

શ્લો. ૪૩ : અઢારમી વખતે જરાસંધ લડાઈ માટે તૈયાર થયો ત્યારે નારદજીએ કાલયવનને પણ મથુરા મોકલ્યો. યવનોએ શહેરને ઘેરી લીધું. ભગવાને વિચાર્યું જો આ સમયે જરાસંધ આવશે તો બંધુઓને કેદ કરશે તેથી ભગવાને જલસપાટીથી અદ્ધર એક કીલ્લો બનાવ્યો તે અદભૂત હતો તેનું વર્ણન શ્લોક ૫૦ થી ૫૭ સુધી છે ભગવાને નગરવાસીઓને પોતાની યોગમાયા શકિતથી આ સુરક્ષિત કિલ્લાવાળા નગરમાં પહોંચાડી દીધા અને બળદેવજીને મથુરાની સુરક્ષા સોંપીને પોતે કોઈ પણ અસ્ત્ર શસ્ત્ર વગર નગરીની બહાર નીકળી ગયા.

## ઉત્તરાર્ધ - સાધન પ્રકરણાર્થ

૧૮૭ થી ૧૮૯ : આ સાધન પ્રકરણમાં રાજસોનું ચિત્ત ભગવાનમાં જ ચોંટલ રહે તેનાં સાધન કહે છે. શ્રી કૃષ્ણ તેમનાં દુઃખ દૂર કરે છે તે સાધનથી તેઓનાં ચિત્ત શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા. જરાસંધ, યવન અને બ્રાહ્મણના આશિર્વાદ સાથે ભળેલી શિવની કૃપાથી બળવાન થયેલો જરાસંધ હવે પહેલાં કરતાં જુદો છે. તે અનુક્રમે રાજસ, તામસ અને સાત્વિક છે. એ દુઃખ દેનાર થયો.

## અધ્યાયાર્થ - ૪૭ સુબોધિની

૧૯૦ થી ૧૯૩ : જરાસંધને જરાએ સાંધેલ, તે પ્રજાપતિની પ્રેરણાથી બનેલ. પ્રજાપતિ બ્રહ્માંડમાં અધ્યક્ષ છે, તે કાલરૂપ અને યજ્ઞરૂપ હોઈ સત્તર પ્રકારના છે. જરાસંધ પોતાના બળથી (શિવ-બ્રાહ્મણની કૃપા વગર) ૧૭ વખત લડવા આવ્યો પણ હાર્યો. અઢારમાં સંગ્રામમાં તે બ્રાહ્મણો અને શંકરનું બળ પ્રાપ્ત કરીને આવ્યો. ભગવાને મનુષ્યદેહ સ્વીકાર્યો હોવાથી બ્રાહ્મણ-શંકરની આમન્યા

રાખવી જોઈએ તેથી તે આ સંગ્રામમાં યાદવ-ભકતોને દુઃખ દેનારો થઈ શકયો. ત્યારે ભગવાને વિશ્વકર્મા દ્વારા યોગના વીર્ય દ્વારા દ્વારકાનગરી રચાવીને મથુરાવાસીઓને ત્યાં પહોંચાડયા. આમ દુઃખ મુકત થવાથી તેઓ કૃષ્ણમાં વ્યસનવાળા થયા.

## અધ્યાયાર્થ - ૪૮ સુબોધિની

૧૯૪ થી ૨૦૧ : મથુરામાં આધ્યાત્મિક દુઃખો દૂર કરવા માટે યવનને હણ્યો. બલભદ્ર વ. મથુરામાં હતા. તેમના મનની ચિંતા (આધ્યાત્મિક) દૂર કરવા ભગવાને યવનને હણ્યો. જરાસંધ પ્રવર્ષણ પર્વતને આગ લગાડી પાછો મગધ ગયો ત્યાં સુધી આ દુઃખ દૂર કરવાની કથા છે. આધિદૈવિક દુઃખોમાંથી મુકત કર્યાનું ત્રણ અધ્યાયથી કહ્યું છે. યાદવોને સર્વ રાજાઓ સાથે વિગ્રહ થવાથી યાદવોના પુત્રોના તથા કૃષ્ણ-બળદેવના વિવાહ કેવી રીતે થશે ? તે ચિંતારૂપ દુઃખ છે, તે દુઃખ દૂર કરવા રૂપે રૂકિમણી વિવાહનું ત્રણ અધ્યાયથી વર્ણન છે. ત્રણ અધ્યાય એટલા માટે કે વાણી, શરીર અને મન દુઃખ દેનારા છે.

રૂકિમણીએ શ્રીકૃષ્ણને બ્રાહ્મણ સાથે સંદેશ મોકલાવેલ, તે બ્રાહ્મણ દ્વારા કહેવરાવેલ વાણી-વચનથી શ્રીકૃષ્ણે રૂકિમણીના મનનાં અને વાણીનાં દુઃખો દૂર કરેલા તથા રૂકિમ પર વિજય મેળવીને રૂકિમણીના મન-વાણી-કાયાના આધિદૈવિક દુઃખ દૂર કરે છે.

આધ્યાત્મિક દુઃખ : શ્રીકૃષ્ણ અધિદેવથી જુદા નથી તે સિદ્ધ કર્યું છે. નિદ્રાથી મુચકુન્દ દુઃખ પામેલો તે શ્રીકૃષ્ણે દૂર કરેલાં. મુચકુંદને ભગવાનના જે સ્વરૂપના દર્શન થયા તે અધિદેવથી જુદુ નહોતું, તે તેને દર્શન કરાવીને બતાવી દીધું. વળી ભગવાનના દર્શન થવા છતાં મુચકુન્દનો મોક્ષ કેમ ન થયો ? તેના સમાધાનમાં કહેવાનું કે આ ફલ પ્રકરણ નથી પણ સાધન પ્રકરણ હોવાથી તેને ભગવાને સાધન બતાવ્યા. કેમ કે વળી આ અધ્યાય ભગવાનનું વીર્ય બતાવનાર છે. કદાચ ભગવાન તેને પ્રમેયથી પણ મુકિત આપત તો પણ તેને સ્વસ્થતા ન મળત તેથી તેને સુખ થાય માટે મુકિત ન આપી અને સાધન કરવાનો ઉધમ કરે માટે તેણે મૃગયા કરેલી તે કથા કહી. મૃગયા કરવામાં કર્મફળનો ભોગ કરવા માટે ભગવાને મર્યાદા જાળવીને તે કર્મફળનો નાશ ન કર્યો. અહીં વીર્યગુણ પ્રધાનતયા જણાવવાનો હોવાથી મુચકુન્દને તપ રૂપ સાધન કરવાનો બોધ કર્યો, તે હકીકતમાં તો મુકિત સમાન જ છે. વળી કાલયવનનો મુચકુન્દમાં પ્રવેશ થએલ હોવાથી મુચકુન્દની મુકિત થતાં તે પણ મુકત થયો.



## અધ્યાય-૫૧ / સુબોધિની અ. ૪૮

## ભગવાને મુચકુન્દ પર કરેલ અનુગ્રહ

વિશેષ : દુષ્ટોનો વધ, દ્વારકા નિર્માણ, યોગ પ્રભાવથી સર્વને ત્યાં પહોંચાડયા. આ તામસ-રાજસ-સાત્વિક લીલા આગળના અધ્યાયમાં કહી. આ અધ્યાયમાં નિર્ગુણલીલા કહેવાશે. આ નિર્ગુણ સ્વરૂપ કાલયવનના વધમાં નિમિત્ત છે, સાક્ષાત્ વધકર્તા નથી, કેમકે નિર્ગુણ હોય તે કર્તા ન હોય અ.૫૧ માં મુચકુન્દના મોક્ષનો ઉલ્લેખ નિર્ગુણલીલા છે. ભગવાને તત્વરૂપે આયુધોનો ત્યાગ કર્યો અને મોહ કરવા માટે કીર્તિમયી માલા ધારણ કરી મથુરામાંથી નિકળ્યા તે નિર્ગુણતાને બતાવનાર છે. યવનની મુકિત કાલસ્વરૂપમાં કરી. નારદજીની વાત માથે ચઢાવી તેથી કાલયવનને ભગવાને સાક્ષાત્ દર્શન આપ્યા તે ભગવાનની પાછળ પાછળ ચાલ્યો તેથી તેની કાળમાં મુકિત થઈ. કાલ દ્વાદશાત્મક હોવાથી (૧૨ મહિના) બાર શ્લોકથી સ્તુતિ કરી છે.

શ્લો. ૧-૧૨ : ભગવાનના સ્વરૂપનું વર્ણન નારદજીએ કાલયવનને કર્યું તેથી મથુરામાંથી બહાર નીકળતા ભગવાનના દર્શન થતાં તે જાણી ગયો કે આ જ કૃષ્ણ છે પણ તે શસ્ત્ર વિહીન છે તેથી તેણે પણ આયૂધો વગર લડવા માટે તેમનો પીછો કર્યો. ભગવાન તો તેને પર્વતની ગુફા સુધી ખેંચી ગયા. ત્યારે કાલયવન ભગવાનનો ઉપહાસ કરવા લાગ્યો. ગુફામાં તેણે કોઈને સુતેલો જોયો કાલયવનને લાગ્યું કે આ કૃષ્ણ જ ખેલ-નાટક કરીને સૂતા છે. તેમ જાણી તેણે લાતથી તેમના પર પ્રહાર કર્યો. ત્યારે તે જાગી ગયેલા પુરુષની ક્રોધ દષ્ટિ થતાં, કાલયવનમાં રહેલો અગ્નિ ભભૂકી ઊઠયો અને કાલયવન ભસ્મ થઈ ગયો.

૧૩ થી ૨૧ : હવે પરીક્ષિતના પૂછવાથી તે સુતેલા પુરુષનો ઈતિહાસ કહે છે : તે ઈક્ષ્વાકુવંશના રાજા માન્ધાતાના પુત્ર મુચુકુન્દ હતા, તે સંગ્રામ વિજયી મહાપુરુષ હતા. તેણે ઈન્દ્રની પ્રાર્થનાથી દેવોની અસુરોથી રક્ષા ઘણો સમય કરી હતી. જ્યારે કાર્તિકેય સેનાપતિ તરીકે મળી ગયા ત્યારે તે મુચુકુન્દને તેમની સેવામાંથી નિવૃત્ત કર્યા તથા ખૂબ જ આભાર માન્યો.

આ પ્રકારે શ્લોક ૧૭ થી ૨૦ થી આભાર માન્યો તથા મોક્ષ સિવાય કંઈ માંગવા કહ્યું. મુચુકુન્દે તેમની પાસેથી એ જાણ્યું કે મોક્ષ કેવી રીતે મળે ? તેમણે જાણ્યું કે ભગવાન અવતાર લે ત્યારે તેમની સેવા અને દાસત્વથી મોક્ષ મળે. તેથી તેમણે બીજા સાધનો નિરૂપયોગી જાણીને ભગવાન પ્રકટે ત્યાં સુધીની ગાઢ નિદ્રા માગી અને જો કોઈ બીજો જગાડે તો તે ભસ્મ થઈ જાય.

૨૨ થી ૩૫ : કાલયવન ભસ્મ થઈ ગયો ત્યારે ભકતવત્સલ ભગવાને તે મહાબુધ્ધિમાન રાજા મુચુકુન્દને દર્શન આપ્યા. તેણે કંઈક સંશયથી પુછ્યું કે આપ કોણ છો ? મને લાગે છે કે આપજ પુરુષોત્તમ છો પછી તેણે પોતાની ઓળખ આપી અને કહ્યું કે આપના તેજથી મારી શકિત હરાઈ ગઈ છે.

૩૬ થી ૪૩ : ત્યારે ભગવાને કહ્યું - હું અનંત છું તેથી મારા નામ, કામ ગણાય એટલા નથી છતાં હાલ મારો કૃષ્ણાવતાર છે, તેમ કહી ભગવાને પોતાની અસુર - સંહારરૂપ લીલાઓ કહી બતાવી. તથા કાલયવન પણ મારી પ્રેરણાથી જ તમારી તેજ દષ્ટિથી બળી ગયો. હું તમારા પર કૃપા કરવા જ અહીં આવ્યો છું અગાઉના જન્મમાં તમે મારી ઘણીવાર પ્રાર્થના કરેલી તેથી હું પરિશ્રમ લઈને પણ આવ્યો છું, હવે તમે ઈચ્છો તે માંગો.

૪૪ : ત્યારે મુચુકુન્દને વૃદ્ધગર્ગનાં વચન યાદ આવ્યા. તેથી તેણે ભગવાનની સ્તુતિ શ્લોક ૪૫ થી ૫૭ સુધી કરી, જેમાં તેણે ભગવાનની શરણાગતિ સિવાય કંઈ ન માંગ્યું ત્યારે ભગવાને તેમની પ્રસંશા કરતાં કહ્યું કે મેં તમને વરદાનનો લોભ કરાવ્યો તે પરીક્ષા માટે હતો. હવે તમે મારામાં ચિત્ત રાખી પૃથ્વી પર ફર્યા કરો (ભકિત માર્ગીય સંન્યાસ) તમને અચલભકિત થશે. ક્ષાત્ર ધર્મમાં રહી તમે જે મૃગયામાં હિંસા કરી છે તેના પાપ નિવારણ માટે તપ કરો. હવે પછીના જન્મમાં તમે ઉત્તમ બ્રાહ્મણ થશો ત્યાં તમે સદાચાર પૂર્વક રહેશો અને તે જીવનને અંતે તમને પુરુષોત્તમ પ્રાપ્તિ થશે.

અધ્યાયાર્થ - ૪૯ સુબોધિની

કા ૨૦૨ થી ૨૦૫ : યવનોએ દૂષિત કરેલ નિત્યની મથુરા રહી નહિ તેથી યાદવોને દુ:ખ થયું. તે દુ:ખ દૂર કરવા ભગવાને યવનનો ઘાત કર્યો. શ્રીકૃષ્ણ યવનોનું ધન મથુરામાં લઈ આવ્યા, તે જરાસંઘને પ્રાપ્ત થયું તેથી તેની બુદ્ધિ દુષ્ટ થતાં તેણે પ્રવર્ષણ પર્વતને બાળીને તેના પરની જીવસૃષ્ટિનો વિનાશ કર્યો, તેથી હવે તેની બુદ્ધિનો નાશ થવાનો. જો કે પ્રવર્ષણ પર્વતને પોતાની ટાઢ ઉડારવી હતી તેથી ભગવાનને પ્રાર્થના કરેલી તેથી ભગવાન તે પર્વત ઉપર ચઢેલા, ભગવાન પર્વત પર છે એમ જાણી તેણે પર્વતને આગ લગાડી.

૨૦૬ થી ૨૦૯ : લોકમાં આદર બતાવવા બલભદ્રનો વિવાહ પહેલો થયો. રેવતીનો નિરોધ થયેલ ન હોવાથી તેની કથા નવમા સ્કંધમાં છે. વિવાહ ધર્મ કરવા અને ભોગ કરવા તેમ બે કાર્ય માટે કરવામાં આવે છે. તેમાં ધર્મ કરવાના ઉદ્દેશથી વિવાહ કરવાને પ્રથમ સ્થાન આપવાનું છે. શાસ્ત્ર પ્રમાણે ક્ષત્રીયો માટે



ગંધર્વ અને રાક્ષસ વિવાહ છે પરંતુ રૂકિમણિ સાથે વૈદિક વિવાહ પણ કર્યો છે, જેમાં વિવાહમાં બાંધવોને ભેગા કરાયા. બ્રાહ્મણ દ્વારા સંદેશ મોકલ્યો તે પ્રકારે બ્રાહ્મણ દ્વારા વિવાહ તે ગાંધર્વ વિવાહ છે. ભગવાન પોતાનો પ્રેમ જાણે માટે રૂકિમણિએ તેમાં સ્તુતિ કરી છે.

## અધ્યાય-૫૨ / સુબોધિની અ. ૪૯

## રૂકિમણીજીએ ભગવાનને લખેલ પત્ર

વિશેષ : ગયા અધ્યાયમાં (મુચુકુન્દ) પુરુષ પર અનુગ્રહ કર્યો અહીં સ્ત્રી રૂકિમણી, સત્યભામાજી અને જાંબવતીજી પર અનુગ્રહ કર્યો છે. મુચુકુન્દ પરનો અનુગ્રહ કાલ સાપેક્ષ કર્યો. બાર શ્લોરથી સ્તુતિ તેણે કરી છે. ૧૩મો શ્લોક પ્રાર્થનાનો છે. રૂકિમણીમાં ત્રણે પ્રકારનો વિવાહ સંભવે છે, તેમાં પ્રાર્થનાથી ગાંધર્વવિવાહ, યુધ્ધ કરીને લાવ્યા તે રાક્ષસ વિવાહ અને વૈદિક ધર્મ્ય વિવાહ. આમ વાચિક, કાયિક અને માનસિક ત્રિવિધ વિવાહ થયા. દેવના હિત માટે તામસનો (યવન) વધ કર્યો છે. શિવજી પર અનુગ્રહ કરી તેમનું વચન સત્ય કરાવવા ભગવાને પલાયન લીલા કરી છે. સાત્વિક તામસ અને રાજસ ઉપર ભગવાનની કૃપા છે તે બતાવવા લક્ષ્મી (રૂકિમણી) શિવજી અને મુચુકુન્દ રાજાની કથા કહી છે.

શ્લો. ૧ થી ૪ : ભગવાનની કૃપા પ્રાપ્ત કરીને મુચુકુન્દ ગુફાની બહાર આવ્યો તો વૃક્ષાદિ નાના જોયા તેથી તેમને લાગ્યું કે કલિયુગ આવી ગયો છે તેથી તે ભગવાનમાં ચિત્ત રાખીને ઉત્તરદિશામાં બદરીકાશ્રમમાં આવી તપ કરવા લાગ્યા.

૫ થી ૧૪ : ભગવાને મથુરા પાછા આવી યવનસેનાને સંહારીને તેમનું ધન મથુરામાં લઈ આવ્યા. ત્યાં તો જરાસંધ ચઢી આવ્યો. ત્યારે ભગવાન અને બળદેવજી મનુષ્યવત્ લીલા કરતાં ભાગ્યા. જરાસંધ તેમની પાછળ પડયો. ભગવાન પ્રવર્ષણ પર્વત પર ચઢી ગયા. તે પર્વત વરસાદ અને વાદળ છાયાને કારણે ઠંડો રહેતો. જરાસંધે વિચાર્યું કે આ બે ભાઈ પર્વતમાં જ છૂપાયા છે તેથી તેણે ચારે બાજુથી પર્વતને આગ લગાડી. ભગવાન બળદેવજી તો ત્યાંથી કૂદી પડયા પછી પર્વતને આગ લાગી આમ પર્વતનું તાઢ ઉડાવવાનું વરદાન પણ પૂરું થયું. રામકૃષ્ણ બળી મર્યા તેમ ધારીને જરાસંધ ધન લઈને મગધ પાછો ગયો.

૧૫ થી ૩૬ : નવમા સ્કંધમાં આનર્ત દેશની કન્યા રેવતી બળદેવજીને આપ્યાની કથા છે. ભગવાને પણ ભિષ્મકપુત્રી રૂકિમણીને કે જે લક્ષ્મીનો અવતાર છે તેને

શિશુપાલાદિ રાજાઓની સામેથી હરિ લઈને તેની સાથે વિવાહ કર્યો. સમાધિ ભાષાનો વિવાહ સ્વયંવરનો છે, બાકીના વિવાહ બીજા કલ્પની કથા છે. પરિક્ષીતે ભગવાનના 'રાક્ષસવિવાહ' સંબંધે જાણવાની જિજ્ઞાસા પ્રકટ કરી ત્યારે શુકદેવે કથા કહી કે - વિદર્ભદેશનો અધિપતિ ભીષ્મક રાજા હતો. તેના પાંચ પુત્રોમાંનો મોટી રુકમી હતો અને કન્યા રૂકમિણી હતી ભીષ્મક મહાદેવનું રૂકમણિજી માયાનું અને પાંચભાઈ અવિદ્યાના પાંચપર્વ છે. રૂકમ એટલે સોનું. સોનું કલિયુગનું નિવાસ સ્થાન છે.

રૂકમણિએ ઘરે આવેલા બ્રાહ્મણ વ. ના મુખથી ભગવાન શ્રીકૃષ્ણનો ઘણો યશ સાંભળ્યો તેથી તેણે તેમને પોતાના પતિ તરીકે વરણ કર્યા. ભગવાને પણ રૂકિમણીના અતુલ્ય ગુણોને લીધે તેમને વરવાનું ચાહ્યું. રૂકમી સિવાય બધા જ ઘરનાં બહેનને શ્રીકૃષ્ણને આપવા ઈચ્છતા હતા. રૂકમીએ રૂકિમણી માટે શિશુપાલને યોગ્ય વર જાણ્યો. આ જાણીને રૂકિમણીએ એક વિશ્વાસપાત્ર બ્રાહ્મણને પોતાનો સંદેશ લઈને દ્વારકા મોકલ્યો. ભગવાને બ્રાહ્મણનું યથોચિત સન્માન કરીને આવવાનું પ્રયોજન પૂછયું ત્યારે બ્રાહ્મણે રૂકિમણીજીનો સંદેશો કહ્યો.

<u>૩૭ થી ૪૪</u> : રૂકિમણીએ પોતાનો સંદેશ શ્લોક ૩૭ થી ૪૩ સુધી કહ્યો છે. જેમાં ભગવાનના રૂપ-ગુણ લીલાની પ્રશંસા કરી છે. વળી રૂપ-ગુણ બાબતે પોતાની સાથે પણ સમાનતા બતાવી અને ભગવાનને પોતાનો સ્વીકાર કરવાની વિનંતી-પ્રાર્થના કરી, કેમ કે નહિ તો તેણીનો અન્ય સંબંધ થઈ જાય તેવો ડર છે. તથા પોતાની સાથે રાક્ષસવિધિથી વિવાહ કરવાનો ઉપાય પણ બતાવ્યો કે કુલદેવીના દર્શને લગ્નના આગલા દિવસે આવીશ ત્યારે મને ઉપાડી જજો. છેલ્લે કહ્યું કે જો આપ નહિ પધારો તો હું પ્રાણ ત્યજી દઈશ. પછી બ્રાહ્મણે ભગવાનને કહ્યું કે હવે જે કર્તવ્ય હોય તે કરો.

## <u>અધ્યાયાર્થ - ૫૦ સુબોધિની</u>

<u>કા ૨૧૦ થી ૨૧૧</u> : કાલ ભગવાનનો મુખ્ય સેવક હોવાથી તેણે ભગવાનની ઈચ્છા જાણી, રૂકિમણીને હરવાનું થઈ શકે તે માટે જરાસંધ વ. માં એવી બુધ્ધિ ઉત્પન્ન કરી કે ''આપણે રાજાઓ પાસેથી કન્યાને ગોપાલ લઈ જાય તો આપણા શૌર્યને ધિકકાર છે.'' એટલે કે તેઓમાં અહંકાર ભર્યો. ભગવાનમાં પોતાનો પ્રેમ વધ્યા કરે તે માટે રૂકિમણીનું વચન ''કૃષ્ણ મારા પતી થાઓ'' તેમ કહેલ છે. આગળના દિવસે કન્યાનું હરણ થયું તેથી વિવાહ નકકી કર્યાના દિવસે જ દ્વારકામાં કન્યાના કૃષ્ણ સાથે વિવાહ થયા, તેથી મુહુર્ત પણ સચવાયું.





જો કે ત્રણ વિવાહની કથા સમાધિભાષાની નથી તે તો પરીક્ષિતના પૂછવાથી બીજા કલ્પની કથા શુકદેવજીએ કહી.

## <u>અધ્યાય-૫૩ / સુબોધિની અ. ૫૦</u>

## રાજાઓને જીતી કૃષ્ણ રૂકિમણીજીનું હરણ કરી લાવ્યા.

<u>૧ થી ૫૭</u> : ભગવાને રાજકુમારી રુકિમણીજીનો સંદેશો સાંભળીને ભગવાને બ્રાહ્મણને કહ્યું - હું પણ રુકિમણીને ચાહું છું તેથી હું તેનું હરણ કરી લાવીશ.

તે પછી ભગવાને રથ જોડાવી બ્રાહ્મણ સહિત પોતે કુંડણીપુર જવા નીકળ્યા. કુણ્ડનીપુર તો કન્યાના શિશુપાલ સાથેના વિવાહ માટે શણગારાઈ રહ્યું હતું. કન્યાને પણ લોકવ્યવહાર પ્રમાણે શણગારાઈ, ગ્રહશાંતિ કરાઈ દાન દેવાયા. શિશુપાલ પણ જાન લઈને આવ્યો તેનું સામૈયું થયું જેમાં હજારો રાજાઓ હતા કે જે કૃષ્ણના વિરોધી હતા અને નિશ્ચય કરી ચૂકયા હતા કે કન્યાનું હરણ કૃષ્ણ કરશે તો આપણે લડી લઈશું.

બલદેવજીને ખ્યાલ આવી ગયો કે કન્યાનું હરણ કરવા કૃષ્ણ એકલા જ ગયા છે તેથી સ્નેહવશ તે પણ સેના લઈને નિકળ્યા. જો કે તે ભગવાનના પરાક્રમને જાણતા હતા. આ બાજુ રૂકિમણી હજુ બ્રાહ્મણદેવતા ન આવ્યા જાણી ખૂબ જ ચિંતીત હતી તથા અનેક આશંકા કરવા લાગી એટલામાં બ્રાહ્મણદેવતાએ આવીને શુભસમાચાર આપ્યા કે ભગવાન બળદેવજી સહિત પધાર્યા છે. ભીષ્મક એમ સમજયા કે મારી કન્યાનું લગ્ન જોવા આ બે ભાઈ પધાર્યા છે તેથી સારી રીતે સત્કાર કર્યો. નગરની સ્ત્રીઓ વાતો કરવા લાગી કે કૃષ્ણ જ કન્યા માટે યોગ્ય વર છે, તેમ પ્રાર્થના પણ કરવા લાગી તે વેળા અમ્બિકાદર્શને રૂકિમણીજી સૈનિકોના રક્ષણ સહિત નીકળ્યા સાથે પૂજાનો સામાન હતો. રૂકિમણીએ અમ્બિકાને પ્રાર્થના કરી કે - આપ સમ્મતિ આપો કે ભગવાન શ્રીકૃષ્ણ જ મારા પતિ થાય. તે પછી તેમણે ભવાનીની પૂજા કરી, બ્રાહ્મણની સ્ત્રીઓની પૂજા કરી તથા આશિર્વાદ મેળવ્યા. પછી તે મંદિરની બહાર આવ્યા તેમનું સૌંદર્ય જોઈ મોહિત થયેલા શૂરવીરોના હાથમાંથી અસ્ત્ર-શસ્ત્ર પણ પડી ગયા. રૂકિમણી જેવા રથ ઉપર ચડવા જાય છે તેવા જ ભગવાને શત્રુઓના દેખતાં ભીડમાંથી રુકિમણીને ઉઠાવી લીધા અને પોતાના રથમાં બેસાડી ચાલી નીકળ્યા. ત્યારે ત્યાં ઉભેલા રાજાઓ પોતા પર ધિકકાર વરસાવતા રહ્યા.

# અધ્યાયાર્થ - ૫૧ સુબોધિની

કા ૨૧૨ : લક્ષ્મીરૂપા રુકિમણીનો પિતા ભીષ્મક સમુદ્રરૂપ મોટોભાઇ રુકિમ કાલકૂટ, દૈત્યોનું હિત ઇચ્છતો હતો. તેથી તો પિતાની ઇચ્છા વિરુધ્ધ તે બેનને શિશુપાલ સાથે પરણાવવા પ્રયત્ન કરતો હતો. રુકમી શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવા ઇચ્છતો હતો છતાં હણ્યો નહિ પણ હણવા સમાન માત્ર મૂંડયો. શ્રીકૃષ્ણ સર્વરૂપ હોવાથી તેમને સર્વ સરખા છે. પણ જેની જેનામાં જેવી શ્રદ્ધા છે તે પ્રકારે ભગવાન કરે છે. રૂકિમણીને ભગવદ્રૂપ હતી. રૂકમી ભગવાન સામે લડેલો તેથી ભગવાને તેને મારવા તલવાર લીધી પણ રુકિમણીની પ્રાર્થનાથી છોડી દીધો. ભગવાન તો નિર્ગુણ છે પણ બળદેવજી તેવા નથી તેથી ભગવાનને ઠપકાનાં વચનો કહેલ છે તથા કપટથી નટની પેઠે રુકિમણીને સાંત્વનના વચનો કહે છે રૂકિમણીએ રૂકિમને નામનું બંધન રાખી દ્વારકા લઇ જઇ બોધ આપવાની રુકિમણીની ઇચ્છા હતી પણ તેમ ન થઇ શકયું તેથી તેને થયેલ મનઃદુઃખ બલભદ્રે દૂર કર્યું. (શ્લોક : ૪૩-૪૯) જો ભગવાન તેને દ્વારકા લઇ જાય તો શિશુપાલ વ. એમ સમજે કે રુકિમએ અમને ખોટા ખોટા બોલાવીને ઠગ્યા છે, તે તો કૃષ્ણ સાથે મળી ગયો છે. આમ થાય તો તે બધા રાજા તેના વિરોધી થઇ જાય તેથી રુકમી જીવનભર દુઃખી થાય. આ જ્ઞાનગુણ દર્શાવનારા અધ્યાય છે તેથી દૈત્યને મૂંડવો યોગ્ય હતો તેથી તે કુણ્ડનીપુરમાં ન જતાં ભોજકટ ગામ વસાવીને ત્યાંજ રહ્યો.

રુકિમણી સાથે રહેલા શ્રીકૃષ્ણ સર્વને સુખ આપનાર થયા અને ત્રણે પ્રકારના જીવોને દુઃખ સમુદ્રમાંથી ઉગારનાર થયા. આથી તે જીવો કૃષ્ણમાં વ્યસનવાળા થયા આ પ્રકારે સાધન કહ્યું.

## અધ્યાય-૫૪ / સુબોધિની અ. ૫૧

## ભગવાને રૂકિમણીજી સાથે લગ્ન કર્યું.

વિશેષ : જ્યાં સુધી પોતાના લોકોનું ચિત્ત ભગવાન સિવાયના જે તે ભાવોથી નિવૃત્ત ન થાય ત્યાં સુધી ભગવાન એ વિષયોને ગ્રહણ ન કરે તેથી વિધિ પ્રમાણે રૂકિમણીજી સાથે વિવાહ કરવા માટે જરાસંધ વ. સાથે યુદ્ધ કર્યું રૂકમીનું મુંડન કર્યું અને રૂકિમણીજીના અજ્ઞાનને દૂર કરીને તેમને દોષમુકત કર્યા. ભગવાન વિરોધી તત્વોને દૂર કર્યા. સ્વકીયની ઉદાસીનતા પણ શત્રુ છે અને જો ભગવત્ કૃતિને અનુમોદન ન આપે તો એ આત્મા શત્રુ છે. એ ઉદાસીનતાને (રૂકિમણીની) દૂર કરવા ભગવાને યુદ્ધ કરીને સર્વને સ્વનિષ્ઠ કર્યા. રૂકિમણીના દોષોને દૂર કરીને સ્વભાવવડે સ્વનિષ્ઠ કર્યા પછી લગ્ન કર્યા.





શ્લોક ૧ થી ૨૨ : ભગવાન રૂકિમણીનું હરણ કરી ગયા તે જાણી જરાસંધ વ. રાજાઓ ભગવાનની પાછળ દોડયા અને યાદવો પર સખત બાણવર્ષા કરી ત્યારે રૂકિમણી ભયભિત થયા તે જોઇને ભગવાને તેમને ધીરજ આપી યાદવોની સેનાએ પણ વળતા સખત પ્રહાર કર્યા. શિશુપાલ તો મરવા જેવો ઢીલો થઇ ગયો. ત્યારે જરાસંધે તેને ધીરજનાં વચનો કહ્યા તથા જ્ઞાનનાં વચનો કહ્યા ત્યારે કાળ આપણને સાનુકૂળ નથી તેથી આપણે હાર્યા છીયે, અનુકૂળ સમયે આપણે જીતીશું. ત્યાર પછી બધા રાજાઓ પોતપોતાના દેશમાં ગયા પણ રૂકમીથી પોતાની બેનનું હરણ કરી કૃષ્ણ લઇ જાય તેમાં પોતાની કાયરતા જણાઇ તેથી તે શ્રીકૃષ્ણ સાથે લડવા પાછળ દોડયો તથા પ્રતિજ્ઞા કરી કે કૃષ્ણને માર્યા વગર કુણ્ડિનપુરમાં નહિ પ્રવેશું. અને ઉમેર્યુ કે મારા તીક્ષ્ણ બાણોથી એ અત્યંત દુષ્ટબુધ્ધિવાળા ગોપાલના પરાક્રમના મદને દૂર કરીશ કે જે મારી બહેનનું બલપૂર્વક હરણ કરી લઇ ગયો છે.

વિશેષ : આ શ્લોકનો બીજો અર્થ : અત્યંત દુષ્ટ પુરુષો પર જેની કુમળી દૃષ્ટિ છે તેવા શ્રી કૃષ્ણ ભગવાનને લીધે વીર્યજનીત જે મદ તેને હું ગ્રહણ કરીશ હવે અમે ભગવાનના સંબંધિ થયા છીએ એટલે વીરતામાં અમારી કોઇ બરાબરી કરી શકે તેમ નથી એવો ગર્વ થશે.

૨૩ થી ૨૫ : રુકમીએ ભગવાનને પડકારતાં કહ્યું કે - એક ક્ષણ મારી સામે ઊભો રહે ! યદુવંશીઓના કુળકલંક.- જેવી રીતે કાગડો હોમની સામગ્રી ચોરીને ઉડી જાય તેમ જ તુ મારી બહેનને ચોરીને ભાગી જઇ રહ્યો છે ! અરે મંદ, તું ઘણો માયાવી અને કપટ યુદ્ધમાં કુશળ છે.

આનો અર્થ : મારો ઉદ્ધાર કર્યા વગર જ રુકિમણીનું હરણ કરવું અયોગ્ય છે. ત્રણ શર માર્યા. શર : બાણ અને તર એટલે કે ત્રણે લોક નિવેદીત કરી દીધા. આપના ચરણને યોગ્ય સાત્વિક હૃદયમાં બિરાજો (ક્ષણ વાર ઊભો રહે !) યદુકુલના પાલક પતિ (યદુવંશીના કુળકલંક)

બ્રહ્માનંદ જીવોની બહેન છે તેનો ઉદ્ધાર કર્યા વગર અમારાથી પરોક્ષ રીતે ઉપાડી જઇને, એટલે કે બ્રહ્માનંદ પાસે હોવા છતાં જીવ તેને જોઇ શકતો નથી. તેનો અનુભવ તો ભગવાન જ કરે છે ભગવાન સર્વયજ્ઞ ભોકતા છે અને કાગડા સિવાયનું અખિલ જગત હવી છે. જગતનો ઉદ્ધાર કરવા પધાર્યા છે તો મારો ઉદ્ધાર કર્યા વગર કેમ જાઓ છો ? આપ માયાને પ્રસંગ આવે મંદ કરી દો છો. યુદ્ધ તો દેખાડવા પૂરતું કપટથી જ કરો છો. હકીકતમાં જેને મારો છો તેને મુકિત આપો છો. આવા ભગવાન સામે બિરાજમાન હોય તો પ્રતિબંધક

રૂપ આવેલો મારો મદ હું છોડી દઈશ.

૨૬ થી ૪૯ : રુકમીએ કહ્યું - ''જયાં સુધીમાં મારા બાણ નીચે ન પડે ત્યાં સુધીમાં આ કન્યાને છોડી દઈને ભાગીજા'' ભગવાને આ સાંભળી રુકમીના ધનુષને કાપી નાખ્યું.

વિશેષ : બાણ એટલે ઈન્દ્રિય. બાણ દુશ્મનને મારી નાખે છે તેમ ઈન્દ્રિયો બહિર્મુખ થનારને મારી નાખે છે. જો મારી ઈન્દ્રિયો ભગવદ્રસ ચાખી જશે તો બ્રહ્માનંદની પરવા નહિ કરે અને ભકિત કરશે. પ્રલય વખતે આપ પોઢી જાઓ તે પહેલાં જ મુકિતનું દાન કરો.

આ પ્રકારે બન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યું. જયારે રુકિમણિને લાગ્યું કે કૃષ્ણ મારા ભાઈને મારી નાખશે ત્યારે તેણે વિહ્વળ થઈને આજના મંગલ દિવસે તેને ન મારવાની વિનંતી કરી. તેથી ભગવાને તેને ન માર્યો પણ રથ સાથે બાંધીને તેના વાળ આડા અવળા કાપીને કુરૂપ બનાવી દોધો. ત્યાર પછી બળદેવજીએ દયા લાવીને તેને છોડી મૂકયો અને રુકિમણીને સાંત્વનનાં વચનો કહ્યા. તથા ભગવાનને ઠપકાના વચન કહ્યાં કે તમે રુકમીનું મુંડન કર્યું તે તમારી વિષમ બુદ્ધિ છે. આમ ભગવાનને ૪ શ્લોકથી ઠપકો આપવા છતાં રુકિમણીજીના મનને સંતોષ ન થયો ત્યારે બલદેવજીએ એમને સાત શ્લોકથી જ્ઞાનનો ઉપદેશ કર્યો.

૫૦ : ત્યારે રુકિમણીના મનનું સમાધાન થયું રુકમીને અપમાનીત કરી છોડી દીધો. તેની સેનાનો નાશ કર્યો. તેથી તે પોતાની પ્રતિજ્ઞા મુજબ કુણ્ડિનપુરમાં ન જતાં ભોજકટ નામે નગર વસાવીને રહ્યો.

ભગવાને દ્વારકામાં આવીને વિધિવત્ લગ્ન કર્યા, દ્વારકાવાસીઓએ ઉત્સવ મનાવ્યો ઘણો મિત્ર રાજાઓ લગ્ન પ્રસંગે આવ્યા.

## અધ્યાયાર્થ - પર સુબોધિની

કા ૨૨૪ : કામને શંકરે બાળ્યો તેથી તેના દેશનો નાશ થયો. તેના સાધન ધનુષ્ય વ. પણ નાશ પામ્યા. તેની સ્ત્રી રતિને શંબર હરિ ગયો. ત્યારે તેનામાં માયાએ પ્રવેશ કર્યો તેથી તેનું નામ માયાવતી પડયું. કામનો નાશ શંકરના ત્રીજા લોચનથી થયો હતો તેથી તે દુઃખનું નિવારણ ભગવાન સિવાય ન થાય ભગવાન પ્રકટયા ત્યારે કામે અને માયાએ તે દુઃખ દૂર કરવા અલૌકિક પ્રયાસ કર્યા. આ એકલી પડેલી માયા (રતિ) થી મોહ પામેલા જીવે કામના તો કરી પણ તે પ્રાપ્ત ન થતાં દુઃખ પામ્યો. જયારે શ્રીકૃષ્ણથી કામ (પ્રદ્યુમ્ન) ઉત્પન્ન થયો ત્યારે તે દુઃખનો નાશ થયો. તે કામ પોતાને થએલ દુઃખનું સ્મરણ કરીને વૈરાગ્યવાળો થઈને સર્વને જ દુઃખ દે પણ તે કૃષ્ણના સંબંધવાળો થયો હોવાથી ભકતોને દુઃખ ન દે. આમ અધ્યાય-૪૭ થી પર સર્વના આધિભૌતિક તથા આધ્યાત્મિક દુઃખોનો નાશ કર્યાનું કહ્યું છે.



## અધ્યાય-૫૫ / સુબોધિની અ. પર

## પ્રદ્યુમ્નની ઉત્પત્તિ

વિશેષ : આગળના અધ્યાયમાં ભગવાને સ્ત્રીનો (રુકિમણી) સ્વીકાર કર્યો. આ અધ્યાયમાં ભગવાન પુત્રનો (પ્રદ્યુમ્ન) સ્વીકાર કરે છે. લોકમાં સ્ત્રી-પુત્રના સંબંધથી જ સંસાર છે. અહીં તો ભગવાને તેમને દુષ્ટભાવના (રુકિમી/શંબર) સંસગર્થથી છોડાવ્યા છે. કૃષ્ણ કોઈને કયાંય જતા અટકાવતા નથી. જેનો જે ભાગ હોય તેને તે આપે છે અને જો તે પોતાનો ભાગ છોડી દે તો જ સ્વીકારે છે તેથી તો શંબર પુત્રને લઈ ગયો તે પાછો આવ્યો ત્યારે પુત્ર તરીકે સ્વીકાર્યો. કાલે પદ્યુમ્નને પુત્ર નથી કર્યો પણ પોતાની ઈચ્છાથીએ પુત્ર થયો છે એવા જીવની (પ્રદ્યુમ્ન) કામકથા અહીં કહી છે.

શ્લોક ૧ : વાસુદેવનો અંશ કામ પ્રથમ શિવજીના ક્રોધથી બળી ગયેલા તેણે પોતાનો દેહ પાછો પ્રાપ્ત કરવાની આશાથી  વાસુદેવનો આશ્રય લીધો.

વિશેષ : વાસુદેવ ભગવાનનો અંશ છે તે જીવ નથી પણ મોક્ષ આપનાર છે. તેમણે જગતની રચના કરી ત્યારે તેમનાં સ્વરૂપમાંથી નીકળેલો એક અંશ 'કામ' પુરુષમાં રહ્યો અને બીજો અંશ 'માયા' સ્ત્રીમાં રહ્યો. તે બન્ને અંશે જગતને મોહ કર્યો કે જેથી જીવ ભગવાનની પ્રાપ્તિ ન કરે પણ આ કામ ભગવાન રુદ્રને મોહ પમાડવા જતાં પોતે જ બળી ગયો. ત્યારે તેણે અક્ષય દેહ પ્રાપ્ત કરવા જયારે ભગવાન ભૂતલ પર પધાર્યા ત્યારે તેમાં આશ્રય કર્યો. તે એ રીતે કે જે અગ્નિકુમાર પુરુષ -રૂપ હતા તેમનામાંનો કામ ઋષિરૂપ માં આવ્યો તે સ્ત્રીદેહમાં ન રહી શકે માટે તે ગોપીઓ દ્વારા ભગવાનમાં આવ્યો.

૨ : શ્રીકૃષ્ણના ક્રિયાશકિતરૂપ વીર્યથી તે કામ રુકિમણીજીમાં જનમ્યો. તે પ્રદ્યુમ્ન (નામ) શ્રીકૃષ્ણથી ન્યૂન ન્હોતો. સચ્ચિદાનંદ ભગવાનમાં સત્ ક્રિયાશકિત છે અને ચિત્ કામ છે તથા રુકિમણીના સંબંધને લીધે આનંદ છે. ભગવાનની ઈચ્છાથી જ તેનો દેહ અક્ષય થયો તથા ભગવાન સમાન રૂપ થયું.

૩ થી ૨૫ : નારદજીએ શમ્બરને કહ્યું તારો શત્રુ કૃષ્ણને ત્યાં જનમ્યો છે. દસ દિવસ પછી જો કૃષ્ણનો સ્પર્શ થશે તો અવધ્ય થશે. તેથી શમ્બરે તેને ઉઠાવીને

સમુદ્રમાં ફેંકી દીધો. તેને કોઈ માછલો ગળી ગયો અને તે જ માછલો શમ્બરને માછીમારે ભેટ આપ્યો. રસોડામાં તેને ચીરતાં તેમાંથી જીવંત બાળક નીકળ્યો, તે બાળક ત્યાં રહેતી માયાવતીને સોંપ્યો. નારદજીએ આવીને આ તેજસ્વી બાળ કની કથા કહી. આ માયાવતી તો કામની સ્ત્રી રતિ હતી કે જે પોતાના પતિને દેહ મળે તેવી આશામાં જીવતી હતી. તેણે જયારે જાણ્યું કે આ બાળક જ 'કામ' છે ત્યારથી તે તેને પતિભાવે ઉછેરવા લાગી. ભગવાન પ્રદ્યુમ્ન પણ થોડા જ સમયમાં યુવાન થઈ ગયા. માયાવતીના હાવભાવ જોઈને પ્રદ્યુમ્ને કહ્યું કે તમે તો મારા માતા સમાન છો પછી આવા હાવભાવ કેમ ? ત્યારે રતિએ જે પ્રકારે શમ્બર તેમને ઉઠાવી લાવ્યો હતો અને તેને પ્રાપ્ત થયો તે કથા કહી, વળી કહ્યું કે તમે તો કૃષ્ણના પુત્ર છો અને 'કામ' નો અવતાર છો તથા હું સદાની આપની દાસી 'રતિ' છું તમે આ માયાવી શમ્બરને મારો, તમારી મા તમારી રાહ જોતી હશે.

તે પછી માયાવતિએ પ્રદ્યુમ્નને સર્વમાયાનો નાશ કરનાર મહામાયારૂપ વિદ્યા શિખવી. તે પછી પ્રદ્યુમ્ને શમ્બરને પડકાર્યો ત્યારે તે બેની વચ્ચે ભારે યુદ્ધ થયું. તેમાં આખરે પ્રદ્યુમ્ને શંમ્બરાસુરનું માથું તેના ધડથી છૂટું કરી નાખ્યું પછી માયાવતી (રતિ) પ્રદ્યુમ્નને આકાશમાર્ગે દ્વારકાપુરી લઈ ગઈ.

<u>૨૬ થી ૪૦</u> પ્રદ્યુમ્ન અંતઃપુરમાં પધાર્યો તો પહેલાં તો બધાને તેનામાં કૃષ્ણનો આભાસ થયો કેમ કે તેનું રૂપ કૃષ્ણસમાન હતું. ત્યાં તો રુકિમણીજી આવ્યા અને તેમનામાં પુત્ર વત્સલતાનાં ભાવ પ્રકટયો છતાં તેમને ખ્યાલ ન આવ્યો કે આ કોણ છે ? તેમને વિચાર આવ્યો કે મારો ખોવાઈ ગયેલો પુત્ર આજે આવો જ હોત ! મને લાગે છે કે કદાચ આ એ જ બાળક હશે. એટલામાં ત્યાં ભગવાન - વસુદેવ - દેવકીજી અને તે પછી નારદજી પધાર્યા. નારદજીએ પ્રદ્યુમ્નની સઘળી હકીકત કહી વર્ષોથી ખોવાઈ ગયેલા પ્રદ્યુમ્ન પાછા મળતાં બધાંએ ખૂબ જ હરખ કર્યો.

## <u>અધ્યાયાર્થ - ૫૩ સુબોધિની</u>

<u>કા ૨૨૯ થી ૨૪૬</u> : ''બધાં દુઃખ દૂર થયા હવે કંઈ દુઃખ ન રહ્યું'' તેમ લાગ્યું ત્યાં માયાએ કરેલ આધિદૈવિક દુઃખ કે જે બાકી હતું તે થયું અને ભગવાને તેને દૂર કરવાનો ઉપાય પણ કર્યો. સ્વભાવ દુષ્ટ હોવાથી દ્વારકાવાસી એમ કહેવા લાગ્યા - સ્યમંતક મણિ શ્રીકૃષ્ણે પ્રસેનને મારીને લઈ લીધો છે. ભગવાનની આવી નિંદા કરી તેથી તેમને માયાના મોહથી ઉત્પન્ન થયેલ આધિદૈવિક દુઃખ થયું. ભગવાને મણિ લાવી આપીને તે દુઃખને દૂર કર્યું. હવે શંકા એ થાય કે



રૂકિમણીનો વિવાહ દુઃખ રૂપ થયું તે ભગવાને દૂર કર્યું. તો પછી આ પ્રકરણમાં ભગવાનને સત્રાજીતે સત્યભામા પરણાવી તેમ કહેવાનું શું પ્રયોજન છે ? ત્યાં કહે છે કે - વિવાહ જ દુઃખ દૂર કરવાનું સાધન બન્યું છે અને વિવાહ જ ફળ બન્યું છે. આમ સાધન અને ફળ એક હોવાનું જણાવવા સત્યભામાના વિવાહની કથા કહી છે. આ મણિને લીધે તો પ્રસેન, સિંહ વ. ઘણા હણાયા, તેથી મણિ દુઃખ કરાવનારો છે. માત્ર ભગવાન જ દુઃખ દૂર કરનાર છે. માટે મણિની કથા કહી છે. (૨૩૪)

આ મણિને દુઃખનો નાશ કરનાર બનાવવો હોય તો સર્વને સુખ આપનાર બનાવવો જોઈએ. તે તો જો તે રાજા પાસે રહે તો જ બને તેથી ભગવાને સત્રાજીતને કહ્યું કે - મણિ તું રાજાને આપી દે, તેમાંથી જે ધન પ્રાપ્ત થશે તે તને રાજા આપશે. પરંતુ ભગવાનની વાતમાં વિશ્વાસ ન રાખીને તે મણિ રાજાને ન આપ્યો, તેથી સર્વનો નાશ થયો તે જણાવવા આ કથા કહી છે. સત્રાજીત તો સૂર્યનો ભકત હતો, તેથી મણિરૂપ લક્ષ્મી અને સરસ્વતીરૂપ કન્યા જે બંને હરિના ભોગને લાયક છે તેમને તે (ભગવાન સિવાય) બીજાને આપવા ઈચ્છતો હતો. (૨૩૬)

ભગવાન અકિલષ્ટકર્મા હોવાથી કન્યાને માટે તે જાંબવાનની ગુફામાં પ્રવેશ્યા. જો કે ભગવાને તે પહેલાં જ બતાવી આપેલ કે પ્રસેનને તો સિંહે મારેલ છે. (ભગવાને નહિ) તેથી પોતાની નિર્દોષતા તો સાબિત કરી જ હતી છતાં કન્યા માટે ભગવાન તેની ગુફામાં પધારેલા પ્રસેન સૂર્યભકત હોવાથી ભગવાને તેનો નિરોધ ન કર્યો. (૨૩૭)

પ્રસેને પૂજા કરવા લાયક મણિનો આભરણ તરીકે ઉપયોગ કર્યો તેથી દેવીના (માયાના) વાહન સિંહે તેને માર્યો. સિંહે પણ મણિને મુખથી સ્પર્શ કરેલ હોવાથી તે અપવિત્ર કર્યો તેથી જાંબવાને કે જે રામભકત છે તેણે સિંહને માર્યો (૨૩૮)

જાંબવાને રમકડા તરીકે મણિને ઘોડીયા સાથે બાંધ્યો હતો. ભગવાનને કન્યા જાંબવતી પ્રાપ્ત થઈ અને મણિ કાન્તિ વગરનો થયો કારણ કે તે ઉચ્છિષ્ટ હતો. ભગવાન તો કન્યા માટે જ ગુફામાં પધારેલા હતા તથા રાજસોની પરીક્ષા કરવા માટે ઘણા સમય સુધી ગુફામાંથી બહાર ન નીકળ્યા.

જાંબવાને જાણ્યું કે ભગવાન તો લીલાર્થ ગુફામાં પધાર્યા છે અને મારી પુત્રી તો લક્ષ્મી છે (પ્રભુને લાયક છે) ત્યારે તેણે પોતાનું સેવકપણું જતાવીને મણિ તથા લક્ષ્મી-પુત્રી બન્ને ભગવાનને આપ્યા. (૨૪૩)

આ મણિ ઉચ્છિષ્ટ હોવાથી સત્રાજીતે આપવા છતાં ભગવાને ન લીધો. પણ તેની પુત્રી સરસ્વતી હોવાથી પ્રેમ પૂર્વક તેની સાથે પરણ્યા. (૨૪૪) મણિ ન લેવાનું બીજું કારણ એ કે તેનામાં સત્રાજીતનું મન ચોંટેલું હતું. ભગવાન બીજાનું મન જેમાં ચોટેલું હોય તેવી વસ્તુ નથી સ્વીકારતા. હરિ તેને પોતાનો નથી ગણતા. ભગવાનનું ઉચ્છિષ્ટ ભગવાન ભકતને આપે છે. મણિ રાખવાના હકકદાર (જમાઇ હોવાથી) પોતે હોવા છતાં તે આપે અક્રૂરને આપી દીધો. (૨૪૬)



## અધ્યાય-૫૬ / સુબોધિની અ. ૫૩

# રૂકિમણી, જાંબવતિ તથા સત્યભામા સાથે શ્રીકૃષ્ણનો વિવાહ

વિશેષ : સત્યભામાનો સાત્વિક વિવાહ, રુકિમણીનો રાજસ વિવાહ અને જાંબવતીનો તામસ વિવાહ છે. સત્રાજીતે વાચિક અભિશાપ આપ્યો ત્યારે ભગવાને ગુફામાં પ્રવેશીને જામ્બવાન સાથે કાયિક યુદ્ધ કર્યું. પરિણામે જામ્બવતી અને સત્યભામા મળ્યા, અપરાધ કરનારા ભગવત્ સંબંધિ થયા. રુકિમણી અને જામ્બવતીને પરાણે કલેશ કરીને લાવ્યા માટે તેમનો વિવાહ સાત્વિક નહિ. પંચવિદ્યાના પર્વ રૂપ પાંચ વિવાહિતા છે. ભગવાને કૃપા કરીને હજારો સાથે વિવાહ કર્યા પણ કામને લઈને સાત વિવાહ કર્યા. તથા એક વિધિથી કર્યા. આ અધ્યાયમાં બે વિવાહની વાત છે.

શ્લોક ૧ : શુકદેવજીએ કહ્યું કે સત્રાજીતે ભગવાન પર ખોટું આળ મૂકયું તે અપરાધમાંથી છૂટવા સત્રાજીતે સ્યમન્તક મણિ સહિત પોતાની કન્યા સત્યભામા આપી. ત્યારે પરીક્ષિતે જિજ્ઞાસા કરી કે સત્રાજીતનો શો અપરાધ હતો ? સ્યમન્તક કયાંથી મળ્યો ? તથા પોતાની કન્યા કૃષ્ણને કેમ આપી ?

વિશેષ : સત્યભામા સત્રાજીતને પુત્રીરૂપે સૂર્ય પાસેથી મળી હોવાથી, સૂર્ય પ્રસન્ન થઈને તેને સ્યમન્તક મણિ આપ્યો હતો, તે મણિ કંઠમાં પહેરી તે દ્વારકામાં આવ્યો ત્યારે ન ઓળખાય તેવો સૂર્ય સમાન મહા તેજસ્વી જણાતો હતો પણ ભગવાન તો તેને ઓળખી ગયા. તે પછી સત્રાજીતે તે મણિને વિધિપૂર્વક દેવ મંદિરમાં સ્થાપ્યો. તે મણિ રોજનું ૪૦ મણ સોનું આપતો હતો તથા તેની અસરથી રોગ-વ્યાધિ-દુકાળ કે અશુભ દૂર રહેતા હતા. એકવાર ભગવાને તેને કહ્યું કે આ મણિ તું રાજાને આપી દે પણ લોભવશ તેણે ભગવાનની આજ્ઞા ઉથાપી, જો કે ભગવાને તેને તેના બદલામાં એટલી જ વળતરની જાગીર-સંપત્તિ આપવાની પણ વાત કરેલી, છતાં તે ન્હોતો માન્યો.



૧૩ : એકવાર તેનો ભાઈ પ્રસેન તે મણિ કંઠમાં પહેરીને ઘોડા પર બેસી શિકાર ખેલવા ગયો. રસ્તામાં તેણે એક સિંહ મળ્યો, તેણે પ્રસેનને ઘોડા સહિત મારી નાખ્યો પછી તે મણિ લઈ ગયો, ત્યાં તો જામ્બવાન નામના બળવાન રીંછે તે મણિની ઈચ્છાથી સિંહને પણ મારી નાખ્યો અને મણિને પોતાની ગુફામાં લઈ જઈ પોતાના બાળકને રમવા આપ્યો. સત્રાજીતે ભાઈ અને મણિને ન જોયાં ત્યારે કહેવા લાગ્યો કે ‘‘કૃષ્ણએ મારી પાસે એકવાર મણિ માંગ્યો હતો તે મેં ન્હોતો આપ્યો તેથી મારા ભાઈને મારીને તેણે જ મણિ લઈ લીધો હશે.’’ ભગવાન પાસે આ વાત સાંભળવામાં આવી ત્યારે ભગવાન થોડાક લોકો સાથે મણિ શોધવા નીકળ્યા. ત્યાં તેમણે મરેલા ઘોડા તથા પ્રસેનને જોયા અને પછી સિંહને મરેલો જોયો તેથી ભગવાન નજીકની ગુફામાં પેઠા ત્યાં તેમણે બાળકના ઘોડીયા પાસે મણિ જોયો. અજાણ્યાને આવેલ જોઈને ત્યાં રહેતા જાંબવાન રીંછ સાથે ભગવાનને ભયંકર યુદ્ધ થયું. તેમાં જાંબવાન હારી ગયો તેથી તેને ખ્યાલ આવ્યો કે આ ભગવાન જ છે તેથી તેણે પોતાની કન્યા જાંબવતી સહિત મણિની ભેટ કરી. ભગવાનને તો મણિ જ જોઈતો હતો પણ જાંબવાને વગર માંગેલું આપવું તેવો સેવકધર્મ બજાવી પોતાની કન્યા આપી.

ગુફાની બહાર રહેલા લોકો તો ૧૨ દિવસ રાહ જોઈ ચાલ્યા ગયા જયારે જાંબવાન સાથેનું યુદ્ધતો ૨૨ દિવસ ચાલ્યું. ત્યાં વસુદેવ વ. એ ભગવાનને પ્રાપ્ત કરવા દુર્ગા પૂજા વ. કર્યા, ત્યાં તો ભગવાન જાંબવતી સાથે પધાર્યા. ભગવાને સત્રાજીતને સભામાં બોલાવીને પૂરી કથા કહી પછી મણિ તેને પાછો આપ્યો. ભગવાન પર કરેલા આક્ષેપો ખોટા સાબિત થવાથી તે ઝંખવાણો પડી ગયો. તેનું મન પશ્ચાતાપ અને ભયથી અશાંત થયું, તેના ઉપાય તરીકે તેણે સ્યમન્તકમણિ સહિત પોતાની પુત્રી સત્યભામાને ભગવાનને અર્પણ કરી. તે પછી તેમના વિધિવત લગ્ન થયે ભગવાને સત્રાજીતને કહ્યું કે અમે મણિ તો નહિ લઈએ. આપ સૂર્યભકત હોવાથી આપ જ તેને લાયક છો. વળી અમે જમાઈ થવાથી તેનું ફળ અમને પણ મળવાનું જ છે. જેથી ઓછું ન આણતા.

# પ્રકરણાર્થ રાજસ (અ. ૫૪ થી ૬૦)

કા. ૨૪૭ થી ૨૫૬ : હવે ૭ અધ્યાયથી રાજસોનું ફળ કહેવામાં આવે છે. અધ્યાય ૫૪માં યાદવોમાં અક્રૂર મુખ્ય હોવાથી તેનું ફળ કહેવાશે. તે પછી વિદ્યાના પાંચ પર્વરૂપ પાંચ વિવાહ કહેવાશે કારણ કે શ્રીકૃષ્ણના સંબંધને લીધે નાયિકાઓ ફલરૂપ મનાએલ છે. તેથી તેમના સંબંધમાં જે કોઈ આવશે તેઓ પણ શ્રીકૃષ્ણ રૂપ ફલ પ્રાપ્ત કરીને દુઃખમાંથી છૂટશે. ત્યાર પછી એક હજારની

(ઘણી બધી) સંખ્યામાં સોળકળાવાળી મનની વૃત્તિરૂપ સ્ત્રીઓને, હરિ સમ્બન્ધથી પ્રાપ્ત થાય છે. અને તેઓના સંબંધથી બીજાઓને હરિ પ્રાપ્ત થશે. આ સોળ હજાર (મનની સોળ વૃત્તિ છે તેમાંથી પ્રત્યેકની હજાર શાખાઓ) સ્ત્રીઓ નરકના અંતઃપુરમાં હતી. ત્યાં તેમને હરિપ્રાપ્તિ થઈ (૨૫૦)

તે ફલ ચાર પ્રકારના છે. (૧) શ્રી કૃષ્ણની પ્રાપ્તિ (૨) શ્રીકૃષ્ણને તેમની પ્રાપ્તિ આ બે ફલ પરસ્પરના સ્વીકાર સમાન છે. એટલે કે તેઓને શ્રી કૃષ્ણની પ્રાપ્તિ કૃષ્ણે તેમની સાથે વિવાહ કર્યા તે રીતે પછી (૩) ભગવાનના અંશ રૂપ પુત્રો પૌત્રો પ્રાપ્ત થાય છે. (૪) આ પુત્રો પૌત્રોનું લગ્ન ભગવાન શંકર સાથે યુદ્ધ કરીને પણ પાર પાડે છે. (૨૫૩) જેમ લોકમાં કામ પાર પાડનાર પ્રતિ પ્રેમ થાય છે. તેમ સર્વનો પ્રેમ કૃષ્ણમાં થયો (૨૫૪) શ્રીકૃષ્ણ પ્રતિ પ્રેમ થવાના કારણે સ્વપ્નમાં પણ કૃષ્ણ રહે છે અને મનોરથો પણ કૃષ્ણ સંબંધિ થાય છે. આ પ્રકારે તેમને કૃષ્ણમાં અદ્વૈત થઈ જાય છે. જો કે અદ્વૈત થવું તે તો મુખ્યફલના અધિકારી માટે સાધનરૂપ છે. પણ તે સાયુજ્યના અધિકારી માટે ફલરૂપ છે. (૨૫૫) અર્થ અને ધર્મ, ધર્મ અને કામ, કામ અને મોક્ષ પુરુષાર્થો અહીં કહ્યા. તેઓ છૂટા છૂટા કે એકબીજાથી ભળેલા પણ ફલરૂપ જ છે. (૨૫૬)

## અધ્યાયાર્થ - ૫૪ સુબોધિની

<u>કા. ૨૫૭</u> : અક્રૂરને ધર્મ સાથે ભળેલું અર્થરૂપ ફલ (સ્યામંતક મણિ) ફળ તરીકે થયું તે માટે ભગવાને લોકથી વિલક્ષણ તેવું પોતાના પર તોહમત લીધું અને દૂર કર્યું, તેવી લીલા કરી (૨૫૭) સત્રાજીતનો વધ અક્રૂર અને કૃતવર્માએ કર્યો હોત તો ભગવાન પ્રસન્ન ન થાત પણ શતધન્વા કે જે ભગવાનને પ્રિય છે તેણે સૂર્ય ભકત તેવા સત્રાજીતનો વધ કરાવ્યો. ભગવાન પોતાના જનને અન્યસંબંધથી છોડાવીને પોતાનામાં આસકત કરીને મુકિત અપાવે છે. (૨૫૯) આ શતધન્વાએ સૂતેલા સત્રાજીતને ઘરની સ્ત્રીઓને રડાવીને માર્યો તેથી શતધન્વાને ભગવાને જ માર્યો કે જેથી તેની મુકિત થાય. (૨૬૦)

ફલ પ્રકરણમાં છૂપી રીતે કરેલી લીલા કહેવાની છે તેથી ભગવાન જાણતા હોવા છતાં હસ્તિનાપુરમાં જાણ્યું કે સત્રાજીત મરાયો, ત્યારે પોતે વિલાપ કર્યો. પછી દ્વારકા આવી શતધન્વાને મારીને તેની પાસેથી મણિ માટે ઉદ્યમ કર્યો. અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને ભગવાન સંબંધી જ્ઞાન આપ્યું હતું તે જાણ્યું તથા શતધન્વાને નાથવામાં વિલંબ થયો તે પણ જાણ્યું. શતધન્વાએ પ્રભુનું સ્વરૂપ જાણ્યું હતું તેથી તે ઘણા તેજ ઘોડા પર બેસીને ભાગ્યો કેમ કે



તેને બીજાની મદદ માંગવામાં ઘણો વિલંબ થઈ ગયો હતો. (૨૬૧) શતધન્વાને અક્રૂર તથા કૃતવર્માએ ભગવાનનું સ્વરૂપ જણાવ્યા છતાં તે દ્વારકામાં રહીને ભગવાનને શરણે આવવાને બદલે ભાગ્યો તેથી દોષવાળો થયો, વળી કૃષ્ણ સામે યુદ્ધ કરવા માટે તેણે બે મિત્રોની મદદ પણ માંગી. તેથી તે હણવા યોગ્ય થયો. (૨૬૩)

ભગવાન શતધન્વાને મારીને તેની પાસેથી મણિ માટે ઉદ્યમ કર્યો. અકુર અને કૃતવર્માએ શતધન્વાને ભગવાન સંબંધી જ્ઞાન આપ્યું હતું તે જાણ્યું તથા શતધન્વાને નાસવામાં વિલંબ થયો તે પણ ભગવાને જાણ્યું. શતધન્વાએ પ્રભુનું સ્વરૂપ જાણ્યું હતું તેથી તે ઘણા તેજ ઘોડા પર બેસીને ભાગ્યો. કેમ કે તેને બીજાની મદદ માંગવામાં ઘણો વિલંબ થઈ ગયો હતો. (૨૬૧) શતધન્વાને અક્રૂર તથા કૃતવર્માએ ભગવાનનું સ્વરૂપ જણાવ્યા છતાં તે ધ્વારકામાં રહીને ભગવાનને શરણે આવવાને બદલે ભાગ્યો તેથી દોષવાળો થયો. વળી કૃષ્ણ સામે યુદ્ધ કરવા માટે તેણે બે મિત્રોની મદદ પણ માંગી તેથી તે હણવા યોગ્ય થયો. (૨૬૩) ભગવાન શતધન્વાને મારીને તેને મુકિત આપવાના હતા પણ તેમાં બલભદ્ર સમંત ન થયા કેમ કે આવી રીતે મુકિત આપવી તે તો અલૌકિક ફળ છે જે મર્યાદા પ્રમાણે યોગ્ય નથી (જે ભગવાનનો જ વિરોધી હોય તેને ફળ કેવું ? તેવી મર્યાદા ભગવાને ઉલ્લંઘી) (૨૬૪) અહીંથી ફલપ્રકરણમાં શ્રીકૃષ્ણ અને બળદેવની શકિતના વિભાગ થાય છે. ભૂમિનો ભાર ઉતારવાનું કાર્ય આ બન્નેએ કરવાનું હતું. લોકો બે પ્રકારના હોવાથી તેમને ફલ આપવાના પ્રકાર પણ બે છે તેથી અહીંથી બન્ને છૂટા પડયા અને બળદેવ મિથિલા ગયા. (જયાં જનક - મર્યાદા છે.) (૨૬૫) ભગવાન તો જાણતા જ હતા કે શતધન્વા પાસે મણિ નથી છતાં તેને હણીને તેના કપડાંમાં તપાસ કરી પણ મણિ ન મળ્યો તેથી બલભદ્ર પાસે આવી કહ્યું - આને નકામો હણ્યો, તેની પાસે મણિ નથી. ત્યારે બલભદ્રે માન્યું કે કૃષ્ણે જ મણિ પોતાની પાસે રાખી લીધો. તેથી તેમને અરુચિ બતાવીને મિથિલા ગયા. (હરિવંશ-સ્કંધપુરાણ. અ.૩૮) અહીંથી બલભદ્ર કૃષ્ણથી જુદા મતવાળા થયા. (૨૬૩) લોકમાં પણ સસરાને મારનારને તથા સ્ત્રીઓને રડાવીને મારનારને કોઈ ઉત્તમફળ આપે તો ન જ ગમે તેથી ભગવાને મણિના બહાને તેને માર્યો તેથી મુકિત મળી. તેથી બળભદ્રને પણ આવું ફળ મળે તે ન ગમ્યું તેથી મિથિલા ગયા (૨૬૮) શ્રીકૃષ્ણનો કોપ જાણીને હવે તે મણિ માટે મને મારશે તેમ માનીને અક્રૂર તથા કૃતવર્મા દ્વારકા છોડી ગયા. અક્રૂરે કાશીમાં જઈને મણિથી પ્રાપ્તધનથી યજ્ઞો વ. કરી ધર્મ પ્રાપ્ત કર્યો (૨૬૯) તે પછી તે બન્ને દ્વારકા ભગવાનના બોલાવવાથી પાછા આવ્યા.

ભગવાને તેમની પાસે રહેલો મણિ ફરી તેમને જ આપ્યો. આમ તેમણે અર્થરૂપ મણિ અને ધર્મરૂપ યજ્ઞ વ. પુરુષાર્થ કર્યા. (૨૭૦)



## અધ્યાય-૫૭ / સુબોધિની અ. ૫૪

## મણિનિમિત્તે સત્રાજીત અને શતધન્વાનો વધ

વિશેષ : આ પ્રકરણમાં શત્રુ મિત્ર અને ઉદાસીનનું ફળ કહે છે. જેમ તામસનું ફળ કામ કહ્યું તેમ અહીં રાજસનું ફળ ક્રોધ કહેશે. અહીં ૪ પ્રકારે જય કહેવાશે ૧. ભગવદ્ધર્મ વડે ૨. ધર્મી ભગવાન વડે ૩. બળદેવજીથી ૪. યાદવોથી. તેનાથી રાજસોનો નિરોધ થશે. આ અધ્યાયમાં સત્રાજીત, શતધન્વા અને અક્રૂરને ભગવાને જીત્યા એટલે કે ભગવાનની ઈચ્છા પ્રમાણે કાર્ય થયું.

શ્લોક ૧ : ભગવાન તો જાણે છે કે પાંડવો સહિત કુન્તાજી લાક્ષાગૃહમાં બળ્યા નથી પણ લોકમાં તેમને બળી ગયાં જાણીને હસ્તિનાપુર ખરખરો કરવા ગયા. ભગવાનની ગેરહાજરીનો લાભ લઈને અક્રૂર તથા કૃતવર્માએ શતધન્વાને સત્રાજીત પાસેથી મણિ આંચકી લેવા ઉશ્કેર્યો, કેમ કે સત્રાજીત તેને કન્યા આપવાનો હતો. ત્યારે શતધન્વાએ મણિના લોભમાં સૂતેલા શત્રાજીતને સ્ત્રીવર્ગના દેખતાં, કસાઈ પશુને મારે તેમ મારી નાખ્યો. ત્યારે તેમની પુત્રી સત્યભામા વ. બહુ શોક કરવા લાગ્યા ! તથા પિતાના શબને તેલમાં સાચવી રાખ્યું અને કૃષ્ણને હસ્તિનાપુર આ વાત કહેવા જાતે ગયા, ત્યારે ભગવાન અને બળદેવજી સત્યભામા સહિત દ્વારકા પાછા પધાર્યા અને મણિ પાછો મેળવવાની પેરવીમાં પડયા. આ સમાચાર જાણીને શતધન્વા ડરી ગયો, તેણે કૃતવર્મા તથા અક્રૂર પાસે મદદ માંગી પણ તે બન્નેએ ભગવાનના અલૌકિક સામર્થ્યનું તેને જ્ઞાન કરાવ્યું અને પોતે તેને સહાય નહિ કરી શકે તેમ કહ્યું. તેથી નિઃસહાય શતધન્વા તેજ ઘોડા પર બેસીને ભાગ્યો અને મણિ અક્રૂરને સાચવવા આપ્યો. મિથિલાનગરી પાસે ઘોડો પડી જતાં તે ચાલતો ભાગ્યો, તો ભગવાને પણ ચાલતાં જઈને સુદર્શનથી તેનો વધ કર્યો. પછી તેની પાસે જઈ તેનાં કપડાં ખંખેર્યા પણ મણિ ન મળ્યો તેથી કહ્યું આને વૃથા માર્યો તેની પાસે મણિ નથી. ત્યારે બળદેવજીએ મનથી નારાજ થઈને (કે મણિ કૃષ્ણે રાખી લીધો છે) ભગવાનથી છૂટા પડી મિથિલા ગયા.

વિશેષ : રામ અને કૃષ્ણ બન્ને ભૂતલ પરનો ભાર ઉતારવા પધારેલ વળી લોકો (૧) પ્રવૃતિમાર્ગી (સંસારી) અને નિવૃતિમાર્ગી (સંન્યાસી) કે કર્મપરાયણ અને ભકિત પરાયણ તેમ બે પ્રકારનાં છે. રામ તથા શ્યામ જો એક જ પક્ષે રહે



તો બીજો પક્ષ નબળો પડી જાય. બન્ને ભાઈનો સ્વભાવ વિરુદ્ધ પ્રકારનો છે, તેથી બલદેવજી મિથિલામાં દુર્યોધનને ગદા શિખવવા ગયા. અહીંથી બન્નેની શકિત છૂટી પડી. તેથી ભગવદ્ભકતોની બુદ્ધિમાં ફેર થયો, તેથી અક્રૂર ભીષ્મ વ. ભગવાનથી જુદા સ્વભાવવાળા થયા શકિતના વિભાગથી શાસ્ત્રનો પણ વિભાગ થયો. બલદેવજી જ્ઞાનનિષ્ઠ જ્યારે કૃષ્ણ ભકિતનિષ્ઠ. એકબાજુ ક્રિયા અને જ્ઞાન શકિત તો બીજીબાજુ ભકિત અને પરમાનંદ.

શ્લોક ૨૫ : બલદેવજીને પધારેલા જોઈને મિથિલાના રાજાએ પ્રસન્ન થઈને તેમનું પૂજન કર્યું. ત્યાં બલદેવજી કેટલાક વર્ષ રહ્યા. ત્યાં દુર્યોધનને ગદાવિદ્યા શીખવી. આ બાજુ ભગવાન દ્વારકા પધાર્યા, ત્યાં બધાને સમાચાર આપ્યા કે શતધન્વા મરાયો, તેની પાસેથી મણિ ન મળ્યો. તે પછી સત્રાજીતની ઉત્તરક્રિયા કરાવી. કૃતવર્મા તથા અક્રૂરે લોકોની વાત સાંભળી કે હવે કૃષ્ણ મણિ માટે તેઓને પણ મારશે તેથી તેઓ દ્વારકા છોડીને ચાલ્યા ગયા. અક્રૂર દ્વારકાનો દાનાધ્યક્ષ તથા કૃતવર્મા કોટવાલ હતો. લોકો એમ માનવા લાગ્યા કે અક્રૂરના જવાથી દ્વારકામાં અનિષ્ટ અને અરીષ્ટનો સામનો કરવો પડયો. કોઈ એમ પણ કહેતું કે કાશીમાં વરસાદ ન્હોતો પડતો ત્યારે કાશીરાજે પોતાની પુત્રીને અક્રૂરના પિતા સાથે પરણાવી એટલે ત્યાં વરસાદ થયો. ભગવાન જાણે છે કે ઉપદ્રવનું આજ માત્ર કારણ નથી છતા ભગવાને દૂત મોકલીને અક્રૂરને તેડાવ્યા અને તેમનું સ્વાગત કર્યું. ભગવાને ખૂબી પૂર્વક કહી દીધું કે મણિ તમારી પાસે છે. ભલે મણિ પર જમાઈ તરીકે અમારો અધિકાર છે છતાં તમારી પાસે રહે તેમાં જ ભલાઈ છે. પણ બળદેવજીની ખાત્રી કરાવવા તમે તેમને તે બતાવી દો. અક્રૂરે મણિ ભગવાનને આપ્યો ભગવાને તે સૌને બતાવ્યો અને પોતાના પરનું કલંક દૂર કર્યું. પછી પોતે દંડ દેવા સમર્થ હોવા છતાં મણિ અક્રૂરને પાછો આપી દીધો.

## અધ્યાયાર્થ - ૫૫ સુબોધિની

ભગવાને અક્રૂર દ્વારા પાંડવોને સાંત્વન કરાવ્યું તથા તેમને ધર્મ અર્થ અને કામ તેમ ત્રણ ફળ આપ્યા અનુક્રમે ૧. વિશ્વકર્મા દ્વારા નગર કરાવી આપ્યું. ૨. અગ્નિ દ્વારા ગાંડિવ અપાવ્યું ૩. મય દ્વારા સભા અપાવી. (૨૭૧) યાદવોને પરલોકમાંનું ફળ પ્રાપ્ત થાય તેમાં વેદરૂપ સૂર્યની સમ્મતિ છે તેમ જણાવવા સૂર્યની પુત્રી કાલિન્દી પ્રાપ્ત થયાનું કહેલ છે. (૨૭૨) ભગવાન કાલિન્દીને પ્રાપ્ત કરવા જ ઈન્દ્રપ્રસ્થ પધારેલા તેમ લોકો ન જાણે તે માટે ભગવાન પછી પાણ્ડવોના કાર્ય સિદ્ધ કરવા કેટલોક વખત ત્યાં રહ્યા. પછી

ભગવાન દ્વારકા પધારી ત્યાં કાલિન્દીને પરણ્યા. (૨૭૩) કાલિન્દી આત્મજ્ઞાનનું સ્વરૂપ છે તેથી અર્જુનને તેમણે પાછો કાઢેલ. બીજા મિત્રવિન્દા તપનું સ્વરૂપ છે તે ફોઈની પુત્રી હોવાથી પોતાનો હકક હોવાથી તેમનું હરણ કર્યું. તેમના ભાઈ વિન્દ અને અનુવિન્દ અંદરના અને બહારના તાપ જેવા હતા. તેમની ઈચ્છા પોતાની બેનને દુર્યોધનને આપવાની હતી તેથી ભગવાને તેનું હરણ કર્યું. (૨૭૫) નાગ્નજીતી સુર્યવંશી હતી અને સૂર્યવંશીઓ યોગીઓ હોવાથી તે પણ યોગરૂપ છે. સાત આખલારૂપ વ્યસનો ઉપર વિજય મેળવીને ભગવાને તેને પ્રાપ્ત કરેલી. વ્યસનો પરનો વિજય યોગરૂપ છે. (૨૭૬) યોગથી સિધ્ધિ પ્રાપ્ત થાય છે તે બતાવવા નાગ્નજીતીના દાયજાનું વર્ણન છે. વ્યસનીઓને ઈચ્છા છતાં સિધ્ધિ પ્રાપ્ત થતી નથી તેથી તેવા વ્યસનીરાજાઓને અર્જુન સાથે યુધ્ધ થયાનું કહ્યું છે. (૨૭૭) નિત્ય અને અનિત્યના પદાર્થોને જાણવાની શકિતવાળા ભદ્રાને તેમના ભાઈઓએ જ ભગવાન સાથે પરણાવ્યા. તે વૈરાગ્યરૂપ હતા. જ્ઞાન, યોગ અને તપ પ્રાપ્ત થતાં વૈરાગ્ય એની મેળે જ પ્રાપ્ત થાય છે. લક્ષ્મણા ભકિતરૂપ હતા. તેમના વિવાહનું વર્ણન તેથી તો સાત્વિક ફલપ્રકરણમાં લંબાણથી કર્યું છે. તેથી સિધ્ધ થાય છે કે લક્ષ્મણા ભગવાનને બલ તથા બુધ્ધિ બન્નેથી પ્રાપ્ત થયા (૨૭૯) સર્વ મહારાણીઓને ભગવાને સર્વ પુરુષાર્થોનું દાન કરેલ છે અને તે પુરુષાર્થ સર્વનું હિત કરનાર તથા પોતાની મેળે જ ફલ આપનાર હોવાનું આ પ્રકરણમાં કહેલું છે. આ વીર્ય દર્શાવનાર અધ્યાય છે.

## અધ્યાય-૫૮ / સુબોધિની અ. ૫૫

## પાંચ કન્યાઓને ભગવાન પરણ્યા

વિશેષ : આ અધ્યાયમાં ભગવાન વિદ્યાના પાંચ પર્વરૂપ કન્યાઓ વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભકિતને પરણ્યા. રુકિમણીજી માયારૂપ છે તેના સંબંધથી કામ, ક્રોધ અને લોભ થાય તેનું નિરાકરણ કર્યું. ભગવાનને પુત્રની અભિલાષા ન હોય તેથી તો પ્રદ્યુમ્નને નારદજીની સંમતિ પછી જ સ્વીકાર્યો (કામ). ભગવાનને ક્રોધ હોત તો જામ્બવતીજીને ન સ્વીકારત અને ભગવાનને લોભ હોત તો સ્યમન્તક પાછો ન આપત. તેથી આ ત્રણે દોષ ભગવાનમાં નથી. હવે વિદ્યાનું ફળ કહે છે - તેથી ભગવાન નિર્દોષ પૂર્ણગુણ સિધ્ધ થશે. ૫૯મા અધ્યાયમાં ત્રિલોકના સુખનું દાન કરશે. સાઠમા અધ્યાયમાં રુકિમણીજીના દોષોનું નિવારણ કરશે. ૬૦માં અધ્યાયથી આંતર્દોષ તથા ૬૧માં અધ્યાયથી રુકમીરૂપ બાહ્યદોષોને દૂર કરે છે. પછીના બે અધ્યાયથી સર્વના બાહ્ય દોષો દૂર કરે છે. ત્યાં રાજસ પ્રકરણ પૂરું થશે.



વિદ્યામાં સૂર્યની મુખ્યતા છે તેથી સૂર્યપુત્રી કાલિન્દી સાથે ભગવાનનું લગ્ન કહ્યું. શત્રુનો પરાજય કરી બીજી મિત્રવિન્દાને સમ્પાદિત કરી. કાલિન્દી જ્ઞાનરૂપા અને મિત્રવિન્દા તપોરૂપા છે. ત્રીજી સૂર્યવંશના રાજા નગ્નજીતની કન્યા સત્યાને પરણ્યા તે ભકિતરૂપા છે તેથી ભગવાન ત્યાં જઈને વ્યસનરૂપ સાત આખલાને જીતીને પરણ્યા. નિબન્ધમાં નાગ્નજીતીને યોગરૂપા અને લક્ષ્મણાને ભકિતરૂપા કહી છે. જ્ઞાન અને ભકિતની વચ્ચે મિત્રવિન્દાનો લૌકિક વિવાહ કહ્યો તેથી કહેવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાન અને ભકિત સ્વતંત્ર છે. ભદ્રા અને લક્ષ્મણા યોગ અને સાંખ્યરૂપા છે. તેમાં યોગનું ફલ ભકિત અને સાંખ્યનું ફળ જ્ઞાન છે તેથી લક્ષ્મણા માટે કલેશની ભાવના રૂપ યુદ્ધ થયું. આમ પાંચ પર્વ રૂપ કન્યા સાથે છઠ્ઠા ભગવાન પૂર્ણરૂપે નિરૂપણ કરાયા.

પ્રથમ અધ્યાયમાં ભગવાન અને તત્ત્વનો વ્યાપાર છે, ૨૯ શ્લોકથી વિવાહ કહેવામાં આવે છે તેમાં ભકિત અને કર્મ - જ્ઞાનના અંગ તરીકે કહ્યા છે તેથી ૧૨ શ્લોકથી ભકિત અને પાંચ શ્લોકથી કર્મ, પછી ભકત દ્વારા દશ શ્લોકથી એનું ગ્રહણ કર્યું છે. ભકતના ઉદ્ધાર માટે પ્રયત્નશીલ હોય તે જ જ્ઞાનશકિતને ગ્રહણ કરે છે, તે ભગવાને પાણ્ડવોને લાક્ષા ગૃહમાંથી બચાવ્યા તેનાથી સિદ્ધ થાય છે.

શ્લોક ૧ થી ૧૨ : પાંડવો લાક્ષાભવનમાં નથી બળી ગયા તે વાત જાહેર થઈ ત્યારે શ્રીકૃષ્ણ મુખ્ય યાદવો સાથે તેમને મળવા ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. પાંડવો ભગવાનને પધારેલા જોઈ ખૂબ જ રોમાંચિત થયા અને સર્વનો સત્કાર કર્યો. ભગવાન કુંતાજી તથા દ્રૌપદી સહિત બધા ભાઈઓને મળ્યા. કુન્તાજી ભગવાનના દર્શનથી વિહ્વળ થઈ ગયા અને કહ્યું કે તમે અમારી હંમેશા કાળજી રાખો છો. તમે બધા માટે સમાન હોવા છતાં તમારું અખણ્ડ સ્મરણ કરનારના હૃદયમાં બિરાજી જાઓ છો. યુધિષ્ઠિરે પણ ભગવાનની સ્તુતિ કરી કે અમે મહા ભાગ્યશાળી છીયે કે ઘરે બેઠા આપના દર્શન થયા છે. ભગવાન પાણ્ડવોના આગ્રહવશ ત્યાં ચાર મહિના (વર્ષાઋતુમાં) ત્યાં જ રહ્યા.

૧૩ થી ૨૨ : એકવાર અર્જુન તથા ભગવાન રથ ઉપર બેસીને શિકાર ખેલવા ગયા. ત્યાં ખૂબ શિકાર કર્યા પછી થાકી ગયેલો અર્જુન તૃષા બુઝાવવા યમુનાને તીરે ગયો, ત્યાં એણે એક ખૂબ જ સ્વરૂપવાન સુંદરી જોઈ તેથી પૂછયું કે શું તમે કોઈ યોગ્ય પતિને ઈચ્છો છો ? ત્યારે તે કાલિન્દીજીએ કહ્યું-હું વિષ્ણુ મારા પતિ થાય તેમ ઈચ્છું છું તેથી અહીં તપ કરુ છું. મને પિતાએ આ જળમાં ભવન બનાવી આપ્યું છે તેમાં રહુ છું અને ભગવાનના દર્શનની પ્રતિક્ષામાં છું.

<u>વિશેષ</u> : ''હું યમુનાજીના જલમાં રહું છું'' તે વચનથી યમુનાજી અને કાલિન્દીજી ભિન્ન છે. નદી પર્વત વ. ને અભિમાની દેવતા હોય છે તેથી તેઓને જડ નહિ માનવા. તેમનાથી પણ પુત્ર-પુત્રી ઉદ્‌ભવી શકે છે તેથી તો શ્રીયમુનાજી સૂર્યપુત્રી ગણાય છે. વેદાત્મા સૂર્યમાં હિરણ્યગર્ભ ભગવાન રહે છે. કાલિન્દીજી ભૌતિક સૂર્યના પુત્રી છે અને યમુનાજી આધિદૈવિક સૂર્યના પુત્રી છે.

<u>૨૩ થી ૨૭</u> : અર્જુને આ વાત ભગવાન પાસે આવીને કહી. તે પછી ભગવાને પાંડવો માટે વિશ્વકર્મા પાસે એક અદ્‌ભૂત નગરી બનાવડાવીને આપી. પછી ભગવાન ત્યાં ઘણા દિવસ રહ્યા. તે દરમિયાન એકવાર ભગવાન સારથી બનીને અર્જુન સાથે ખાંડવ-વન આવ્યા અને તે અગ્નિને ખાવા માટે આપ્યું ત્યારે પ્રસન્ન થઈને અગ્નિદેવે અર્જુનને ગાણ્ડીવ ધનુષ, ચાર સફેદ ઘોડા સહિત રથ અને બે અક્ષય ભાથા આપ્યા તથા અભેદ કવચ આપ્યા. મય દાનવને બળતા ખાંડવ વનમાંથી બચાવી લીધો હતો તેથી તેણે પાણ્ડવો માટે અદ્‌ભૂત સુધર્મા સભા આપી જેમાં દુર્યોધનને જલમાં સ્થલનો ભ્રમ થયો હતો.

<u>૨૮ થી ૫૪</u> : તે પછી ભગવાન અર્જુનની સમ્મતિ લઈને દ્વારકા પધાર્યા. પછી અનુકૂળ કાળમાં કાલિન્દીજીનું પાણીગ્રહણ કર્યું. અવન્તિના રાજા દુર્યોધનના અનુયાયી હતા. તેમનાં બહેન મિત્રવિન્દા સ્વયંવરમાં કૃષ્ણને પતિ બનાવવા ઈચ્છતા હતા. પણ તેમના ભાઈએ તેમને રોકયા તેથી ભગવાન તેનું પરાણે હરણ કરી ગયા. હવે ત્રીજો વિવાહ કહે છે - નગ્નજિત નામે ધાર્મિક રાજાની કન્યા નાગ્નજિતી હતી. તે રાજાની શરત પ્રમાણે જે કોઈ ખૂબ ક્રોધી સાત આખલા પર વિજય પ્રાપ્ત કરે તેને સત્યા મળે. ભગવાન સેના સહિત અયોધ્યામાં આવ્યા ત્યારે કોશલનરેશે સ્વાગત કર્યું. નાગ્નજિતી પણ પ્રસન્ન થઈ. ભગવાને રાજા પાસે તેની કન્યાની માંગણી કરી ત્યારે કોશલનરેશે પોતાની શરત વિનમ્રતાથી કહી સંભળાવી કે આ સાત અતી ક્રોધી આખલાને જે એક જ દોરડાથી નાથ ઘાલી દે તેને હું કન્યા વરાવું. ભગવાને સાત સ્વરૂપ ધારણ કરીને એક સાથે સાત સાંઢને નાથ ઘાલી દીધી અને તેમને ઢસડયા. ભગવાને વિધિવત્ પાણીગ્રહણ કર્યું. રાજાએ ઘણા દાયજા સાથે કન્યાને વરાવી. રસ્તામાં વિરોધી રાજાઓએ ભગવાનને ઘેરી લીધા ત્યારે અર્જુને ગાંડીવથી તે બધાંને નસાડી દીધા.

<u>વિશેષ</u> : જ્ઞાનમાં પ્રપંચના સર્વ પદાર્થો વિરુધ્ધ હોય છે, જ્યારે ભકિતમાં કેવલ સ્વભાવ વિરોધી હોય છે, તેમાં સાત વ્યસન બાધક છે. ભગવાન ભકતમાં છ ધર્મોનું સ્થાપન કરે તો તે ભગવદ્ તુલ્ય થઈ જાય છે. સખ્ય અને આત્મનિવેદનથી ભગવાન પોતાના ધર્મનું સ્થાપન કરે તો તેના વ્યસન સમૂલ નાશ થાય. નાગ્નજિતી ભકિતરૂપા છે. પાખંડીઓને જીતી લે તે નાગ્નજિતી રાજા શ્રૌત-સ્માર્ત ધર્મનું રક્ષણ કરનારો છે માટે તેને ધાર્મિક કહ્યો છે. સ્વરૂપ, સાધન અને ફલ વડે ભકિત સત્ય છે માટે તેનું નામ સત્યા પણ છે. અધર્મનો પણ ભકિતથી ઉત્કર્ષ થાય છે સાત ભકિત દ્વારા વ્યસનોનું નિરાકરણ કરી દેવામાં આવે છે અને સખ્ય તથા આત્મનિવેદન ભગવાનનું સંપાદન કરી આપે છે. સાત આખલા તે ભૂખ-૧, પ્યાસ-૨, રોગ-૩, ચોરી વ. નિષિધ્યે કર્મ, હિંસા વ. કર્મ-૪, જુગાર-૫, મદ્યપાન-૬, સ્ત્રીસંગ-૭,

<u>૫૫ થી ૫૮</u> : ત્યારબાદ ભગવાન દ્વારકા પધાર્યા. ભગવાનનાં ફોઈ શ્રુતકીર્તિને કેકેય દેશમાં પરણાવ્યા હતા. તેમની પુત્રી 'ભદ્રા' હતી. તેના ભાઈ સન્તર્દને પોતાની બેનને સામે ચાલીને કૃષ્ણ સાથે પરણાવ્યા. મદ્રદેશના રાજાની કન્યા લક્ષ્મણા હતી - ભગવાનને તેનું સ્વયંવરમાંથી હરણ કર્યું તે સિવાય ભગવાને ભૌમાસુરને મારીને તેના બન્દીગૃહમાંથી બીજી હજારો ઉત્તમ જ્ઞાનયુકત સુન્દરીઓને છોડાવી લાવીને તેમની સાથે લગ્ન કર્યા.

## અધ્યાયાર્થ-પ૬ સુબોધિની

આ યશરૂપ લીલા છે કેમ કે અહીં બતાવે છે કે ભોગના વિષયો તો અનન્ત છે પણ જ્ઞાનથી પ્રાપ્ત થાય તેવા ફળમાં સંતોષ થવો જોઈએ. (નર+ક = નરકાસુર 'નરોનુ સુખ') ને હણીને તથા દેવોનો પરાજ્ય કરીને, લોક તથા વેદનું સમર્થન કરીને શ્રીકૃષ્ણે કાળના દોષોને દૂર કરવા મનની વૃત્તિઓ રૂપ સોળ હજાર રાજ કન્યાઓ સાથે લગ્ન કર્યા. અવિદ્યાના કાર્યરૂપ મુર નરકનું રક્ષણ કરતો હતો. 'પીઠ' સહિત તેના પુત્રો-ઈન્દ્રિયો વ. સાધનવાળા પ્રાકૃત હતા.

(પીઠ = નરકાસુરનો સેનાપતિ) ચારમૂર્તિવાળા ભગવાનના પુત્ર નરકે તપના અંતે માગણી કરવાથી ભૂમિનો પુત્ર થયો. વળી તેને વરદાન મળ્યું કે તેની પાસે નારાયણાસ્ત્ર હશે ત્યાં સુધી કોઈ તેને મારી નહિ શકે પણ તે અસ્ત્ર તેણે પોતાના પુત્ર ભગદત્તને આપી દીધું, તે અસ્ત્ર ન હોવાથી તે હણાયો વળી મનુષ્ય લોકનું આ જે સુખ છે (નર+ક) તે તો દૈવાધીન છે. કેમકે આ નરો ભગવાનની આજ્ઞાથી વિરુધ્ધ કર્મ કરવા વાળા છે તથા અવિદ્યાના કાર્ય અહંતા વ. થી રક્ષાયેલ ઈન્દ્રિયો વ. થી પુષ્ટ થએલ ભૂમિ ઉપર રહે છે તે અસ્ત્રનું ફળ નરકાસુર માટે હતું તેથી ભગદત્ત પાસે તે હોવા છતાં તે અર્જુનના હાથે મરાયો. તેથી સિદ્ધ થાય છે કે વૈરાગ્ય અને ભકિતવાળો હોય તેને શ્રીકૃષ્ણ બન્ને લોકના ફળ આપે છે સર્વ યાદવોને ફલ આપવા માટે ભગવાને આવી લીલા કરેલી.

## અધ્યાય-૫૬ / સુબોધિની અ. ૫૯

# ભૌમાસુરને મારીને ભગવાને સોળહજાર કન્યાઓને લાવીને એમની સાથે લગ્ન કર્યા.

શ્લોક : પરીક્ષિતે પૂછ્યું કે - ભગવાને ભૌમાસુર કે જેણે સુન્દરીઓને બંદીગૃહમાં પૂરી હતી તેને શા માટે માર્યો ?

૧ થી ૨ : શુકદેવજી - ભૌમાસુરે ઈન્દ્રનું છત્ર, માતા અદિતિનાં કુણ્ડળ તથા મણિપર્વત નામે સ્થાન છીનવી ગયો હતો તેથી ઈન્દ્રે દ્વારકા આવી ભગવાન કૃષ્ણને તે બધું ફરી પ્રાપ્ત કરાવવા વિનંતી કરી તેથી ભગવાન સત્યભામા સહિત ગરૂડ પર સવાર થઈ પ્રાગજ્યોતિષપુર આવ્યા.

વિશેષ : ભૌમાસુરે ઈન્દ્રને હરાવી આ વસ્તુઓ પડાવી લીધી હતી તે કુંડળ તેણે પોતાની માતા ભૂમિને આપ્યા. ભૌમાસુર વામનનો પુત્ર છે તેથી ઈન્દ્રે કૃષ્ણ ભગવાનને સ્તુતિ કરી. ચતુર્મૂર્તિ ભગવાનનું કાર્ય એકથી તપ કરવાનું, બીજાથી રક્ષા કરવાનું, ત્રીજાથી ભોગવવું અને ચોથી મૂર્તિ નિદ્રા કરે. આ રેંટચક્રની જેમ ચાલ્યા કરે. એકવાર પૃથ્વી તપ કરતી હતી ત્યારે સંધ્યા સમયે ભગવાને પ્રસન્ન થઈને માંગવા કહ્યું તો તેણે પુત્ર માંગ્યો તે નરકાસુર થયો. સંધ્યાનો નિષિદ્ધકાળ હોવાથી તે અસુર થયો. ભગવાને તેને વચન આપ્યું કે તે અસૂર હોવા છતાં તારી સમ્મતિ વગર મારીશ નહિ. વળી તેને માટે નારાયણાસ્ત્ર આપ્યું કે જેથી તે કોઈથી મરે નહિ. તેણે મહાદેવજી પાસેથી ત્રિશૂળ પણ મળ્યું હતું, તે પોતે રાખીને નારાયણાસ્ત્ર તેણે પોતાના પુત્ર ભગદત્તને આપ્યું તેથી તે રક્ષાણહીન થયો. ભગવાન સત્યભામાજીને સાથે લાવ્યા હતા કે જે ભૂમિનો અવતાર છે. તેમની સમ્મતિ થવાથી ભૌમાસુરનો વધ થશે તથા બંદીવાન સોળહજાર કન્યાઓને છોડાવી ભગવાન તેમને પરણશે.

શ્લોક ૧ થી ૧૯ : પ્રાગજ્યોતીષપુરની વ્યવસ્થા જ એવી હતી કે તેમાં પેસવું મુશ્કેલ હતું વળી મૂર દૈત્યની જાળ બીછાવેલ હતી. ભગવાને પોતાની અતુલ્ય શકિતથી આ બધું ભેદીને કીલ્લાની દિવાલો પણ તોડી નાખી. ભગવાને શંખનાદ કર્યો ત્યારે પાંચમાથાવાળો (અવિદ્યાના પાંચ પર્વ) મુર નામનો દૈત્ય ધસી આવ્યો. તે ભગવાનને જોઈ શકયો નહિ (અવિદ્યા ભગવાનને ન જોઈ શકે) તેને માત્ર ગુરૂડજી દેખાતા હતા. ભગવાને પાંચ માથાવાળા મૂર દૈત્યનો નાશ કર્યો ત્યારે તેના ૭ પુત્રો પીઠ દૈત્યને સેનાપતિ બનાવીને ચઢી આવ્યા. તે જાણતા હતા કે ભગવાન અજિત છે છતાં લડવા લાગ્યા પણ ભગવાનના હાથે



મરાયા. આ જોઈને ભૌમાસુર (નરકાસુર) હાથીઓની સેના લઈને આવ્યો.

૨૦ થી ૨૪ : ભગવાને તેની સેનાને છિન્ન ભિન્ન કરી દીધી. ગરુડજી પર વજ્રની પણ અસર ન થઈ. ત્યારે ભૌમાસુરે શિવના ત્રિશૂળનો પ્રયોગ વિચાર્યો. પણ તે અમલમાં મૂકે તે પહેલાં જ ભગવાને ચક્રથી તેનું માથું કાપી નાખ્યું. આમ ભૌમાસુર મરવાથી તેની મા - પૃથ્વી પાસે આવી અને કુણ્ડલ તથા છત્ર અને કૌસ્તુભમણિ એ ત્રણ વૈજ્યંતીમાળાની સાથે ભગવાનને ભેટ કર્યા.

વિશેષ : પૃથ્વી ભગવાનની સ્ત્રી છે તેને પુત્ર ભગવાને આપ્યો છે તેથી ભૌમાસુર મરતાં તેને રોષ ન થયો. ઈલા તે જ પૃથ્વી અને તે જ સત્યભામા.

૨૫ થી ૩૩ : તે પછી પૃથ્વીએ શ્લોક ૨૫ થી ૩૦ સ્તુતિ કરે અને પછી વિનંતી કરી કે આ ભગદત્ત કે જે ભૌમાસુરનો પુત્ર છે તેને હું આપને શરણે લાવી છું તેની આપ રક્ષા કરો ત્યારે ભગવાને તેને અભયદાન આપ્યું.

વિશેષ : પ્રત્યેક કલાની એક એક દેવતા છે તેથી સોળ કલા અહીં ભૂમિ પર પ્રતિષ્ઠિત કરી છે. તે દેવતા-અપ્સરા હોવાથી ક્રિડાર્થ જન્મી છે. તેઓએ પહેલાં અષ્ટાવક્રની મશ્કરી કરી હતી, પછી સ્તુતિ કરી હતી તેથી દ્વિસ્વભાવવાળી હોવાથી ૧૦,૦૦૦ + ૬,૦૦૦ છે. તેથી અહીં તથા અન્તે દ્વારકામાં મુશળથી શાપ થયો ત્યારે દુઃખ ભોગવવું પડયું.

૩૪ થી ૪૫ : આ સોળહજાર દેવકન્યાઓને ભૌમાસુરે કેદ કરી હતી તેમણે ભગવાનને જોતાં મોહીત થઈને ભગવાનનું મનથી જ વરણ કરી લીધું. ત્યારે ભગવાને તેમને સન્માન સહિત દ્વારકા મોકલી દીધી (અદિતિ ભોગરૂપે સ્વર્ગમાં છે અને ક્રિયારૂપથી દેવકીજી થયા) ભગવાને આદિતિને તેના કુણ્ડલ આપ્યા. ત્યાં સ્વર્ગમાં પરિજાતને જોતા સત્યભામાએ તેની ઈચ્છા કરી તો ભગવાને તે ઉખેડીને ગરૂડજી પર નાખ્યું (સત્યભાએ વાત-વાતમાં પારિજાત ઈન્દ્રાણી પાસે માંગેલ પણ સચિએ કહ્યું એ તો દેવો માટે છે મનુષ્યો માટે નહિ) તે પારિજાત ભગવાને સત્યભામાના મહેલની સામે રોપ્યું.

દેવતાઓ સ્વાર્થી, અજ્ઞાની હોય છે. તેમના દોષ સમ્પતિના લીધે થાય છે. ભગવાને અલગ અલગ રૂપ ધરીને સોળ હજાર કન્યાઓ સાથે પાણી ગ્રહણ કર્યું. ભગવાન બધીની સાથે એકસાથે ગૃહસ્થધર્મ નિભાવવા લાગ્યા અને રાણીઓ પણ મનની બાર વૃત્તિ છે. તેથી બાર પ્રકારે ભગવાની સેવા કરતાં ભગવાન પણ તેમને કૃતાર્થ કરવા તેમની સેવા સ્વીકારતા.

## અધ્યાય-૬૦ / સુબોધિની અ. ૫૭

# રૂકિમણીજી સાથે ભગવાને કરેલો પરિહાસ

<u>વિશેષ</u> : તામસ પ્રકરણમાં ભગવાનનો કાયિક તિરોભાવ કહ્યો છે, તેમ અહીં આ અધ્યાયમાં ભગવાનનો રુકિમણીજીમાં વાચિક તિરોભાવ છે. સેવા કરનારની ભગવાન પરીક્ષા પણ કરે છે. સેવા વગર ભકતનો દેહ ટકી શકતો નથી. ભગવાને તેનું સાન્ત્વન શ્રીઅંગથી કર્યું. રૂકિમણીજીએ જે ઉત્તર આપ્યા તેથી જણાય છે કે તેમાં ઈર્ષ્યા, માત્સર્ય વ. દોષ નથી. તેમણે ભગવાનનાં વાકયોનો અર્થ જાણ્યો છે તેથી ભ્રમમાં રહ્યા વગર અર્થ કર્યો છે.

આગળના અધ્યાયમાં મહિષીઓએ ભગવાનની પૂજા કરી છે. ભગવાને વિચાર્યું કે તેઓ સ્વરૂપ જ્ઞાન પૂર્વક સેવા કરે છે કે કામોપાધિક સેવા કરે છે, તેની પરીક્ષા કરવી જોઈએ તેથી આ મુખ્ય મહિષીની પરીક્ષા કરી. સેવાના જે બાર અંગ બતાવ્યા તેમાંના પહેલા છ ઉપચાર પૂર્વાધ્યાયમાં કહેવાયા હવે તે પછીના ઉપચાર પંખો વિંજવો તે આ અધ્યાયમાં કહ્યો છે. ભગવાન વાણી દ્વારા તેમના હૃદયમાંથી તિરોહિત થતાં મહિષી મૂર્છિત થાય આ બધું તેમના ભાવની પરીક્ષા માટે કર્યું છે તેથી પછી ભગવાને સાન્ત્વન પણ કર્યું છે.

<u>શ્લોક ૧ થી ૯</u> : એકવાર ભગવાન રાજકાર્યથી પરવારી રૂકિમણીજીના મહેલમાં પલંગમાં બિરાજ્યા ત્યારે રૂકિમણી પંખો વિંજવા લાગ્યા રૂકિમણીના સુંદર મહેલનું વર્ણન શ્લોક : ૨ થી ૫ માં કહ્યું છે. રૂકિમણીજીનાં આભરણ તથા સ્વરૂપ સૌંદર્યનું વર્ણન શ્લોક ૭ થી ૯ માં કર્યું છે. ભગવાને લીલાર્થ મનુષ્યરૂપ ધર્યું છે તે જાણી લક્ષ્મીજીએ પણ તેવું સ્વરૂપ ધર્યું.

<u>૧૦ થી ૧૧</u> : તેથી ભગવાને પ્રસન્ન થઈને કહ્યું - તમારી સાથે તો વિવાહ કરવા માટે બહુ મોટા મોટા સંપત્તિવાળા, સ્વરૂપવાળા તથા ગુણોવાળા તૈયાર હતા. તમારા ભાઈ તથા પિતાએ વાક્દાન પણ કર્યું હતું. છતાં તમે મારા જેવા કે જેની તમારી સાથે કોઈ સમાનતા નથી તેને શા માટે પતિ તરીકે સ્વીકાર કર્યો ?

<u>૧૨</u> : વળી જુઓને અમે તો જરાસંધથી ડરીને અહીં સમુદ્રમાં દ્વારકામાં વસીયે છીએ બળવાનોના વેરી બન્યા છીએ અને અમે તો રાજસ સિંહાસનના પણ અધિકારી નથી. (યયાતિને પોતાનું આયુષ્ય નહિ આપનાર યદુને રાજસ સિંહાસનથી વંચિત રાખવામાં આવેલ)



<u>૧૩</u> : અમારી નીતિ-રીતીના માર્ગની લોકોને ખબર નથી વળી લોક વહેવારનું પાલન કરનારા પણ નથી. અને લોકમાં ન રહેતા હોય તેમના માર્ગને દોરનારા છીયે. અમે સ્ત્રીઓને વિનવતા નથી તેથી અમારી સાથે રહેનારી સ્ત્રીઓ દુઃખી રહે છે. (એટલે કે તેમના જેવી જ સ્ત્રી હોય તો દુઃખી નથી થતી જે કોઈ ભજે તેને તે ભજે તો દુઃખી થાય છે.)

<u>૧૪</u> : વળી અમે અકિંચન છીયે અને તેવા જ લોકો અમને પ્રિય છે તેથી તો ધનિકો અમને નથી ભજતા (અંબરિષ જેવા કોઈક જ ધનિક ભજે છે)

<u>૧૫</u> : જેમનાં ધર્મ, ધન, જન્મ (ઉંમર), ઐશ્વર્ય, સૌંદર્ય અને સમૃદ્ધિ એ છ સમાન હોય તેમની સાથે વિવાહ, મિત્રતા કે સંબંધ બાંધવો જોઈએ. તેનાથી ઉત્તમ કે અધમ સાથે નહિ.

<u>૧૬</u> : હે વિદર્ભકુમારી તમે તમારી ટૂંકી દષ્ટિને કારણે ઉપરોકત્ત વાતનો વિચાર કર્યા વગર તથા જાણ્યા બુજ્યા વગર ભિક્ષુકને મોંઢે જૂઠી પ્રસંશા સાંભળીને મને ગુણહીનને પસંદ કરી લીધો.

<u>૧૭</u> : તમારી આ ભૂલ સુધારવાને માટે તમે તમને અનુરૂપ કોઈ શ્રેષ્ઠ ક્ષત્રીયનું વરણ કરી લો કે જેથી તમારી આલોક અને પરલોકની બધી અભિલાષાઓ પૂરી થાય.

તમે = (માયારૂપ) કપટ સંસારી પાસે ચાલો બ્રહ્મ પાસે નહિ. તમને અનુરૂપ = (સંસારાસકિતવાળા સાથે) પતિવ્રતા સ્ત્રીને પતિમાં સાયુજ્ય મળે છે.

<u>૧૮-૧૯</u> : વળી હે સુન્દરી, શિશુપાલ, શાલ્વ, જરાસન્ધ, દન્તવકત્ર તથા તમારો ભાઈ રુકમી અમારો દ્વેષ કરનારા છે. તે મદાન્ધોના ગર્વને ચૂર કરવા હું હરાવીને તમને લાવ્યો છું.

<u>૨૦</u> : અમે ઉદાસીન છીયે એટલે કે દેહ-ગેહ-સ્ત્રી-સન્તાન વ. માં નિષ્ક્રિય છીયે, સાક્ષીમાત્ર છીયે. અમે અમારા આત્માના ધન સાક્ષાત્કારથી જ સંતુષ્ટ છીયે.

<u>૨૧</u> : આ પ્રકારે ભગવાનને જે સર્વતોધિક પ્રિય છે તેવા રૂકિમણીજીના ગર્વનાશ કરનાર ભગવાન ચૂપ થયા.

<u>૨૨</u> : પૂર્વે નહિ સાંભળેલી ભગવાનની આ વિચિત્રવાણી સાંભળીને ભયભિત થયેલા રુકિમણી ચિંતા સાગરમાં ડૂબી ગયા. તથા અતી દુઃખીત થઈને રડવા લાગ્યા. વિયોગની સંભાવનાથી દુર્બળ થઈને વિકળ થઈ ગયા તથા મૂર્છિત થઈ ગયા.

<u>૨૩ થી ૨૮</u> : ભગવાને જોયું કે અતી પ્રેમને કારણે રુકિમણી હાસ્યવચનોના અર્થને નથી સમજી શકયા તેથી આ દશા થઈ છે. તે જોઈને કરૂણાયુકત પ્રભુએ તેમને જમીન પરથી ઉઠાવીને આલિંગન આપ્યું અને પછી સમજાવીને કહેવા લાગ્યા કે -

<u>૨૯ થી ૩૧</u> : મેં તો તમારી પ્રેમભરી વાતો સાંભળવા માટે પરિહાસ કર્યો હતો. મારે તો તમારો રોષયુકત ચહેરો જોવો હતો. એમ કહેવાય છે કે રાત્રીના ત્રણ યામમાંથી એક યામ પરિહાસ કરવો જોઈએ. જ્યારે વૈદર્ભીએ જાણ્યું કે આ તો પરિહાસ હતો તેથી નિશ્ચિંત થવાથી હવે પ્રભુના પરિહાસનો પ્રત્યુત્તર આપે છે.

<u>૩૪</u> : હે અરવિન્દ લોચન, ''જો તમને અમે લાયક નથી તો અમે કેમ વર્યા ?'' તેમાં કહેવાનું કે, આપ તો ત્રણે લોકના અધીશ છો અને પોતાના પૂર્ણાનન્દમાં જ આસકત છો અને અમારું તો સ્વરૂપ જ ગુણ છે તેથી તો મુર્ખા અમારા ચરણને ગ્રહે છે તેથી અમે આપને લાયક નથી તે સત્ય છે.

<u>૩૫</u> : આપ રાજાઓના ભયથી સમુદ્રના શરણે આવ્યા તે પણ ઠીક કહ્યું કેમ કે રાજસ પ્રકૃતિવાળા રાજાઓ માયાના સ્વભાવવાળા છે. તેથી તો આપ ચૈતન્યઘન સમુદ્રના શરણે ગયા તથા સમુદ્ર = ઢાંકણવાળા કે જયાં ગુણ આવી જ ન શકે. વળી રાજાઓ વિષયલપટ હોવાથી આપનો દ્વેષ કરેજ. વળી જ્યારે આપના સેવકો અંધ કરી દેનાર રાજ્યાસનને ઠોકર મારી દે છે તો પછી આપની તો શી વાત !

<u>૩૬</u> : આપે કહ્યું ''અમારો માંર્ગ સ્પષ્ટ નથી અને લૌકિક પુરુષો જેવું આચરણ પણ નથી કરતા'' તે સત્ય છે કેમ કે આપના ચરણકમલના ઉપાસક જ્ઞાનીઓ અને ભકતો છે તેવા ભકતો ભકિતરસ બીજો લઈ જશે તે ડરથી વિપરીત આચરણ કરે છે, તેથી તેમનો માર્ગ સ્પષ્ટ નથી. પણ તે તો ગુણરૂપ છે જયારે વિષયાસકત પુરુષ તો શિંગ-પૂંછ વગરનો પશુ છે. આપની ચેષ્ટાઓ અલૌકિક છે.

<u>૩૭</u> : આપે કહ્યું કે ''અમે નિષ્કંચન છીયે અને નિષ્કંચનોના પ્રિય છીયે ધનમદવાળા અમને ભજતા નથી.'' તે વાત બરાબર છે કેમ કે આ જગતમાં આપના સિવાય કંઈ છે જ નહિ. આપ બધું હોવાથી આપે પાસે કંઈ રાખવાનું નથી. જે દેવોની પૂજા લોક કરે છે તે દેવ તથા બ્રહ્માજી આપની પૂજા કરે છે ઈન્દ્રિય તૃપ્તિમાં મચેલા ધનમદવાળા તેથી આપને પ્રિય નથી.



<u>૩૮</u> : ''સાત બાબતોની સમાનતા ન હોય તેની સાથે વિવાહ કે મૈત્રી ન શોભે'' તે વાત વાજબી છે કેમ કે સર્વ પુરુષાર્થોને બધા ઈચ્છે છે પણ તે તો આપના આનંદ સ્વરૂપમાં જ છે. તેથી પુરુષાર્થો કરતાં પણ આપ ઈચ્છવા લાયક છો. બુદ્ધિમાન પુરુષ સર્વ પ્રવૃત્તિ છોડી આપને ભજે છે કેમ કે સર્વ કર્તવ્યના ફલરૂપ આપ છો. તેથી જેની મતિ આપમાં નથી તેવાનો આપ સાથે સંબંધ થવો યોગ્ય નથી.

<u>૩૯</u> : ''ભિક્ષુકોએ આપની પ્રસંશા કરી છે'' સાચી વાત છે જે પરમહંસ છે. જે ફલની આકાંક્ષા વગરના છે તે ભિક્ષુઓ આપની પ્રસંશા કરે છે. મે અદૂરદર્શિતાથી નહિ પણ સમજીને આપનું વરણ કર્યું છે. આપ પ્રેમી ભકતોને પોતાના આત્માનું પણ દાન કરી દેનારા છો. માટે આપને વરી છું (સમુદ્ર મંથનનો પ્રસંગ યાદ કરીને) શિશુપાલ વ. નું શું ગજું ? કેમ કે આપની ભ્રકુટીમાંથી કાલ ઉત્પન્ન થાય છે.

<u>૪૦</u> : ''આપ ડરીને સમુદ્રમાં વસ્યા છો તે વાતમાં કંઈ દમ નથી'' કેમ કે મારા વિવાહ ટાણે આપે તે જ બધા રાજાઓને ભગાડયા હતા.

<u>૪૧</u> : ''જેનો માર્ગ સ્પષ્ટ નથી તેને પરણનારી સ્ત્રી દુઃખી થાય છે'' એ ઠીક છે પરંતુ આપનો તો રાજમાર્ગ છે કે જે માર્ગ રાજપાટ છોડીને યયાતિ પૃથુ અંગ ભરત વ. ગયા છે. શું આ વનમાં જનારા દુઃખી થાય છે ?

<u>૪૨</u> : ''આપે કહ્યું બીજા કોઈ ઉત્તમ ક્ષત્રીયને વરો''

તમે જ કહો સમસ્ત ગુણોનું જે આશ્રય સ્થાન છે, સંતપુરુષો જેના ચરણ કમલની સુગંધને વખાણે છે, જેનો આશ્રય લેવાથી મોક્ષ સુધીનું સુખ પ્રાપ્ત થાય છે, લક્ષ્મી જેના ચરણ કમલમાં નિવાસ કરે છે તો પછી કઈ સ્ત્રી પોતાનું હિત સમજનારી આવા ચરણોને અવગણીને બીજાનું વરણ કરે !

<u>૪૩ થી ૪૫</u> : કદાચ હું આપને અનુરૂપ ન હોઉં તો પણ આપ તો મને અનુરૂપ છો તેમ સમજી મેં આપનું વરણ કર્યું છે. જેમનું વરણ કરવાનું આપે સૂચન કર્યું તે તો દુર્ભાગ્યવાળી સ્ત્રી ગણાય કે જેણે આપની કથા સાંભળી નથી. હાડમાંસના બનેલા મનુષ્યનું વરણ કરે તેવી સ્ત્રી તો મહામૂર્ખ છે.

<u>૪૬</u> : આપ આત્મારામ છો અને હું ગુણવતી છું તે વાત તરફ આપની દષ્ટિ જતી નથી તેથી આપ ઉદાસીન છો. આપે જગતની વૃદ્ધિ માટે જ રજોગુણને સ્વીકાર્યો છે. તેથી આપ મારી પર કામદષ્ટિથી જુઓ છો તેમાં સમસ્ત્ર સ્ત્રીજાત પર મહાકૃપા છે.

૪૭ થી ૪૮ : પુરુષ દ્વારા જીતાયેલી કન્યા પણ કાશીરાજની કન્યા અંબાની જેમ કવચિત પરપુરુષમાં પ્રીતિ કરે છે અને કુલટા સ્ત્રીનું મન તો વિવાહ પછી પણ પરપુરુષમાં ખેંચાય છે એવી સ્ત્રીને પોષનારના બન્ને લોક ભ્રષ્ટ થાય છે. તેથી લગ્ન પછી મારું વરણ બીજા માટે ન વિચારો.

૪૯ થી ૫૭ : ત્યારે ભગવાને કહ્યું - બસ આવા જ વચનો સાંભળવા મેં તમારી સાથે પરિહાસ કર્યો હતો. વળી મારી કરેલી (ભગવાનની) કામનાઓ બંધન કરનારી નથી પણ મુકિત કરી દે છે એટલે કે નિષ્કામ કરી દે છે. મેં તમારી સાથે વાંકી વાત કરી છતાં તમે ચલાયમાન ન થયા. હું તો મોક્ષદાતા છું તેથી જે મારી ભકિત કરીને વિષયસુખ ચાહે છે તે માયાથી મોહિત છો અને મન્દભાગી છે. આવાઓના સંસાર કરતાં તો નરક સારું. કામનાથી ભરેલા ચિત્તવાળી સ્ત્રીઓ તો નરકની સેવિકા છે જ્યારે તમે તો મારી સેવા કરી છે. વળી તમે મને જોયા પણ ન્હોતા છતાં બીજા રાજાઓને તરછોડીને માત્ર મારી કીર્તિના આધારે મને વરવાનો આગ્રહ રાખ્યો તેથી તમે મને સર્વથી વધુ પ્રિય છો. તમારાં ભાઇ અમારાથી કુરુપ થયો અને મરાયો છતાં તમે ધૈર્ય રાખીને કંઇ ન કહ્યું તેથી તમે અમને જીતી લીધાં છે. તમે બ્રાહ્મણદૂત મોકલી મને આમંત્ર્યો હતો પણ મને આવવામાં વિલંબ થયો ત્યારે તમે પ્રાણત્યાગનો પણ સંકલ્પ કર્યો હતો તેવા તમારા પ્રેમના કારણે હું તમારો ઋણી છું.

૫૮ - ૫૯ : મનુષ્યવત્ લીલા કરનાર ભગવાને આ રીતે રુકિમણીજી સાથે પ્રેમાલાપ કર્યો. આજ રીતે ભગવાન અન્યરૂપોથી બીજી પત્નીઓ સાથે પણ વિનોદ કરતા.

## અધ્યાયાર્થ - ૫૭ સુબોધિની

અહીં ભગવાને રૂકિમણી સાથે પરિહાસ કરીને આનંદ કર્યો છે. જેમ ગોપીઓ પાસેથી કાયાથી તિરોહિત થયા હતા. તેમ અહીં આપની વાણીનું તિરોધાન છે. તેમજ છેલ્લા અધ્યાયમાં મનનું તિરોધાન કહેવાશે. એવી રીતે દોષો ન રહે માટે તિરોધાન કહ્યું છે. ભગવાનનો વિયોગ જરા સહન ન થઇ શકે તે હીન અધિકાર તેથી વધારે સહન ન થઇ શકે તે મધ્યમાધિકાર અને મુદ્દલેય સહન ન થઇ શકે તે ઉત્તમાધિકાર. મનનું તિરોધાન અ.૮૬/૧૫-૨૪માં જણાવેલ છે.

૨૯૨ : ભકતો અત્યંત કોમળ હૃદયના હોવાથી શ્રીકૃષ્ણ રસનો ભોગ કરવા સમર્થ નથી તેથી તેઓને દૃઢ કરવા ભગવાન પોતે તિરોહિત થયા. આ રીતે તિરોહિત થઇને ભકતોને ભગવાન ફળ અને ફળનો ભોગ કરવાની શકિત આપે છે.





## અધ્યાય-૬૧ / સુબોધિની અ. ૫૮

## અનિરુદ્ધના લગ્નમાં બલદેવજીએ રુકમીને માર્યો

વિશેષ : ભગવાન લોકમાં માત્ર ક્રિડા કરવા જ નથી આવ્યા પણ સર્વનો ઉદ્ધાર કરવા આવ્યા છે તેથી વિવાહમાં પણ રુકમીને માર્યો. કલિયુગમાં શુદ્ધ ક્ષત્રીય રાખવાની ભગવાનની ઇચ્છા નથી તેથી આ પાપ વિવાહ કર્યો અને તેનું ફલ પણ રુકમીવધથી થયું. ભગવાને વંશ રાખવો એ દેવકીની પ્રસન્નતા માટે જ છે તથા ભગવાનના વખતમાં ધર્મ બરાબર હતો તેમ કહેવા માટે જ સ્ત્રીમાં દશ પુત્રો ઉત્પન્ન કર્યા.

૧ થી ૪૦ : ભગવાનની દરેક પત્નીને લાગતું કે તે જ તેમને સર્વાધિક પ્રિય છે. તેઓ કૃષ્ણના તત્વને અને અભિપ્રાયને જાણતી નહોતી. તેમને ખબર નથી કે ભગવાન કોઇને વશ ન થાય, ભગવાન તો અવિકારી છે. બ્રહ્મા વ. પણ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને કે પ્રાપ્તિના માર્ગને જાણતા નથી. ભગવાનની દરેક પત્ની ભગવાનની સેવા સ્વયં કરતી અનેક દાસીઓ હોવા છતાં !

રુકિમણીજીને પ્રદ્યુમ્ન વ. દશ પુત્રો થયા. તેમ સત્યભામાને ભાનુ વ. ૧૦ પુત્રો થયા તે જ પ્રકારે આઠે પટરાણીના દશે પુત્રોના નામ શ્લોક ૮ થી ૧૮ શ્લોકમાં કહ્યા છે. મામા રુકમીની પુત્રી રુકમવતી સાથે પ્રદ્યુમ્નના લગ્ન થયા હતા. ત્યાં ભોજકટમાં જ અનિરુદ્ધનો જન્મ થયો.

પરીક્ષિતે પૂછ્યું કે રુકમીને તો કૃષ્ણથી વેર હતું પછી પ્રદ્યુમ્ન સાથે પોતાની પુત્રી કેમ પરણાવી ! તેનો ખૂલાસો એ છે કે પોતાની બેન રુકિમણીને રાજી રાખવા આમ કર્યું. પ્રદ્યુમ્ન સ્વયંવરમાં રુકમવતીને જીતીને હરણ કરી લાવ્યા. રુકમીએ પોતાની પૌત્રી રોચનાનો વિવાહ રુકિમણીજીના પૌત્ર તથા પોતાના દોહિત્ર અનિરુદ્ધ સાથે કર્યા. બેન-ભાઇના સ્નેહ નિર્વાહ માટે તેણે ધર્મ-અધર્મ ન જોયા. આ વિવાહમાં ભગવાન બલદેવજી સામ્બ પ્રદ્યુમ્ન વ. ભોજકટ ગયા. ત્યાં વિવાહ પત્યા બાદ કલીંગદેશના રાજાએ રુકમીને કહ્યું તું બલદેવજીને પાસાખેલ રમાડીને જીત. બલદેવજીને પાસા ખેલતા નથી આવડતા પણ રમતનું વ્યસન છે. ત્યારે રુકમીએ બલદેવજીને બોલાવી પાસા ખેલવા બેઠો. ખેલમાં રુકમી જીતતો ગયો તેથી કલીંગ દેશનો રાજા દાંત દેખાડી હસ્યો તે બલદેવજીથી સહન ન થયું ત્યારે રુકમીએ લાખ મહોરનો દાવ લગાવ્યો તે બલદેવજી જીત્યા ત્યારે રુકમીએ કપટથી કહ્યું કે, તે તો હું જીત્યો છું. ત્યારે વધારે ક્રોધીત થઇને બલદેવજીએ દશ કરોડ મહોરોનો દાવ લગાવ્યો. બલરામ જીત્યા

છતાં રુકમીએ ''હું જીત્યો'' તેમ કહ્યું. ત્યારે આકાશવાણી થઈ કે રામ જીત્યા છે. છતાં પણ રુકમીએ માન્યુ નહિ અને દુષ્ટ રાજાઓની પ્રેરણાથી બળદેવજીનો તિરસ્કાર કર્યો તેથી ક્રોધે ભરાઈને બલદેવજીએ સભામાં જ પરિઘ ઉઠાવીને રુકમીને મારી નાખ્યો અને કલીંગરાજાના દાંત પાડી નાખ્યા તથા બીજા તેમના પક્ષકારોના પણ હાથપગ કાપી નાખ્યા. ત્યારે ભગવાન ચૂપ રહ્યા કેમ કે એકબાજુ બળદેવજીનું તથા બીજી બાજુ રુકિમણીનું માન રાખવાનું હતું.

ત્યાર પછી અનિરુદ્ધનો વિવાહ અને શત્રુનો વધ બન્ને કાર્ય સંપન્ન થવાથી નવોઢાને લઈને અનિરુદ્ધને લઇ યાદવો દ્વારકા આવ્યા.

## અધ્યાયાર્થ - ૫૮ સુબોધિની

કા. ૨૯૪ થી ૨૯૫ : પુત્ર-પૌત્ર વ. સમ્પતિ ફલરૂપ હોવાનું કા. ૨૫૨-૨૫૩માં કહ્યું. પણ જો તે અન્ય સંબંધથી દુષિત થાય તો ભગવાન તે દોષ દૈત્યોમાં જ મૂકે છે એમ દર્શાવવા અનિરુદ્ધના વિવાહરૂપ મંગલકાર્યમાં બલભદ્ર રુકમીને હણે છે. અધર્મવાળા વિવાહથી થયેલ પાપ ભગવાને રુકમીમાં જ મૂકેલું તેથી પાપનો નાશ થતાં યાદવ જાનૈયાઓ સુખ પૂર્વક દ્વારકા પહોંચ્યા.

## અધ્યાય-૬૨ / સુબોધિની અ. ૫૯

## બાણાસુરની પુત્રી ઉષાનો અનિરુદ્ધ સાથે સમ્બન્ધ

વિશેષ : રાજસોના ફલરૂપ નિરોધ પ્રકરણમાં દેવોનો સ્પષ્ટ વિજય કહેવાય છે. તે આ અધ્યાયમાં કહેવાય છે ધર્મને સિદ્ધ કરનાર અનિરુદ્ધ છે. અનિરુદ્ધના રોધથી (અટકાવવું) સર્વનો નિરોધ સિદ્ધ થશે. બાણે અનિરુદ્ધને કેદ કર્યા છે તેને ભગવાન છોડાવશે ત્યારે એ ભગવાનમાં નિરુદ્ધ થશે. અનિરુદ્ધ મનના દેવતા છે તેથી ભકતની ઈન્દ્રિયોના દેવો અત્યારે અનિરુદ્ધ મૂલક છે.

શ્લોક ૧-૮ : મહાત્મા બલિના સો પુત્રોમાં બાણાસુર સૌથી મોટો હતો. તેને મહાદેવજીની કૃપાથી હજાર હાથ હતા. એક વખત શંકરના તાંડવ નૃત્ય વખતે તેણે પોતાના હજાર હાથથી વાજિંત્ર વગાડીને તેમને પ્રસન્ન કર્યા હતા તેથી શંકરે બાણાસુરને માંગવા કહ્યું.

વિશેષ : ભગવાને બલિને બાંધ્યા હતા તેનો બદલો લેવા તેના પુત્ર બાણાસુરમાં ભગવાન સામે તો સામર્થ્ય ન્હોતું તેથી તેમના અંશ અનિરુદ્ધજીને બાંધ્યા.

બાણાસુરે શંકર ભગવાનને શોણિતપુરમાં કાયમ રહેવાની વિનંતી કરી અને કહ્યું કે મારા નગરની રક્ષા કરતા રહો. એકવાર બલ-પૌરુષના ઘમંડમાં



બાણાસુરે મહાવેદજીને વિનંતી કરીકે મારી સાથે કોઈ બરાબરીયો લડનારો નથી અને આપના સિવાય હું કોઈ તેવા યોદ્ધાને જોતો નથી ત્યારે શંકરે ક્રોધ કરીને કહ્યું - જ્યારે તારી ધ્વજા તૂટી પડશે ત્યારે તારું યુદ્ધ મારા જેવા યોદ્ધા સાથે જ થશે. (ધ્વજા વાંશ-વંશ પર બાંધેલી હોય છે તે વંશ એટલે કન્યા. તે કન્યા જ્યારે દુષિત થશે ત્યારે તેને લડનારો મળશે. તેમ કહેવાનો આશય છે.) આથી ખુશ થઈ બાણાસુર યુદ્ધની રાહ જોવા લાગ્યો.

૯ થી ૩૨ : આ બાણાસુરની કન્યા ઉષાએ સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે સમાગમ કર્યો. જ્યારે તે જાગી ત્યારે તેણે કોઈને જોયા નહિ

ત્યારે તેણી સખી ચિત્રલેખાએ (મંત્રી કુભાણ્ડની પુત્રી) ઉષાને પૂછ્યું - તારો શો મનોરથ છે ? ત્યારે ઉષાએ કહ્યું કે મેં સ્વપ્નમાં જોયો તે પુરુષને શોધુ છું. ત્યારે ચિત્રલેખાએ તેને સાંત્વન આપતાં કહ્યું કે હું તેને શોધી લાવીશ. તેમ કહી તેણે ત્રિલોકના અનેક મહાપુરુષોના ચિત્રો બનાવ્યા અને તેને બતાવ્યા. તેમાં અનિરુદ્ધનું ચિત્ર જોઈને તે શરમાઈ ગઈ અને કહ્યું આ જ મારા પ્રાણવલ્લભ છે. યોગીની ચિત્રલેખા આકાશમાર્ગે દ્વારકા પહોંચી અને અનિરુદ્ધને પલંગ સહિત ઉઠાવીને શોણિતપુર લઈ આવી. ઉષા અનિરુદ્ધ પ્રસન્ન રહે તે રીતે ઉપચાર કરતી. અનિરુદ્ધની ઈન્દ્રિયોને ઉષાએ વશ કરી લીધી હતી તેથી કેટલો સમય વહી ગયો તેનીય તેને ખબર ન પડી. જ્યારે તે મહેલના રક્ષકોને ઉષાનું રૂપ જોઈને લાગ્યું કે તેને કોઈ પુરુષનો સંસર્ગ થયો છે તેથી પોતાના બચાવ માટે આ વાત રાજાને કહી. ''જો કે અમારી ચોકીમાં બહારથી તો કોઈ આવ્યું નથી તેથી ખૂબ જ અચરજ થાય છે'' બાણાસુર તત્કાલ ઉષાના મહેલે પહોંચ્યો. તેણે ઉષા પાસે યદુવંશના શૂરવીર અનિરુદ્ધને જોયા. અનિરુદ્ધ કામાવતાર પ્રદ્યુમ્નના પુત્ર હોવાથી ખૂબ જ સૌંદર્યવાન હતા. અનિરુદ્ધે જોયું કે રાજા તેના સૈનિકો સાથે મારા પર પ્રહાર કરવા આવ્યો છે ત્યારે તે સાવધાન થઈ હાથમાં એક પરિઘ લઈ ઊભા થઈ ગયા. અનિરુદ્ધના શૌર્યથી સૈનિકો ભાગી ગયા ત્યારે બાણાસુરે અનિરુદ્ધને નાગપાશ વડે બાંધી લીધા. આ જાણી ઉષા ખૂબ બેબાકરી થઈ ગઈ.

## અધ્યાયાર્થ-૫૯ સુબોધિની

કા. ૨૯૬ થી ૩૦૪ : આ બે અધ્યાય ભગવાનનો વૈરાગ્ય અને ધર્મીને જણાવનારા છે. જેમાં ઉષાનું અદ્ભૂત આખ્યાન છે. ચિત્રલેખા અનિરુદ્ધને દ્વારકામાંથી લઈ આવી ત્યારે ભગવાન જાગતા હોવા છતાં ચિત્રલેખાને કંઈ અડચણ ન આવવા દીધી કેમ કે ઉષા ભકતનું ઉત્તમ કાર્ય કયાંકથી પણ સિદ્ધ

થતું હોય ત્યારે જાણવા છતાં હરિ પોતાના ગુણોને સંકેલી લઈને શાંત રહે છે. ભગવાને જ દ્વારકાના રક્ષણ કરનારાને અટકાવ્યા કે જેથી અનિરુદ્ધનું હરણ થઈ શકે, યાદવોને આ ન ગમ્યું. પરંતુ નારદે આવીને સર્વ વૃતાંત જાહેરમાં કહેતા ભગવાનને અક્રિયાશિલ રહેતા અટકાવ્યા. ભગવાન ચાર માસ સુધી શાંત રહ્યા, જાણે નારદના કહેવાથી જ જાણ્યું હોય તેવું અજ્ઞાન જણાવ્યું. મહાદેવ સાથે યુદ્ધ કર્યું તે તો નાટક જ હતું કેમ કે મહાદેવે ભગવાનને જે કરવાની વિનંતી કરી તે જ ભગવાને કરેલું (બાણાસુરે પોતાને લાયક લડનારો માગ્યો હતો.) સર્વ દેવોને પોતાના ભકત પ્રતિ પક્ષપાત હોય છે છતાં દેવોમાં તેમ કરવાની શકિત ન હોવાથી ભગવાને બાણના ૯૯૬ હાથ કાપી નાખ્યા. ભકત (મહાદેવ)ને જે કોઈ પ્રિય (બાણ) હોય, તે જો વિરોધ તજી જેતે સર્વ વિષયોમાં ભકતને (શિવને) અનુકૂળ થાય તેટલું કાર્ય ભગવાન કરે છે. એમ આ કથાથી જણાવેલ છે.

રાજસોમાં ઘણું જ બળ વધી ગયું હતું તે રાજસો માટે ફળ છે તેમ અનિરુદ્ધની કથાથી સમજાય છે. હકીકતમાં તો નિર્ગુણતા પ્રાપ્તિ (કૃષ્ણ પાસેથી) એટલે કે માયા હટી જવી તે જ ફળ છે.

## અધ્યાય-૬૩ / સુબોધિની અ. ૬૦

## બાણાસુરને હરાવી ભગવાન અનિરુદ્ધ-ઉષાને દ્વારકા લાવ્યા.

વિશેષ : આ ફલ પ્રકરણમાં રાજસ નિરોધનું કાર્ય સંપૂર્ણ કહેવામાં આવશે. અત્યાર સુધી ભગવાનની ભકત વત્સલતા તો જોઈ પણ ભકતને માટે બીજા દેવોની સાથે ભગવાનનો વિરોધ કયાંય જોયો નથી. અહીં ભગવાને શિવજીને હરાવીને આવો ભકતનો પક્ષપાત કર્યો. ભગવાન અકિલષ્ટકર્મા હોવાથી ચાર મહિના સુધી ચૂપ રહ્યા. પ્રદ્યુમ્નના પ્રસંગમાં ભાળ આપનાર નારદજી હતા તેમ અનિરુદ્ધની ભાળ આપનાર પણ નારદજી છે. સર્વભાવથી લડવા માટે જ્વર (તાવ)નું ઉપાખ્યાન છે.

શ્લોક ૧ થી ૪૫ : અનિરુદ્ધને રાત્રે ગુમ થએલો જાણી ઘરનાંઓને ચિંતા થઈ પણ એમ કરતાં વર્ષાઋતુના ચાર માસ નીકળી ગયા.

એકવાર નારદજીએ આવીને કહ્યું કે - અનિરુદ્ધને તો બાણે નાગપાશથી સોનિતપુરમાં બાંધ્યો છે અને તેનો ઉષા સાથે સહવાસ થયો છે. તેથી યાદવોએ સોનિતપુર ઉપર ચઢાઈ કરી. (શોણિતપુરના રક્ષણની જવાબદારી તો શંકરની છે કે જેના આરાધ્ય કૃષ્ણ છે) યાદવસેનાએ સોનિતપુરને ઘેરો ઘાલ્યો. ત્યારે





ભગવાન શંકર કાર્તીકિય સાથે આવ્યા અને તેમણે કૃષ્ણ બળદેવ સાથે યુદ્ધ કર્યું. આ યુદ્ધનું વર્ણન શ્લોક ૭ થી ૧૭માં છે. તે પછી બાણ મેદાનમાં આવ્યો તેણે ભગવાન સાથે લડાઈ શરૂ કરી. ભગવાને તેના બધા બાણ કાપી નાખ્યા ત્યારે બાણની ઉપાસક માતા નગ્ન થઈને વચ્ચે આવી. શાસ્ત્રમાં નગ્નસ્ત્રી નહિ જોવાની મર્યાદા હોવાથી તેનો લાભ લઈને બાણાસુર નગરમાં પહોંચ્યો. ત્યાં તો શિવે છોડેલ ત્રણ માથાવાળો જ્વર દશે દિશાથી બાળતો આવ્યો, તો ભગવાને વૈષ્ણવ જ્વર છોડયો ત્યારે શંકર જ્વરે પરેશાન થઈને ભગવાનની સ્તુતિ કરી, તે શ્લોક ૨૫ થી ૨૮માં છે. તે પછી ભગવાને તેને આશ્વસ્ત કરીને જવા દીધો. તે પછી જયારે બાણે ભગવાન પર અસ્ત્રો છોડયા ત્યારે ભગવાને તેની ભૂજાઓ કાપવાની શરૂ કરી. આ જોઈ ભગવાન શંકરે ભગવાન કૃષ્ણની સ્તુતિ કરી, જે શ્લોક ૩૪ થી ૪૪માં છે. અને શ્લોક ૪૫માં પ્રાર્થના કરી કે મારા ભકત બાણને અભયદાન કરો.

૪૬ થી ૫૩ : ત્યારે ભગવાને કહ્યું - આપ (મહાદેવજી) તો સ્વકીય છો તેથી આપની ઈચ્છા મુજબ જ કરીશ. આ ભૂજાઓ કાપી તે પણ આપની અગાઉની ઈચ્છા પ્રમાણે જ કર્યું છે. વળી બાણ તો બલિ તથા પ્રહ્લાદનો વંશજ છે તેથી હું તેને મારીશ નહિ. આ ભૂજા કાપી તે તો તેનો ગર્વ દૂર કરવા માટે, હવે તે જ ભૂજા સાથે આપના પાર્ષદોમાં મુખ્ય થઈને અજર-અમર થશે. ત્યારે બાણાસુરે દંડવત્ કરીને, માનપૂર્વક ઉષા-અનિરુદ્ધને લઈ આવ્યો. ત્યાર પછી ભગવાને મહાદેવજીની સમ્મતિ લઈને દ્વારકા જવા પ્રયાણ કર્યું ત્યારે દ્વારકામાં મોટો ઉત્સવ થઈ ગયો.

## સાત્વિક પ્રકરણાર્થ (સુ. અ. ૬૧ થી ૬૭)

આ પ્રકરણની શરૂઆત નૃગના વૃત્તાંતથી કરી અંતમાં વસુદેવના યજ્ઞ સુધીના પ્રસંગો છે. આ પ્રકરણ ૨૧ અધ્યાયોનું છે. અહીં અન્ય તામસ તેમજ રાજસ પ્રકરણની જેમ ચાર પેટા પ્રકરણમાંના પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ માંથી પ્રમાણ પેટા પ્રકરણ નથી કેમ કે સાત્વિકો સત્વ હોય છે. સત્વ જ્ઞાનરૂપ કે જ્ઞાન ઉત્પન્ન કરનારું હોવાથી તે પ્રમાણરૂપ છે. સાત્વિકો સ્વભાવથી જ એ જાણે છે કે નન્દકુમાર કે વસુદેવના પુત્ર ભગવાન અને ઈશ્વર છે તેથી તેઓને એવું જ્ઞાન કરાવવાની જરૂર ન હોવાથી પ્રમાણ પ્રકરણ નથી. (૩૦૫-૩૦૬)

આ પ્રકરણમાં કોઈક સ્થળે રાજસ અને તામસ ભકતોનું પણ નિરૂપણ કરેલ છે. તેઓને ભગવાનમાં સ્નેહ અને આસકિત થયેલ હોવા છતાં, સંસ્કાર

તથા સમ્પતિને લીધે ઉદ્ધત રહેતા તેથી ભગવાન તેઓના પણ દોષ દૂર કરે છે. તે દોષ દૂર થતાં તેઓ પણ સાત્વિક થાય છે. (૩૦૭-૩૦૮)

સાત્વિક પ્રમેય પ્રકરણ અધ્યાય-૬૧ થી ૬૬/૬૭ અને ૭૯ વૈવસ્વત મનુના પુત્ર ઈક્ષ્વાકુનો પુત્ર નૃગ પહેલાંનો ભકત તો હતો જ. તે સાત્વિક અને ધર્મવાળો હોવા છતાં દાન કરવામાં જ આસકિતવાળો હોવાથી દુઃખી થયો. કૃષ્ણે તેને ગરોળો - કાંચડાના અવતારથી છોડાવ્યો. (૩૦૯)

તે કાંચડો થયો તે બાબતમાં કોઈનું માનવું છે કે તેણે ભગવાનની ઈચ્છા તથા આજ્ઞા વગર દાન કર્યું, તો કેટલાક કહે છે તેણે અભિમાન હતું. પણ હકીકત એ છે કે ભગવાનમાં અત્યંત આગ્રહ રાખવાને બદલે ભગવાનની આજ્ઞા કે ઈચ્છાનો વિચાર કર્યા વગર ધર્મમાં અત્યંત આગ્રહ રાખ્યો. (૩૧૦) તેથી તેને સર્વ ઘૃણા કરે તેવો ગરોળો બનાવ્યો. ભલે તે અત્યંત ધર્માસકત હોય પણ જો ભગવાનની ભકિત કરનારો હોય તો ભગવાન તેને આવી યોનીમાંથી છોડાવે. (૩૧૧-૧૨) જેમ નૃગે એક બ્રાહ્મણની ગાય બીજા બ્રાહ્મણને આપી દીધી. તેવા કર્મથી બ્રાહ્મણને ક્રોધ થયો તેવી રીતે જે કોઈ ગરોળાને જૂવે તેને ક્રોધ થાય છે, તે દુઃખ આપનાર છે. માટે બીજામાં વ્યસન ન રાખતાં કૃષ્ણમાં જ વ્યસન રાખવું. (૩૧૪) નૃગે અનંત ગાયોનું દાન કરેલ તે જણાવવા માટે જ ૧. પૃથ્વીના રજકણોનું ૨. આકાશના તારાઓનું ૩. વૃષ્ટિની ધારાઓનું દષ્ટાંત આપેલ છે. આ ત્રણે દાખલા અનુક્રમે તામસ સાત્વિક અને રાજસ છે. આ દાખલા દાનનું અનંતપણું દર્શાવનારા છે નહિ કે અભિમાન. આગળ શ્લોક ૨૫માં તેના ગુણ પણ કહ્યા છે (૩૧૫) તેથી ધર્મનો નિર્ણય કરવાના વિષયમાં દોષ ન હોવો તે ગુણ કહેલ છે. અને ગુણ તો દોષરૂપ જ થાય તેથી દાન દોષરૂપ હોવાનું કહેલ છે. (સગુણતા દોષ છે.) (૩૧૬) ધર્મમાર્ગમાં બ્રાહ્મણોને દુઃખ થાય તેવું ન કરવું તથા ભકિતમાર્ગમાં સર્વપ્રાણીઓને સંતાપ થાય તેવું ન કરવું, તે પ્રકારે વર્તે તેને હાની થતી નથી. (૩૧૭)

અ. ૬૨માં અર્થ બાબતે બાંધવોને સંતાપ થાય તેવું ન કરવું. જેમ કે બલભદ્રની આજ્ઞા યમુનાએ ના માની તેથી યમુનાને ભય થયો તે જ રીતે પૌંડ્રકે ભગવાનની ઈર્ષ્યા કરી તેથી તેને કામ પ્રાપ્ત ન થયો તે અ-૬૩માં છે અને દ્વિવિદે ભગવાનના આવેશવાળા બલદેવને ક્રોધ થાય તેવું કર્યું તેથી તેને મોક્ષ પ્રાપ્ત ન થયો. રામાવતારમાં તે ભકત હોવા છતાં પણ ! (૩૧૮) આમ યમુનાનો કુદરતી માર્ગે વહેવાનો અર્થ સિદ્ધ ન થયો. પૌંડ્રકને કાળ અને દ્વિવિદને મોક્ષ પ્રાપ્ત ન થયો (૩૨૦) અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય ધર્મનું રક્ષણ કરવાનું, રક્ષણ





ત્યારે કરવામાં આવે કે જ્યારે ધર્મના વિરોધી હોયે તે બે કાર્ય હોવાથી ભગવાન તથા બળભદ્રે આ બે કાર્ય કર્યા (૩૨૬૧).

## સાત્વિક પ્રકરણાર્થ

<u>વિશેષ</u> : તામસ પ્રકરણની ગોકુળની લીલા શ્રવણ કરવાથી તામસ અહંકારના કાર્યરૂપ દેહની શુદ્ધિ થાય છે. રાજસ લીલાનું શ્રવણ કરવાથી રાજસ અહંકારના કાર્યભૂત ઈન્દ્રિયોની શુદ્ધિ થાય છે. તામસો આગ્રહી હોવાથી તેમનો નિરોધ કરતા વિશેષ શ્રમ થાય છે. સાત્વિક પ્રક્રિયામાં છ છ અધ્યાયથી ધર્મ-અર્થ-કામ કહ્યા જ્યારે ૩ અધ્યાયથી મોક્ષ કહ્યો. પ્રમેય સાધન અને ફલ વડે અર્થ ધર્મ અને કામ કહ્યા. ધર્મી પ્રકરણમાં ત્રિવિધ મોક્ષ કહ્યો. અહીં ક્રમની વિવક્ષા નથી તેથી પ્રથમ નૃગ આખ્યાન કહ્યું. નૃગથી ધર્મ કહ્યો. નૃગ શ્રદ્ધાવાળો છે. ગોપીજનોથી કામ કહ્યો. ગોપીજનો વેદાત્મક બળદેવજીના રમણથી પ્રમાણપુષ્ટ છે. પૌણ્ડ્રક મહાદેવજીના વરથી (અર્થ) પુષ્ટ છે. આ ત્રણે પ્રમાણપોષિત છે. દ્વિવિદ લક્ષ્મણા અને નારદજી એ ત્રણનો મોક્ષ કહ્યો. ભગવદ્ આવેશ દ્વારા બળદેવજીએ હસ્તિનાપુરને ઊંધું કર્યું ત્યારે કૌરવોને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થયું કે જેથી લક્ષ્મણાનો મોક્ષ થયો. નારદજીને ભગવાનનું બહુ સ્ત્રીઓમાં રમણ બાબતે સંદેહ થયો, તેમનું અજ્ઞાન દૂર કરીને ભગવદ્ ધર્મના જ્ઞાનરૂપ મોક્ષ કર્યો. અને દ્વિવિદ રામભકત છે તેને 'યે ચ પ્રલમ્બં'માં ગણ્યો છે. પછી છ અધ્યાયથી ધર્મ કહ્યો તેમાં નૃગે દાનમાં યોજેલ ધર્મ અનર્થરૂપ થયો. ભગવાનને ભજવા સિવાય બીજા કશાની કામના કરે તો ભગવાન પશુપુત્રાદિ આપે છે પોતે નથી મળતા. બ્રાહ્મણનું ધન લીધું તો કાચણ્ડો થયો. યાદવો રાજસ છે તેમને આ ઉપદેશ આપશે ત્યારે તે સાત્વિક થશે. અહીં ઉદ્ધારક અનિરુદ્ધજી છે. નૃગના આખ્યાનમાં ચાર પુરુષાર્થ સિદ્ધ ન થયા તે ભગવાને કરી આપ્યા.ધર્મમાર્ગમાં બ્રાહ્મણનું અપમાન ન કરવું. ભકિતમાર્ગમાં જીવમાત્રનો દ્રોહ ન કરવો. અર્થમાં બન્ધુનો ક્ષોભ ન કરવો. કામમાં આત્માનો ક્ષોભ ન કરવો અને મોક્ષમાં ઈશ્વરનો અપરાધ ન કરવો. દુષ્ટને માર્યા વગર ધર્મ રક્ષણ ન થાય માટે બલદેવજીનું પણ કાર્ય છે. અનિરુદ્ધ ધર્મરક્ષક છે તેથી આ અધ્યાયનો અર્થ વીર્ય છે. યમુનાકર્ષણ કર્યું તે વીર્ય છે. પછી લૌકિક ગોપીજનો સાથે બલદેવજીએ ક્રીડા કરી જેમણે બ્રહ્માજીએ કામથી શાપ આપ્યો (સ્કંધ-૩) તેથી ગોપીજનોને કામથી ભગવાન મળ્યા તે આ ગોપીજનો છે. શ્રુતિરૂપા કે ઋષિરૂપા નહિ તેઓ બલદેવજીના સંગથી સાત્વિક થયા. તેમણે શ્રીકૃષ્ણમાં દોષ-ભાવ કર્યા તે દોષ દૂર થયો. વરૂણે વારુણીની ધારા કરી, કાન્તિએ પોષાક આપ્યો. યમુનાજીનો ભગવત્ પ્રતિબન્ધ દૂર થયો એ ભગવદાવિષ્ટ બળદેવજીનું વીર્યકાર્ય સમજવું.

ત્રીજા અધ્યાયમાં પૌણ્ડ્રકનો કામ સિદ્ધ ન થયો. તેણે ભગવાનથી માત્સર્ય કર્યું તેથી મિત્ર સહિત નાશ પામ્યો પણ ભગવાને પ્રમેયબળ વડે તેને મોક્ષ આપ્યો તેથી આ યશ અધ્યાયમાં કહ્યું છે. મહાદેવ વ. એ તેમના ભકતની સહાય કરવી હોય તો પણ ભગવાનની આજ્ઞાથી કરવી જોઈએ. તેમ ન કર્યું તેથી મહાદેવની કાશીનગરી બાળી તો પણ મહાદેવ કંઈ ન કરી શકયા.

ચોથા અધ્યાયમાં દ્વિવિદનો વધ કહ્યો. તેના દોષની નિવૃત્તિ પ્રમેયબળ થી કરી તે શ્રીનું કાર્ય છે. ભગવાને સ્ત્રીઓ સાથે ક્રીડા કરી તેથી 'શ્રી' અધ્યાયાર્થ છે.

પાંચમા અધ્યાયમાં કૌરવોને ભગવાનમાં દોષ થયો. પાંડવો પણ કૌરવોમાં ભળેલા છે તેથી તેમના દોષ દૂર કરવા જોઈએ. એ જ્ઞાનનું કાર્ય છે. છઠ્ઠા અધ્યાયમાં ભગવાને નારદજીને સમજાવ્યું કે મારું ગ્રાહસ્થ્ય વૈરાગ્યથી છે, જે લોકોને શિખવવા માટે છે, આમ નારદજીનું અજ્ઞાન ગયું અહીં ભગવાનનો વૈરાગ્યધર્મ છે.

સાતમાં અધ્યાયમાં સ્ત્રીઓ વિઘ્નકર્તા કૂકડા વ. ને શાપ આપે છે. તે સ્ત્રીઓના દોષને ભગવાન ધર્માચરણથી દૂર કરે છે. રાજસભામાં ઉદ્ધવજીને પ્રશ્ન કરે છે તથા યાદવો જરાસંધને જીતવાની ઈચ્છા કરે છે તે દોષનું નિવારણ કરી યુધિષ્ઠિરનો પક્ષપાત કરે છે આ ધર્મી કાર્ય છે. અહીં પ્રમેય પ્રકરણ સમાપ્ત થાય છે.

સાધન પ્રકરણમાં કહેવાનું કે પોતાનું સામર્થ્ય હોવા છતાં ભગવાનની આજ્ઞાથી સાધન કરે તો ભગવાન તેમાં સહાય કરે, ભગવાન નીતિના જાણકાર છે છતાં ઉદ્ધવજીનો મત લે છે તેથી ભગવાન સૈન્ય સાથે ઈન્દ્રપ્રસ્થ ગયા એમાં ઐશ્વર્યલીલા છે. બીજા અધ્યાયમાં ભગવાન ભકતને સહાય કરવા કવચિત્ એકલા પણ કાર્ય કરે છે તેથી પોતાનું સામર્થ્ય ભીમમાં મૂકીને જરાસંધને જીત્યો તે વીર્ય. ત્રીજા અધ્યાયમાં યજ્ઞ કર્યો તેમાં યશ સ્પષ્ટ છે. ભગવાને દૈત્યરૂપ શિશુપાલને માર્યો, ભગવાનનું પૂજન થયું તેથી શિશુપાલનું દૈત્ય સ્વરૂપ પ્રકટ થયું. અહીં દૈત્યના હિતૈષી દુર્યોધન માનભંગ થયો તેથી તો બલદેવજી બધાની સાથે આવ્યા ન્હોતા અને આ બનાવ પછી પણ ચૂપ રહ્યા. જો બલદેવજી બોલત તો પાણ્ડવો ભેગા મળી બલદેવજીને મારી નાખત, તેમ ન થાય માટે ભગવાન હાજર રહ્યા અને પાણ્ડવોના હૃદયમાં બલદેવજીની પ્રાર્થના કરવાની પ્રેરણા કરી. મહાદેવજીનો અધિદેવ કાલ શાલ્વમાં આવ્યો તેણે ૨૭ દિવસ યુદ્ધ કરીને દ્વારકામાં દુઃખ આપ્યું. ભગવાનની આજ્ઞા વગર બલદેવજી દ્વારકા આવ્યા તેથી આમ થયું. ભગવાનની





ઉપેક્ષાથી પ્રદ્યુમ્નનો પરાજય થયો. એટલે એ વૈરાગ્ય અધ્યાય છે. અહીં વસુદેવજીનું ભગવાનની સમક્ષ મસ્તક કાપે છે ત્યારે ભગવાને મોહ ઉપજાવ્યો છે, તે મોહ સંભવે નહિ તેથી આ મતાંતર પ્રસંગ છે. આ ધર્મીનો અધ્યાય છે.

ફલ પ્રકરણમાં શિવભકત શાલ્વ, સ્વભકત દંતવકત્ર/જય-વિજય અને વિદુરથનો વધ કર્યાનું કહ્યું છે. ફલની પહેલા યાદવોના દોષનો નાશ થવો જરૂરી છે માટે આમનો નાશ કર્યો. યાદવોને દુઃખ જતાં તે ભગવાનને ફલ સ્વરૂપે સ્વીકારશે. બલદેવજી તીર્થયાત્રાના મિષથી જશે એ વર્ણાશ્રમ ધર્મોમાં જયાં દોષ કર્યા હશે તે યાદવોના દોષોનું નાશ કરી ધર્મ સ્થાપન કરશે. ભગવાન પાણ્ડવોના દોષ દૂર કરશે. કાળદોષને લીધે મુનીઓએ અધમ વકતાની પાસેથી શ્રવણ કર્યું તેથી ધર્મને માટે બળરામે સુતજીને માર્યા પણ ભાગવતનું શ્રવણ પૂરું કરાવી ભાગવતને હૃદયમાં પ્રવેશાવવા જ તેમના પુત્ર દ્વારા સંભળાવ્યું બલ્વલનો વધ કરી ઋષિઓના દોષ દૂર કર્યા. આમ બલ્વલ, દોષો અને સુતજી ત્રણને બલદેવજીએ નિવૃત્ત કર્યા, તીર્થ, જ્ઞાન અને યજ્ઞથી શુદ્ધિ થાય છે માટે તીર્થયાત્રામાં તેમણે જ્ઞાનનો ઉપદેશ કર્યો. આગળ મોહ ન થાય માટે ઋષિઓને ત્રણ પ્રકારે શુદ્ધ કર્યા તેથી પહેલામાં ધર્મીલીલા બીજામાં જ્ઞાનલીલા કહી ત્રણ અધ્યાયથી તામસાદિ ત્રણે પ્રકરણમાં કહેલ ભકતોના સર્વ દોષોનો નાશ કરી ફળ મળ્યાનું કહ્યું છે.

સુદામા અર્ધઋષિ હતા તેમની સ્ત્રીને લક્ષ્મીની ઈચ્છા હતી તેને ભગવાને ધન આપ્યું તેથી એણે ભકતનો સંગ કર્યો. ભકતે પૂર્ણકામ (સંતોષી) થઈને રહેવું તો એનો પરલોક સુધરે. સુદામાને પ્રત્યક્ષ કંઈ ન આપ્યું તેથી તેમનો ભાવ અખંડિત રહ્યો. બે અને ત્રણ અધ્યાયથી દુઃખનો અભાવ, સુખ અને શ્રીકૃષ્ણરૂપતા તે ત્રણ ફળ કહ્યા. બધા જ તે વેળાના સાત્વિક જીવોને ભગવાન ફલરૂપ થયા. ગોપીજનોનો સર્વભાવથી નિરોધ કહ્યો એટલે કે ગોપીજનોને સંસાર તથા ભગવાનથી જે સુખ થયું તે પુષ્ટિ વડે થયું. કામની નિન્દા કરતાં કરતાં કામને ભોગવે તથા નવધા ભકિત કરે તો હૃદયમાં ભગવાન પધારે, કામના નષ્ટ થાય ત્યારે ફલરૂપતા ગણાય. સાધનરૂપ વૈરાગ્યની જરૂર ન રહે ત્યારે સર્વાત્મભાવ કહેવાય. મહિષીઓએ ભગવાનને પતિ તરીકે નહિ પણ સ્વપતિને ભગવાન તરીકે સ્વીકાર્યા છે. વળી મહિષીઓએ ભગવાનનું દાસ્ય માગ્યું છે નહિ કે દામ્પત્ય, જેથી બીજાઓનો મહિષીઓ જેવો ભાવ થાય. આમ લૌકિકનો ઉદ્ધાર કરી, ઋષિઓનો ઉદ્ધાર કરવા તેમની સ્તુતિ ભગવાને કરી છે. ત્યારે ઋષિઓએ ભગવાનની સ્તુતિ કરી છે. ભગવાનના સાન્નિધ્યથી તેમની બુદ્ધિમાં

ફેરફાર થયો, યાદવોને નિરોધ માટે વસુદેવજીનો પ્રશ્ન છે. પછી યજ્ઞ માટે ઉદ્યોગ કર્યો. નારદજીએ સંદેહ નિવૃત્ત કર્યો તેથી વસુદેવે યજ્ઞ કર્યો. લૌકિક વૈદિક અને ભકિતમાં ઉપયોગી થયાં તેથી સર્વફળનું ફળ ભગવાન થયા. અહીં સાત્વિક ફલ પ્રકરણ પૂરું થયું.

## અધ્યાય-૬૪ / સુબોધિની અ. ૬૧

## નૃગનું આખ્યાન

શ્લોક ૧ થી ૩૦ : એક વખત સામ્બ પ્રદ્યુમ્ન વ. યાદવકુમારો વિહાર કરવા નજીકના વનમાં ગયા તેઓ ઘણા તરસ્યા થયા હતા તેથી પાણીની શોધમાં નીકળ્યા ત્યાં એક જળ વગરના કૂવામાં એક ખૂબ જ મોટો કાચીંડો જોયો. ચામડાના દોરડાથી તેને બહાર કાઢવા પ્રયત્ન કર્યો પણ ફાવ્યા નહિ તેથી તેમણે આ વાત શ્રીકૃષ્ણને કહી, ત્યારે ભગવાને ત્યાં આવીને ડાબા હાથે તેને સહજમાં બહાર આણ્યો. ભગવાનના સ્પર્શમાત્રથી તે કાચીંડો મરીને દેવ જેવો થઈ ગયો. ભગવાને જાણવા છતાં પૂછ્યું - તે કોણ છે ? અને તારી અવદશા કેમ થઈ ? ત્યારે તે નૃગે ભગવાનને પ્રણામ કર્યા. (અહીં શુકદેવજીએ નૃગ માટે રાજન્ શબ્દ વાપર્યો છે. તે એટલા માટે કે જેમ તેં (પરીક્ષીતે) રાજમદમાં ઋષિની અવહેલના કરી તેમ જ આને પણ બ્રાહ્મણની કરી) નૃગે પછી કહ્યું - હું ઈક્ષ્વાકુ પુત્ર નૃગ છું. દાનેશ્વરીમાં મારું નામ પ્રસિદ્ધ છે. મેં અસંખ્ય ગાયો દાન કરી હતી અને તે પણ શાસ્ત્રમાં બતાવ્યા અનુસાર જ. તે સિવાય પણ અનેક ચિજોનાં મેં દાન કરેલા. એકવાર અપ્રતિ ગ્રહી બ્રાહ્મણની ગાય ભૂલી પડી તે મારી ગાયો સાથે ભળી ગઈ તેની મને ખબર ન રહી અને મેં અજાણતાં જ તે ગાય બીજા બ્રાહ્મણને દાન કરી દીધી. ત્યારે તે ગાયના મૂળ માલિકે આ ગાયને જતી જોઈને કહ્યું કે - આ તો મારી ગાય છે. પેલા બ્રાહ્મણે કહ્યું, - આ ગાય તો મને નૃગ પાસેથી દાનમાં મળી છે. તે બન્ને લડતા લડતા ન્યાય માટે મારી પાસે આવ્યા. મેં સત્ય હકીકત જાણી તેથી બન્નેને વિનંતી કરી કે તમારી ગાયના બદલામાં હું લાખ ગાય આપું અને તમે આ ગાયને જતી કરો. મને આ અપરાધમાંથી બચાવી લો પણ બન્નેમાંથી એકેય કબૂલ ન થયો. (ગાયનો વિક્રય કે પ્રતિગહનો નિષેધ છે.) આમ બ્રાહ્મણને ક્ષોભ થવાથી રાજાનું આયુષ્ય ક્ષીણ થઈ ગયું. અને યમના દૂતો તેને લઈ ગયા અને પૂછ્યું કે, - તું પહેલા પાપ ભોગવવા માગે છે કે પુણ્ય ? ત્યારે મેં પાપ ભોગવવાની ઈચ્છા કરતાં મને ભૂતલ પર કાચંડો બનાવ્યો.

વિશેષ : આટલું દાન વ. કરનારને આવી દશા એટલા માટે થઈ કે તેને





ભગવાનની શરણાગતિ ન્હોતી. ભગવાન જ આવા વિચિત્ર-ભૂલથી થએલ અપરાધમાંથી છોડાવી શકે છે, કર્મ નહિ. હવે તો મને આપના દર્શનની જ અભિલાષા હતી એમ તેણે અનેક પ્રાર્થના કરીને જવાની રજા માંગી અને માંગ્યું કે મને આપો કે, મારું ચિત્ત હંમેશા આપના ચરણમાં રહે.

૩૧ થી ૪૪ : ભગવાન યાદવ બાળકોને બોધ આપવાના આશયથી કહે છે કે, જ્ઞાન સંપન્ન બ્રાહ્મણ પણ બ્રાહ્મણનું ધન પચાવી નથી શકતો તો પછી ઐશ્વર્યનું અભિમાન રાખનારા રાજાઓ બ્રાહ્મણનું ધન કેવી રીતે પચાવી શકવાના ? બ્રાહ્મણોનું ધન તો હળાહળ વિષ છે આ પ્રકારે અનેક પ્રકારે બ્રાહ્મણનું ધન ભૂલથી પણ ન આવી જાય, તે કાળજી લેવા માટે તેનાં અનેક પ્રકારનાં નરક વ. નાં ફળ કહ્યાં. પછી ભગવાન પોતાના બાળકોને સમજાવે છે કે બ્રાહ્મણો દ્રોહ કરે તો પણ સહી લેવું. આ રીતે બ્રાહ્મણોના ધન સંબંધિ શ્લોક ૩૧ થી ૪૪ સુધી ઉપદેશ આપ્યો.

## અધ્યાય-૬૫ / સુબોધિની અ. ૬૨

## બલદેવજીનું ગોકુલ પધારવું

વિશેષ : સામાન્ય રોધ અગાઉના અધ્યાયથી કહ્યો. અહી જે વ્રજવાસી તામસ હતા તે રાજસ થઈને સાત્વિક થયા તેમનો ભાવ કહે છે. આ સાત્વિકો સકામ હતા. તેમનો નિરોધ બલદેવજી દ્વારા થશે. તેનાથી તેમને સાયુજય ફળ મળશે. બલદેવજી તામસ રાજસ સાત્વિકના માનખંણ્ડક છે. સ્ત્રીઓનો નિરોધ છે. અહીં પ્રમેયબળથી નિરોધ પાંચ પ્રકારે કહ્યો છે. તેમાં સંકર્ષણ અને અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય પ્રકટ થાય છે. પહેલાં ભગવાનમાં સાધન ફળ બન્ને હતા. હવે સાધનરૂપ બળદેવજીને જુદા કર્યા તેથી ફળ ભગવાન થયા. એ કુરુક્ષેત્રના પ્રસંગમાં નિરોધ કરશે.

શ્લોક ૧ થી ૮ : બળદેવજી સુહૃદોને જોવાની ઈચ્છાથી ગોકુળ પધાર્યા. માતા-પિતા તથા બીજા બધાં બળદેવજીને મળીને બહુ જ પ્રસન્ન થયા. પછી બળદેવજીએ ગોપોને કુશળ સમાચાર પૂછયા કે જે ગોપોએ ભગવાનને માટે મોક્ષ સહિત સર્વ ભોગો ત્યજી દીધા હતા. તે પછી ગોપોએ દ્વારકામાં બધાંના ખબર પૂછ્યા તથા દ્વારકાવાસીઓના દુઃખ દૂર કર્યા તે કહ્યું.

૯ થી ૧૬ : તે પછી ગોપીજનો પૂછવા લાગ્યા કે - કૃષ્ણ ત્યાં પ્રસન્નતામાં બિરાજે છે ને ? તે અમારી સેવાને યાદ કરે છે ? અમે તો અમારા ઘરના બંધન તેમને માટે છોડયા છતાં તે અમને છોડીને ચાલ્યા ગયા. અમે તેમના

વચનમાં વિશ્વાસ રાખીને તેમને રોકયા નહિ. અમારી જેવી ભોળીની જેમ દ્વારકાની સ્ત્રીઓ ફસાઈ નહિ હોય. તો કોઈ ગોપી કહે છે - જ્યારે એમને આપણી પડી નથી તો આપણે શા માટે તેમની વાતો કરવી ? તે પછી ભગવાનની સ્મૃતિમાં ગોપીઓ મૂર્છિત થઈ જાય છે, ત્યારે બળદેવજીએ તેમને અનેક પ્રકારે સાન્ત્વન આપ્યું.

૧૭ થી ૨૪ : રાતના વખતે ગોપીજનો સાથે ક્રીડા કરતાં, બલદેવજી વસન્તના ચૈત્ર અને વૈશાખ તેમ બે માસ રહ્યા. વનમાં વૃક્ષમાંથી વારૂણી ઝરતી હતી ત્યારે મદમસ્ત થઈને બળદેવજી સાથે ગોપીજનો વિહાર કરતા હતા. સંકર્ષણને સાંખ્યશસ્ત્રનો અનાત્મા-આત્માનો વિવેક માન્ય નથી તેથી તે એક જ કુંડલ પહેરે છે. વારુણીનું પાન કરીને જે સ્થળે બળદેવજી હતા ત્યાં જલવિહાર માટે બળદેવજીએ યમુનાજીને બોલાવ્યા. બળદેવજીને નશામાં જાણીને યમુનાજી આવ્યા નહિ ત્યારે બળદેવજીએ તેમને પોતાના હળની અણીથી ખેંચ્યા અને કહ્યું હે પાપીણી યમુને, હું બોલાવું છું છતાં તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અહીં આવતી નથી ! હું મારા હળની અણીથી તારા સેંકડો ટૂકડા કરી નાખું છું.

વિશેષ : શંકા - યમુનાજી તો ભગવાનની નિર્ગુણ લીલામાં હોય છે તો તેમને 'પાપે' કહ્યા ?

સમાધાન : અહીં તે યમુનાજી નહિ પણ માત્ર નદી યમુનાજી જ સમજવા. તેથી આ નદીએ માફી માગી છે. યમુનાષ્ટકની પુરુષોત્તમજીની ટીકામાં આનો વિશેષ ખુલાસો કર્યો છે. આ ગોપીજનો પણ બીજા છે તે પણ ત્યાં બતાવ્યું છે. આ ગોપીજનોની શુદ્ધિ ભગવાન બળદેવજી દ્વારા કરે છે.

## અધ્યાયાર્થ ૬૨ સુબોધિની

કા. : ૩૨૨-૩૨૪ : બલભદ્રે યમુનાને ખેંચી તે ભગવાનનું વીર્ય કાર્ય છે. પાછળ થી ઉત્પન્ન થયેલી ગોપીઓ કે જેમણે ભગવાને કરેલ રાસનું શ્રવણ કરેલ તે લૌકિકી ગોપીઓ સાથે બળભદ્રે રમણ કરેલ. બળભદ્રમાં ભગવાનનો આવેશ હોવાથી હકીકતમાં ભગવાન સાથે જ ગોપીઓએ રમણ કરેલ અને ભગવાને જ યમુનાને ખેંચેલ (સુબો.) (૩૨૨) પહેલાની ગોપીઓ તો બલભદ્રના સત્સંગથી સાત્વિકી થઈ તેથી તેમણો કૃષ્ણ પ્રતિનો રોષ ટળ્યો. નંદ વ. ને પણ કૃષ્ણ કથા બળભદ્ર પાસે કરતાં સુખ થયું (૩૨૩) અમૃતમથન વખતે જે વારુણી નીકળેલ તે વૃક્ષોને આપેલ તેમાંથી નીકળતી મધુધારાથી વન સુગંધીત થયા. દેવોનું રૂપ ધારણ કરનાર દૈત્યોએ આ મધુધારા બલદેવજીને આપી અને દેવોએ



ભગવાનની ચોથી શકિત કાંતિએ શ્યામ વસ્ત્રો અને માળા આપ્યા. આથી દેવોની સમ્મતિ થઈ (૩૨૪)

## અધ્યાય-૬૬ / સુબોધિની અ. ૬૩

## ભગવાને મિથ્યા વાસુદેવને માર્યો અને કાશી બાળી

વિશેષ : કામની વાત ગયા અધ્યાયમાં કરી હવે ક્રોધની વાત કરે છે. આગળ ના પ્રસંગોમાં તો ભગવાને કંસનો મોક્ષ, બાણાસુરને જીવતદાન તેના સહાયક મહાદેવજી ઉપર દયા, રૂદ્રગણોને જીવાડવા અને માત્ર ગર્વ દૂર કર્યો પણ અહીં વાત વિપરીત છે. કેમ કે ત્યાં તો ભગવાને, ભકત પ્રહ્‌લાદને તેનો વંશ નાશ નહિ કરવાનું વચન આપેલ હતું, પણ અહીં સર્વનાશ કરે છે.

પૌણ્ડ્રકને 'ચતુર્ભુજ ભગવાન જ વાસુદેવ છે' તેમ જાણી ક્રોધ આવ્યો અને કહેણ મોકલ્યું કે - ભગવદ ચિન્હ્ છોડો નહિ, તો મારી સાથે લડી લો. ભગવાન અકિલષ્ટકમાં હોવાથી કહેણ વગર ન લડે. તેથી ભગવાને પૌણ્ડૂક તેના મિત્ર કાશીરાજ અને તેની સેનાનો કાશીનગરી સહિત નાશ કર્યો. એમ ભગવાને એનો પોતાના સ્વરૂપમાં નિરોધ કર્યો. કેમ કે પહેલા તે ભકત હતો અને તેના પિતાનું નામ પણ વસુદેવ હતું. તેણે પણ ભગવાન વાસુદેવ જેવા ચિન્હો ધારણ કર્યા હતા. તે પોતાની જાતને બ્રહ્મ માનવા લાગ્યો.

૧ થી ૬ : જ્યારે બળદેવજી નંદજીના વ્રજમાં પધાર્યા હતા તે દરમ્યાન 'કરુષ' દેશના રાજા પૌણ્ડ્રકે કહેવરાવ્યું કે ''હું વાસુદેવ છું બધા તમને ખોટા ભગવાન માની બેઠા છે માટે તમારું તેવું નામ છોડી દો અને મારે શરણે આવો કે યુદ્ધ કરો.''

વિશેષ : પૌણ્ડ્રકના શબ્દોને મહાપ્રભુજી જુદી રીતે મૂલવે છે ભગવાનનો આવિર્ભાવ મનુષ્ય તરીકે થાય તો જીવો તેમને ઓળખી શકતા નથી. પોતાની ઓળખાણ મૂઢ જીવોને કરાવવા આપ શંખ ચક્ર વ. ધારણ કરો છો. વૈષ્ણવો શંખ-ચક્રાદિ મુદ્રા ધારણ કરે છે તેમ આપ ધારણ કરો તે યોગ્ય જ છે. મારી પાસે આવી મને શરણમાર્ગનું દાન કરો અને તેમ ન કરવું હોય તો એમ કહો કે હું તને મોક્ષ આપીશ. પૌણ્ડૂકનો આ સંદેશો સાંભળીને ઉગ્રસેન વ. ને હસવું આવ્યું.

૭ થી ૨૯ : ત્યારે ભગવાને અતી તિરસ્કાર પૂર્ણ જવાબ આપ્યો કે આવી વાત કરીને તો તું કૂતરાંને શરણે જઈશ. તે પછી ભગવાન કાશી જવા નીકળ્યા કેમ કે પૌણ્ડ્રક કાશીમાં રહેતો હતો. (પૌણ્ડ્રં = ચાંડાલ જાતી, ક = હીન) પૌણ્ડ્રક

પણ સેના લઈને કાશીની બહાર આવ્યો. તેણે બે હાથ બનાવટી ધારણ કર્યા હતા. બધો વેષ ભગવાન જેવો જ કર્યો હતો. ત્યાં ભગવાને એટલો બધો સંહાર કર્યો કે તે શંકરની ક્રિડાસ્થલી હોય તેમ લાગતું હતું ! ભગવાને પૌણ્ડ્રકના રથ-હથિયારનો નાશ કરી તેનું માથુ પણ કાપી નાખ્યું તથા કાશીરાજનું માથુ કાશીનગરીમાં પડયું (ભગવાને શિશકમળથી જાણે શંકરનું પૂજન કર્યું) આ રીતે પૌણ્ડ્રક અને કાશીરાજને મારીને ભગવાન દ્વારકા પધાર્યા. પૌણ્ડ્રકને કોઈપણ પ્રકારે ભગવાનમાં નિરોધ હોવાથી તેની સારૂપ્ય મુકિત થઈ. કાશીરાજના પુત્રે મનમાં તેના પિતાના મારનાર માટે વેર બાંધ્યું તે માટે તેણે શંકરની આરાધના કરી. તેણે પ્રસન્ન થયેલા શંકર પાસે પિતાના વધ કરનારનો વધ કરવાનો ઉપાય પૂછયો.

<u>વિશેષ</u> : કાશીમાં મહાદેવજી નિત્ય બિરાજે છે. તામસ કલ્પોમાં મહાદેવજીન જ ભગવાન હોય છે. ભગવનનો અર્થ દિવ્ય અલૌકિક શકિતવાળા.

૩૦ થી ૪૩ : ત્યારે શંકરે દક્ષિણાગ્નિની અભિધા વિધિથી આરાધન કરવા કહ્યું. તેનાથી જે બ્રાહ્મણ ભકત ન હોય તેના પર તેનો પ્રયોગ થઈ શકશે. યજ્ઞ પૂરો થતાં તેમાંથી એક ક્રૂર ભયંકર પુરુષ ત્રિશૂળ ફેરવતો નીકળ્યો. તે અગ્નિ સ્વરૂપ હતો અને તે દ્વારકા તરફ દોડયો. તેથી દ્વારકા બહારનું વન બળવા લાગ્યું તથા લોકો ભયભિત થઈ ગયા હતા. ભગવાને તે કૃત્યાની પાછળ સુદર્શન ચક્રને મોકલ્યું. તેથી તે પાછળ ખસતી ખસતી કાશી પહોંચી અને ત્યાં બધાંને બાળ વા લાગી સુદર્શન ચક્રે કાશીનગરીના સર્વ સ્થળોને બાળીને ભસ્મ કરી નાખ્યા. પછી સુદર્શન ચક્ર પાછું ભગવાન પાસે આવી ગયું.

## <u>અધ્યાયાર્થ ૬૩ સુબોધિની</u>

<u>કા. ૩૨૬</u> : લોકોમાં સન્માન થાય તે કામ, પણ તે માટે શ્રીકૃષ્ણપણું હોવું જોઈએ. પૌણ્ડ્રકને લોકમાં પોતાનું સન્માન થાય તેવી કામના હતી. પણ તે માટેનું જોઈતું લક્ષણ - શ્રીકૃષ્ણપણું તેનામાં ન્હોતું. તેણે તો શ્રીકૃષ્ણની ઈર્ષ્યાથી તેવું રૂપ ધર્યું હતું. મૂર્ખ લોકોના ચડાવવાથી તેને પોતાને વાસુદેવ માનીને કૃષ્ણના (મૂળ સ્વરૂપનો) વિરોધ કર્યો તો નાશ પામ્યો પણ તે ભગવાનમાં નિરુદ્ધ હોવાથી મુકત થયો. જયારે કાશીરાજ તો લોકમાંથી નાશ પામ્યો, મુકત ન થયો. તેમાંથી સમજવાનું એ છે કે ભગવાનના વિરોધીનો પક્ષ લેવો હોય તો ભગવાનની આજ્ઞાથી કે ભગવાનનો વિરોધ ન થાય તે રીતે લેવો. જેમ અમૃત મંથન વખતે દેવોએ ભગવાનની સલાહથી દૈત્યનો સહકાર કર્યો હતો.





વિદુર પણ ભગવાનનો વિરોધ ન થાય તે રીતે દુર્યોધનના પક્ષમાં હતા. અન્યથા તેવાનો નાશ જ થાય છે. આ નિયમ તીર્થના દેવોને પણ લાગુ પડે છે તેથી દેવોએ પોતાના ભકતનો પક્ષ લેવામાં વિચાર કરવો. (૩૨૭) તેથી તો કાશીરાજના પુત્ર સુદર્શનના પક્ષે રહેવાથી કાશી તીર્થ બળી ગયું. અગ્નિરૂપ મહાદેવનો પરાભવ થયો (અગ્નિરૂપ કૃત્યા મહાદેવનો અંશ હતી) (૩૨૮)

અહીં છેલ્લા શ્લોકમાં ભગવાનની આ લીલાનું શ્રવણ કરવાનું ફળ કહેલું હોવાથી આ ભગવાનના યશગુણનું કાર્ય છે.

## <u>અધ્યાય-૬૭ / સુબોધિની અ. ૬૪</u>

## બલદેવજીએ દ્વિવિદ વાનરને માર્યો

<u>વિશેષ</u> : બલદેવજીની ગેરહાજરીમાં પૌણ્ડ્રક વ.નો નાશ થયો. તેથી બધાંને લાગ્યું કે બલદેવજીનું પરાક્રમ ભગવાનને કારણે જ છે. બલદેવજી દ્વારા સ્ત્રીઓના નિરોધ કરાવવાનો છે. એટલા માટે કે ભગવાને શકિતના વિભાગ કર્યા પછી બળદેવજીમાં પણ શકિત મૂકી છે. સમજવાનું એ છે કે જયારે ભગવદ્ આવેશવાળા બળદેવજીનું આવું પરાક્રમ છે તો ભગવાનનું કેવું હોય !

<u>૧ થી ૮</u> : પરીક્ષિતે બળદેવજીનું બીજું ચરિત્ર સાંભળવાની ઈચ્છા કરી ત્યારે શુકદેવજીએ કહ્યું - નરકાસુરનો મિત્ર 'દ્વિવિદ' નામનો વાનર રામાવતારમાં સુગ્રીવનો પ્રધાન હતો. (રામાવતારમાં તે ભકત હતો અને અત્યારે ભગવાનનો વિરોધી થયો મ)ટે દ્વિ=સ્વભાવ થયો. અત્યાર સુધી ભગવાને તેની ઉપેક્ષા કરી કેમ કે વા-નર અર્ધનરને શું મારવો ?) નરકાસુરના વધ પછી આ વાનરે દેશનો નાશ કરવાનો આરંભ કર્યો તથા ભગવાન બિરાજે છે તે આનર્ત દેશનો નાશ કરવા લાગ્યો તથા ઋષિઓના આશ્રમોના યજ્ઞસ્વરૂપને દૂષિત કરતો, મનુષ્યોને ગુફામાં પૂરી દેતો તથા કુલીન સ્ત્રીઓને દૂષિત કરતો.

<u>૯ થી ૨૮</u> : એકવાર રૈવતક પર્વત ઉપર સુંદર ગાન સાંભળતાં ''મારી સામે કોણે ગાવાની હિમ્મત કરી ?'' તેમ કરી તે ત્યાં ગયો ત્યાં તેણે બળદેવજીને યુવતીઓના મંડળમાં બિરાજેલા જોયા. ત્યાં તો તે વાનર સ્ત્રીઓ સામે ધૃષ્ટ વર્તન કરવા લાગ્યો. તેણે બળદેવજી સમક્ષ પણ અણછાજતી ચેષ્ટાઓ કરી. બળદેવજીએ તેને ભગાવવાની કોશીશ કરી પણ તેણે તો તેમણે યુદ્ધ માટે લલકાર્યા. તે પછી બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું તેમાં બળદેવજીએ મૂશળથી તેનું માથું ફાડી નાખ્યું, છતાં પણ તે યુદ્ધ કરતો રહ્યો ત્યારે બળદેવજીએ તેના ગળ ાની હાંસડી પર પ્રહાર કર્યો ત્યારે તે ભોંય ભેગો થઈ ગયો. આ રીતે જગતમાં

બહુ જ ઉપદ્રવ કરનારનો બળદેવજીએ નાશ કર્યો. પછી આપ દ્વારકા પાછા આવ્યા. બધાએ આપની ઘણી સ્તુતિ કરી.

## અધ્યાયાર્થ - ૬૪ સુબોધિની

બળદેવજી દ્વારકામાં હતા ત્યાં સુધી તો પૌણ્ડ્રક શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલવાનું સાહસ ન્હોતો કરી શકયો. તેમ બળભદ્રનું પરાક્રમ તો તેથી ગયા અધ્યાયથી જ પ્રસિદ્ધ છે. આ અધ્યાયમાં બળભદ્રે દ્વિવિદને રમતવાતમાં હણ્યો આ ભગવાનના શ્રીગુણનું કાર્ય છે. આ અધ્યાય સંબંધિ નિબંધમાં વિચાર દર્શાવેલ નથી.

## અધ્યાય-૬૮ / સુબોધિની અ. ૬૫

## બલદેવજી કૌરવોને જીતી લક્ષ્મણા અને સામ્બને લાવ્યા

વિશેષ : આ અધ્યાયમાં પણ બલદેવજીનું આશ્ચર્યકારક ચરિત્ર કહેવાશે. બળદેવજીનાં ત્રણ અને કૃષ્ણના ચરિત્ર મળી ષડ્ગુણ ભગવાન થશે. બળદેવજી અલૌકિક સાધન અને ભગવાન અલૌકિક ફળ થયા. યમુનાના કાંઠે અને પર્વત પરની લીલા કહી, હવે ગંગાજીના કાંઠે આવેલ શહેરમાં બળદેવજીનું પરાક્રમ કહે છે. લક્ષ્મણાના હરણથી કૌરવોએ સામ્બને બાંધ્યો તેને બલદેવજીએ છોડાવ્યો તથા શત્રુઓનો નિગ્રહ કર્યો.

શ્લોક ૧ થી ૧૨ : જામ્બવતી નન્દન સામ્બે મોટા મોટા વીરો ઉપર વિજય મેળવીને સ્વયંવરમાંથી લક્ષ્મણાનું હરણ કર્યું. તેથી કૌરવોએ પોતાનું અપમાન સમજીને તેને બાંધ્યો અને કહેવા લાગ્યા કે વૃષ્ણિઓ આપણને શું કરવાના છે ? તેઓ આ સાંભળી અહીં આવશે તો તેમની સાન ઠેકાણે લાવશું. આવું વિચારી તેઓ મહારથીઓ સહિત સામ્બની પાછળ પડયા. કર્ણની બાણવર્ષા સામે તેને સારી એવી ટકકર લીધી તે જોઇ વિપક્ષીઓ પણ તેની પ્રસંશા કરવા લાગ્યા. આથી તે અભિમાનથી ફૂલાયો. તેથી તેણે બ્રહ્માસ્ત્રથી આ લોકોનો પ્રતિકાર ન કર્યો. તે પછી છ મહાવીરોએ તેને ઘેરી લીધો અને તેના રથ-ઘોડા-અસ્ત્ર-શસ્ત્રને છિન્ન ભિન્ન કરી નાખ્યા અને તેને બાંધીને હસ્તિનાપુર લક્ષ્મણા સહિત આવ્યા.

૧૩ થી ૪૮ : નારદજીએ આ વાત યાદવોની સભામાં આવીને કહી તેથી ઉગ્રસેને કૌરવો પર ચડાઈ કરવાની આજ્ઞા કરી. બલદેવજીએ બધાને શાન્ત કર્યા કેમકે લડાઈ થાય તો બે કુળ વચ્ચે ઝેર રોપાય. પછી બળદેવજી કુલવૃદ્ધો અને બ્રાહ્મણો સહિત હસ્તિનાપુર પધાર્યા. ઉપવનમાંથી તેમણે ધૃતરાષ્ટ્રને ખબર





મોકલ્યા. બલદેવજી આવ્યા જાણી બધાંએ તેમનો સત્કાર કર્યો. પછી બળદેવજીએ ઉગ્રેસેન રાજાની આજ્ઞા સંભળાવી કે સામ્બને છોડી મૂકો. હું આપણો સંબંધ જાણીને આ સહન કરી રહ્યો છું. કુરુઓ આ સાંભળી ખૂબ જ ક્રોધે ભરાયા અને યાદવો માટે ઘણા હીન વચનો કહેવા લાગ્યા કે - તેમનું ઐશ્વર્ય તો અમારે કારણે છે, આ તો ખાસડું મસ્તક પર ચડવા લાગ્યું ! બલદેવજીને આવાં ઘણા કડવા વચનો સંભળાવીને તેઓ નગરમાં ગયા. તેથી બળભદ્રે કહ્યું - ''હવે આ તોફાની પશુ લાકડીનો પ્રહાર જ માગે છે. હું તો કલહ ન થાય માટે એકલો જ આવ્યો છું.'' વળી યાદવોની લાયકાતના અનેક વચનો કહ્યા. ''લાગે છે કે ઐશ્વર્યના મદમાં કૌરવો ગાંડા થયા છે. આજે તો હું પૃથ્વીને કૌરવો વગરની કરીશ.'' તેમણે હળથી હસ્તિનાપુરને ખેંચીને ગંગા તરફ તાણવા લાગ્યા. આ ભૂંકપ જોઈને કૌરવો ડરી ગયા. તેથી લક્ષ્મણા અને સામ્બને આગળ કરીને પોતાના પ્રાણની રક્ષા માટે બળદેવજીને શરણે ગયા તથા બળદેવજીની શ્લોક ૪૪ થી ૪૮ સુધી તેમના અલૌકિક શેષ તથા અક્ષરબ્રહ્મ સ્વરૂપની સ્તુતિ કરી.

૪૯ થી ૫૪ : ગર્વ વગરના કૌરવોએ સ્તુતિ વડે બળદેવજીને પ્રસન્ન કર્યા. તથા દુર્યોધને દાયજામાં ખૂબ બધી સમ્પત્તિ આપીને લક્ષ્મણાને સામ્બ સાથે વિદાય આપી. દ્વારકામાં જયજયકાર થયો. શુકદેવજી પરીક્ષિતને કહે છે - આજે પણ હસ્તિનાપુર દક્ષિણથી ગંગા તરફ ઢળતું છે.

## અધ્યાયાર્થ ૬૫ સુબોધિની

૩૨૯ : અભિમાનને કારણે કૌરવો ત્યાગ યોગ્ય થએલા. તેથી શ્રીકૃષ્ણના આવેશવાળ ા બળદેવજીએ હસ્તિનાપુરને ગંગામાં નાખવા ખેંચ્યું. કૌરવો અભિમાન તજી બળ ભદ્રને શરણે ગયા ત્યારે બળભદ્રે પ્રસન્ન થઈ તેમને અભયદાન આપ્યું. આ કાર્યમાં પાણ્ડવો પણ કૌરવોની સાથે સામેલ હતા તેમ અર્જુનનું નામ બોલાવાથી જણાય છે. તેથી કૌરવો તથા પાણ્ડવોના અભિમાન રૂપ દોષને દૂર કર્યો.

## અધ્યાય-૬૯ / સુબોધિની અ. ૬૬

## શ્રીકૃષ્ણના ગ્રાર્હસ્થ્યને નારદજીએ જોયું

વિશેષ : સાત્વિક ભકતોના નિરોધમાં નારદજી મુખ્ય છે. ભકિતમાર્ગ અનુસાર તેમની પ્રપંચ વિસ્મૃતિ થવી જોઇએ.

સામ્બ હસ્તિપુરમાં કેદ છે તે સમાચાર આપવા નારદજી આવેલા ત્યારે ભગવાને નરકકાસુરને મારીને ૧૬૦૦૦ સ્ત્રીઓ સાથે લગ્ન કરેલા. ત્યારે નારદને

શંકા થઈ કે ભગવાન આ બધા સાથે ગૃહસ્થી કેવી રીતે નીભાવી શકતા હશે ? આ ભ્રાન્તિ દૂર કરવા ભગવાન તેમને દરેક પટરાણીના મહેલમાં દર્શન આપે છે. તેથી તેમને ભગવાનના અલૌકિક સામર્થ્ય બાબતનો સંદેહ દૂર થયો.

શ્લોક ૧ થી ૩૬ : ભગવાને નરકાસુરને મારીને ૧૬૦૦૦ સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા. તે જાણી નારદજીને ભગવાનનો ગૃહસ્થાશ્રમ જોવાની તીવ્ર અભિલાષા થઈ. તેમને થયુ - એક જ ભગવાન જુદા જુદા મહેલમાં રહેતી સ્ત્રીઓ સાથે ગૃહસ્થી કઈ રીતે નભાવતા હશે ? તે માટે તે દ્વારકા આવ્યા. દ્વારકાપુરીની શોભાનું વર્ણન શ્લોક ૪ થી ૧૨ સુધી છે. નારદજીએ જોયું કે હજારો દાસીઓ હોવા છતાં સ્વામીનીજીઓ ભગવાનની ચામર ઢોળવાની સેવા સ્વયં કરે છે. નારદજીને પધારેલા જોઈ ભગવાન પલંગ પરથી ઊભા થઈ ગયા અને નારદજીનો યથોચિત પૂજા-સત્કાર કર્યો. ભગવાને નારદજીને પોતાના આસન પર બેસાડી તેમના ચરણ ધોયા અને તેનું ચરણામૃત મસ્તક પર ધર્યું. નારદજીએ પણ ભગવાનની સ્તુતિ કરી. તે પછી નારદજી ભગવાનની બીજી પત્નીના મહેલમાં ગયા. નારદજીએ વિચાર્યું કે આ પત્ની તો એકલા બિરાજતા હશે પણ ત્યાં જઈ જોયું તો ભગવાન ઉદ્ધવજી સાથે ચોપાટ ખેલી રહ્યા છે, ભગવાને અચાનક નારદજીને આવેલા જોઈ તેમનું સ્વાગત પૂજન વ. કર્યા તથા ખબર અંતર પૂછયા. નારદજી આ જોઈને વિસ્મિત થઈ ગયા. નારદજી ગૂંચવાયા તેથી ઊભા થઈ ગયા અને ત્રીજી પત્નીના મહેલમાં ગયા ત્યાં જોયું તો ભગવાન બાળકોને લાડ લડાવી રહ્યા છે, તો કયાંક ગાયત્રી જપી રહ્યા છે, તો કયાંક રથમાં સવાર થયા છે, તો કયાંક પલંગમાં પોઢેલા, કયાંક બંદીજનની સ્તુતિ સાંભળતા આવાં તો અનેક કાર્યો અનેક જગાએ એકસાથે કરી રહ્યા છે.

૩૭ થી ૪૫ : આ પ્રમાણે ભગવાનની યોગમાયાનો પ્રભાવ જોઈને નારદજીએ હસતાં હસતાં કહ્યું કે ‘‘આપની યોગમાયા યોગીઓને પણ અગમ્ય છે તે મેં આપના ચરણકમલની સેવાથી જાણી.’’

ત્યારે ભગવાને કહ્યું-સંસારને ધર્મની શિક્ષા આપવા હું આ પ્રકારે ધર્મોનું આચરણ કરુ છું. મારી લીલાનું તત્વ તું ન જાણી શકયો માટે તું ખેદ ન કર.

ભગવાનને જાણે ચારે પુરુષાર્થોમાં અત્યંત શ્રદ્ધા હોય તે પ્રકારે આચરણ કરી રહ્યા હતા. ભગવાને નારદજીનું બ્રાહ્મણ બુદ્ધિથી તથા ઋષિબુદ્ધિથી સન્માન કરી ભોજન કરાવી વિદાય કર્યા. ભગવાને જેવી લીલાઓ કરી છે તે બીજું કોઈ કરી શકે નહિ. ભગવાનની લીલાનું ગાન કરનારને ભગવાનના ચરણોમાં પ્રેમમયી ભકિત પ્રાપ્ત થઈ જાય.





## અધ્યાયાર્થ ૬૬ સુબોધિની

કા. ૩૩૦ : તેવી રીતે ભગવાને પોતાનો વૈરાગ્ય ગુણ નારદને જણાવીને નારદના અજ્ઞાનરૂપ દોષને દૂર કરે છે. ભગવાન તેને પોતાનો આ વૈરાગ્ય ગુણ પોતાનો ગૃહસ્થાશ્રમ દેખાડયા પછી શ્લોક ૪૦માં જણાવે છે.

## અધ્યાય-૭૦ / સુબોધિની અ. ૬૭

# ભગવાનની દિનચર્યા

વિશેષ : સાત્વિકભકતોના નિરોધમાં પ્રમેયબળ વડે પ્રથમ છ અધ્યાયથી સર્વનો નિરોધ કર્યો. ભગવાનનો ધર્મ બે પ્રકારે કહ્યો છે.

આ અધ્યાયમાં ભગવત્કૃત ધર્મ કહેવામાં આવે છે. તેના થકી લોકો ભગવત્ પ્રવણ થાય. જેથી શુદ્ધ ચિત્તવાળા રાજાઓ સાત્વિક થઈને ભગવાનના ચરણનું શરણ ગ્રહશે. જો એમ ન માનીયે તો દિનચર્યા ધર્મના પ્રયોજન રહિત થઈ જાય. જેમકે ભગવાનનું સભામાં જવું ક્ષત્રિયધર્મનું સૂચક છે. ક્ષતની રક્ષા કરે તે ક્ષત્રિય. આ અધ્યાયમાં અરુણોદયથી રાત્રિ પર્યંત ભગવાન જે જે કાર્યો કરે છે તે કહ્યાં છે.

શ્લોક ૧ થી ૨૧ : અરુણોદય થવા લાગતાં કૂકડાઓ બોલવા લાગતા ભગવાનની પત્નીઓ હવે ભગવાનથી વિરહ થશે તેમ વિચારી કૂકડાઓને શાપ દેવા લાગી. (૧) પક્ષીઓ ભગવાનને જગાડવા કલરવ કરવા લાગ્યા (૨) ભગવાનનો વિયોગ થશે તેમ વિચારી રુકિમણીજી બ્રહ્મમુહૂર્તમાં ઉઠી જઈને આચમન કરી આત્મસ્વરૂપનું ધ્યાન કરતા કે જે આત્મસ્વરૂપ બ્રહ્મ છે, બ્રહ્મ હોવાના કારણે તે સ્વયં પ્રકાશીત છે, જેને કાલની સીમા નથી, અવિદ્યાથી અસ્પર્શ્ય, એકરસ સ્થિત, જેમાં પ્રકાશ્ય-પ્રકાશક ભાવ નથી, જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય અને કાલરૂપ છે. ૧-૧.

પછી ભગવાન ગોમતીમાં ડૂબકી મારીને યથાવિધ સ્નાન કરતા. પછી બે શુદ્ધ વસ્ત્રો પહેરી તીલક આભૂષણો ધરીને સંધ્યા અગ્નિહોત્ર અને ગાયત્રી મન્ત્ર જપતા ત્યાર પછી સૂર્યોદય વખતે દેવતા, ઋષિ, પિતરોનું તર્પણ કરતા તથા વડીલો અને બ્રાહ્મણોનું નિષ્કામભાવથી અર્ચન કરતા અર્ચનમાં ગૌદાન પણ આવી ગયું. (અહીં બદ્ધ = ગાયનો વાડો અર્થ છે.) પછી પોતાની વિભૂતિરૂપ ગાય-બ્રાહ્મણ-દેવતા-કુલવડીલો, ગુરુજનો તથા તેમના શિષ્યો અને સમસ્ત પ્રાણીઓને નમસ્કાર કરી પછી માંગલિક પદાર્થોનો સ્પર્શ કરતા. તે પછી

પોતે વસ્ત્રાભૂષણ સુગંધ વ. ને ધારણ કરતા ત્યાર પછી દર્પણમાં મુખ જોઈને ગાય-સાંઢ-બ્રાહ્મણ-દેવ મંદિરે દર્શન કરી પુરવાસી, અંતઃપુરના ચાકરવર્ગ તથા સ્ત્રીઓની ઈચ્છા પૂરી કરતા. તે પછી તામ્બુલ ચંદન વ. બ્રાહ્મણો, સ્વજનો, મંત્રીઓ તથા રાણીઓને આપી પછી પોતાને માટે વાપરતા. તે પછી બીજાઓ તે વસ્તુ વાપરતા, તે પછી દારૂક રથને લાવીને હાજર થતો, ભગવાન સાત્યકી તથા ઉદ્ધવજી સાથે રથારુઢ થતા ત્યારે રાણીઓ આપને વિદાય આપતી. પછી ભગવાન સુધર્માસભામાં પ્રવેશ કરતા કે જ્યાં ભૂખ-તરસ બાધા નથી કરી શકતી (ભૂખ-તરસ-શોક-મોહ-વૃદ્ધાવસ્થા-મૃત્યુ) ભગવાન અલગ અલગ રાણીઓથી વિદાય લઈ એક જ સ્વરૂપે સભામાં પ્રવેશતા અને સિંહાસન પર બિરાજતા. સભામાં હાસ્યવિનોદ નૃત્ય વ. થી મનોરંજન થતું. તથા બંદીજનો સ્તુતિ કરતા. વિદ્વાનો વ્યાખ્યા કરતા તથા આખ્યાનો કહેતા.

<u>૨૨ થી ૩૧</u> : એકવાર એક અજાણ્યો મનુષ્ય આજ્ઞા મેળવ્યા પછી સભામાં આવ્યો. ભગવાને નમસ્કાર કરી તેને આવકાર્યો તે દૂતે ભગવાનને કહ્યું કે જરાસન્ધે ૨૦૮૦૦ રાજાઓને પર્વતમાં કેદ કર્યા છે. (<u>વિશેષ</u> : ૨૦૮૦૦નું રહસ્ય - ૧૦ ઈન્દ્રિય + ૪ અંતઃકરણ એમ ૧૪ સ્થાન અહંતાના, ૧૪ સ્થાન મમતાના, ૧૦ ઈન્દ્રિયોની વૃત્તિ ૧૦ × ૧૦૦૦ = ૧૦,૦૦૦ + ૪ × ૧૦૦ અંતઃકરણ અહંતા-મમતાના મળી ૧૦૪૦૦ × ૨ = ૨૦૮૦૦ થયા.) તે પછી દૂતે ભગવાનની સ્તુતિ શ્લોક ૨૫ થી ૨૬માં કરીને સૌને જરાસન્ધના કષ્ટોથી મુકિત અપાવવા પ્રાર્થના કરી તથા કહે છે કે તે સર્વને શિવજીના યજ્ઞમાં હોમવા માટે જ કેદ કર્યા છે. આપે એક વખત હારવાનો અભિનય કર્યો તેથી જરાસંધનો ગર્વ વધી ગયો છે.

<u>૩૨ થી ૪૪</u> : દૂતે આ પ્રકારે પ્રાર્થના કરી ત્યાં તો નારદજી ત્યાં પ્રકટ થયા ત્યારે બધાંએ ઉભા થઈને તેમનું સન્માન કર્યું. તેમને આસન તથા પૂજન ગ્રહણ કર્યું. પછી ભગવાને તેમને ખબર અંતર પૂછ્યા કે ત્રણે લોક કુશળ છે ને ? કેમ કે આપ બધું જ જાણો છો યુધિષ્ઠિર અને પાણ્ડવો હવે શું કરવા ચાહે છે ?

ત્યારે નારદજીએ કહ્યું - આપની માયા મેં ઘણીવાર જોઈ છે તેથી આપથી અજાણ્યું કંઈ જ ન હોય. તે પછી નારદજીએ શ્લોક ૩૮ થી ૪૦ માં સ્તુતિ કર્યા પછી કહે છે કે - યુધિષ્ઠિર રાજા હોવાથી માનસીનો અધિકારી નથી તેથી આપને પ્રાપ્ત કરવા રાજસૂય યજ્ઞ કરવા ચાહે છે, જેમાં આપના દર્શન માટે મોટા મોટા દેવતાઓ તથા યશસ્વી રાજાઓ આવશે કેમ કે આપનાં





ધ્યાનમાત્રથી ચાંડાલ પણ પવિત્ર થઈ જાય છે. ગંગાની જેમ આપની કીર્તિ ત્રણે લોકને પવિત્ર કરી રહી છે.

<u>૪૫ થી ૪૭</u> : સભામાં બેઠેલા યાદવો જરાસંધને હરાવીને જીતી લેવાના મતના હતા. તેથી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વાળી વાત તેમને ન ગમી, ત્યારે ભગવાને મંત્રી ઉદ્ધવજીનો મત પૂછ્યો. ત્યારે ઉદ્ધવે કહ્યું કે આપ તો સર્વકંઈ જાણો છો છતાં મારો મત પૂછો છો તો કહીશ.

## અધ્યાયાર્થ ૬૭ સુબોધિની

કા. <u>૩૩૧</u> : ભગવાન અરૂણોદય થાય ત્યારથી ધર્માચરણ કરતા પણ પત્નીઓ તો કૂકડાનો અવાજ થતાં શાપ દેતી કેમ કે તેમને વિરહ સહન નથી થતો પણ આ તો ધર્મ આચરવામાં દોષરૂપ છે. ભગવાને ધર્માચરણ કરીને તેમનો દોષ દૂર કર્યો. યાદવો નીતિ ન્હોતા જાણતા તેથી પ્રથમ જરાસંધને હરાવી કેદી રાજાઓને છોડાવી પછી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવું તેમ માનતા હતા પણ ભગવાને ઉદ્ધવને પૃચ્છા કરી, તેનો મત જણાવી નીતિશાસ્ત્રનું જ્ઞાન યાદવોને કરાવી તેમનો દોષ દૂર કરાવ્યો. આ પ્રમાણે પ્રમેયરૂપ ભગવાને સાત્ત્વિક પ્રમેય પ્રકરણમાં સર્વના દોષ દૂર કર્યા. (૩૩૧)

હવે સાધન પ્રકરણ આવવાનું છે તેથી દોષ દૂર કરવાના પ્રસંગમાં કેદી રાજાઓને દુઃખ થયાનું કહે છે, એ જણાવવા કે ભગવાન સિવાય બીજું કોઈ સાધન નથી. રાજ્ય દોષરૂપ છે તેથી રાજ્યની હાની એ દોષના નાશરૂપ છે. સાધન આચરવામાં નારદનો ઉપદેશ મુખ્ય છે. તે પણ અહીં ભગવાનની સ્તુતિ કરે છે તેથી વાસ્તવિક સાધન તો ભગવાન છે તેમ સમજાય છે. (૩૩૨)

## સાત્ત્વિક સાધન પ્રકરણાર્થ
### અધ્યાય - ૬૭/૬૮ થી ૭૪ અને ૮૦

આચાર્યજીના મતે સાત્વિક પ્રકરણના અધ્યાયો આ પ્રમાણે છે. પ્રમેય : ૬૧ થી ૬૬ અને ૭૯ સાધન : ૬૭ થી ૭૨ અને ૮૦ તથા ૭૩ થી ૭૮ અને ૮૧.

કાર્ય કરવાના સાધનોની જાણ હોય છતાં પણ ભગવાનની આજ્ઞા કે સહાયપૂર્વક જ કાર્ય કરવાનો પ્રયાસ કરવો તેમ કરીએ તો ભગવાન પધારીને કલ્યાણકારક વચનો કહીને કાર્ય કરે છે. (૩૩૩-૩૩૪) ભગવાન સર્વજ્ઞ હોવા છતાં યાદવોના મત જાણીને નીતિ શું કરવાનું કહે છે ? તે જાણવા ઉદ્ધવને પ્રશ્ન કરે છે અને ઉદ્ધવના ઉત્તર પ્રમાણે જ કાર્ય કરે છે.

અધ્યાય ૬૭-૬૮. સાધન પ્રકરણના ઉપોદ્ઘાત હોવાથી તેમનો સાધન પ્રકરણમાં સમાવેશ કરે છે.

## અધ્યાય-૭૧ / સુબોધિની અ. ૬૮

## ભગવાન ઈન્દ્રપ્રસ્થ પધાર્યા

વિશેષ : ધર્મની રક્ષા માટે ભગવાન ઈન્દ્રપ્રસ્થ સર્વની સમ્મતિથી પધારે છે, તેથી શોભા આવી તેનું નિરૂપણ કર્યું છે. ભગવાનની ક્રિયા ઘણા કાર્યોને સિદ્ધ કરનાર છે તેથી જરાસંધને હરાવવાને બદલે યુધિષ્ઠિર પાસે આવે છે જેમાં ભકતરક્ષણનું મુખ્ય કાર્ય થશે તથા દૂત અને નારદજી બન્નેના કથન સિદ્ધ થશે.

શ્લો. ૧ થી ૧૦ : ભગવાનના પૂછવાથી ઉદ્ધવજીએ સર્વ સાથે વિચારણા કરીને કહ્યું - પાણ્ડવોના રાજસૂય યજ્ઞમાં હાજરી આપીને સાથે સાથે તેમની રક્ષા પણ કરવી જોઈએ. રાજસૂય યજ્ઞ તો તે કરી શકે જેને દશે દિશામાં વિજય પ્રાપ્ત થયો હોય. તે માટે જરાસન્ધને જીતવો જરૂરી છે. તેમ કરવાથી ઘણું ધન પણ મળશે અને બંદી રાજાઓ મુકત પણ થશે. (કાલયવન તથા બંદી રાજાઓનું ધન) જરાસંધમાં દશ હજાર હાથી જેટલું બળ છે તેથી તેને પૂરો પડવા માટે ભીમસેન સિવાય કોઈ જ સમર્થ જણાતું નથી. તેની સામે યુદ્ધ મેદાનમાં જીતવા કરતાં દ્વંદ્વ યુદ્ધમાં જીતવો જ શકય બની શકે. તે બ્રાહ્મણને ગમે તે વસ્તુ આપવા તૈયાર થઈ જાય છે તેથી બ્રાહ્મણવેશે તેની પાસે દ્વંદ્વયુદ્ધ માંગી લેવામાં આવે તો ભીમસેન તેને જરૂર મારી શકે. જો કે આપ જ કાલ સ્વરૂપ છો તેથી જરાસંધનો વધ તો આપની શકિતથી જ થશે, ભીમ તો નિમિત્ત થશે. આપે અગાઉ ઘણા બધા અવતારોમાં આવા કાર્યો કર્યાનું પ્રસિદ્ધ છે તેથી જરાસન્ધના વધથી ઘણા પ્રયોજનો સિદ્ધ થશે. (ભકિતમાર્ગની સિદ્ધિ, શરણાગતોની રક્ષા, યજ્ઞ, કીર્તિ, વેરની વસૂલાત, પૃથ્વીનો ભાર ઉતરશે.) વળી જરાસંધના પાપનો ઘડો પણ ફૂટવાનો સમય પાકી ગયો છે તેથી પહેલાં આપ રાજસૂય યજ્ઞમાં જ પધારો તેમ ઉદ્ધવે કહ્યું.

શ્લો. ૧૧ થી ૪૬ : ઉદ્ધવજીની વાતનું નારદજી, યદુવંશના વડેરાઓએ તથા ભગવાને સમર્થન કર્યું. તેથી ભગવાને વસુદેવ તથા અન્ય યાદવોની સાથે ઈન્દ્રપ્રસ્થ જવાની તૈયારી કરી. પછી ભગવાન ઉગ્રસેન તથા બલદેવજીની આજ્ઞા લઈને રથ પર સવાર થયા. ઘણી રાણીઓનો રસાલો પણ સાથે હતો તથા સાથે ઘણો બધો સામાન હતો. તે પછી નારદજી પણ પધાર્યા દૂતને પણ આશ્વાસન આપીને વિદાય કર્યો. ભગવાન આવવાના સમાચાર સાંભળી યુધિષ્ઠિર બહુ જ ખુશ થયા. તેમણે ભગવાન વ. નું સ્વાગત કર્યું તથા બધા ભાઈઓ ભેટયા. અન્ય રાજાઓએ પણ સ્વાગત કર્યું. ઈન્દ્રપ્રસ્થ નગરની શોભાનું વર્ણન શ્લોક ૩૨ થી ૩૬માં છે, જેમાં નગરવાસીઓએ પણ ભગવાનનું સ્વાગત કર્યું. રાણીવાસનાં પણ બધાં ખુશ થયા. ભગવાન વ. ને સરસ ઉતારો આપ્યો.

ભગવાન અહીં કેટલાક માસ રહ્યા અને તે દરમ્યાન ખાંડવવન બાળ્યું. તેમાંથી બચાવેલા મયદાનવે દિવ્ય સભા આપી તે કાર્ય પણ ભગવાને પૂરું કર્યું.

## અધ્યાયાર્થ ૬૮ સુબોધિની

કા. ૩૩૬ થી ૩૩૭ : જીવથી જેટલું બની શકે તેટલું કરવાનું છે. ભગવાન પણ જેટલી સહાયતાથી રાજસૂય યજ્ઞ થઈ શકે તેટલા સર્વ સાધનો સહિત ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. વળી પાંડવોની શ્રદ્ધા વધે માટે ભગવાન પધાર્યા છે.

## અધ્યાય-૭૨ / સુબોધિની અ. ૬૯

## ભગવાને જરાસંધને ભીમ દ્વારા માર્યો

વિશેષ : જરાસંધને મારીને સાત્વિક રાજાઓ, યાદવો અને પાંડવોનો કલેશ મટાડશે. શાસ્ત્ર યજ્ઞ માટે તો બ્રાહ્મણને મારવામાં પણ દોષ નથી જોતું તેથી રાજસૂય યજ્ઞ માટે જરાસંધને મારવામાં દોષ નથી, ભલે તે બ્રાહ્મણનો હિતકર્તા હોય પણ ભગવાનથી વિમુખ છે.

શ્લો. ૧ થી ૨૧ : એકવાર સભામાં બધાંની સન્મુખ રાજા યુધિષ્ઠિરે કહ્યું કે હે ગોવિન્દ, રાજસૂય યજ્ઞ દ્વારા હું આપનું તથા આપની વિભૂતિરૂપ દેવતાઓનું પૂજન કરવા માંગુ છું, કૃપા કરીને મારો સંકલ્પ સિદ્ધ કરો. સંસારી લોકો આપની ચરણકમલની સેવાનો પ્રભાવ નજરે નિહારે. એ પ્રકારે શ્લોક ૩ થી ૬ સુધી સ્તુતિ કરી. ત્યારે ભગવાને અનુમતિ આપતા કહ્યું કે - એનાથી કીર્તિ વધશે અને સર્વને આ નિર્ણય પસંદ છે પણ તે માટે પૃથ્વીના બધા રાજાઓને જીતી લો અને યજ્ઞદેવતે પધરાવો. તમે દેવ અંશ છો. વળી, તમે સદ્ગુણોથી મને જીતી લીધો છે તેથી કોઈ પણ રાજા તમારો પરાભવ નહિ કરી શકે.

ભગવાનના વચનો સાંભળીને યુધિષ્ઠિર બહુ જ પ્રસન્ન થયા. ભગવાને પાંડવોમાં પોતાના સ્પર્શ માત્રથી શકિતનો સંચાર કર્યો. તે પછી ચારેય ભાઈઓ જુદી જુદી દિશાઓમાં વિજય પ્રાપ્તિ માટે નીકળ્યા. તેઓએ દશે દિશાઓમાંથી બધા રાજાને જીતીને ઘણું દ્રવ્ય લાવીને યુધિષ્ઠિરને આપ્યું પણ હજુ જરાસન્ધ જિતાયો નથી તેમ જાણ્યું ત્યારે તે ચિંતામાં પડી ગયા. ત્યારે ભગવાને ઉદ્ધવે

બતાવેલો ઉપાય તેમને કહી સંભળાવ્યો. તે પછી ભીમસેન, અર્જુન અને શ્રીકૃષ્ણ બ્રાહ્મણના વેશમાં ગિરિવ્રજ ગયા. જરાસંધ બ્રાહ્મણોનો ભકત હતો તથા ગૃહસ્થોચિત ધર્મોનું પાલન કરવાવાળો હતો. ત્રણેય ક્ષત્રિયોએ બ્રાહ્મણવેશે જરાસન્ધ સમક્ષ જઈને યાચના કરી કે અમે માંગીએ તે આપો, ઉદાર વ્યકિતઓ સર્વસ્વ આપી શકે છે તેમ હરિશ્ચંદ્ર, રન્તિદેવ, શિબિ, બલિ, વ્યાધ, કપોલ વ. ના પણ નામ દીધા.

<u>૨૨ થી ૩૯</u> : જો કે જરાસન્ધ તેઓની દેહાકૃતિ તથા પણછનાં નિશાનો દેહ પર અંકાયેલા વ. જોઈને તેમને ઓળખી તો ગયો કે આ ક્ષત્રિયો છે અને કયાંક જોએલા છે અને જે ક્ષત્રિય હોવા છતાં યાચક બને તો ભલે, હું તેમને આપીશ. બલિરાજાએ વિષ્ણુને સર્વસ્વ આપ્યું જ હતું ને ! મારું જીવન બ્રાહ્મણ માટે છે તેમ વિચારીને કહ્યું કે - તમારા માટે મારો દેહ આપવા પણ તૈયાર છું. ત્યારે ભગવાને કહ્યું - જો આપવા જ ઈચ્છતા હો તો દ્વંદ્વયુદ્ધ આપો, અમે અન્ન માંગનાર બ્રાહ્મણો નથી. તેમ કહી બધાની સાચી ઓળખ આપી ત્યારે ક્રોધ કરીને જરાસન્ધે તેમની માંગણી સ્વીકારી.

(વિશેષ - ભગવાનના દર્શન થવા છતાં જરાસન્ધમાં ભકિત ઉત્પન્ન ન થઈ કેમ કે મગધ દેશ આસુરી છે.) અને કહ્યું કે આ ડરપોક કૃષ્ણ સાથે નહિ લડું કેમ કે તે તો યુદ્ધમાં ભાગીને સમુદ્રને શરણે ગયો હતો. न त्वयाऽपिभीरुणा योत्स्ये શ્રીમહાપ્રભુએ આનો અર્થ કર્યો છે - તું તો નીડર (અભીરુ) છે. તારી સાથે લડવાનું મારું ગજુ નહિ. તું લીલા માટે બીકણ હોવાનો ડોળ કરે છે. અર્જુન મારાથી નાનો અને નબળો છે પણ આ ભીમ મારા બરોબરીયો છે, તેની સાથે હું લડીશ. એમ કહી ભીમને ગદા આપી તે ગામની બહાર આવ્યા અને અખાડામાં પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. આ પ્રમાણે શ્લોક ૩૪ થી ૩૯ ગદાયુદ્ધનું વર્ણન છે.

<u>૪૦ થી ૪૬</u> : ભગવાન જાણતા હતા કે જરા નામની રાક્ષસીએ જરાસંધને બે ટૂકડામાંથી સાંધીને આખો બનાવ્યો છે. તેથી આપે ભીમને 'ડાળી ચીરવાની' નિશાની બતાવી. ભીમસેન આ ઈશારો સમજી ગયો અને જરાસન્ધને પગથી પકડીને એક પગ દબાવી બીજા પગને ખેંચીને ચીરી કાઢયો. જરાસન્ધ મરતાં હાહાકાર મચી ગયો. ભગવાને ભીમનું આલીંગન કરીને તેનામાં મૂકેલ શકિત પાછી ખેંચી લીધી. ભગવાને જરાસંધના પુત્ર સહદેવને મગધની ગાદી પર બેસાડયો. બંદીવાન રાજાઓને મુકત કર્યા.





## <u>અધ્યાયાર્થ ૬૯ સુબોધિની</u>

<u>કા. ૩૩૮</u> : ભકતનું માહાત્મ્ય (યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ) સિદ્ધ થાય તે માટે ભીમ-અર્જુન સાથે વેષ બદલીને શ્રીકૃષ્ણ જરાસન્ધ પાસે પધાર્યા. જરાસન્ધની દૃષ્ટિમાં ભગવાનનો દોષ જણાયો તેથી તેણે તેમને હલકા ક્ષત્રીય અને બીકણ માન્યા. તેનો પરાજય કેવી રીતે થાય તે ભીમને જણાવ્યું, સાથે સાથે પોતાની શકિત પણ ગુપ્ત રીતે આપી. વળી યજ્ઞમાં હોમવાના રાજાઓને પણ બંધનમુકત કર્યા.

## <u>અધ્યાય-૭૩ / સુબોધિની અ. ૭૦</u>
## ભગવાને રાજાઓને મુકત કરીને ઉપદેશ આપ્યો.

<u>વિશેષ</u> : ભગવાને રાજાઓનું અજ્ઞાન, જ્ઞાન આપીને દૂર કર્યું તથા ઉપદેશ કર્યો કે પ્રયત્ન વિના પ્રાપ્ત થતી સમૃદ્ધિ પ્રાપ્ત કરવી. તેમનો નિરોધ સિદ્ધ કરવા જ ભગવાને તેમને જ્ઞાન આપ્યું તથા રાજ્ય આપ્યું. રાજના મદમાં અંધ બની ભગવાનને ન ભૂલે માટે જ્ઞાન આપ્યું.

<u>શ્લો. ૧</u> : ભગવાને કિલ્લામાં કેદ ૨૦૮૦૦ રાજાઓને છોડી મૂકયા ત્યારે તેઓ મેલાઘેલા હતા.

<u>વિશેષ</u> : જરાસંધે અનાયાસે વીસ હજાર આઠસો રાજાને જીતીને પર્વતની ગુફામાં કેદ કરી રાખેલા. શિવજીના નરમેઘ યજ્ઞમાં ૨૧૦૦૦ નરબલિ ધરવાના હતા. તે બસો ઓછા પડયા કેમ કે રાજાઓ ભગવાનના થઈ ચૂકયા હતા. તેથી ભગવદીય હતા અને જરાસંધમાં અસૂરત્વ હતું. આ બન્ને વિરોધી છે તેથી જેમ દામોદરલીલામાં દોરડું બે આંગળ ટૂંકું પડયું તેમ અહીં પણ ૨૦૦ રાજા ઓછા જ રહ્યા.

સગુણ રાજાઓએ નિર્ગુણ થવા માટે ૯ શ્લોકથી સ્તુતિ કરી છે. જેમાં ૧લામાં પ્રાર્થના, બીજામાં - અમાત્સર્ય, ૩જામાં રાજ્ય ગયું એનું અનુમોદન, ૪ થામાં મુકિત, ૫ મામાં પોતાના દોષનું કથન, ૬ઠ્ઠામાં સ્વભાગ્ય અભિનંદન, ૭મા માં પ્રાર્થના, ૮મા માં પોતાનો અધિકાર, ૯મા માં ભગવાનનો ઉપદેશ.

<u>શ્લો. ૨-૮</u> : તેવા સુકાઈ ગયેલા રાજાઓને ભગવાનના સ્વરૂપના દર્શન થયા. તેઓ પોતાની બધી ઈન્દ્રિયોથી ભગવાનનું પાન કરવા લાગ્યા. દર્શન માત્રથી તેમના પાપ ક્ષીણ થઈ ગયા અને તેઓ દુઃખ ભૂલીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. શ્લો. ૮ થી ૧૬ સુધી ભગવાનની સ્તુતિ છે. જેમાં તેમણે ભગવાનની

શરણાગતી સ્વીકારી. તેમણે જરાસંધનો દોષ ન જોયો પણ પ્રભુનો આભાર માન્યો. અધર્મથી પ્રાપ્ત કરેલ સમ્પત્તિ નાશ પામે છે તેમ અમે માનીએ છીએ. માયાને સત્ય ન માનતાં ભગવાનનાં ચરણારવિંદને આશ્રયે આવવું જોઈએ જે અમે સંપતિના મદમાં ન કર્યું. આપે જ કાળરૂપે અમારું ઘમંડ દૂર કર્યું.

વિશેષ : રાજાઓમાં જિજ્ઞાસા અને આર્તિ છે. તે ભકતના અધિકાર સૂચક છે. સ્તુતિમાં તેમણે ભકિતનું દાન, બુદ્ધિની પ્રશંસા, રાજ્યમાં દોષ, તેની ઉપરની કૃપા, ત્રણ ઋણથી મુકિત, વૈરાગ્ય એ છ ગુણ છ શ્લોકથી કહ્યા. તેનાથી ભકતને ભગવાનની પ્રાપ્તિ થાય છે. (૧૭ થી ૨૨)

૧૪ થી ૧૬ : રાજાઓ - હવે અમને રાજ્ય કે સ્વર્ગની અપેક્ષા નથી કારણ તેના દોષ અમને સમજાઈ ગયા છે. અમને તો ગમે તે યોનીમાં જન્મ મળે પણ આપનું વિસ્મરણ ન થાય તે જોઈએ છે. તેમ કહી ભગવાનના છ ધર્મરૂપ છ નામોથી નમસ્કાર કરે છે.

૧૭ થી ૨૩ : આ પ્રકારની સ્તુતિ સાંભળીને ભગવાને ભકિત થવાનું વરદાન આપ્યું. સંપત્તિ અનિષ્ટ છે તે બાબતનું અનુમોદન કર્યું. તે માટેનાં નહૂષ - વેન - નરકાસુર વ. ઘણાના ઉદાહરણ આપ્યા તેથી દેહની આળપંપાર ન કરતાં વૈરાગ્ય કેળવવો જોઈએ. ભોગ સમાનભાવથી મારો પ્રસાદ સમજીને ભોગવો. મમાત્મક વસ્તુમાં ઉદાસીનતા રાખીને મારામાં ચિત્તને સ્થિર કરો એમ કહ્યું.

૨૪ થી ૩૫ : પછી ભગવાને તે રાજાઓને ન્હવડાવી ધોવડાવીને શૃંગારીને વિશ્રામ કરાવ્યો અને તેમને તેમના દેશમાં રાજ્યધૂરા આપીને મોકલી આપ્યા. રાજ્યમાં તેમણે ઘગવાનની કૃપા કહી સંભળાવી અને પોતે સારી રીતે રાજ્ય કરવા લાગ્યા.

તે પછી સહદેવથી સન્માનિત થઈને અર્જુન અને ભીમ સાથે આપ ખાંડવવન જવા રવાના થયા. ખાંડવવનને બાળ્યા પછી તેમણે અદ્‌ભૂત નગરી તૈયાર કરાવી. આ રીતે યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ કરવાનો સંકલ્પ પૂરો થયો.

## અધ્યાયાર્થ ૭૦ સુબોધિની

કા. ૩૪૦ : તે પછી ભગવાન રાજાઓને ઉપદેશ આપે છે (શ્લો. ૧૮-૨૩) પછી તેમના લૌકિક-સંસ્કાર (ન્હાવું-ધોવું) કરાવી શ્લો. ૨૪-૨૭ તેમની પાસે ભગવત્ પ્રાપ્તિના સાધનો કરાવે છે. શ્લો. ૨૯-૩૦ અને પોતે ઈન્દ્રપ્રસ્થ પધારે છે.





## અધ્યાય-૭૪ / સુબોધિની અ. ૭૧

## રાજસૂયમાં શિશુપાલનો વધ

વિશેષ : અહીં નિરુદ્ધ રાજા યુધિષ્ઠિરનો ધર્મ કહેવાય છે. આ અધ્યાયમાં આધિદૈવિક યજ્ઞરૂપ શ્રીકૃષ્ણનું પૂજન થશે તથા બાધારૂપ શિશુપાલ મરાશે. છોડાવેલા રાજાઓ યજ્ઞમાં સેવા કરવા તત્પર છે. આધ્યાત્મિકયજ્ઞ આ યજ્ઞની સામે ગૌણ છે. યુધિષ્ઠિરે ભગવાનને આજ્ઞા કરેલી તેથી તે ૫ શ્લોકથી ક્ષમા માંગે છે.

શ્લોક ૧ થી ૫ : યુધિષ્ઠિરે જરાસંધને મારવા રૂપ કાર્ય સિદ્ધ થવાથી ભગવાનને વિનંતી કરે છે કે બધા જ દેવો વ. ભગવાનની આજ્ઞા માનવા તત્પર રહે છે. પરંતુ આપે તો અમારી આજ્ઞા સ્વીકારીને તેનું પાલન કર્યું. અમે તો મનુષ્ય છીયે તેથી અમે કર્મથી બંધાયેલા છીએ તથા મારું-તારું બુદ્ધિવાળા છીએ પણ આપ તો પરબ્રહ્મ છો તેથી આપને દ્વૈત નથી. જેનાથી મોટાઈ છે તેવાં લક્ષ્મીના નાથ તો આપ છો.

શ્લોક ૬ - ૧૭ : તે પછી યજ્ઞ માટે જરૂરી તેવા બ્રાહ્મણોનું ઋત્વિજ વ. તરીકે વરણ કર્યું. તેમજ બીજા મુનીઓ, ઋષિઓ, મહાનુભાવો તે તથા બંધુઓ વ. યજ્ઞમાં પધાર્યા. રાજાઓ પણ દર્શનાર્થે આવ્યા. તે પછી વેદવિધિ પ્રમાણે યુધિષ્ઠિરને યજ્ઞ દીક્ષા આપી. બધાંએ જ રાજસૂય યજ્ઞ માટે સમ્મતિ આપી.

૧૮ - ૨૯ : એ પછી સભાસદો એ બાબતે વિચારણા કરવા લાગ્યા કે અગ્રપૂજા કોની કરવી ? ત્યારે સહદેવે કહ્યું કે ભગવાન કૃષ્ણ વૈષ્ણવોના પતિ છે તથા સર્વ કંઈ તે જ બન્યા છે. તેથી અગ્રપૂજાને લાયક તો તે જ છે. દુર્વાસાના મતે પણ કૃષ્ણ પરબ્રહ્મ છે. આ પ્રમાણે સહદેવે વિસ્તારથી (શ્લો. ૧૯ થી ૨૪) ભગવાનની પ્રસંશા કરી ત્યારે સભાસદોએ સમ્મતિ આપી. પછી યુધિષ્ઠિરે ભગવાનનું ચરણ પ્રક્ષાલન કરી તે જળ પરિવાર સહિત બધાએ માથે ચડાવ્યું.

૩૦ ખૂબ જ પ્રેમપૂર્વક પૂજન થયું. ત્યારે દમઘોષનો પુત્ર શિશુપાલ શ્રીકૃષ્ણની આ પ્રસંશા-સન્માન સાંખી ન શકયો તેથી તે સિંહાસન પરથી ઉઠીને નિર્ભયતાપૂર્વક કઠોર વચનો મોટેથી કહેવા લાગ્યો.

વિશેષ : દમને ઉલટાવતાં મદ થાય અને ઘોષ - મોટો અવાજ એટલે કે મદને કારણ તે મોટા અવાજે બોલવા લાગ્યો. ભગવાને પોતાના ગુણ સિંહાસનમાં પ્રકટ કર્યા હતા, તેને તે લાયક ન રહેવાથી સિંહાસન પરથી ઊભો થઈ ગયો. હકીકતમાં તો તેને સભામાં બેસવાનો અધિકાર જ ન્હોતો રહ્યો.

૩૧ : સભાસદો, કાલ ઈશ્વર હોવાથી પોતાનું ધાર્યું કરાવીને રહે છે. તેથી તો અહીં બાળક અને મૂર્ખની વાતથી વયોવૃદ્ધો અને જ્ઞાનવૃદ્ધોની બુદ્ધિ અવળે માર્ગે દોરવાઇ ગઇ છે.

વિશેષ : શિશુપાલ - શિશુ = બાળક પાલ = માંસનો ઢગલો. શિશુપાલ એટલે કે માંસના ઢગલારૂપ બાળક. તેમાં જીવ નહિ હોવાથી તે દૈત્યોને ખાવા લાયક જ છે.

૩૨ : મને લાગે છે કે અગ્રપૂજા માટે યોગ્ય પાત્રનો નિર્ણય કરવા તમે સમર્થ છો તેથી 'કૃષ્ણ જ અગ્રપૂજાને લાયક છે.' તેવી બાળક સહદેવની દરખાસ્તને અયોગ્ય જાણી કબૂલ ન કરશો.

વિશેષ : कृष्णो यत्सम्मतोर्हणे દુષ્ટના મુખમાંથી નિકળેલ 'કૃષ્ણ' શબ્દ 'મલીનપણા'ના અર્થને લીધે, શિશુપાલ મલીન છે તેથી તેને 'પૂજનની પાસે ભલે રહ્યો' તેમ ન માનતાં.

૩૩ થી ૩૪ : અહીં જે મોટા મોટા તપસ્વી, વિદ્વાન, વ્રતધારી, જ્ઞાનીઓ, પરમર્ષિ, બ્રહ્મનિષ્ઠ વ. હાજર છે, જેમની પૂજા મોટા મોટા લોકપાલો કરે છે. યજ્ઞની ભૂલચૂક બતાવનારા સદસ્યતિઓને છોડીને આ કૂળકલંક ગોવાળિયો અગ્રપૂજાનો અધિકારી કેવી રીતે થઇ ગયો ? કાગડો વળી કયાંય યજ્ઞના પૂરોડાશનો અધિકારી હોઇ શકે ?

વિશેષ : શ્લોક ૩૪ ના વિશેષણો શિશુપાલ પોતાને માટે જ વાપરે છે.
ગોપાલ = ઈન્દ્રિય લોલુપ, કુલપાંસન = કુળને બટ્ટો લગાડનાર,
યથાકાકઃ = ક્ અકઃ = સુખ કે દુઃખ જેને છે નહિ.
પુરોડાશ = કર્મમાર્ગ માટે યોગ્ય નથી.

૩૫ : યયાતિએ તેમના વંશને શાપ આપીને સત્પુરુષોથી બહિષ્કાર કર્યો હતો અને તેઓ તો એમ જ મધુપાનમાં આસકત રહે છે, તેવો અગ્રપૂજાને લાયક કઇ રીતે હોઇ શકે ?

વિશેષ : શિશુપાલ પણ યયાતિના વંશમાં જન્મેલ છે. યયાતિએ પુરુનું યૌવન લીધું હતું તેથી દોષ થયો. તે પરંપરામાં પાંડવો આવ્યા. તેથી તેવા પાંડવોના યજ્ઞમાં પાસે રહેવામાં મારો (શિશુપાલનો) અધિકાર નથી.

૩૬ : નથી તો તેને કોઇ વર્ણ, આશ્રમ કે કુલ, સમસ્ત ધર્મોથી તે બહિષ્કૃત છે, લોક-વેદની મર્યાદા તોડી સ્વચ્છંદ રીતે વર્તનાર છે. તેનામાં કોઇ ગુણ નથી



પછી તેની અગ્રપૂજા શી રીતે થઇ શકે ?

વિશેષ : વર્ણ, આશ્રમ અને કુલરૂપ ભગવાન છે. તે ભગવાનથી શિશુપાલ દૂર રહેતો હોવાથી તે ભ્રષ્ટ છે અને સર્વ ધર્મોથી બહિષ્કૃત છે. બંધુઓ સાથે સારું વર્તન કરનારો નથી. (ભગવાન મસીયાઇ ભાઇ છે.) તપ વ. ગુણોથી હીન હોવાથી તે પૂજનની સમપિ રહેવાને યોગ્ય નથી.

૩૭ : બ્રહ્મર્ષિઓ દ્વારા સેવીત દેશો છોડી, બ્રહ્મતેજ વિનાના સમુદ્રમાં કિલ્લો બનાવી, તેમાં રહી શત્રુ થઇ પ્રજાને ત્રાસ આપે છે.

વિશેષ : અમે વિદ્યા વ. પ્રાપ્ત કરવા કુરુક્ષેત્ર જેવા દેશોમાં નહિ રહેતાં (સ-મુદ્ર) મુદ્રાવાળા પાખંડનો આશ્રય કરી ડાકુ થઇ પ્રજાને પીડીએ છીએ. અથવા ઋષિ બ્રહ્મર્ષિઓએ સેવેલા જ્ઞાન કર્મ વ. વાળા દેશોને છોડીને બ્રહ્મનું પણ (વર્ય) તેજ છે જેમનાથી તેવા (સમુદ્ર) મુદ્રાવાળા હસ્તમાં ચક્રવાળા ભગવાનરૂપી દુર્ગનો આશ્રય કરીને (अदस्यवा) ઇન્દ્રિયો વ. દ્વારા કોઇની પણ વસ્તુને ગ્રહણ નહિ કરતાં, (પ્રજા) બલાત્કારથી ઉત્પન્ન થયેલ ઈન્દ્રિયોની સર્વથી બળવાન વૃત્તિઓને રોકી રાખે છે. એમ ભગવાનના આશ્રયને લીધે જ તમે કૃતાર્થ છો.

૩૮ થી ૪૬ આ પ્રકારે શિશુપાલે ઘણીબધી અમંગળ વાતો કહી પણ ભગવાને તે તરફ દુર્લક્ષ્ય કર્યું પણ સભાસદોથી આ સહન ન થયું કેમ કે ભગવાનની નિંદા સાંભળી ત્યાંથી ચાલ્યો ન જાય તો તેમની અધોગતિ થાય. (કે તેની જીભ ખેંચી કાઢવી) ત્યારે પાંડુપુત્રો, મત્સ્ય, કૈકય સૃજય વ. વંશના રાજાઓ શિશુપાલને મારવા ઊભા થઇ ગયા ત્યારે શિશુપાલે પણ હથિયાર તૈયાર કર્યા. ત્યારે ભગવાને સ્વકીયોને લડતા રોકીને પોતાના સુદર્શન ચક્ર વડે સામે મારવા આવતા શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું. તેથી તેના અનુયાયીઓ ત્યાંથી ભાગ્યા અને બધાંના દેખતાં જ શિશુપાલનું તેજ ભગવાનમાં સમાઇ ગયું. આ શિશુપાલ હિરણ્યકશિપુ રૂપ જ હતો. તે અગાઉ ભગવદ્ ભકત હતો પણ બ્રાહ્મણોનો અનાદર કરવાથી વૈરભાવે ભગવાનથી શત્રુતા કરતો રહ્યો હતો. તેણે ત્રણ જન્મ સુધી ભગવાનને વૈરભાવે પણ નિરન્તર યાદ કરતો રહ્યો તેથી ભગવદ્ સાયુજ્ય પામ્યો.

૪૭ થી ૫૪ : પછી યુધિષ્ઠિરે ઋત્વિજોને દક્ષિણા આપી, પોતે અવભૃથ સ્નાન કર્યું. ભગવાન ત્યાં કેટલાક માસ બિરાજ્યા. તે પછી ઈન્દ્રપ્રસ્થથી દ્વારકા આવ્યા. યુધિષ્ઠિરનો પ્રભાવ જોઇ દુર્યોધન સિવાય બધા જ પ્રસન્ન થયા. આ શિશુપાલને

મારવારૂપ, ભગવાનની લીલા, રાજાઓનો છૂટકારો અને યુધિષ્ઠિરના યજ્ઞની કથા જે સાંભળે તે સર્વ પાપોથી મુકત થાય છે.

## અધ્યાયાર્થ ૭૧ સુબોધિની

કા.૩૪૧-૩૪૨ : યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ પૂરો થયો તે યજ્ઞમાં દૈત્ય શિશુપાલ હાજર હતો. દેવોનું કાર્ય તેથી છૂટથી થઈ શકે નહિ. દેવોનું કાર્ય સારી રીતે થાય માટે યજ્ઞમાં ભગવાનનું અગ્રપૂજન કરવામાં આવ્યું. ભગવાનના પૂજન વખતે દૈત્ય પોતાનું સ્વરૂપ પ્રકટ કરી જ દે છે. તેથી ભગવાને અસૂર શિશુપાલને હણીને દુર્યોધનનું હિત ઈચ્છનારા સર્વની માનહાની કરી.

## અધ્યાય-૭૫ / સુબોધિની અ. ૭૨
## દુર્યોધનનો માનભંગ

વિશેષ : રાજસૂય યજ્ઞ પૃથ્વીનો ભાર હરવામાં કારણભૂત છે. એને માટે દુર્યોધનના માનભંગનો પ્રસંગ અહીં આવે છે. તેથી રાજસૂય યજ્ઞ તો નિમિત્ત છે. દુર્યોધનના અભિમાનનું કારણ સમ્પતિ છે. પણ અહીં તેણે વધારે સમ્પતિ જોઈ તેથી ઈર્ષ્યાથી બળવા લાગ્યો.

શ્લો. ૧ થી ૪૦ : ત્યારે રાજા પરીક્ષિતે પૂછ્યું કે - દુર્યોધનને અપ્રસન્ન થવામાં શું કારણ ?

ત્યારે શુકદેવજીએ કહ્યું - મહાત્મા યુધિષ્ઠિરના પ્રેમના સંબંધને કારણે બધાંએ યજ્ઞમાં સેવાકાર્ય સંભાળ્યું હતું. તેમાં પાંડવો કૌરવો સહિત સર્વ જોડાયા હતા. શિશુપાલ ભગવાનમાં ભળી ગયા પછી યુધિષ્ઠિર અવભૃથ સ્નાન કરવા ગયા. (યજ્ઞની દીક્ષા લેનારે યજ્ઞભૂમિની હદ ન છોડાય પણ યમુનામાં ભગવાનની ચરણરજ, તુલસીનાં પાન હોવાથી ભકિતમાર્ગીને વેદના વિરોધ ભલે થતો તેમાં બાધ નથી. તેથી યમુના સ્નાન માટે ગયા.) વાજિંત્ર વગાડતાં નાચતાં શોભાયાત્રા રૂપે, ઉત્સવ ઉજવતાં પુરા રાજ્યના લોકો સ્ત્રી તથા રાણીઓ સહિત તેમાં નીકળ્યા. તે પછી ઋત્વિજોએ યુધિષ્ઠિરને દ્રૌપદી સહિત યજ્ઞાન્તસ્નાન વિધિ કરાવ્યું. તે પછી બીજાં બધાંએ સ્નાન કર્યું. પછી મહારાજે બધા બ્રાહ્મણોનું પૂજન કર્યું તથા તેમણે બધાંમાં ભગવાન દેખાતા હોવાથી ભાઈ બન્ધુ - હિતૈષી વ. બધાંનું જ પૂજન કર્યું. મહારાજાએ કુટુંબીઓને થોડા દિવસ રોકયા. આ પ્રકારે યુધિષ્ઠિર ભગવાનની કૃપાથી રાજસૂય યજ્ઞ રૂપ મહાસાગરને તરી ગયા. આ મહત્ત્વ તેમને મળ્યું તે જોઈ દુર્યોધન બળવા લાગ્યો. પાંડવોનું પૂરું પરિવાર એકબીજાથી પ્રેમથી બંધાઈને કિલ્લોલ કરતું હતું તે તેનાથી ન ખમાયું.



વળી દુર્યોધનનું મન દ્રૌપદીમાં આસકત થયું હતું.

એક દિવસે યુધિષ્ઠિર મયદાનવે બનાવેલ સુધર્મા સભામાં સિંહાસન પર બેઠા હતા. તે વખતે જ દુર્યોધન ભાઈઓ સાથે ક્રોધાવેશમાં સેવકોને ધમકાવતાં મહાસભામાં દાખલ થયા. પણ ત્યાં જે સ્થળ હતું ત્યાં જળ સમજી કપડાં ઊંચા ઉઠાવીને ચાલ્યો અને જળને જમીન માનીને ચાલ્યો તો ''કપડાં ભીંજાઈ'' ગયાં. આ જોઈને ભીમ તથા બીજી રાણીઓ અને રાજાઓ કૃષ્ણના અનુમોદનથી હાંસી ભર્યું હસ્યા. યુધિષ્ઠિરે તેમને રોકયા. આથી છોભિલો પડેલો દુર્યોધન ચૂપચાપ હસ્તિનાપુર ચાલી ગયો. આથી બધા બહુ ખીન્ન થઈ ગયા પણ ભગવાન ભૂભારહરણ કરવા માંગતા હતા. તેમની જ્ઞાનદષ્ટિમાં તો બધું સ્પષ્ટ હતું.

## અધ્યાયાર્થ ૭૨ સુબોધિની

બળભદ્ર તો યજ્ઞ પ્રસંગે યુધિષ્ઠિરને ત્યાં પહેલા આવેલા નહિ. પ્રદ્યુમ્ન વ. આવેલા (૩૪૪) યજ્ઞ પૂરો થતાં ભગવાને પ્રદ્યુમ્ન વ. ને દ્વારકા મોકલી આપ્યા અને પોતે રાણીઓ સહિત રોકાયા. (૩૪૫) મયદાનવની સભામાં બનેલ પ્રસંગથી દુર્યોધન માનભંગ થયો ત્યારે બલભદ્ર કંઈ ન બોલ્યા. કૃષ્ણની હાજરી ને કારણે જ આમ બની શકયું. વળી શ્રીકૃષ્ણ રોકાય તે માટેની અનુમતિ માટે પાંડવોએ બલભદ્રને પ્રાર્થના કરેલ તેથી બલભદ્ર શાંત રહ્યા નહિ તો બલભદ્ર કંઈ વિચાર્યા વગર પાંડવોને મારી નાખત. (૩૪૬-૩૪૭)

## અધ્યાય-૭૬ / સુબોધિની અ. ૭૩
## શાલ્વ અને પ્રદ્યુમ્નજીનું યુદ્ધ

વિશેષ : સાત્વિકના નિરોધનો છ અધ્યાયથી સાધનાંશ કહ્યો. હવે ફલાંશવાળ ા સાત્વિકોના નિરોધનું અહીંથી છ અધ્યાય સુધી નિરૂપણ છે. ફલમાં શત્રુનો નાશ, યશ અને અલૌકિક સંપત્તિ પ્રત્યેક બે-બે અધ્યાયથી કહેશે. બંધુને ભગવાનમાં સદ્‌ભાવ હોવાથી મિત્રોને ફળ આપે છે. જેમને ભૂતલ પર કીર્તિ ઈચ્છિત છે તેમને કીર્તિ અને જેમને સમ્પતિ ઈચ્છીત છે તેમને સમ્પતિ આપે છે. અનિવાર્ય દુઃખ આવે તેનું દુઃખ દૂર કરે છે. આ અધ્યાયમાં યાદવોને મોટો ભય થયો છે, કેમ કે મહાદેવજીની આરાધનાથી પુષ્ટ થયેલ શાલ્વથી ભય થયો છે. પ્રદ્યુમ્નજીનો મોટો જય થયો છે.

શ્લો. ૧ થી ૩૩ : શિશુપાલનો મિત્ર શાલ્વ રૂકમિણી વિવાહ વખતે ત્યાં આવીને અપમાનીત થયો હતો તેથી તેણે યાદવોનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી

હતી. તે પછી તેણે મહાદેવજીની આરાધના કરી તેના ઘોર સંકલ્પથી શંકરે પ્રસન્ન થઈને વર માંગવા કહ્યું, ત્યારે તેણે કોઈથી - દેવ-અસુર, મનુષ્ય, ગંધર્વ, સાપ, રાક્ષસથી ન ભેદાય તેવું, મનમાં ઈચ્છે ત્યાં જનારું વિમાન માંગ્યું. મહાદેવે તથાસ્તુ કહ્યું. તેથી મયદાનવે તેના માટે સૌભ નામે વિમાન બનાવ્યું અને શાલ્વને આપ્યું. તે વિમાન એક નગર જેટલું મોટું હતું. શાલ્વે તેમાં બેસી દ્વારકા ઉપર ચડાઈ કરી અને દ્વારકાને ખેદાન-મેદાન કરવા લાગ્યો. બધે ધૂળ ધૂળ થઈ ગયું, નગરના લોકો ત્રાહી પોકારી ગયા, ત્યારે પ્રદ્યુમ્ને બધાંને આશ્વાસન આપ્યું અને પોતે મહારથીઓ સહિત મેદાને પડયા. ત્યારે બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. પ્રદ્યુમ્નજીએ અત્યંત પરાક્રમ બતાવ્યું. શાલ્વનું વિમાન અદશ્ય પણ થતું અને જાતભાતના રૂપ પણ ધારણ કરતું. તે સ્થિર જ ન્હોતું રહેતું. યદુવંશીઓના પરાક્રમથી શાલ્વ મૂર્છિત થઈ ગયો. શાલ્વનો મંત્રી 'દ્યુમાન' ષહુ જ બળવાન હતો, તેણે પ્રદ્યુમ્નજીની છાતીમાં ગદાથી પ્રહાર કર્યો તેથી તેમનો સારથી રથને રણભૂમિથી બહાર લઈ ગયો. જ્યારે મૂર્છા વળી ત્યારે તે ખૂબ જ ગ્લાની કરવા લાગ્યા કે મને રણભૂમિથી ભગાડ્યો શા માટે ? આ તો મારી નિર્બળતા પ્રકટ થઈ. ત્યારે સારથીએ કહ્યું સ્વામીની રક્ષા કરવી તે મારો ધર્મ મેં બજાવ્યો છે.

## અધ્યાયાર્થ ૭૩ સુબોધિની

કારિકા : શાલ્વને મહાદેવજીની સહાયથી 'સૌભ' વિમાન મળ્યું હતું. શાલ્વે ૨૮ દિવસ દ્વારકાવાસીઓને દુ:ખ આપ્યું. તત્ત્વો ૨૯ છે. તેમાંથી પુરુષને બાદ કરીએ તો ૨૮ રહે. (૩૪૮) ભગવાનની આજ્ઞા વગર બલભદ્ર દ્વારકા છોડી ઈન્દ્રપ્રસ્થ આવ્યા તેથી શાલ્વ દ્વારકાને પીડા કરી શકયો. (૩૫૦) ભગવાનની આજ્ઞા પ્રમાણે જ સાધન કરવા અને સાધનની આજ્ઞા ન હોય તો ભગવાનની સેવા જ કરવી એવો નિશ્ચય છે. (૩૫૧)

## સાત્વિક ફલ પ્રકરણાર્થ

### અધ્યાયાર્થ - ૭૩ થી ૭૮ અને ૮૧

હવે પછી ૭ અધ્યાયોથી સાત્વિકફલ પ્રકરણનો આરંભ થાય છે. સાધન અને ફલ એક જ છે તે બતાવવા આ કથા કહી છે. બલભદ્ર ભગવાનની આજ્ઞા વગર જ દ્વારકા છોડી ઈન્દ્રપ્રસ્થ આવ્યા. દુર્યોધનનું માનભંગ થવાથી અભિમાન નાશ પામ્યું છતાં કૃષ્ણ સાથે તે બાબતમાં કંઈ વાત ન કરી. દુર્યોધનના અભિમાનનો નાશ તે 'સાધન' હોવાથી સાધન પ્રકરણમાં કહ્યું અને તે દિવસો દરમ્યાન જ શાલ્વનું આક્રમણ થવાથી દ્વારકાવાસીઓને દુ:ખ થયું





તથા તેનો નાશ થયો તે વાત ફલસંબંધિ હોવાથી ફલ પ્રકરણમાં કહી છે. તેથી એક જ કથાના બે પ્રસંગોને જુદા જુદા સાધન-ફળ પ્રકરણમાં રાખ્યા છે. (૩૫૨) શરૂમાં પ્રદ્યુમ્નનો વિજય થયો પણ પછી શાલ્વે રુદ્રનું સ્મરણ કર્યું તેથી રુદ્રના આવેશવાળા તેના આક્રમણથી પ્રદ્યુમ્ન વ. પર તે પ્રહાર કરી શકયો. (૩૫૩) પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર છે અને શંકરે કામ ઉપર વિજય પ્રાપ્ત કરેલ છે તેથી અહીં રણમાંથી પ્રદ્યુમ્નને બહાર જવું પડયું. 'દ્યુમાન'માં શંકરનો આવેશ થયેલો. આમ શંકરનું સન્માન સચવાયું. (૩૫૫) પાંડવોને ઘણું દુ:ખ આપ્યા પછી ભગવાને ફલ આપેલું તેમ યાદવોને પણ દુ:ખ ભોગવ્યા પછી ફલ આપ્યું કેમ કે તે ફલ વધારે મીઠું લાગે. (૩૫૬)

## અધ્યાય-૭૭ / સુબોધિની અ. ૭૪

## શ્રીકૃષ્ણે કરેલ શાલ્વનો નાશ

વિશેષ : યાદવોને અતીપીડામાંથી ભગવાને છોડાવ્યા. પ્રદ્યુમ્નજીનો યશ વધે માટે દ્યુમનનો વધ પ્રદ્યુમ્નજીએ કર્યો. શુકદેવજી આ કથા કોઈ કહે છે તે રીતે કહે છે કે જેથી આ અંશાવતાર શ્રીકૃષ્ણની કથા ગણાય કેમ કે ભકત કદી માની ન શકે કે ભગવાનને મોહ થાય ! અન્યથા ભકતનો નિરોધ ન થાય. (માયાવી રીતે શાલ્વે બનાવટી વસુદેવજીનું માથું કાપી લીધું તે જોઈ ભગવાને વિલાપ કર્યો તેવી કથા છે.)

શ્લો. ૧ થી ૫ : પ્રદ્યુમ્નજી પોતાના પૌરુષ-અભિમાનને લીધે બખતર પહેર્યા વગર પહેલાં ગયા હતા, તેથી ગર્વભંગ થયો. મૂર્છામાંથી બહાર આવી પ્રદ્યુમ્ન ફરી દ્યુમાનની સામે ગયા. અને તેના સૈન્યનો વિનાસ કરવા લાગ્યા અને દ્યુમાનને હતપ્રભ કર્યો. આ યુદ્ધ ૨૭ દિવસ ચાલેલું.

શ્લો. ૬ થી ૩૭ : પાંડવોનું ઈન્દ્રપ્રસ્થનું કાર્ય ભગવાનનું પૂરું થઈ ગયું હતું અને ભગવાનને પણ લાગ્યું કે દ્વારકામાં કંઈક અમંગળ થઈ રહ્યું છે. જરૂર દ્વારકા પર કોઈ ચડી આવ્યું હશે. ભગવાને દ્વારકા આવતાં જ શાલ્વને જોયો. શાલ્વે પણ ભયંકર શક્તિ ફેંકી તેનો ભગવાને નાશ કર્યો. એકવાર ભગવાનનું ધનુષ પડી જતાં શાલ્વને લાગ્યું કે તે જીતી જ ગયો તેથી ભગવાને પણ વળતા પ્રહારમાં ગદા મારી તેની ડોક ભાંગી નાખી પણ તે અદશ્ય થઈ ગયો. પછી એક માયાવીએ આવીને કહ્યું કે શાલ્વ વસુદેવજીને બાંધીને લઈ ગયો છે. એટલામાં માયાવી શાલ્વે પ્રગટ થઈને કહ્યું - હે બાલીશ જો આ તને જન્મ આપનાર બાપને હું મારીશ. તારામાં તાકાત હોય તો તેમની રક્ષા કર. તેમ કહી તેણે

વસુદેવનું (વિશેષ - શ્રી મહાપ્રભુજીએ કરેલ અર્થ - જે તને જન્મ આપનાર નહિ હોવાથી 'અજ્ઞાત' છે. કેમ કે પૂર્ણબ્રહ્મને કોઇ પેદા કરતું નથી. બાલીશ - સુગ્રીવના ભાઇ વાલીને પણ જેનાથી સુખ થયું હતું તેવા એટલે કે મોક્ષ આપ્યો હતો.) મસ્તક છેદી નાખ્યું. ભગવાન ક્ષણ માટે તો આ દશ્ય જોઇ ક્ષુબ્ધ થઇ ગયા. પછી જાણ્યું કે આ તો આસુરી માયા છે. (ભગવાનને આવો મોહ થાય જ નહિ.) પછી ભગવાને શાલ્વના વિમાનના, અસ્ત્ર-શસ્ત્રના ટૂકડા કરી નાખ્યા. તે પછી ભગવાને સુદર્શન ચક્રથી તેનું માથું કાપી નાખ્યું. તે પણ હકીકતમાં પોતાના પાપથી જ મરાયો. તે જ વખતે શિશુપાલના વધનો બદલો લેવા દંતવક્ત્ર પણ આવી પહોંચ્યો.

## અધ્યાયાર્થ ૭૪ સુબોધિની

યાદવોને દુ:ખ પડે છે, પરાજય થાય છે. તેવું જોઇને કેટલાક વિદ્વાનો શ્રીકૃષ્ણને પણ બીજા અવતારોની જેમ સામાન્ય અવતારનો મોહ ભર્યો નિર્ણય કરે છે. (૩૫૭-૫૮)

તેઓના મતને પૂર્વપક્ષ તરીકે ગણીને (શ્લો. ૨૩ - ૨૯) તેના દોષ જણાવેલા છે. મધ્વાચાર્ય વ. આ શ્લોકો ઘુસાડી દીધેલા માને છે. (૩૫૯-૬૦) શ્રી મહાપ્રભુજી માને છે કે જે કલ્પમાં શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર ન્હોતા તેને યોગથી જાણીને તેને ભગવાનની જ લીલા છે તેમ ખોટું માની લીધું. પરંતુ ભકતયોગીને સાચું જ્ઞાન થાય છે અને શુકદેવજી ભકતયોગી છે તેથી શુકે તે મતનું ખણ્ડન કર્યું જ છે. (૩૬૨) ભગવાન કાર્ય કરવામાં આસકત થાય ત્યારે જીવને મોહ થાય. તેથી ભગવાનની આવી લીલાનું અનુકરણ ન કરવું. (૩૬૩-૩૬૪) અહીં તો ભગવાન નિર્ગુણ પ્રકટ થયા છે પણ આ મોહલીલા તો સત્વાવતાર વખતની છે, જો એમ ન હોત તો શાલ્વની આવી દશા ન થઇ હોત. ટૂંકમાં શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે, તેમનાથી અધિક કોઇ જ નથી. (૩૬૬)

## અધ્યાય-૭૮ / સુબોધિની અ. ૭૫

## દન્તવક્ત્ર તથા વિદૂરથનો ભગવાને કરેલ ઉદ્ધાર

વિશેષ : આ બે અધ્યાયથી બળદેવજીની ઋષિઓમાં સત્કીર્તિ બતાવી છે. તેમની કીર્તિ તીર્થાભિષેકથી, યજ્ઞ કરવાથી, સ્વપ્રતાપથી અને ઉપદેશ આપવાથી પ્રસરે છે. દુર્યોધન એમનો જમાઇ હોવા છતાં બળદેવજીએ પક્ષપાત ન કર્યો તેથી તેમની કીર્તિ વધી. ભગવાનના ત્રણ સેવકો બળદેવજી, દંતવક્ત્ર અને વિદૂરથનું આ અધ્યાયમાં વર્ણન છે.





શ્લો. ૧ થી ૪ : શિશુપાલ, શાલ્વ અને પૌણ્ડ્રકનો બદલો લેવા મહાબળવાન તેવો દન્તવક્ત્ર ચાલતો જ ગદા લઇને આવ્યો. દન્તવક્ત્રે કહ્યું - ઘણા સૌભાગ્ય અને આનન્દની વાત છે. કે આજ તું ફરી નજરે પડી ગયો. (વિશેષ તેણે ગદા ઉગામીને કહ્યું કે હું આપનો દ્વારપાલ, મોક્ષ મેળવવાનો અધિકારી છું, આપનાં દર્શન થયાં તે સૌભાગ્ય છે.)

શ્લો. ૫ : તને મારવો તો ન જોઇએ કેમ કે તું મારા મામાનો પુત્ર છે. પણ તેં મારા ઘણા મિત્રોને માર્યા છે, તેથી હે મંદ, મારી ગદાથી તારા ભૂકા ઉડાવી દઇશ. (તું મને મારવા માંગે છે કેમ કે હું કૃષ્ણના મિત્રોનો દ્રોહ કરું છું. હું કૃષ્ણનો મિત્ર છું. તેથી મને અપરાધ વગર મારો નહિ. તેથી ગદા ચલાવીને હું પહેલાં અપરાધ કરું છું. ગદયા = સુષુમ્ણા નાડી વડે હું આપને પ્રાપ્ત કરીશ.)

શ્લો. ૬ : તું સગો હોવા છતાં જેમ શરીરમાં જ રહેતો રોગ શત્રુ બને છે તથા જેમને હું પ્રેમ કરું છું તેવા મારા મિત્રોના ઋણમાંથી પણ મુકત થાઉં. (વિશેષ - બન્ધુરૂપ દેહ છે. બન્ધુના રૂપ જેવું આપનું રૂપ છે. દેહ દુશ્મનની ગરજ સારે છે. કારણ કે દેહ પડે ત્યારે વૃક્ષની જેમ બીજા શરીર માટે દુ:ખની વ્યવસ્થા કરતો જાય છે.)

શ્લો. ૭ : મહાવત અંકુશથી હાથીને ઘાયલ કરે તેમ દંતવક્ત્રે કડવા વચનોથી ચોંટ પહોંચાડવાની ચેષ્ટા કર્યા પછી ગદા મારી.

વિશેષ : જેમ મહાવત અંકુશ મારી હાથીને આગળ જવા સૂચના આપે છે તેમ દંતવક્ત્રે ભગવાનને કહ્યું - હવે મને મારવા આગળ વધો જેથી મને મોક્ષ મળે. તેમ કહી ખુશીમાં ગર્જના કરી.

શ્લો. ૮ : ભગવાને સ્હેજ પણ વિચલીત થયા વગર સામે કૌમોદકી ગદા તેની છાતીમાં મારી.

વિશેષ : કૌમોદકી ગદાનું એવું મહાત્મ્ય છે કે જેના પર પડે તેનો મોક્ષ થાય. મરનારને - મરવાનો કલેશ ન થાય તેથી છાતીમાં ગદા મારી.

૯ - ૧૬ : ત્યારે દંતવક્ત્ર મરીને ઢળી પડયો ત્યારે તેની જ્યોતિ પણ ભગવાનમાં સમાઇ ગઇ. આને મરેલો જોઇ તેનો ભાઇ વિદૂરથ લડવા માટે દોડી આવ્યો ત્યારે ભગવાને સુદર્શન ચક્રથી તેનું માથું ઉડાવી દીધું. ત્યારે દેવો વ. બધા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. પછી ભગવાન દ્વારકામાં પધાર્યા.

જે પશુતુલ્ય છે એમને જ એમ લાગે છે કે ભગવાન કયારેક જીતે છે

તો ક્યારેક હારે છે. (ભગવાન હારે તેમ જણાય ત્યારે તેમણે ક્રિયાશક્તિનો સંકોચ કર્યો હોય છે. ભગવાનને હાર જીત ન હોય.)

૧૭ : જ્યારે કૌરવો-પાંડવો વચ્ચે યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્યારે તટસ્થ રહેવા માંગતા બળદેવજી તીર્થયાત્રાએ નીકળી પડયા. નૈમિષ ક્ષેત્રમાં ઋષિઓનું મહાન સત્ર ચાલતું હતું. તેઓએ બળદેવજીનું સ્વાગત કર્યું. બળદેવજી જોયું કે રોમહર્ષણ હીનસુત હોવા છતાં બ્રાહ્મણોથી ઊંચે આસને બેઠા છે અને હાથ જોડીને મને પ્રણામ પણ કરતા નથી તેથી બળદેવજીને ક્રોધ આવ્યો.

વિશેષ : બળદેવજીની સમજ પ્રમાણે વિવેકહીન સૂતમાં ધર્મ નથી પણ ધર્માભાસ છે, પાખંડ છે. વિપ્રો તો ભલે ચલાવી લે પણ મારે તેને દણ્ડ દેવો જ જોઈએ અને પોતે દંડ દેવાના અધિકારી છે.

૨૪-૪૦ : વળી આ સૂત તો ધર્મને જાણનાર છે છતાં ધર્મરક્ષક એવા અમારી સામે ઊંચા આસને બેઠો છે ? તે અવિનયવાળો, ઈન્દ્રિયનિગ્રહ સહિત પોતાને વૃથા પંડિત માનતો, નટની જેમ ચેષ્ટા કરતો અને અંતઃકરણને કાબૂમાં નહિ રાખનાર (આમ પાંચ અવિદ્યાના પર્વરૂપ દોષો કહ્યા) છે. પછી તેને પ્રાપ્ત કરેલ વિદ્યા પણ બીજાને હિતકર ન થાય. ધર્મને જાણનાર હોવાથી તો તે વધારે પાપી છે.

તે પછી બળદેવજીએ દર્ભની એક નાની સળી લઈ સૂતજી ઉપર ફેંકી કે સૂતજી તરત મરી ગયા. (ભગવાનની ક્રિયાશક્તિનો પ્રભાવ) આથી મુનીઓમાં હાહાકાર મચી ગયો કેમ કે તેમની ભગવત્કથા શ્રવણમાં વિઘ્ન થયું. તેથી તેમણે બળદેવજી કહ્યું - ''આપે ભારે અધર્મ કર્યો આપ પ્રભુ છો'' એટલે કે પ્રભુતા-સામર્થ્યનો પરિચય આપ્યો, જ્ઞાનનો નહિ. અમે સુતને બ્રહ્માસન તથા આયુષ્ય આપ્યા હતા. તેથી હમણાં તે બ્રાહ્મણ હોવાથી ક્ષત્રીયને માન ન આપે તો અધર્મ નથી થતો. આપે અજાણતાં જ આ બ્રહ્મહત્યા બરાબર કાર્ય કર્યું છે છતાં લોક શિક્ષણાર્થ આપે પ્રાયશ્ચિત કરવું જોઈએ. બલદેવજીએ તેમની સાથે સહમત થયા. પછી બલદેવજીએ રોમહર્ષણને સ્થાને તેના પુત્રને કથા સંભળાવવા બેસાડીને તેને દીર્ઘાયુ; ઈન્દ્રિયશક્તિ અને બળ આપ્યા તે છતાં ઋષિઓને કંઈક માંગવા કહ્યું. - ત્યારે મુનીઓએ બલ્વલ પુત્ર બલ્વલ નામના દાનવને મારવા વિનંતી કરી કેમ કે તે સત્રને દુષિત કરતો હતો. તે પછી બળદેવજીએ ૧૨ માસ સુધી તીર્થોની યાત્રા કરી.





## અધ્યાયાર્થ ૭૫ સુબોધિની

આ પ્રકરણના આરંભમાં અ. ૭૩-૭૪ કે જેનો સમાવેશ પણ ફલ પ્રકરણમાં છે. તેમાં શંકરના ભકત તામસ શાલ્વનો પોતાના ભકત સાત્વિક દન્તવકત્રનો અને તેના ભાઈ રાજસ વિદૂરથનો ભગવાને વધ કર્યાનું કહ્યું છે. (૩૬૭-૩૬૮) યાદવોનું આ રીતે દુઃખ દૂર કરીને ભગવાન કૃષ્ણરૂપી ફલ પ્રાપ્ત થાય તેમ કર્યું. હવે કૌરવ-પાંડવોના યુદ્ધનો પ્રસંગ થવાનો છે અને પરિણામ અનિષ્ટ આવવાનું છે તેથી તેનો ત્યાગ કરવો જ યોગ્ય હોવાથી બળદેવજી તીર્થયાત્રાના મિષે પોતાના તે ધર્મનો (યુદ્ધમાં ભાગ લેવારૂપ) ત્યાગ કર્યો. (૩૭૦) ભગવાને પોતે તો અસ્પષ્ટ રીતે પાંડવોના દુઃખનો પણ નાશ કર્યો. (૩૭૧-૩૭૨) બલભદ્ર તીર્થયાત્રા કરવા નૈમિષમાં આવે છે કે જ્યાં મુનીઓનો દિર્ઘસત્ર ચાલે છે, જેમાં કથા કહેનાર સૂતને બ્રહ્માસન આપ્યું છે પરંતુ તે જાણ્યા વગર ધર્મનું રક્ષણ કરનાર બલભદ્રે હીન જાતિના સૂતથી બ્રાહ્મણોને ઉપદેશ આપતા જોઈ તેનો વધ કર્યો. જ્યારે બલભદ્રે બ્રહ્માસન આપ્યાનું જાણ્યું ત્યારે સૂતના પુત્ર ઉગ્રશ્રવાને કથા વકતા ઠેરવ્યો. બળદેવજીએ તેને તેવો વકતા ઠેરવ્યો તેથી તે શુદ્ર મટી ગયો અને તેથી તે શુકદેવજીના મુખની કથા સાંભળી શકયો. (૩૭૪)

## અધ્યાય-૭૯ / સુબોધિની અ. ૭૬
## બળદેવજીએ કરેલ બલ્વલનો વધ

વિશેષ : સૂતજીના મારવાથી અપકીર્તિ થઈ તેથી બળદેવજીએ કીર્તિ થાય તેવા કાર્યો - તીર્થયાત્રા, ભીમ-દુર્યોધનના ગદાયુદ્ધના મધ્યસ્થી તથા યજ્ઞ વ. ધર્મકાર્યો કર્યા.

૧-૨૧ : પૂર્ણિમાના દિવસે યજ્ઞશાળામાં ઉધમાત મચાવતો બલ્વલ પ્રકટ થઈ ગયો ત્યારે બળદેવજીએ સ્મરણમાત્રથી પોતાના આયુધ હળ-મુશળ મેળવી લીધા અને મૂશળના પ્રહારથી તે બલ્વલને મારી નાખ્યો. ત્યારે મુનીઓએ પ્રસન્ન થઈને બલદેવજીનો મંત્રાભિષેક કરીને ન કરમાય તેવી વૈજ્યંતિમાળા તથા આભૂષણ આપ્યા. તે પછી બળદેવજી યાત્રાર્થે નીકળી ગયા અને પૂરા ભારતના તીર્થોમાં તીર્થાટન તથા વ્રત કરતા રહ્યા.

૨૨-૩૪ : આમ ફરતા ફરતા પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા ત્યારે કૌરવ પાંડવોના યુદ્ધ વિષે સાંભળ્યું. ઘણા રાજાઓ મરાયા અને હાલ ભીમ-દુર્યોધન ગદાયુદ્ધ કરે છે, તેમને લડતા બંધ કરવાના ઉદ્દેશથી બળદેવજીએ દુર્યોધન-ભીમ બન્નેને ઉદ્દેશીને

કહ્યું કે - તમે સમબળિયા છો જેથી યુદ્ધનું પરિણામ નહિ આવે માટે આ યુદ્ધ બંધ કરો પણ તે બન્નેએ એમની વાત તીવ્ર વેરના કારણે ન ગણકારી. બળદેવજીએ તેથી તે વાત પડતી મૂકીને દ્વારકા આવ્યા, ત્યાં બધાંને મળીને પાછા નૈમિષારણ્ય ગયા. ત્યાં ઘણા યજ્ઞો કરાવ્યા તથા ઋષિઓને જ્ઞાન આપ્યું તેથી ઋષિઓને આત્મજ્ઞાન થયું. બળદેવજી તો અનંત છે પણ લીલાર્થે મનુષ્ય રૂપ ધર્યું છે.

## <u>અધ્યાયાર્થ ૭૬ સુબોધિની</u>

<u>કારિકા ૩૭૫ થી ૩૭૮</u> : બલ્વલ, ઋષિઓનો દોષ અને સૂત એ ત્રણેનો નાશ થયાનું અહીં કહેલ છે, જેમાં બલ્વલનો વધ મુખ્ય છે. તીર્થાટનની પેઠે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ પણ લીલા માટે જ કર્યો છે. (૩૭૬) અંતઃકરણની શુદ્ધિ તીર્થો કરવાથી, યજ્ઞો કરવાથી અને જ્ઞાનના ઉપદેશથી થાય. ઋષિઓ નૈમિષ તીર્થમાં યજ્ઞો કરતા હતા, બલભદ્રે તેમણે ત્યાં જ જ્ઞાનોપદેશ કર્યો તેથી શુદ્ધિના તેમના ત્રણે સાધન થયા. અ. ૭૫-૭૬માં દોષો સ્વરૂપથી દૂર કર્યા.

## <u>અધ્યાય-૮૦ / સુબોધિની અ. ૭૭</u>
## શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું આખ્યાન

<u>વિશેષ</u> : અહીં ભગવાનથી જ સમ્પત્તિ પ્રાપ્ત થઈ તેનું વર્ણન છે. પરિક્ષિત રાજા બલદેવજીનું ચરિત્ર સાંભળી દિલગીર થયા તેથી ભગવાનની વિશેષ લીલા સાંભળવા પ્રશ્ન કરે છે.

<u>શ્લો. ૧ થી ૭</u> : પરીક્ષિતે ભગવાનની બીજી લીલાઓ સાંભળવાની ઈચ્છા કરી. ભગવાનની કથા શા માટે કલ્યાણકારી છે તે શ્લો. ૧ થી ૧૪માં કહે છે. ત્યારે શુકદેવજીએ બ્રાહ્મણ સુદામાનું આખ્યાન કહેવાનું શરૂ કર્યું. સુદામા ભગવાનના મિત્ર, મહાન બ્રહ્મજ્ઞાની, વિષયોમાં વિરકત, શાન્તચિત્ત અને જિતેન્દ્રિય હતા. ગૃહસ્થ હોવા છતાં અપરિગ્રહી હતા. તે બહુ જ દરિદ્ર હતા.

<u>વિશેષ</u> : ભગવાનની જેમ સુદામાને પણ છ ધર્મો અને ધર્મી છે. ૧. બ્રાહ્મણ - શ્રી ૨. બ્રહ્મજ્ઞાની - જ્ઞાન ૩. વિરકત - વૈરાગ્ય, ૪. પ્રશાન્તાત્મા - ધર્મી, ૫. જિતેન્દ્રિય - ઐશ્વર્ય, ૬. ભગવદીચ્છાથી પ્રાપ્ત થાય તેમાં સંતુષ્ટ - વીર્ય, ૭. ગૃહસ્થ - યશ.

<u>૮ થી ૪૫</u> : એક વાર ડરતાં ડરતાં તેમની પત્નીએ કહ્યું કે - લક્ષ્મીપતિ કૃષ્ણ તો આપના સખા છે. વળી તે બ્રાહ્મણોના ભકત, ઉદાર અને ભકતોના સ્વામી





છે. આપણે દુઃખ ભોગવીએ છીયે, તો તમે તેમની પાસે જાઓ તો તે બહુ દ્રવ્ય આપશે. ભગવાન તો જેનું જેટલાથી હિત થાય તેને તે અને તેટલું જ આપે છે. તેમના ચરણકમલના સ્મરણથી તે આત્માનંદ આપનારા છે. તો પછી લક્ષ્મીની શું વિસાત છે માટે તમે ત્યાં જાઓ સ્ત્રીના બહુ આગ્રહથી કોઇ પણ રીતે ભગવાનનાં દર્શન થશે તેમ વિચારી એમણે દ્વારકા જવા નિશ્ચય કર્યો અને સ્ત્રીને કહ્યું - કંઇ ભેટ આપી શકાય તેવું હોય તો આપ ત્યારે તેણે પાડોશથી ચારમૂઠી પૌંઆ લાવીને પોટલીમાં બાંધીને આપ્યા.

તે શ્રીકૃષ્ણનું ચિંતન કરતા દ્વારા પહોંચ્યા. સુદામાને બ્રાહ્મણ જાણીને કોઈએ રોકયા નહિ. ભગવાનના મહેલો જોઈને સુદામા બ્રહ્માનંદમાં (અક્ષરબ્રહ્મ) ડૂબી ગયા ત્યારે ભગવાન લક્ષ્મણાજીના મહેલમાં પલંગ પર બિરાજેલા હતા. ભગવાને સુદામાને આવતા જોઇ દોડતા આવીને ભેટી પડયા. ભગવાનના અંગ સ્પર્શથી તેમને (સુદામાને) ખૂબ જ આનંદ (સ્વરૂપાનંદ) થયો. તે પછી સુદામાને પોતાના પલંગ પર બેસાડીને તેમનું પૂજન કર્યું, લક્ષ્મણાજી ચામર ઢોળવા લાગ્યા. મેલાઘેલા બ્રાહ્મણની ભગવાન પૂજા કરે છે તે જોઈ રાણીઓ ખૂબ જ નવાઇ પામી. તે પછી ભગવાન સખા સુદામા સાથે પહેલાંની ગુરુકુળમાંની વાતોને વાગોળવા લાગ્યા તથા કુટુમ્બના ખબર અંતર પૂછયાં. ભગવાને સુદામાના વૈરાગ્ય વ. ગુણોની બહુ પ્રશંસા કરી તથા પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. વળી, જંગલમાં લાકડા લેવા ગયા ત્યારે વર્ષામાં અટવાયા હતા તે પણ યાદ કર્યું, ગુરુને થતી ચિંતા વ. કહ્યું (તેથી ગુરુને સેવાથી સમર્પણ કરવું જોઈએ) પછી ભગવાને તેમને કહ્યું કે તમારી બધી અભિલાષા પૂર્ણ હો, તમને વેદાધ્યયન કંઠસ્થ રહો અને આલોક તથા પરલોક બલસાધક રહો. ત્યારે સુદામાએ કહ્યું દેવતાઓના આરાધ્ય તેવા કૃષ્ણની સાથે ગુરુકુળમાં રહેવા મળ્યું પછી અમારે શું બાકી રહ્યું ? આપ ગુરુકુળમાં રહ્યા તે લોક શિક્ષા માટે જ.

## <u>અધ્યાય-૮૧ / સુબોધિની અ. ૭૮</u>
## ભગવાને સુદામાને સમ્પત્તિ આપી

<u>વિશેષ</u> : ભગવાને સુદામાને મર્યાદાથી પ્રેરાએલી સ્થિર લક્ષ્મી આપી. ભગવાનને લક્ષ્મણાજીએ એક મૂઠી પૌંઆ ખાવા દીધા. એક મુઠી આરોગે તો સર્વ તૃપ્ત થાય, બીજીથી પરલોક સિદ્ધ થાય. ત્રીજીથી લક્ષ્મીજી તાબે થાય અને ચોથીથી ભગવાન આત્માનું દાન કરે. એવી બુદ્ધિથી સુદામા - પત્નીએ ચાર મુઠી પૌઆ મોકલ્યા હતા પણ લક્ષ્મણામાં બિરાજેલા લક્ષ્મીએ તેમ કરતા અટકાવ્યા.

શ્લો. ૧ : વિશેષ - સુદામાને કંઇ કામના નથી તેથી સ્ત્રીને જોઇએ છે તો સમ્પતિ સ્ત્રીને આપવી જોઇએ તેથી સ્ત્રીની ભેટના બદલામાં સમ્પતિ આપી. સ્ત્રીમાં ભકિતધર્મ નથી.

શ્લો. ૨ : ભગવાને સુદામાને પૂછ્યું - મારા માટે શું લાવ્યા છો ? અભકત માટે ભગવાન બ્રહ્માંડ થાય છે અને ભકત માટે અણુ. (પામી શકાય તેવા વ્યાપક) ભગવાનથી પ્રેમવાળા ભોગથી પ્રસન્ન ન થાય ભગવાને માંગવા છતાં સંકોચવશ લાવેલા પૌંઆ આપ્યા નહિ. ભગવાન તો જાણે છે કે આ મારો નિષ્કામ ભકત છે. ભગવાને સુદામાએ છૂપાવેલી પૌંઆની પોટલી ખેંચી લીધી અને ભેટની બહુ જ પ્રશંસા કરી. અને એક મૂઠી તુરત જ આરોગી ગયા. પછી બીજી મુઠી ભરવા જાય છે ત્યાં તો લક્ષ્મણાજી (તેમાં રહેલ લક્ષ્મીજી)એ ભગવાનને રોકયા, વિચારીને કે - આપની એક મુઠી જ સર્વ સમૃદ્ધિ આપવા પૂરતી છે. બીજા દિવસે સુદામાએ વિદાય માંગી. (ભગવાને પ્રત્યક્ષ તેમને કંઇ જ ન આપ્યું. સુદામાને ન મળ્યાનું દુઃખ ન્હોતું પણ યાચનાના નિમિત્તે દર્શન કરવા ગયા તેથી લજ્જિત થયા તથા બ્રાહ્મણીને શું જવાબ આપીશ તેમાં મુઝાયા) પણ ભગવાનના દર્શનના સુખદ અનુભવમાં ઘર તરફ રવાના થયા. ભગવાનની મિત્રતા તથા ઉદારતાની સરાહના કરવા લાગ્યા. ભગવાનની કરૂણા તથા વિનય અને બ્રાહ્મણપ્રેમ, મિત્રપ્રેમ વ. બાબતે વિચારતા રહ્યા. સમસ્ત ફળનું ફળ કૃષ્ણચરણસેવા જ છે તેમ વિચારતાં ઘર પાસે પહોંચ્યા. ત્યાં તો તેમણે ઉડતા તેજસ્વી વિમાનો, બાગ,બગીચા, સુંદર દાસીઓ વ. જોયા. તેમને થયું આ બધું છે શું ? ત્યાં તો તેમનું સ્વાગત બેન્ડ-વાજાથી કર્યું તથા ઇન્દ્રાણી જેવા સ્વરૂપવાન તેમના પત્ની ઘરની બહાર આવ્યા અને સુદામાનું સ્વાગત કર્યું. ઘર તો ઇન્દ્રના ભવનથી ય અધિક હતું. તે જોઇ વિચાર્યું કે જરૂર આ કૃષ્ણ કૃપા કટાક્ષનો જ પ્રતાપ હોવો જોઇએ. આ ભગવાન લે છે થોડું અને આપે છે ઘણું. બસ મને તો સમ્પતિ નહિ પણ આપનું સંખ્ય ટકી રહે તે જોઇએ છે. સમ્પત્તિ તો વ્યામોહ કરાવનારી છે. સુદામા અનાસકત ભાવે સમ્પત્તિ ભોગવવા છતાં તેમની ભકિત તો વધતી જ રહી. સુદામા ભગવન્મય થઇ ગયા. તેમની અવિદ્યાની ગાંઠો કપાઇ ગઇ અને ભગવાનના ચિન્તનથી વૈકુંઠ પામીને સાયુજ્ય પામ્યા.

## અધ્યાયાર્થ ૭૭-૭૮ સુબોધિની

આ બે અધ્યાયોથી સુદામાને અલૌકિક સંપતિ પ્રાપ્ત કરાવીને તેમના દારિદ્રયનો નાશ કર્યો.



અધ્યાય ૭૯-૮૦-૮૧થી તામસ-રાજસ-સાત્વિક જીવોના દોષ દૂર કરીને ઉત્તમ ફળ પ્રાપ્ત કરવાનું કહ્યું છે. (૩૭૯) ભાગવતમાં બ્રાહ્મણનું નામ નથી આપ્યું અન્ય પુરાણોમાં છે. તેમનામાં ઋષિના ગુણો હતા તેથી તેમના મન પર દારિદ્રની અસર ન્હોતી પણ પત્ની તેમના જેવી નહિ હોવાથી તે દરિદ્રતાથી વ્યથિત હતી. કાળે સુદામાના ઋષિપણાના ગુણો દૂર કર્યા તેથી તે પત્નીના સમજાવવાથી ધન નિમિત્તે ભગવાન પાસે (૩૮૦) ભગવાન શ્રીકૃષ્ણે તેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલો. વળી ભગવાન સ્ત્રીઓનું કલ્યાણ કરનાર છે. આ અર્ધઋષિ અને અર્ધસંસારીને પોતાનો સંગવાળો મિત્ર બનાવ્યો. (૩૮૧) આ કથાનો બોધ એ છે કે - જેમ પૂર્ણકામ ભગવાન ભૂતલ પર અવતાર લઇ નિર્લેપપણાથી રહે છે તેમ તેમના ભકતે પણ સંસારમાં નિર્લેપ થઇને રહેવું જોઇએ. (૩૮૨) શંકા - ભગવાન તો મુકિત આપનાર છે તો પણ પોતાના મિત્રને બંધન કરાવનારું ધન કેમ આપ્યું ? સમાધાન - ભગવાને એવું અલૌકિક ધન તેની પત્નીને આપ્યું કે તેથી સુદામાને હાની ન થઇ. વળી પત્ની સાથે નિયંત્રણથી ભોગ ભોગવ્યા છતાં હાની ન થઇ. (૩૮૩) સુદામાની પહેલાંની કથા ભગવાનથી સમાનતા જણાવવા કહી. ભગવાન પાસે સુદામા હતા ત્યાં સુધી તો ભગવાને તેને ઋષિ જ રાખ્યો તેથી તો ત્યારે કાંઇ ન આપ્યું અને ઘરે પત્નીને દેવોને દુર્લભ તેવું પણ અલૌકિક ધન આપ્યું. (૩૮૪-૩૮૫) રસ્તામાં પણ સુદામાના સંતોષનું જ વર્ણન છે. સુદામા જો ભોગ ન કરે તો પત્ની નિરાસ થાય અને ભોગ કરે તો સંગદોષ લાગે તેથી ભગવાનમાં ચિત્ત રાખી, વિષયમાં લપટાયા વગર ભકિતમાર્ગ પ્રમાણે ભોગ કર્યો. સુદામામાં ઋષિપણું અને ભકતપણું, ધન અને ગરીબાઇ બન્ને વિરુદ્ધ લક્ષણો સાથે રહેલા જણાતા હોવાથી નક્કી તે ભગવાનનો ભકત છે તેવું જગતમાં પ્રસિદ્ધ થયું.

## અધ્યાય-૮૨ / સુબોધિની અ. ૭૯

વિશેષ : સાત્વિક પ્રકરણમાં પ્રમેયમાં જેવો ધર્મી જોઇએ તે અહીં કહ્યો છે તેવો તો સર્વને પ્રિય, સર્વનું હિત કરનારો તથા સર્વનો સાક્ષી હોય. તે તો તીર્થમાં જ પ્રાપ્ત થાય. તે જ્ઞાનપૂર્ણ હોય તથા મોક્ષને આપનાર ગુરુ જ હોય. સાત્વિક ભકતોનું સાધન, ભગવાનનાં ગુણ અને ચરિત્રનું શ્રવણ કરવું તે જ છે, જે ૩૪ મા અધ્યાયમાં કહ્યું છે. ત્યાર પછી ફલસ્વરૂપ હરિ બધાની ઇચ્છા પૂરી કરે છે તે કહેવામાં આવે છે. તે પછી દેશ-કાલ ક્રિયાશકિતનું નિરૂપણ છે. તામસ-રાજસ-વ. બધાં જ સાત્વિક થાય ત્યારે પ્રમેય થાય છે. (ભગવાનને ઓળખી શકાય છે.)

શ્લો. ૧ થી ૩૨ : એકવાર બહુ ભારે તેવું સર્વગ્રાસ સૂર્યગ્રહણ આવ્યું ત્યારે પોતાનું કલ્યાણ ઇચ્છતા લોકો, રાજા કુરુએ નિર્માણ કરેલ સ્યમન્તક તીર્થમાં ગયા કે જ્યાં પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રીય કરીને લોહીના નવ કુણ્ડ ભર્યા હતા. આવા કુરુક્ષેત્રમાં કરેલ વધનું પાપ નથી લાગતું કેમ કે પરશુરામે વધ કરી તેમનો મોક્ષ કર્યો હતો, છતાં પણ તેમણે લોકમર્યાદા ખાતર ત્યાં યજ્ઞો કર્યા હતા. તેવા ક્ષેત્રમાં દ્વારકાના સર્વ યાદવો સહિત બીજી પ્રજા પણ આવી હતી. ત્યાં જવાથી અજાણે પણ ભગવાનના અપરાધ થયા હોય તો પ્રાયશ્ચિત થઈ જાય કેમ કે ભગવાનના સતત સાન્નિધ્યના કારણે અપરાધ થવો સહજ છે. ત્યાં સ્નાન-દાન વ. કર્યા. ''શ્રીકૃષ્ણચરણમાં ભક્તિ હો'' તેવી કામનાથી દાન કર્યા. તેઓ બીજા દેશથી આવેલા રાજાઓને પણ મળ્યા. તથા ત્યાં નંદજીના ગોકુળથી આવેલા ગોપી-ગોપોને પણ જોયા. તેઓ ઘણા કાળથી ભગવાનના દર્શનની ઉત્કંઠાવાળા હતા. તેઓ બધા ખૂબ જ વિહ્વળતાપૂર્વક ભેટયા. (રોમાંચ તે કાયિક સંતોષ, ગદ્-ગદ્ ગિરા તે વાચિક સંતોષ અને આનંદિત થયા તે માનસિક સંતોષ વ્યકત કરે છે.) બધાંએ પછી એકબીજાને કુશળ સમાચાર પૂછયા. કુન્તાજીએ વસુદેવજી સાથે મીઠો ઝગડો કર્યો ત્યારે વસુદેવજીએ જ્ઞાનનાં વચનો કહ્યા. બધા રાજાઓ પણ ભગવાનનું એકદમ યૌવનયુકત સુદૃઢ વિગ્રહ જોઇને આશ્ચર્ય પામ્યા તથા ભગવાન ઉગ્રસેનની સરાહના કરી કે ભગવાન શ્રીકૃષ્ણ નિત્ય તેમની પાસે છે. તેમ શ્લોક ૨૯ થી ૩૧ માં ભગવાનના સાનિધ્યને કૃપા કહી.

૩૨-૪૯ : ત્યાં તો નંદરાયજી વ. પણ ત્યાં મળવા આવ્યા. તેઓ તથા યાદવો એકબીજાને મળીને ભેટ્યા તથા વસુદેવે પોતાનો પુત્ર તેમને ત્યાં રાખ્યો તે સંજોગની વાતો કરી. કૃષ્ણ-બલરામ પણ માતા યશોદા અને તાત નંદરાયજીને ભેટયા તથા ડૂમો ભરાઇ જવાથી બોલી ન શકયા, તથા વિયોગનો શોક ભેટીને ઓછો કર્યો. (ભગવાને પણ પોતાનું સ્વરૂપ નાનું કરી યશોદાજીની ગોદમાં સમાય તેવડા થઈ તેમનો મનોરથ પૂરો કર્યો.) દેવકીએ યશોદાજીના ઘણા ઉપકાર ગાયા તે શ્લોક ૩૮-૩૯થી કહ્યું કેમકે તેમણે કૃષ્ણ-બલરામને જીવની જેમ સાચવ્યા હતા. ગોપીઓ શ્રીકૃષ્ણને અપલક નેત્રે નિહાળી રહી તથા હૃદયથી આલિંગન કર્યું તથા તન્મય થઈને ભગવદ્રૂપ થઈ ગયા. ભગવાને એકાંતમાં જઈ તેમને હૃદય સરસા ચાંપ્યા. ભગવાન તેઓને મળવા ન જઈ શકયા તે માટે ખેદ વ્યકત કર્યો અને કહ્યું કે - બધું ભગવાન ગોઠવે તે રીતે જ થાય છે, મારી ભક્તિથી પ્રાણીમાત્રને મોક્ષ મળે છે. તે પ્રકારે ભગવાને જ્ઞાનનાં વચનો શ્લોક



૪૩ થી ૪૭ સુધી કહ્યા. ત્યારે ગોપીજનોએ કહ્યું - સંસારકૂપમાંથી બહાર કાઢનાર એકમાત્ર આપનાં ચરણકમલ જ છે, તેથી ઘરમાં રહેવા છતાં અમને સંસારાસક્તિ ન થાય એ અમારા હૃદયમાં ભગવાન સદા બિરાજતા રહે કે અમે તેને ભૂલીયે નહિ તેવું આપવાની કૃપા કરો.

## અધ્યાયાર્થ ૭૯ સુબોધિની

કુરુક્ષેત્રમાં બધા વર્ણના લોકો આવેલા તેમણે ભગવાનના દર્શન કરી શુદ્ધ-સાત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી અને ભગવાનમાં નિરુદ્ધતા પ્રાપ્ત કરી. તેમને પરમાનંદની પ્રાપ્તિ થઈ. (૩૯૨) ફલરૂપે ભગવાન જ પ્રાપ્ત થાય છે કેમકે તેઓ સર્વ જગતને ભૂલીને ભગવાનમાં જ ચિત્તવાળા થાય છે. (૩૯૩) ગોપીઓ પણ રાજસતામાંથી સાત્વિકતા પામી તેથી અંતે ભગવાને તેમને જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. ગોપીઓ માટે ભગવાને જે કંઇ ઉપાય કર્યા તે તેમના નિરોધ માટે જ કર્યા હતા. (૩૯૪-૯૫) સંસાર અને ભગવાન બન્નેમાંથી એક જ પ્રાપ્ત થઈ શકે કેમકે તેમના ધર્મો ઉલટા છે, છતાં ભગવાને ગોપીઓને તે બન્ને આપ્યા તથા તેમણે માંગ્યા મુજબ ભગવાનમાં નિરોધ સંપૂર્ણ થયો. (૩૯૬) તે એટલા માટે કે 'કોરું જ્ઞાન અને કોરો વૈરાગ્ય કલ્યાણકારક નથી.' તેમ ભગવાને સ્વયં કહેલું છે. અવ્યકત બ્રહ્મમાં ચિત્ત પરોવનારને દુઃખ થાય છે. તેથી ''મારામાં ચિત્ત રાખી મને સર્વ સમર્પણ કરે છે તેને હું સંસારમાંથી છોડાવું છું.'' વ. વ. ભગવાનનાં વચનો પણ છે. (૩૯૭) ગોપીઓના લીંગદેહનો નાશ થવાથી એમ નથી સમજવાનું કે તેમને કૈવલ્ય જ ફળ છે, નિરોધ ફળ નથી. કેમકે તેમ છતાં પણ ગોપીઓને સ્થૂલદેહ તો હતા જ, તેમના લીંગદેહના સ્થાને આધિદૈવિક ભગવાન જ પ્રકટ થએલા. તેથી તો તેમને આલોક કે પરલોકમાં દુઃખ નથી. (૩૯૮) આમ બન્ને લોકમાં ફળ આપનાર ભગવાન જ છે. વળી, ભક્તિમાર્ગ જ એવો છે કે જેમાં સંસારમાં રહેવા છતાં ભગવાનનું ચરણકમલ સદા ચિત્તમાં રહે છે. (૩૯૯)

## અધ્યાય-૮૩ / સુબોધિની અ. ૮૦

## ભગવાને પટરાણીઓ પર કરેલ અનુગ્રહ

વિશેષ : યાદવકુળની સ્ત્રીઓ કૌરવકુળની સ્ત્રીઓને સમજાવે છે કે ભગવત્પ્રાપ્તિનું ઉત્તમ સાધન કીર્તન છે. ભગવાનના અનુગ્રહથી જ સાધન બની આવે, તેથી અનુગ્રહનું વર્ણન છે અને તે અનુગ્રહ સ્થિર થવા માટે ભગવાન નિર્દોષ, દયાળુ, ભકતવત્સલ છે તેવી બુદ્ધિ જરૂરી છે. તે સિવાય ભગવાનનું માહાત્મ્ય

અને સ્તુતિથી અનુગ્રહ સ્થિર થાય.

શ્લો. ૧ થી ૧૬ : શ્રીકૃષ્ણે ગોપીજનોને ઉપદેશ આપ્યો તેથી ગુણરૂપ સાધન થયા અને તે શિક્ષા દ્વારા પ્રાપ્ત થનાર પણ ભગવાન છે. ભગવાને ધર્મરાજ યુધિષ્ઠિર વ. ના કુશળ સમાચાર પૂછ્યા તે જ અનુગ્રહ. ત્યારે ધર્મરાજે કહ્યું - પ્રભુના ચરણકમલની સેવા કરતાં તે ભકતના મુખમાંથી ભગવદ્કથાનો જો રસ છલકી જાય તો તે રસને પીનારનું કલ્યાણ થઈ જાય છે. ટૂંકમાં મોટાઓના મુખેથી નિકળેલ ભગવદ-કીર્તનનું ગાન સાંભળવાથી પણ જીવને જન્મ-મરણમાંથી ભગવદાનંદ મળે છે. महतां कृपया यावत् कीर्तनं सुखदं सदा गुणगाने सुखावाप्तिः गोविन्दस्य प्रजायते, महतां कृपया यावद् भगवान दययिस्यति तावदानन्द संदोह कीर्त्यमान सुखाय हि । તથા કહે છે કે આપ જ્ઞાનાસ્વરૂપ અખંડઆનન્દ સમૃદ્ધ છો તેથી અમારી અંતઃકરણની ગમે તે વૃત્તિ પણ આપને જાણી શકતી નથી. પરમહંસો આપને ઈચ્છે છે. આપનો અવતાર વેદોના ધર્મોનું રક્ષણ કરવા માટે છે.

તે પછી દ્રૌપદીએ સર્વ પટરાણીઓને પૂછ્યું કે - ભગવાને આપનું પાણીગ્રહણ કઈ રીતે કર્યું ? (ભગવતકૃપા કઈ રીતે થઈ) ત્યારે રુકિમણીજીએ કહ્યું - મારો ભાઈ વ. ન્હોતા ઈચ્છતા કે હું ભગવાનને વરું પણ ભગવાને સ્વયં મારું હરણ કરી (અનુગ્રહ) મને વર્યા. હું તો એ જ ઈચ્છું છું કે જન્મોજનમ એમની દાસી થઈ ચરણકમલની સેવા કરું. (ભગવાનનાં ચરણ = શ્રીનિકેતન) એટલે કે ભગવાનના વક્ષસ્થળમાં બિરાજતા લક્ષ્મીજીની દૃષ્ટિ તો આપના ચરણ તરફ જ હોય છે. હવે સત્યભામાજી બોલ્યા - ભગવાને સ્યામંતક મણિ ચોર્યાનું દુષણ મટાડવા જામ્બવાન પર વિજય મેળવીને મણિ મારા પિતાને આપ્યો. જો કે મારું વાગ્દાન તો બીજે થઈ ગયું હતું છતાં પિતાએ મણિ સહિત મને ભગવાનને સમર્પિત કરી દીધી. પછી જામ્બવતીએ કહ્યું - ભગવાન્ મણિ માટે મારા પિતા સાથે ૨૮ દિવસ લડયા. પરીક્ષા પૂરી થઈ ત્યારે મારા પિતાએ ભગવાનને સ્વામી રામચંદ્ર તરીકે જાણ્યા ત્યારે મણિ સહિત મને ભગવાનને ભેટ કરી. તેમની દાસી થવામાં જ મારી ભાવના છે. પછી કાલિન્દીજી બોલ્યા કે - હું ભગવાનના ચરણકમલની કામનાથી તપ કરતી હતી. ભગવાને અર્જુન દ્વારા મારી મનોકામના જાણી લીધી. તેથી મને પોતાને ત્યાં જઈને મારું પાણીગ્રહણ કર્યું. હું તો મથુરાના તેમના ઘરની સાવરણી થવા જ ઈચ્છું છું. પછી મિત્રવિન્દાજીએ કહ્યું - હું તો પહેલેથી જ ભગવાનમાં આસકત હતી છતાં મારા ભાઈઓએ સ્વયંવર રચ્યો. તેથી ભગવાને બધા રાજાઓને જીતીને મારું



હરણ કરી મને દ્વારિકાપુરી લાવીને મારું પાણીગ્રહણ કર્યું. હું ભવોભવ આપની દાસી રહેવા જ ચાહું છું. સત્યાજીએ કહ્યું - સ્વયંવરના રાજાનું પરાક્રમ માપવા મારા પિતાએ બહુ બળવાન સાત આખલાને એક સાથે નાથવાની શરત રાખી હતી. ભગવાને તેમને રમતવાતમાં નાથીને બાંધી દીધા. અને મને દ્વારકા લાવ્યા. રસ્તામાં વિઘ્ન કરવા આવેલ વિરોધીઓને મારી હઠાવ્યા.

વિશેષ : ભૂખ, તરસ, રોગ, (સકામ કર્મ - નિષ્કામ કર્મ) કર્મ જુગાર, મદિરાપાન અને સ્ત્રીઓ એ સાત વ્યસન છે. જેમાંના પહેલા ચાર આવશ્યક છે. જ્યારે છેલ્લા ત્રણ અનાવશ્યક છે. નગ્નજિતે વિચારેલું કે વ્યસનગ્રસ્ત હોય તે ભોકતા શી રીતે હોઈ શકે ? વ્યસન એટલે કે વસ્તુમાં દોષ હોવાનું જાણવા છતાં તેને છોડી ન શકાય તેવી આસકિત) પછી ભદ્રાજીએ કહ્યું - મારું મન મારા મામાના પુત્ર કૃષ્ણમાં હતું તેથી મારા ભાઈઓએ તથા પિતાએ મને કૃષ્ણ સાથે પરણાવી. દરેક જન્મે મને કૃષ્ણ ચરણ પ્રાપ્ત થાય.

વિશેષ : સાત પટરાણી સાત ભકિતરૂપા છે.

| | | |
|---|---|---|
| અર્ચન | - રૂકિમણીજી | |
| શ્રવણ | - સત્યભામાજી | (તેથી સર્વ પાપોનો ક્ષય થયો તે કહ્યું.) |
| સ્મરણ | - જામ્બવતીજી | (કેમ કે જામ્બવતીજીને એકાન્તમાં આપ્યા.) |
| પાદસેવન | - કાલિન્દીજી | |
| કીર્તન | - મિત્રવિન્દાજી | (સર્વ બળવાન દોષોને છોડીને કીર્તન કરવું) |
| દાસ્ય | - સત્યાજી | |
| વન્દન | - ભદ્રાજી | |
| સખ્ય | - લક્ષ્મણાજી | |

૧૭ થી ૩૯ : લક્ષ્મણાજી - દેવર્ષી નારદ ભગવાન કૃષ્ણ જ ગુણગાન કરતા તેથી હું કૃષ્ણમાં આસકત થઈ અને તેમને વરી. તે માટે મારા પિતાએ મત્સ્યવેધ યોજ્યો. જેમાં ઘણાં શૂરવીર રાજાઓ આવ્યા પણ મત્સ્યવેધ ન કરી શકયા જ્યારે ભગવાન કૃષ્ણે રમતવાતમાં મત્સ્યનો પડછાયો જોઈ તેનો વધ કર્યો તેથી મેં તેમને વરમાળા પહેરાવી. ભગવાન મને રથમાં બેસાડી દ્વારકા લઈ ગયા, તેમાં વિરોધ કરનારા રાજાઓનું આપે મર્દન કર્યું. અમારા પૂર્વે કરેલા તપ વ. ના કારણે જ અમને ભગવાન મળ્યા.

૪૦ થી ૪૩ સોળહજાર મહિષિઓ - ભૌમાસુરના બંદીગૃહમાં અમે બધી કેદ

હતી. તે જાણી ભગવાને ભૌમાસુરનો સેના સહિત નાશ કર્યો. ભગવાન પૂર્ણકામ હોવા છતાં અમને દેહથી, ચિન્તાથી અને સંસારથી છોડાવી અમારું પાણિગ્રહણ કર્યું. આપના ચરણકમલનું ચિંતન કરનારનો સંસાર છૂટી જાય છે. અમને તો હરિ સાથે ભોગ પ્રાપ્ત થાય તથા આપની ચરણરજ અમારા માથે પડે તેવી જ ઈચ્છા છે. કેમ કે ભગવાન ગાયો ચરાવતા ત્યારે જેમ આપના ચરણકમલનો સ્પર્શ ગોપ-ગોપીજનો-પુલિન્દીજીઓ, તણખલાં અને લતાઓ કરવા માંગતી હતી તેમ.

## અધ્યાયાર્થ ૯૦ સુબોધિની

ગયા અધ્યાયમાં ભગવાને ગોપીઓનો નિરોધ કર્યો. આ નિરોધની કથા બીજાઓને પણ લાગુ પડે છે. તે પછી અહીં યુધિષ્ઠિરનો નિરોધ કર્યાનું કહ્યું છે. સ્ત્રીઓનો પોતાના પતિમાં સહજ નિરોધ હોય છે. લૌકિક પતિ પરનો આ પ્રેમ હઠીને ભગવાન પર થાય તે માટે શ્રીકૃષ્ણપત્નીઓના મુખે તેમના વિવાહની કથા કહેવડાવવામાં આવી છે. (૪૦૦-૪૦૧) ગોપીઓને લોકનો ભય તો પહેલેથી જ દૂર થયો હતો તે તેમના દષ્ટાંતથી બીજા શીખે. પુરુષોત્તમ વેદથી પર છે તેમ જણાતાં વેદનો ભય પણ દૂર થાય છે તેથી પોતાના પતિમાંથી આસકિત દૂર થાય. (વેદનો ભય ટળવાથી) (૪૦૨) ભગવાનનું અતૂલ્ય સામર્થ્ય અને બીજાઓથી સરસાઈ જોઈને તેમના પ્રતિ વિશેષ પ્રેમ થાય છે પણ સરસાઈ પહેલાં તેવો પ્રેમ ન થયો તેનો પશ્ચાતાપ પણ થાય તેવું બતાવવા માટે ભગવાનની પત્નીઓની વિવાહકથા કહી. (૪૦૩) ભગવાનની પત્નીઓએ ભગવાનનું દાસ્ય માંગ્યું છે તેથી જણાઈ આવે છે કે શ્રીકૃષ્ણમાં કામ વ. દોષો નથી. આઠ પટરાણી આઠ ભકિતરૂપ હોવાથી ભગવાને તેમની સાથે ઉત્તમ રીતે વિવાહ કર્યા. ભૌમાસુરના અંતઃપુરમાંથી આવેલ રોહિણી વ. આત્મનિવેદનરૂપા છે. લક્ષ્મણાના વિવાહની કથા દ્રૌપદીના અભિમાનનો નાશ કરવા લમ્બાણથી કહી છે. (૪૦૪) જ્યારે દ્રૌપદીએ પૂછ્યું ત્યારે બીજી પટરાણીઓ પાસે જ હોવાથી તેમણે પણ બધાંના વિવાહની કથા સાંભળી તેથી તેમને પણ ભગવાન પર રુકિમણીજી જેવો જ પ્રેમ ધીરેધીરે થયો અને તેમનો ભગવાનમાં નિરોધ થયો. (૪૦૬) જેમ પટરાણીઓનો પ્રેમ ભગવાનમાં વધ્યો તેમ ભગવાન પર પ્રેમ સર્વજીવોનો પણ થશે. અને ભગવાન સર્વનો ઉદ્ધાર કરશે.



## અધ્યાય-૮૪ / સુબોધિની અ. ૮૧

## બાન્ધવોનું પ્રસ્થાન અને વસુદેવજીનો યજ્ઞ

વિશેષ : આ અધ્યાયમાં ફલનો ઉત્કર્ષ, રાજાઓનું સન્માન અને યજ્ઞ કરીને વસુદેવજીનું ઋણમાંથી મુકત થયાનું કહ્યું છે. ભકતે ભગવાનના થવું તે જ ફલ છે. ભગવાનની લીલાનું પ્રયોજન ભકતનું નિરોધ થવા માટે જ છે.

શ્લો. ૧ થી ૧૩ : કુરુક્ષેત્રમાં પટરાણીઓનો ભગવત્પ્રેમ યાદવસ્ત્રીઓ, ગોકુલ સ્ત્રીઓ તથા સુભદ્રા વ. એ સાંભળી તેથી બધાંને પ્રેમના આંસુ આવ્યા. આમ પુરુષો પુરુષો સાથે અને સ્ત્રીઓ સ્ત્રીઓ સાથે વાતો કરતા હતા. એવામાં ઘણા બધા મુનીઓ આવ્યા. ભગવાને બધાનું સ્વાગત કર્યું. ભગવાને બધાંના સાંભળતાં કહ્યું કે - અમે ધન્ય છીએ કે આ મુનીઓના દર્શન થયા. એમ કહી ભગવાને પાંચ શ્લોકથી મુનીઓની સ્તુતિ કરી. તેમાં કહ્યું કે - જેમ મૂર્તિમાં પૂજન થાય છે તેમ જ આ મુનીઓમાં થઈ શકે, આ મુનીઓ તો હરતા ફરતા તીર્થ છે. સ્થાવર તીર્થો તો માત્ર પાપનો નાશ કરે છે જ્યારે આ મુનીઓ તો બુદ્ધિમાં અભેદબુદ્ધિ (જ્ઞાનકર્મ) પેદા કરે છે.

૧૪ થી ૩૩ : જ્ઞાન સમ્પન્ન ભગવાનનું ગૂઢ ભાષણ સાંભળીને મુનીઓની બુદ્ધિ ચકકરમાં પડી ગઈ. પછી તેમને ખ્યાલ આવ્યો કે પોતે લોક સંગ્રહાર્થ આવાં વચનો બોલે છે. તેથી મુનીઓ બોલ્યા કે - આપની વાણીને અમે સમજી શકતા નથી. આપ સર્વ કંઈના કર્તા હોવા છતાં લીલાથી અનુકરણ કરો છો. આપ જ વર્ણાશ્રમ હોવા છતાં વર્ણાશ્રમનું રક્ષણ કરો છો. (પામો છો) બ્રાહ્મણ જાતી આપનું હૃદય હોવાથી આપ તેમનું બહુમાન કરો છો. બધાંનું પરમફલ આશ્રયધામ આપ છો. અમારું જ્ઞાન વ. આજે આપના દર્શનથી સફળ થઈ ગયાં. આપના સ્વરૂપને સદા આપની સાથે રહેનારા યાદવો પણ નથી જાણતા. આ પ્રમાણે શ્લોક ૧૬ થી ૨૭ સુધી મુનીઓએ પરમાત્મા પરબ્રહ્મ સ્વરૂપે સ્તુતિ કરી. જ્યારે આ મુનીઓએ જવા માટે યુધિષ્ઠિર પાસે રજા માંગી ત્યારે વસુદેવજીએ સર્વમુનીઓને નમસ્કાર કર્યા અને પૂછ્યું કે - જે કર્મો કરવાથી કર્મો અને કર્મવાસનાનો સંપૂર્ણ નાશ થઈ જાય તેનો ઉપાય બતાવો. ત્યારે નારદજીએ કહ્યું કે - વસુદેવ કૃષ્ણને બાળક જાણીને જ આ ઉપાય તમોને પૂછે છે. વળી બહુ પાસે રહેવાથી અનાદર પણ થાય છે. ગંગાકાંઠે રહેનારો શુદ્ધિ માટે બીજું ફલ શોધે છે. ભગવાન કૃષ્ણ પોતાનું સ્વરૂપ આનંદમય ઈન્દ્રિયો વ. થી ઢાંકી દે છે.

૩૪ થી ૪૧ : તે પછી ઋષિ-મુનિઓએ સૌના સાંભળતાં વસુદેવજીને કહ્યું કે - કર્મ અને કર્મવાસનાના નાશનો ઉપાય, શ્રદ્ધાપૂર્વક યજ્ઞોના ઈશ્વર વિષ્ણુનું પૂજન છે. આમ કરવાથી દેવતા, ઋષિ અને પિતરોના ઋણમાંથી છૂટાય છે. તમારે હવે યજ્ઞો દ્વારા દેવતાઓનું ઋણ ચૂકવવાનું છે. આપે જગદીશ્વર ભગવાનની સારી રીતે આરાધના કરી છે તેથી તો ઈશ્વર આપને ત્યાં પુત્ર રૂપે પ્રકટ થયા છે.

૪૨ થી ૭૧ : તે પછી ઋષિઓનું ઋત્વિજોના રૂપમાં વરણ કરાયું. તેમણે વસુદેવજીને ધર્મ પ્રમાણે યજ્ઞો કરાવ્યા. યજ્ઞ કરતા સમયે યજ્ઞશાળા તથા સ્નેહીવૃંદનું વર્ણન શ્લોક ૪૪ થી ૫૧ છે. તેમ ઘણા યજ્ઞો કર્યા પછી તેમણે દાન કર્યું તથા ભેટો આપી તે પછી કૌરવો (કુરુવંશના પાંડવો) અને યાદવો એકબીજાને ભેટીને છૂટા પડયા. પછી વસુદેવજી નંદજી પ્રતિ બોલ્યા કે - આપે અમારા પર ઘણો સ્નેહ રાખ્યો છે તો અમારી મિત્રતાને નભાવી રાખજો, અમારા પર આપના ઘણાં ઉપકાર છે. તેમ કહી ઘણી બધી દીનતા બતાવી તે શ્લોક ૬૧ થી ૬૪.

યાદવો તથા રામકૃષ્ણના પ્રેમને વશ થઈને નંદરાયજી યાદવોની વચ્ચે ત્રણ મહિના રોકાયા. પછી તેમને અનેક ભેટો આપીને વિદાયગિરી કરી. નંદ વ. તેમનું મન ભગવાનના ચરણોમાં મૂકીને જ પાછા આવ્યા. યાદવો ચોમાસુ નજીક આવતું જાણી દ્વારકા ગયા. અને ત્યાં જઈને સંબંધિઓને વસુદેવજીના યજ્ઞો તથા સગાં-સંબંધિના મિલન પ્રસંગો કહી સંભળાવ્યા.

## અધ્યાયાર્થ ૮૧ સુબોધિની

ઋષિઓ કે જેમણે વેદને ઉત્તમ ગણ્યા છે અને દેવોનું પૂજન પહેલાંની જેમ ચાલુ રહે તે માટે દાખલો બેસાડવા ભગવાને તેઓની સ્તુતિ કરી. (૪૦૮-૪૦૯) ભગવાન ભલે ઋષિઓની સ્તુતિ કરે પણ ઋષિઓ તો પોતાનો નિરોધ થાય માટે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરે છે તથા નમસ્કાર કરે છે. તથા પ્રભુના ચરણારવિંદના દર્શનથી પોતાને કૃતકૃત્ય સમજે છે. મુનિઓના વચનો શાસ્ત્રાર્થ છે. (શાસ્ત્રનો અર્થ એટલે કે વેદનો અર્થ) ભગવાનની સાનિધિમાં શાસ્ત્રાર્થ સર્વના હૃદયમાં ઉતરી જાય છે. (૪૧૦) આ રીતે સભાસદોને પણ ઉપદેશ થયો તથા સર્વને ઈચ્છિત ફળ પ્રાપ્ત થયા તથા અધિકારાનુસાર નિરોધ થયો. (૪૧૧) સાત્વિક પ્રમેય પ્રકરણમાં પ્રમેયબળથી યાદવોના દોષનો નાશ કરવારૂપ ફળ આપ્યાનું કહ્યું છે પણ તેમાં તેઓને સંદેહ થયો તેથી દોષનાશ માટે વસુદેવે યજ્ઞ



કર્યાની કથા છે. (૪૧૨) યજ્ઞ કરવા માટે જ વસુદેવે ઋષિઓને પ્રશ્ન પૂછેલો. ભગવાનની લીલા અકળ છે. વસુદેવના પ્રશ્નનો અભિપ્રય ઋષિઓને સમજાયો નહિ. (૪૧૩) ઋષિઓનો સંદેહ નારદે દૂર કર્યો (શ્લો. ૩૦-૩૩) યાદવો શ્રીકૃષ્ણનાં કાર્યોને લૌકિક માને છે. તેથી ઋષિઓએ વસુદેવને યજ્ઞ કરવાનો ઉપદેશ કર્યો અને યાદવોના લૌકિક અલૌકિક સાધન ભકિતમાં પરિણમ્યા, એમ થવાથી રાજસ યાદવો સાત્વિક થયા. (૪૧૫) પછી તેઓએ જાણ્યું કે હરિ જ ફલરૂપ છે તેથી તેઓ નિર્ગુણ થયા અને સર્વનો નિરોધ થયો. (૪૧૬-૪૧૭)

## ગુણ પ્રકરણાર્થ અધ્યાય - ૮૨ થી ૮૭

કેવલ (ગુણો વગરના) હરિએ કેવલ ગુણોથી જ સર્વનો નિરોધ કરેલ છે. તેવી શંકા દૂર કરવા આ ગુણ પ્રકરણનું પ્રયોજન છે. (૪૧૮) જો ધર્મો વગરના કોઈએ નિરોધ કર્યો હોય તો માયિક ગણાય અને તેનાથી ફલ પ્રાપ્ત ન થાય. અથવા અંતર્યામી કે કોઈ દેવમાં પ્રવેશ કરેલ ભગવાનના ગુણે જ નિરોધ કર્યો હોય તો તેના શ્રવણથી મુખ્ય ફલ પ્રાપ્ત ન થાય. (૪૧૯) તેથી છ ગુણધર્મો જેનામાં છે તેવા સર્વને વશ રાખનાર કૃષ્ણ ભગવાન છે તે દર્શાવવા આ છ અધ્યાય કહ્યા છે. (૪૨૦)

## અધ્યાય-૮૫ / સુબોધિની અ. ૮૨

## ભગવાને દેવકીજીના મરેલા પુત્રો લાવી આપ્યા

વિશેષ-૧ : ભગવાન જ અનેક રૂપ ધરીને તે સર્વમાં રહીને કરનાર કર્તા છે. પરંતુ વેદની રક્ષા કરવા ચારે વ્યૂહ સહિત પધાર્યા છે. શ્રીકૃષ્ણ ભગવાન છે તે સર્વ તર્કથી સિદ્ધ કર્યું તથા સર્વનો નિરોધ કરનાર ભગવાન છે તેથી ભગવાનના છ ધર્મોનું નિરૂપણ હવે પછીના છ અધ્યાયમાં છે. જો કે ધર્મોનો ક્રમ અહીં સચવાયો નથી અને લીલાનો ક્રમ પણ સચવાયો નથી. ૮૫મા અધ્યાયમાં ભગવાનનું ઐશ્વર્ય માતા-પિતાના હૃદયમાં સ્થિર થાય માટે ક્રિયા અને જ્ઞાનના ભેદથી અલૌકિક અને લૌકિક ઐશ્વર્યરૂપ ભગવદ્‌ભાવનું નિરૂપણ છે. ઐશ્વર્ય તેમના (વસુદેવ વ.) હૃદયમાં રહેલ હોવાથી સ્તુતિ કરી. ભગવાનના વચનોથી તેમને ખાત્રી થઈ કે તીર્થ, યજ્ઞ અને સત્‌પુરૂષોનાં વચનોથી અંતઃકરણ શુદ્ધ થાય છે. ભગવાનના ઐશ્વર્યની પરીક્ષા કરવા દેવકીજીએ પોતાના મૃતપુત્રો લાવી આપવાનું કહ્યું. વેદથી પર કરે તે ઈશ્વર. ભગવાન વસુદેવજી પાસે પોતાનું પુત્રપણું અકબંધ રાખીને પણ જ્ઞાનોપદેશ કરે છે, તે જ તો ઈશ્વરતા છે. મૃત પુત્રોને કાલના માથે પગ મૂકી લાવી આપીને પોતાનામાં સ્થિતિ પ્રાપ્ત કરાવી (પુત્રોનું

સાયુજ્ય કરાવ્યું, મૃત બાળકોની સ્થિતિ કરાવી) તે છે. એવું ઈશ્વર જ કરી શકે.



શ્લો. ૧ થી ૨૦ : એકવાર રામ-કૃષ્ણે વસુદેવજી પાસે આવી નમન કર્યું. વસુદેવજીએ જાણ્યું કે પુત્રો આવ્યા છે પણ તેમને મુનીઓની વાણીથી પુત્રોનું સ્વરૂપ જાણ્યું હોવાથી પ્રભુના માહાત્મ્ય અનુસાર જ સંબોધન કર્યું. આમ શ્લોક ૩ થી ૨૦ સુધી ભગવાન કૃષ્ણ જ સર્વના નિયામક અને સર્વકાંઇ છે તે વાત કહીને સ્તુતિ કરી. વળી કહ્યું કે તમે મારા પુત્રો નથી પણ ભૂમિનો ભાર ઉતારવા આવેલા પ્રધાન ઈશ્વર પુરુષોત્તમ છો.

૨૧ થી ૨૫ : પછી ભગવાન કૃષ્ણે વિચાર્યું કે વસુદેવજીને ખંડજ્ઞાન તો થયું પણ હવે પૂર્ણજ્ઞાન કરાવવું છે તેથી ભગવાને વસુદેવજી પ્રતિ કહ્યું - હે પિતાજી અમે તો આપના પુત્રો છીએ. વળી આપને તથા યાદવોને સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ છે. એક જ ભગવાન સર્વરૂપે પ્રકટ થાય છે વ. વ.

૨૬ થી ૫૯ : ભગવાનનાં વચનો સાંભળીને વસુદેવજીને ભેદબુદ્ધિ જતી રહી. ત્યાં બેઠેલા દેવકીજીને થયું કે જો કૃષ્ણ સાંદીપનીનો પુત્ર મૃત થયેલો લાવી આપ્યો હતો તો કંસે મારેલા મારા છ પુત્રોને પણ લાવી શકે. તેથી કૃષ્ણ પ્રતિ કહ્યું કે - હે કૃષ્ણ, હું જાણું છું કે તમે ઈશ્વર છો. તમે ઉદ્દંડ - (ભૂમિના ભારરૂપ) રાજાઓનો નાશ કરવા જ પધાર્યા છો. અક્ષરબ્રહ્મ સુધીનું બધું જ આપનું અંશ છે - મારી અભિલાષાને પૂરી કરો, મારા મરેલા છ પુત્રોને લાવી દો. ત્યારે બન્ને ભાઈ યોગમાયાના આશ્રયે કરી સુતલ જઈ પહોંચ્યા. ત્યારે રાજા બલિએ બન્નેનું સ્વાગત કર્યું તથા પૂજા કરી અને પછી સ્તુતિ કરી, શ્લોક ૩૯ થી ૪૬ સુધી. ત્યારે કૃષ્ણે કહ્યું - બ્રહ્માએ પોતાની પુત્રીની જ ઈચ્છા કરી ત્યારે મરીચીની પત્ની ઊર્ણાથી થયેલા છ પુત્રો હસ્યા હતા. તેથી બ્રહ્માના શાપથી તે અસુરયોનીમાં હિરણ્યકશિપુના પુત્રો થયેલા પછી યોગમાયાએ તેમને જ દેવકીના ગર્ભમાં મૂકેલા, જેમને કંસે મારી નાખ્યા. અમારા માતા દેવકીજીનો શોક દૂર કરવા તે અમને આપો, જેથી જીવો શાપથી મુકત થઈ ઋષિલોકમાં જશે. ત્યારે બલિએ તે પુત્રોને લાવી આપ્યા. તે ભગવાને પોતાની માતાને આપ્યા. દેવકીજીને તે છ બાળકો પ્રતિ ખૂબ જ પ્રેમ ઉભરાઈ રહ્યો હતો તેથી તેમને સ્તનપાન કરાવ્યું. આ તો વિષ્ણુની માયાનો ફેલાયેલો મોહ છે કે જેનાથી સૃષ્ટિચક્ર ચાલે છે. તે દૂધ ભગવાનના પીવાથી બચેલું હોવાથી અમૃત હતું. તદુપરાંત તેમને ભગવાનનો સ્પર્શ થવાથી છએને આત્મ સાક્ષાત્કાર થઈ ગયો અને તે પોતાના ધામમાં ચાલી ગયા ત્યારે દેવકીજીએ જાણ્યું કે આ બધી શ્રીકૃષ્ણની જ માયા છે.



## અધ્યાયાર્થ ૮૨ સુબોધિની

આ અધ્યાયમાં વસુદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. (શ્લો. ૧-૨૦) તે પછી શ્રીકૃષ્ણ તેમને જ્ઞાનોપદેશ કરે છે. (શ્લો. ૨૧-૨૫) પછી દેવકીજી કંસે હણેલા પોતાના પુત્રોને દેખાડવા માટે પ્રાર્થના કરે છે. (શ્લો. ૨૭-૩૩) ભગવાન તે છ બાળકોને લાવે છે. શ્રીકૃષ્ણ પ્રથમ વસુદેવને જ્ઞાન આપી આનંદ કરાવે છે. આ અંદરનો આનંદ છે અને દેવકીજીને પુત્રો લાવી આપી બહારનો આનંદ કરાવે છે. આ બન્ને આનંદ અનુક્રમે વૈદિક અને લૌકિક આનંદ કહેવાય. (૪૨૧-૪૨૨) ભગવાન વસુદેવને જ્ઞાન આપ્યું છતાં પોતે ગુરુ કે દેવ હોવાનું જણાવતા નથી. પુત્ર હોવાની સ્થિતિમાં રહીને, વસુદેવે જે કંઈ કહ્યું તે બધું યોગ્ય હોવાનું જણાવી તેમને અખંડ અદ્વૈતનો બોધ કરે છે. (૪૨૩) બીજા આચાર્યો વસુદેવના ખંડજ્ઞાનને જ બ્રહ્મભાવ કહે છે કેમકે તેમના મતે જીવ અને ઈશ્વરમાં ભેદ છે. (દ્વૈતવાદ) (૪૨૪-૨૬)

તો માયાવાદીઓ તો જીવ જ બ્રહ્મ છે તેમ માને છે. વસુદેવે ભગવાનની સ્તુતિ કરતાં જે કહ્યું તે વાસ્તવિક મત છે અને ભગવાને વસુદેવને જે ઉપદેશ આપ્યો તે વાસ્તવિક સિદ્ધાંત છે. શ્લો. ૨૨ માં વસુદેવે કહેલ વૈષ્ણવમત ભગવાને કબૂલ રાખીને શ્લો. ૨૩માં તે બીજા બધાંને (સર્વ બ્રહ્મમય) લાગુ પાડીને જીવ પણ બ્રહ્મ પેઠે તત્વતઃ તો શુદ્ધ હોવાનું સિદ્ધ કરે છે. (૪૨૭) ભગવાને તો જ્ઞાન પ્રાપ્ત કરવાના જે અધિકારીઓને વેદનો અર્થ જણાવીને પોતાનું ઈશ્વરબલ સિદ્ધ કર્યું. ભગવાન તો કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ ફળ આપવા સમર્થ છે. ભગવાને જ બધાં રૂપો ધારણ કર્યા છે, બધાના કારણરૂપ છે, સર્વને વશ રાખનાર અને સર્વશક્તિમાન છે. ભગવાને કહ્યું - પદાર્થમાત્ર બ્રહ્મ છે, ભલે જુદા જુદા જણાય. તેવું સર્વરૂપ ધારણ કરવાનું સામર્થ્ય ભગવાન સિવાય કોઈમાં નથી તેથી ભગવાનમાં ઐશ્વર્યપણું સિદ્ધ થયું. (૪૨૮)

ભગવાન જેમ ગુરુપુત્રને લઈ આવ્યા તેવી જ રીતે કાલથી ભક્ષણ કરાયેલા દેવકીના છ પુત્રોને તેમનું વય (જેવડા હતા તેવડા) કરીને લઈ આવ્યા, તે પણ બીજો અવતાર લેવડાવ્યા વગર લાવ્યા કેમ કે ભગવાનનો સ્પર્શ અને દર્શન એવું સમર્થ છે. આ ભગવાનનું ક્રિયાથી સામર્થ્ય છે. આ છ પુત્રોએ બ્રહ્માજીના સમયમાં નિંદયકર્મ કર્યું છતાં યોગમાયા તેમને દેવકીજીના ગર્ભમાં લાવી કેમકે તેમ કરીને છ ગુણરૂપ બાળકો દેવકીજીના છ દોષરૂપ શત્રુઓને દૂર કરે. (૪૨૯) નંદજી વ. ને કુરુક્ષેત્રમાં ભગવાનનાં દર્શન થયા ત્યારે પૂર્ણ નિરોધ થયેલો. તેવી રીતે દેવકીજીને પણ જ્યારે ભગવાન ગોકુળમાં હતા ત્યારે ખૂબ

વિરહ થતો ત્યારે ભગવાન સ્નેહના કારણે પ્રકટ થતાં ત્યારે દેવકીજી પણ તેમને સ્તનપાન કરાવતા. તેથી તેમના વધેલા સ્તનપાનથી છ બાળકોનો ઉદ્ધાર થયો. (૪૩૦-૪૩૧) અથવા કારાગૃહમાં ચતુર્ભુજ ભગવાનનું પ્રાકટ્ય થયું પછી જ્યારે આપ દ્વિભૂજ થયા, પ્રાકૃત બાળક જેવા થયા ત્યારે દેવકીજીએ તેમને પયપાન કરાવ્યું હશે. (૪૩૨)



## અધ્યાય-૮૫ / સુબોધિની અ. ૮૩

## અર્જુને કરેલ સુભદ્રાહરણ

વિશેષ : આ અધ્યાયમાં ભગવાનનો વીર્યગુણ કહે છે. જે બીજાથી ન થઈ શકે તે વીર્ય. ૧) પોતાની બહેન બીજાને લઈ જવા દે તો તેમાં હીનતા ગણાય. પણ ભગવાને તેમ થવા દીધું. ૨) શ્રુતદેવ બ્રાહ્મણને પોતાની હીનતા જણાય તેવા વચનો કહ્યા ૩) વગર બોલાવ્યે બીજાના ઘરે જાય નહિ. (મિથિલા પધાર્યા તે પ્રસંગ)

શ્લો. ૧ : પરીક્ષિતે સુભદ્રાજી અર્જુન સાથે કઈ રીતે પરણ્યા તે કથા જાણવાની ઉત્કંઠા કરી ત્યારે શુકદેવજીએ કહ્યું - એકવાર અર્જુન તીર્થયાત્રામાં ફરતા ફરતા પ્રભાસપાટણ આવ્યા, તેણે વિચાર્યું કે મામાની દીકરી પરણવા જેવડી થઈ છે અને તે મારો ભાગ છે પણ બળદેવજી તેને દુર્યોધન સાથે વરાવશે. તેથી બનાવટી ત્રિદંડી સંન્યાસીનો વેશ કરી દ્વારકા આવ્યા.

વિશેષ : અર્જૂન નરાવતાર છે તેથી જીવની કલારૂપ છે. અને સુભદ્રા માયાશક્તિ (પ્રકૃતિ) છે. આનો જન્મ પહેલાં યશોદાને ત્યાં પુત્રી રૂપે થયો હતો કે જેને કંસે પછાડતાં વેંત તે ઉડીને આકાશમાં ચાલી ગઈ હતી. જીવને પ્રકૃતિ-માયાથી મોહ થાય તેથી અર્જુનને મોહ થવાથી તે સંન્યાસીનો વેશ કરી ચોરીથી સુભદ્રાને ઉપાડી ગયો. જોકે ચૌર્ય અને અધર્મવેશ ક્ષત્રીયો માટે નીંદીત છે પણ યાત્રામાં બાધિત નથી. ઉપરાંત તેણે કન્યાના માતા-પિતા તથા શ્રીકૃષ્ણની સમ્મતિથી આ કાર્ય કર્યું છે.

અર્જુને તીર્થવાસ કેમ કર્યો ? ત્યાં કહે છે કે પાંડવો વચ્ચે એક દ્રૌપદી પત્ની હોવાથી કલહ થવાનો સંભવ છે. તે જણાવવા નારદે આવીને તેમને સુન્દ ઉપસુન્દની કથા કહી. પછી ઠરાવ્યું કે દરેક ભાઈ એક વર્ષ સુધી ભોગવે તેમાં જો તેમનો વિલાસ બીજોભાઈ જોઈ જાય તો તેણે એક વર્ષ વનવાસ વેઠવો. એકવાર કોઈ લૂંટારું કોઈ બ્રાહ્મણની ગાય લઈ ગયો તેણે અર્જુનને ફરિયાદ કરી. અર્જુન શસ્ત્ર લેવા શસ્ત્રાગારમાં ગયા ત્યાં યુધિષ્ઠિરને દ્રૌપદી સાથે બેઠેલા જોયા.



તેથી તેણે શસ્ત્રો લઈને લુંટારૂ પાસેથી ગાય છોડાવીને બ્રાહ્મણને આપી. પછી પોતે નિયમમુજબ એક વર્ષ માટે તીર્થયાત્રાએ નીકળી પડયો. તે દરમિયાન સુભદ્રાને પરણ્યા.

શ્લો. ૪ થી ૧૧ : પોતાનું ઈચ્છેલ કામ પાર પાડવા અર્જુન દ્વારકામાં (સંન્યાસીએ ચોમાસામાં પર્યટન ન કરવું) રહ્યા. ગામના લોકો તેમની પૂજા કરવા લાગ્યા. બલદેવજીએ તેમનું પૂજન કરીને ઘરે ભોજન માટે નિમંત્ર્યા ત્યાં તેણે સુભદ્રાજીને જોયા તેથી આકર્ષાયા. સુભદ્રા પણ અર્જુન પ્રતિ આકર્ષાયા. (આ દરમિયાન ભગવાન તેને માતા-પિતા સાથે મેળાપ કરાવી આપી વાગદાન પણ કરાવે છે.) એકવાર દેવીના દર્શને જતા સુભદ્રાને અર્જુન ઉઠાવીને ચાલતા થયા. તેને રોકનાર સૈનિકોને મારી હઠાવ્યા. ત્યારે બળદેવજી ખૂબ કોપીત થયા પણ બધાંએ શાન્ત કર્યા.

વિશેષ : તે રીતે ભગવવાને બળદેવજીને સમજાવ્યા કે ૧. આપણે કન્યા કોઈને તો આપવાની જ હતી. ૨) અર્જુને હરણ કરેલી કન્યાને પાછી મેળવીયે તો પછી કોઈ તેને લે નહિ. ૩) જો અર્જુનને મારીયે તો પતિ વગરની કન્યા દુઃખી થાય. ૪) અર્જુન વીર છે અને કન્યાને લાયક છે. ૫) સ્વાર્થ સિદ્ધિ માટે તેણે સંન્યાસીનો વેષ ધર્યો તે સ્વાભાવિક છે પણ આપણે તેને ઓળખી ન શકયા, તે આપણો દોષ છે એનો નહિ. એમ કહી બલદેવજીને પગે પડયા તેથી તે શાંત થયા. તે પછી વર-વધુને સારી રીતે વરાવ્યા.

૧૩ થી ૫૯ : મિથિલામાં શ્રુતદેવ નામે એક ગૃહસ્થ બ્રાહ્મણ ભગવાન કૃષ્ણનો પરમ ભકત હતો અવ્યાવૃત્ત રહીને પોતાનું જીવન યાપન કરતો હતો. તે સંતોષી અને વર્ણાશ્રમધર્મનું પાલન કરનારો હતો. મિથિલાના રાજા બહુલાશ્વ પણ નિરભિમાની અને કૃષ્ણભકત હતા. તેઓના પ્રેમવશ એકવાર ભગવાન વિદેહ - જનકપુરી પધાર્યા, ત્યાં બીજા પણ મોટા મોટા ઋષિઓ હતા. ત્યાં ભગવાનનું બધે જ પૂજન થયું. વચ્ચે આવતા દેશોમાં પણ પ્રભુના સ્વાગત થયાં અને દર્શનથી સુખ પામ્યા, તેમના તાપ દૂર થઈ કલ્યાણ થયું. ભગવાનનું નામ તો સાંભળ્યું હતું પણ જોયા નહોતા તેથી નગરવાસીઓ તથા મુનીઓ બહુ ઉત્સાહીત હતા. મિથિલાનરેશે પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યાં બહુલાશ્વ અને શ્રુતદેવ બન્નેએ એકસાથે ભગવાનને પોતાનું આતિથ્ય સ્વીકારવા આમંત્રણ આપ્યું. ભગવાને બન્નેનું આમન્ત્રણ સ્વીકારીને જુદા જુદા રૂપે બન્નેને ત્યાં પધાર્યા. (જનકરાજાના ત્યાં ઘણા દિવસ બિરાજ્યા જ્યારે શ્રુતદેવને ત્યાં સન્માર્ગનો ઉપદેશ કરવા એક જ દિવસ બિરાજ્યા છતાં બન્નેના ત્યાંથી એક

જ દિવસે વિદાય લીધી.)

બહુલાશ્વે પોતાના મહેલમાં ભગવાનનું બહુ સારું સ્વાગત પૂજન વ. કર્યા. ભોજન કરાવ્યું પછી ચરણસેવા કરી અને પછી ભગવાનની સ્તુતિ કરી.

શ્લોક ૩૧ થી ૩૩ : મિથિલા જ્ઞાનની નગરી છે ત્યાં કોઈ ઉત્સવને નથી જાણતું તેથી આપે (સ્નેહનું) ઉત્સવનું વિતરણ કર્યું. આ બાજુ શ્રુતદેવે ભગવાનને દર્ભના આસન પર બેસાડીને ભગવાનનાં ચરણો ધોયા. તે ચરણોદક કુટુંબ સહિત સ્નાન કરીને ઘરમાં છાંટ્યું. પછી પૂજા કરી અને ખૂબ જ દીનતાપૂર્વક સ્તુતિ કરી. શ્રુતદેવે પોતાના પરિવાર સહિત ભગવાનની સેવા કરી તથા શ્લોક. ૪૪ થી ૪૯ સુધી સ્તુતિ કરી. સ્તુતિ સાંભળીને પ્રસન્ન થઈને ભગવાન શ્રુતદેવનો હાથ પકડી તેને કહેવા લાગ્યા - હે બ્રાહ્મણ, તારા પર અનુગ્રહ કરવા આ ઋષિઓ સાથે હું અહીં પધાર્યો છું. તેમ કહી બ્રાહ્મણની ખૂબ જ સ્તુતિ કરી - મને મારા સ્વરૂપ કરતાંય વિશેષ બ્રાહ્મણો પ્રિય છે. આમ ભગવાને શ્લોક ૫૩ થી ૫૭માં બ્રાહ્મણોની સ્તુતિ કરી. મિથિલાના રાજા તથા બ્રાહ્મણ, ભગવાનની આરાધના કરીને સદ્ગતિને પામ્યા. ભગવાને બન્ને ભકતોને આ પ્રકારે ઉપદેશ કરીને પોતે દ્વારિકાપુરીમાં પધાર્યા.

## અધ્યાયાર્થ ૮૩૫ સુબોધિની

કારિકા ૪૩૩ થી ૪૪૯ : અહીં કરેલી ભગવાનના વીર્યની કથા પણ ત્રણ પ્રકારની છે. ૧. બુદ્ધિનું વીર્ય, ૨. ક્રિયાનું વીર્ય, ૩. બે પ્રકારનું ક્રિયાનું વીર્ય (તેથી તો એક ભગવાન બબ્બે મિથિલામાં જાણાય છે.) સુભદ્રાના વિવાહમાં ભગવાને બુદ્ધિનું વીર્ય બતાવ્યું છે. સુભદ્રા માયા હતી તે ત્રણ પ્રકારની છે. ૧. સર્વને ભૂતલ પર મોહ કરાવનારી માયા - તે આધિભૌતિક માયા, ૨. કામની પત્ની માયા - તે આધ્યાત્મિક માયા. ૩. સુભદ્રા આધિદૈવિક માયા, આધિદૈવિક માયાના પતિ ભગવાન હોવાથી તે તેમની દાસી કન્યા જ રહેવા યોગ્ય હતી છતાં ભગવાનની ઈચ્છાથી દેવકીના મોહને લીધે તે જન્મી (સુભદ્રારૂપે) કેમકે દેવકીને કન્યાનો મોહ હતો. (૪૩૯) આ આધિદૈવિક માયાના પતિ જો ભગવાન હોય તો બીજો કોઈ તેનો ભોગ ન કરી શકે અને ભગવાન તેના ભાઈ હોવાથી ભગવાન ભોગ ન કરી શકે તો પછી તે સદા કુંવારી રહી શકે નહિ. તેથી ભગવાને અર્જુનને પોતાનો આવેશવાળો કરી પાખંડથી સુભદ્રાને હરિ. બલભદ્ર ન્હોતા જાણતા કે આ આધિદૈવિક માયા છે કે જે આપણા જ ઘરમાં છૂપાઈ છે. તેથી અર્જુને તેનું હરણ કરતાં તેમને ક્રોધ થયો. આ ભગવાનની બુદ્ધિનું બળ કહ્યું કે જેથી તે બલભદ્રને સમજાવીને શાંત કર્યા. ભગવાનની ક્રિયાનું વીર્ય



જણાવનાર જનક તથા શ્રુતદેવ છે. બન્નેની પ્રાર્થના સાંભળી ભગવાને બે રૂપ ધરી બન્નેનું આતિથ્ય સ્વીકાર્યું. (૪૪૪) તે રીતે ભગવાને ઋષિઓના પણ બે રૂપ કર્યા - એક જનકને ત્યાં અને બીજું શ્રુતદેવને ત્યાં પધાર્યું, છતાં તે વાત ઋષિઓને ના જણાઈ. મુનીઓએ બન્નેના ઘરોમાં શું શું બન્યું તે તો જાણ્યું તેથી તેમને આશ્ચર્ય પણ થયું. આ રીતે ભગવાને મુનીઓને પણ પોતાનું વીર્ય બતાવ્યું છે. (૪૪૯)

## અધ્યાય-૮૭ / સુબોધિની અ. ૮૪

## શ્રુતિઓએ ભગવાનની સ્તુતિ કરી

વિશેષ : વેદરૂપ શબ્દ અને બ્રહ્મરૂપ અર્થનો વાચ્ય-વાચક સંબંધ માન્યો છે તેવું કહેવાને આ શ્રુતિગીત કહ્યું છે. અહીં આગળના અધ્યાયમાં ભગવાને કહ્યું તેમ બ્રાહ્મણ પ્રમાણરૂપ છે (શ્રુતદેવની કથા) અને પ્રમેયરૂપ શ્રીકૃષ્ણ છે તેથી તેમનું ભજન કરવાનું છે.

| હરિ - શ્રીકૃષ્ણ | (અક્ષર) બ્રહ્મ | શ્રુતિ |
|---|---|---|
| ફળ | પ્રમેય | પ્રમાણ |
| પુષ્ટિમાર્ગી | જ્ઞાનમાર્ગી | |
| આનંદ | ચિત્ | સત્ |

તત્ત્વ ૨૮ છે. તેથી શ્રુતિઓએ ૨૮ શ્લોકથી સ્તવન કર્યું છે, જેમાં સર્વતત્ત્વનું તત્ત્વ કહ્યું છે.

વિરહ તાપ વધે ત્યારે પ્રભુ પ્રગટ થાય. - શ્રુતિઓને જ્યારે બહુ જ તાપ થયો ત્યારે તેમનો તાપ દૂર કરવા માટે ભગવાન (કૃષ્ણ) પ્રગટ થયા.

શ્લો. ૧ : પરીક્ષિત - બ્રહ્મ કાર્ય કારણથી પર છે, તે ત્રણ ગુણોથી રહિત તેવા નિર્ગુણ છે. તેથી મન-વાણી કે સંકેતથી તેમનો નિર્દેષ ન થઈ શકે તેવા છે. પણ શ્રુતિઓ જે જે વર્ણન કરે છે તેમાં ગુણ, જાતિ કે ક્રિયા (લીલા)નો નિર્દેષ હોય છે. આ સ્થિતિમાં શ્રુતિ નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કઈ રીતે કરે છે ?

સુબોધિની : શંકા : બધી શ્રુતિઓ તો એક જ વર્ણન ન કરતાં સર્વ ગુણોનું વર્ણન કરે છે. જ્યારે બ્રહ્મ તો નિર્ગુણ છે. રાજાનું પૂછવું છે કે બ્રહ્મ વેદોનો તાત્પર્યાર્થ (પરોક્ષ ગુઢાર્થ) છે કે વાકયાર્થ (પ્રત્યક્ષ) ? અખંડ વાકયાર્થ રાજા જાણતો નથી માટે પૂછે છે. શ્રુતિઓ ભગવાનની અનેક ક્રિયાશકિત અને

જ્ઞાનશક્તિનું પ્રતિપાદન કરે છે. શક્તિ ગુણમયી છે તેથી શ્રુતિઓને સગુણ કહેવી જોઇએ, તે તો લૌકિક થઇ. તો નિર્ગુણ બ્રહ્મનું વર્ણન સગુણ વચનોથી કઇ રીતે થઇ શકે ? સ્વ પ્રકાશ બ્રહ્મના પ્રમેય બલથી જ કાર્ય સિદ્ધ થાય, વેદ - પ્રમાણબળથી નહિ. બ્રહ્મમાં ધર્મનો વિચાર કરીએ તો અદ્વૈતને હાની થાય તેથી સમ્બન્ધ ગુણ કે તાત્પર્યના અભાવથી બ્રહ્મ કેવી રીતે શ્રુતિ પ્રતિપાદ્ય થાય ? આ રાજાએ કરેલ પૂર્વ પક્ષ છે.

શ્લો. ૨ : પ્રભુએ જીવોનાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણોની સૃષ્ટિ કરી છે તે જગતને માટે, ઉદ્‌ભવને માટે, આત્માને માટે અને કલ્પના (થાય કે ન થાય) માટે ‘સમાધાનમાં શુકદેવજી કહે છે.

સુબોધિની : હવે ઉત્તરમાં - પૂર્વપક્ષને પૂછે છે કે બ્રહ્મ શ્રુતિસિદ્ધ છે તે શ્રુતિ દ્વારા જાણ્યું કે મનથી જાણ્યું ? બ્રહ્મનું સ્વરૂપ જે બુદ્ધિથી જાણ્યું તેમ કહે તો તેવાની ઉપેક્ષા જ કરવી જોઇએ. બ્રહ્મ સર્વ વ્યવહારથી પર છે છતાં તે પોતાની શક્તિરૂપ, ધર્મરૂપ અને કાર્યરૂપે થાય છે. તેથી વાકયોના સારાંશરૂપે બ્રહ્મ જણાશે. ભગવાન પહેલાં બુદ્ધિને ઉત્પન્ન કરે છે પછી ઈન્દ્રિયોને પછી મનને અને પછી પ્રાણને ઉત્પન્ન કરે છે. બુદ્ધિ જ્ઞાન-ક્રિયા ઉપયોગી વિષયોને ગ્રહણ કરે છે. વેદના ખંડશઃ વાકયોથી થતું જ્ઞાન બુદ્ધિથી થાય છે. મોક્ષ પર્યંત બધામાં બુદ્ધિ ઉપયોગી છે. બુદ્ધિ પરિપૂર્ણ થાય માટે ઈન્દ્રિયો કરી. ઈન્દ્રિયોથી કર્મ થાય તથા બીજા પ્રયોજનો સિદ્ધ થાય, સેવા પણ ઈન્દ્રિયોથી થાય. યોગાદિ દ્વારા મોક્ષ પણ થાય. આત્માને માટે મનને ઉત્પન્ન કર્યું. ઈન્દ્રિયોની પ્રવૃત્તિ થાય માટે મનની સૃષ્ટિ છે. સર્વની એકતા કરી આપનાર પ્રાણ છે. તે સર્વ પદાર્થ તરફ જતા મનને આત્મા તરફ વાળે છે. પ્રલય વખતે સર્વ પદાર્થની એકપણાની બુદ્ધિ પ્રાણથી થાય છે. ક્રિયાશક્તિ પ્રાણથી થાય છે. પ્રાણોથી મન, મનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી બ્રહ્મમાં રહેલો આનંદ પ્રાપ્ત થાય છે. આમ સર્વના ઉપયોગ માટે બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણને ઉત્પન્ન કર્યા છે. આ બધું ભગવાને પોતાના સ્વરૂપથી કર્યું હોવાથી અલૌકિક છે. તે જ ભગવાનનો યશ છે.

૩ : શ્રુતિ આ વાત પરંપરાથી કહેતી આવી છે અને એ જ ક્ષેમપ્રાપ્તિનું (પોષણ)નું સાધન છે. ઉપનિષદ જ બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરે છે જે બ્રહ્મવિદ્યાને સનક વ. એ ધારણ કરેલ છે. આ વિદ્યા ધારણ કરનારને માટે ભગવાન સિવાય કાંઇ જ રહી જતું નથી.

શ્રીસુબોધિનીજી : ઉપ = પાસે ઉપનિષદ = બ્રહ્મવિદ્યા. ઉપનિષદ્‌ને ધારણ કરનારને ભગવાન મળે તેમ અગાઉના ઉદાહરણો છે.





૪ : હવે આ બ્રહ્મવિદ્યાનો વિચાર અઘરો હોવાથી શુકદેવજી સર્વ શ્રુતિનું મંથન કરી જે સાર નીકળે તે કહે છે. તે માટે નારાયણ વિષયક થયા નારદ-નારાયણ સંવાદરૂપે કહે છે.

શ્રીસુબોધિનીજી : ગાથા એટલે પૂર્વવૃત્તાંતનું પ્રતિપાદન. આ જે જગને પોતાના ઉદરમાં લઇને સૂતેલા છે તેમને પ્રબોધ કરવા આ ગાથા ગવાએલી છે. તે નારાયણ અને નારદના સંવાદરૂપે હોવાથી જાણવામાં આવી. તે સંવાદ સર્વ સંદેહને દૂર કરનાર છે.

૫ : એકવાર ભગવદ્ ભકત નારદજી ફરતા ફરતા બદરિકાશ્રમમાં ભગવાન નારાયણ (સનાતન ઋષિ)ના દર્શન કરવા આવ્યા.

શ્રીસુબોધિનીજી : યાત્રા કરવાથી ઉપનિષદ્ શ્રવણનો અધિકાર પ્રાપ્ત થાય છે. ‘એક વખત’ કહેવાથી કાળ નિયામક નથી. નારદને ભગવાન પ્રિય છે માટે ભગવાનને શોધતા રહે છે. જેમ ભગવાનને શોધવા કૌણ્ડિન્યે પણ ભ્રમણ કર્યું હતું.

૬ : હવે આ સ્થાનનું ઉત્તમપણું કહે છે આ સ્થાનમાં બિરાજીને કલ્પની શરૂઆતથી જ ભગવાન નારાયણ મનુષ્યોના કલ્યાણ માટે જ્ઞાન અને સંયમપૂર્વક મહાન તપસ્યા કરી રહ્યા છે.

શ્રીસુબોધિનીજી : ભારત દેશ કર્મભૂમિ છે. તેથી એક પણ માણસ એવું કંઇક કર્મ કરે કે જેથી જગતનો પ્રલય થઇ જાય તેથી તેનું રક્ષણ કરવા માટે ભગવાન્ નારાયણ સ્વયં તપ કરે છે.

૭ : જો એકાન્તમાં તપ કરતા હોય તો તો પૂછી ન શકાય પણ તે સુગમ છે. ત્યારે નારદજીએ કલાપ ગ્રામવાસીઓની વચમાં બિરાજેલા તેમને પ્રશ્ન પૂછ્યો કે જે પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યો.

શ્રીસુબોધિનીજી : બેઠેલા હતા એટલે બીજે વ્યસ્ત નહોતા. કલા = કલાઓનું પાલન કરે. તે ગ્રામ = સમૂહ. કલાપ = સર્વ વિદ્યાઓનું (કલાઓ) ધામ. વીંટળાયેલા હતા = બહારથી તેમની સત્વાવસ્થા છે. સત્વ અવસ્થા = સાત્વિક (બહારથી)

૮ : ભગવાન્ નારાયણે ઋષિઓની સભામાં પ્રત્યુત્તર આપ્યો. પ્રાચીન સમયના જનલોકના નિવાસીઓમાં વેદોનું તાત્પર્ય અને બ્રહ્મનું સ્વરૂપ સંબંધે વિચાર કરતી કથા કહી.

પ્રકટ કહી (વિસ્તારથી, ખુલાસાથી) તેથી સંદેહ ન રહે. પહેલાં સંક્ષેપમાં કહી તેથી સંદેહ દૂર ન થયો તેથી બ્રહ્મના સ્વરૂપના નિર્ધારણ માટે બ્રહ્મવાદનો ઈતિહાસ કહ્યો.

૯ : નારાયણ ભગવાને કહ્યું - હે નારદ, પ્રચીનકાળમાં જનલોકમાં રહેનારા બ્રહ્માજીના માનસપુત્ર, નૈષ્ઠિક બ્રહ્મચારી સનક સનંદન સનાતન સનત્ વ. નો બ્રહ્મસત્ર થયો હતો.

શ્રીસુબોધિનીજી : નિઃસંદેહ બ્રહ્મનું જ્ઞાન થાય તેના વિચારને બ્રહ્મસત્ર કહે છે. મહર્લોક સુધી કર્મનું ફળ મળે છે માટે જનલોકમાં બ્રહ્મસત્ર થયો. (લોક - ભૂઃ ભવઃ સ્વઃ મહઃ જન તપ બ્રહ્મ) બ્રહ્માજીના મનથી ઉત્પન્ન થયેલા હોવાથી માનસપુત્રો જન્મથી જ ઉત્તમ છે. મુની = મનન કરવાની ટેવવાળા - તેથી તેમનું કર્મ ઉત્તમ કહેવાયું. બ્રહ્મચારી = બ્રહ્મવિદ્યાના અધિકારી.

૧૦ : આ વાત મારા (નારદજીના) જાણવામાં કઈ રીતે ન આવી ? તેમ પૂછે તો તેના ઉત્તરમાં કહે છે કે તે વખતે તમે અનિરુદ્ધ મૂર્તિના દર્શન કરવા શ્વેતદીપ ગયા હતા. તે ચર્ચામાં બ્રહ્મ સંબંધે વર્ણનમાં શ્રુતિ પણ મૌન રહી ગઈ કેમ કે સ્પષ્ટ વર્ણન ન કરી શકી તેથી તાત્પર્યાર્થ કર્યો અને પછી તેમાં જ વિરામ પામી ગઈ.

શ્રુતિઓ સર્વત્ર ફરે છે પણ તેનું રહેઠાણ જનલોકમાં છે તેથી ત્યાં વિરામ પામે છે. તેથી જ ત્યાં રહીને પોતાનો અભિપ્રાય પ્રકટ કરે છે જે શુદ્ધસત્ય હોય છે.

કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરૂષ એ પાંચ મૂળ તત્ત્વો છે.

૧૧ : અહીં તો બધા જ જાણકાર છે તો પછી પ્રશ્ન કોણ કરે અને ઉત્તર કોણ આપે ? તેથી તેમણે સનન્દનને વકતા બનાવ્યા સનત્કુમારોને શત્રુ, મિત્ર અને ઉદાસીન પ્રત્યે સમાનભાવ છે. તેથી કોઈમાં ભાવ ઉત્પન્ન થતો નથી. તેથી તે બ્રહ્મવિદ્યાના અધિકારી છે.

વેદનાં વાકયો વડે જ વેદનો અર્થ ભગવાને કર્યો છે. તત્ત્વો ૨૮ હોવાથી તત્ત્વનો સંદેહ દૂર કરવા શ્લોક ૨૯ છે. સર્વતત્વરૂપ ભગવાન પોઢયા છે ત્યારે ભગગવાનને પ્રબોધ (જગાડવા) કરવાનું જ તાત્પર્ય છે. નટ બધું અભિનયથી જ વ્યકત કરે છે તેમ શબ્દરૂપ બ્રહ્મ અને અર્થરૂપ ભગવાનનું નિરૂપણ કરવા માટે તત્ત્વની નટના જેવી અવસ્થાનું નિરૂપણ કરે છે. જેમ રાજાને ભાટો જગાવે છે કે જેથી જાગીને રાજા સર્વનું પાલન કરે પણ પાલન કરવું તે તો





રાજાને જ આધીન છે.

૧૨ : ભગવાન બધાંને મુકત કરીને, શકિતઓ સાથે પોઢેલા છે. પ્રલયને અંતે શ્રુતિઓ ભગવાનના પરાક્રમોનું વર્ણન કરતા વચનોથી તેમને જગાડે છે.

ભગવાને બધાંને મુકત કર્યા તેથી હવે કંઇ કરવાનું ન રહેવાથી પોઢ યા છે. તેથી જાણે ભગવાનને તત્ત્વોના ભેદની વિસ્મૃતિ થઈ ગઈ છે તેમ માનીને પ્રબોધ કરવા લાગ્યા ! સામાન્ય રીતે તો પ્રબોધ કરનાર તો કાલ હોય તો વેદોએ કેમ પ્રબોધન કર્યું ? જેમનો મોક્ષ થવાનો છે તેવી સૃષ્ટિ રચે માટે શ્રુતિઓએ યોગ્ય સમયે જગાડયા. જગાડવામાં તે ભગવાનના પરાક્રમોને આગળ કરે છે જેથી અપરાધ ન પડે.

૧૩ : શ્રુતિઓ સ્વતંત્ર રીતે વિચાર નથી કરતી. (ભગવાનની લીલાઓ જ ભગવાનને સંભળાવે છે.) તેથી દાખલો આપે છે કે રાજાને જગાડવા ભાટ લોકો સમ્રાટનો યશ ગાય છે તેમ શ્રુતિઓ જગાડે છે.

શ્રીસુબોધિનીજી : જેમ અધિક ધન માટે ભાટો સમ્રાટને જગાડે છે. તેમ અધિક ફળ માટે શ્રુતિઓ જગાડે છે તેમને સાક્ષાત્કાર કે આનંદની અભિલાષા છે. શ્રુતિઓ ભગવાનના નિઃશ્વાસથી નીકળેલ છે તેથી જો તે ભગવાનને પ્રબોધન ન કરે તો તેનો નાશ થાય.

૧૪ : શ્લોક ૧૪ થી ૪૧ માં આવેલ વેદ સ્તુતિનો છન્દ 'અવિતર્થ' છે. શ્રુતિઓ કહે છે કે - આપ અજિત છો, આપનો જય હો. આપે જીવોને જ્ઞાન ન થાય માટે ગુણો સ્વીકાર્યા છે. (તેવી) નિદ્રાનો ત્યાગ કરો. હે સર્વ સ્થાવર - જંગમ જીવોની ઈન્દ્રિયોને જાગૃત કરનાર, જાગો.

શ્રીસુબોધિનીજી : ભગવાને ધારણ કરેલા ગુણોનું પ્રતિપાદનનું (ચોકકસ નિર્ણય) શ્રવણ કરતાં જ સંદેહ નિવૃત્ત થઈ જાય છે. જય-જય બે વખત કહેવાથી સર્વદા સર્વોત્કર્ષની પ્રાર્થના કરી. અજા = નિદ્રાને મૂળથી ત્યાગ કરો. આપ કોઈથી જીતાયા નથી તેથી નિદ્રાને પણ આધીન તો ન્હોતા જ. ભગવાનની નિદ્રા-માયા-પ્રકૃતિ ત્રાણે એક જ સ્વરૂપ છે. આ બધી તો જીવને મોહ કરનારી છે પણ ભગવાનને સુખ આપનાર છે.

૧૫ : બ્રહ્મવેત્તા અને વેદો જગત વ. ને બ્રહ્મ જાણે છે કારણ કે તેનું પ્રાકટ્ય અવિકારીમાંથી થયું છે. તેથી ઋષિઓએ મનથી વિચારેલ, જે વાણી કે કૃતિમાં આવે છે તેને સત્યાત્મક જ માને છે કેમ કે મનુષયનો પગ ઈંટ-પથ્થર કે લાકડા પર રાખે પણ આખરે તો તે ભૂમિ પર જ ગણાય.

જગત અને બ્રહ્મમાં વિરોધાભાસ હોવા છતાં. આ પૂરા જગતનું કારણ શોધવામાં આવે તો બ્રહ્મ જ રહે છે. બ્રહ્મમાંથી જ જગતનો ઉદય અને અસ્ત થાય છે. અસત્ પદાર્થની નથી ઉત્પતિ થતી કે નથી નાશ થતો કેમ કે એનું અસ્તિત્વ જ નથી. અસત્યના અધિકરણરૂપે સત્ય તો જોઈશે જ, નહિ તો અસત્યની પ્રતિતિ કઈ રીતે થાય ? તેથી ભ્રમ વિષય પણ બ્રહ્મ છે. પદાર્થોના આવિર્ભાવ-તિરોભાવ થાય છે. જ્યારે ધર્મી બ્રહ્મ ત્રણે કાળમાં સનાતન સત્ય છે.

૧૬ : સાધનનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. તે જાણીને તો ભગવાનનાં ભકતો તપ નથી કરતા પણ ભગવદ્‌ભજન કરે છે. જેથી તેમને દેહ કે કાલથી દુઃખ ન થતાં પ્રભુ-સ્ફૂર્તિથી સુખ જ થાય છે.

આત્મા સ્વયં પ્રકાશ હોવાથી તેમાં કર્તાપણું કે કર્મપણું સંભવી શકે છે. 'હું બ્રહ્મને જાણનાર છું.' તેવું કહેનારો અહંકારમાં આવેશવાળો છે. અહંકાર વગરનો શાન્ત (ઊંચનીચ ભાવ વગરનો) છે અને તેને આત્મસ્ફૂર્તિ થાય છે. (હું કોણ છું તે જાણી શકશે) આ પ્રકારનું સાધન નિરૂપણ કરનારી શ્રુતિ પણ ભગવત્ પરાયણ છે. આ જોઈને ડાહ્યા લોકો તપ છોડીને ભગવત્ પરાયણ થાય છે. સાધન વગરનાને (ભગવત પરાયણ હોવાથી) પણ આ રીતે મોક્ષ મળી શકે છે. દેવાધિદેવમાં પરાયણતા હોવાના કારણે અન્ય દેવો વિધ્ન નથી કરતા. શ્રુતિએ 'શમ'ની (સાધન) આજ્ઞા કરી છે તે અવિદ્યાવાળાઓ માટે છે. વિદ્યાવાનો માટે શમ્ વ. સાધનો પણ દુઃખરૂપ છે. ભકિતમાર્ગ અને જ્ઞાનમાર્ગ બન્નેમાં ત્યાગ છે. પણ ભકિતમાં ભગવદ્‌વિરહ વધે ત્યારે બધાંનો ત્યાગ થઈ જાય છે. જ્યારે જ્ઞાનમાર્ગમાં લૌકિક પદાર્થોની જરૂર ન હોવાથી તેનો ત્યાગ કરે છે. ભકત સર્વ કંઈ ભગવાનને સમર્પણ (સેવા) કરે છે તેથી તેને અભિમાન નથી હોતું. કથા સર્વપાપોને દૂર કરનારી છે. કથા તો સમુદ્ર છે કેમ કે ભકતોના હૃદયમાં અનંત કથા સ્ફૂરે છે. ભકતો જીવનમુકત હોવા છતાં ભકિત કરે છે કેમકે તેમને તેનાથી અંતરમાં સુખાનુભવ થાય છે.

૧૭ : ભગવાનના દાસ-ભકતો જ સાચા પ્રાણધારી છે. બાકીના તો લુહારની ધમણ જેવા છે. મહત્ તત્ત્વ, અહંકાર વ. એ આપના અનુગ્રહથી જ બ્રહ્માંડની ઉત્પત્તિ કરી છે. તેમાં રહેવાવાળા પુરુષ આપ જ છો. આપના કારણે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય (બુદ્ધિ), આનંદમય (જીવ) કોષોને અસ્તિત્વનો અનુભવ થાય છે. આપ (ભગવાન) બધાંથી અન્વિત (જોડાયેલા) છો. છતાં બધાં અવધિ (લીમીટેશન)વાળા છે. આપ અસંગ છો (સંગ વગરના).



આપ કાર્ય-કારણના નિયામક છો અને નેતિ-નેતિ કહેતાં તેનો નિષેધ થતાં બાકી આપ જ રહો છો. આપ નિષેધના સાક્ષી છો તેથી આપ જ એકમાત્ર સત્ય છો. (નિર્ગુણતા)

પાંચ કારણો - હેતુઓને લીધે શ્રીકૃષ્ણની જ સેવા કરવી કેમ કે (૧) આપ શરીરને આપનાર છે, (૨) પ્રેરણા કરનાર છે, (૩) સુખને આપનાર છે, (૪) જગતના પ્રલય પછી બાકી રહેનાર (૫) સત્યરૂપ છો.

૧૮ : વેદોએ જે સન્માર્ગ બતાવ્યા છે તેમાંના કર્મની ઉપાસના કરનાર સ્થૂલ દષ્ટિવાળા છે. યોગ આચરનારા મધ્યમ છે અને જ્ઞાનીઓ ઉત્તમ છે. જેમાં કર્મમાર્ગીને, નહિ જોનારા (સ્થૂલ) કહ્યા. યોગમાર્ગીને અલ્પપ્રકાશવાળા કહ્યા. તે પ્રભુના ઉદર પર્યંત જુએ, કે પ્રભુના હૃદયપર્યંત જૂએ છે અને જ્ઞાની તો આપને ત્રણે લોકથી ઉપર તેવા મસ્તકને જૂએ છે. આમ અક્ષરરૂપ ભગવાનની સેવા કરનાર કર્મરૂપ ભગવાનની સેવા કરનાર તથા યોગરૂપ ભગવાનની સેવા કરવાવાળા કરતાં ઉત્તમ છે.

૧૯ : સર્વ જડ-જીવના કર્તા ભગવાન છે તથા આપ જ તેમાં પ્રવેશ કરો છો તેમ ભાસે છે. તેથી તો કયાંક અધમરૂપમાં પણ દેખાવો છો. તેથી સન્તપુરુષો જગતના રૂપોમાં ફસાતા નથી અને આપના સત્યધામને સમ અને એકરસ જાણે છે.

''પ્રવેશ કરતા હોય તેમ ભાસે છે'' તેમ કહ્યું છે કેમકે જો પ્રભુ અંદર-બહાર સર્વત્ર હોય તો પ્રવેશનો પ્રશ્ન જ નથી ઉઠતો એટલે કે આપ તામસ-રાજસ-સાત્વિક ભાવથી ભાસો છો. અંતર્યામી તો એક જ પ્રકારના છે. જેમ લાકડામાં પેઠેલો અગ્નિ એક જ હોવા છતાં નાની મોટી તથા રંગની વિવિધતા જણાય છે તેમ! તે રીતે બ્રહ્મવિદો પણ એકરસ હોવાથી બધે સમાનતા જુએ છે. ભગવાન તો સર્વદોષ રહિત તથા સર્વત્ર સમાન હોવા છતાં ક્રિડા માટે અનુકરણ કરતા સર્વત્ર પ્રકાશે છે.

૨૦ : દેહે કરેલ ગુણ-દોષોને જીવ સાથે કંઈ લેવાદેવા નથી. આપના ચરણની ઉપાસના કરનાર મુકત થાય છે. જે કંઈ ફળ છે તે ભગવાનના ચરણરૂપ છે. તેથી તો યજ્ઞો અને સ્વર્ગ પણ ભગવાનનાં ચરણ જ ગણાય છે. જીવમાં આનન્દ તિરોહિત છે તેથી સુખની ચાહનાવાળા જીવોએ પૂર્ણ આનંદવાળા હરિની સેવા કરવી.

૨૧ : ભગવાનમાં આનંદ ન હોય તો ? પૂર્ણાનંદ ભગવાન કોણ ? તે બતાવે

છે. આપના પરમાત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થવું અતિ દુર્લભ હોવાથી આપે અનેક અવતાર ધર્યા છે અને તે દ્વારા લીલા કરો છો, તે લીલાનો આશ્રય (લીલાનું સતત ચિંતન કરવું) કરનારા તો મોક્ષ કે ક્ષુલ્લક પદાર્થોની અપેક્ષા નથી રાખતા. જેમના ચરિત્રના શ્રવણ માત્રથી આનન્દ પ્રાપ્ત થાય છે. માટે આપ પૂર્ણાનંદ છે. ભગવાનરૂપ અમૃત સમુદ્ર કદી સૂકાતો કે શોષાતો નથી. હંસોએ આપના ચરણકમલના સેવન માટે ઘર પણ છોડી દીધા. (હંસો = પરમહંસ. વૈરાગ્ય = ઘર છોડી દીધું છે - પૂર્ણાનંદ છે.)

૨૨ : આ દેહ સેવા માટે તદ્દન અનુકૂળ છે વળી આપને પણ ઉત્કંઠા છે કે આ જીવ મારી સેવા ક્યારે કરશે ? પરંતુ આત્મહત્યારા ભક્તિ કરતા નથી તેથી તેમને સંસારમાં ભટકવું પડે છે. (દેહનો ઉપયોગ સેવામાં નથી કરતા તે આત્મહત્યારા) તેથી ભક્તિમાર્ગમાં બાધક-દુષ્ટનો સંગ તજીને દેહને સેવામાં નિયોજવો, નહિ કે ઈન્દ્રિયોની આળપંપાળ કરવા.

૨૩ : મોટા મોટા યોગીઓ દઢ યોગાભ્યાસ દ્વારા હૃદયમાં આપના ચરણોનું ધ્યાન ધરે છે. તો આપનાથી બિલકુલ વિરુદ્ધ પ્રકૃતિવાળા પણ ભગવાનના સુડોળ દેહમાં આસકત થનય (કામભાવવાળા) છે તેવી સ્ત્રોઓ પણ આપનાં ચરણોનું ધ્યાન ધરે છે. ભગવાનને તો તે બન્ને સમાન જ છે. એટલે કે ભગવાનમાં પ્રમેયબળ મુખ્ય છે નહિ કે પ્રમાણબળ. શ્રુતિઓ કહે છે અમે કામના કરવાવાળી બહિર્મુખ છીએ છતાં આપના મનથી બધાં સરખાં છે. જેમને હરિ પોતાના માને છે તે બધાય હરિના ભકતો સમાન છે. તેથી જેમ કૃષ્ણ પોતાના માને તે રીતે સેવા કરવી.

૨૪ : આપ અનાદિ અને અનન્ત હોવાથી કાલની સીમામાં રહેનારા જીવો આપને ન જાણી શકે. આપ સૃષ્ટિ સંકેલી સર્વને આપમાં સમાવીને પોઢો છો છતાં કોઈ આપને નથી જાણી શકતું કેમ કે તે વખતે સત (હોવું) કે અસત (ન હોવું, તિરોહિત) નથી હોતું. નથી કાલનો વેગ હોતો કે નથી શાસ્ત્રો હોતાં.

જે એમ માને છે કે 'મેં બ્રહ્મને જાણી લીધું' તો તે અજ્ઞાની છે અને જે એમ કહે છે કે, 'બ્રહ્મને જાણી શકાતું નથી' તે જ્ઞાની છે. વેદનો જ્ઞાનકાંડ તો માત્ર ચિત્તની શુદ્ધિ કરાવે છે, સાક્ષાત્કાર નથી કરાવતો તેથી જ્ઞાનની ખટપટમાં ન પડતાં પ્રભુભજન કરવું.

૨૫ : અજ્ઞાનીઓ અસતનો જન્મ કહે છે. સત્ (આત્મા)નો નાશ કહે છે. આત્મામાં ભેદ જૂએ છે અને કર્મનાં ફલને સત્ય માને છે. નારાયણને





ત્રણગુણોવાળો જાણે છે.

૨૬ : ઉપરના આક્ષેપમાં ખૂલાસો કરતાં કહે છે કે - સુવર્ણના વિકારો કુંડલ-કડાંરૂપે છે તેને લોકો નથી છોડતા કેમ કે તે સોનાના બનેલા છે. તેમ જગતના નામરૂપોમાં એક તત્ત્વરૂપે બ્રહ્મે પ્રવેશ કરેલો છે. જીવો બ્રહ્મરૂપ છે તેથી સર્વ જગત અને મનના દોષો પણ બ્રહ્મ છે તેથી હરિમાં દોષ કેવી રીતે હોય ?

૨૭ : આપના ભકતો તો એમજ સમજે છે કે આપ સમસ્ત પ્રાણી-પદાર્થમાં બિરાજી રહ્યા છો, તેઓ મૃત્યુથી (ભકતો મૃત્યુમાં પણ ભગવાનને જુએ છે) પણ ડરતા નથી તથા તેઓ (ભકતો) જગતને પવિત્ર કરનારા છે. માટે પોતાની શુદ્ધિની ઈચ્છા રાખનારે ભકતની સેવા કરવી.

૨૮ : આપને (ભગવાનને) કંઈ પણ કરવા માટે ઈન્દ્રિયોની જરૂર નથી. આપની આજ્ઞાથી જ દેવોથી બ્રહ્મા સુધીના સૌ કરવાના કાર્યો કરે છે. તેથી આનંદઘન શ્રીકૃષ્ણ જ સર્વને ભજવા યોગ્ય છે કેમ કે તે નિર્દોષ તથા સર્વના નિયંતા છે.

૨૯-૩૦ : આપ નિત્યમુકત, માયાતીત છો પણ આપને માયા (પ્રકૃતિ) સાથે વિહાર કરવાની ઈચ્છા થાય ત્યારે સૃષ્ટિને ઉત્પન્ન કરો છો. આપ અક્ષરથી પણ ઊંચે બિરાજો છો આપને કોઈના આધારની જરૂર નથી. ભગવાન્ ક્રીડા કરવા ઈચ્છે ત્યારે તેમનામાંથી તણખલાની જેમ જીવોના સમૂહ વિસ્ફૂલિંગ થાય છે. (૩૦) આ જીવો સૂક્ષ્મ છે વ્યાપક નથી. જીવોના સમૂહને વશ રાખનાર હરિ છે.

૩૧ : શંકા - જે જેના મય હોય તે તેને વશ હોય, તે ન્યાય પ્રમાણે જીવે પ્રવેશ કર્યો હોવાથી પ્રકૃતિ (દેહ) પુરુષ (જીવ)ને વશ છે નહિ કે પુરુષોત્તમને. તેના ખુલાસામાં કહે છે કે જેમ પરપોટાની ઉત્પત્તિ થાય છે. જલ અને વાયુના સંયોગથી થાય છે, સ્વતંત્ર પણે નહિ તેમ પ્રકૃતિ પુરુષથી જ. દેવથી લઈને મનુષ્ય સુધીની ઉત્પત્તિ થાય છે એટલે પ્રાણીમાત્રનું ઉપાદાન કારણ આપ છો. ભગવાન જ સત્-ચિત્રૂપ હોવાથી બધું જ સત્ અને ચિત્ તેમાં લીન થાય છે. જેમ જુદા જુદા ફૂલના રસ ભેગા 'મધ' નામે ઓળખાય છે તેમ બધું પુરુષોત્તમમય છે. નામરૂપાત્મક પ્રપંચ શ્રીકૃષ્ણમાંથી ઉત્પન્ન થઈ તેમાં જ લય પામે છે.

૩૨ : આપના શરણે છે તેને કાળનો ભય નથી. અન્યથા મનુષ્યની દુર્ગતિ થાય છે.

૩૩ : યોગીઓ કે જેમણે પોતાનાં મન-ઈન્દ્રિય વશ કર્યા છે તે પણ ગુરૂચરણનો ત્યાગ કરે તો તેમને સેંકડો મુસીબતો વેઠીને પણ તેમના મન ઘોડા કહ્યામાં રહેતા નથી. તેથી યોગ માટેનો પ્રયાસ છોડી દઈ ગુરૂસેવામાં તત્પર રહીને ભક્તિ કરવી.

૩૪ : જે દેહસુખમાં રચ્યા પચ્યા રહે છે તે સુખ તો નાશ પામનારું છે તેથી પુત્રાદિમાં આસક્તિ છોડીને ભગવદ્ સેવા કરવી. સ્વજનો તો દુઃખ આપનાર છે. અને ભગવાન જ સુખ આપનાર છે.

૩૫ : આ પૃથ્વી પર મદરહિત સન્તો જ હરતા-ફરતા તીર્થ છે. કેમકે તેઓ આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરે છે તેથી તેઓ પાપ-તાપનો નાશ કરનારા છે. નિત્ય આનંદ સ્વરૂપ પરમાત્મા હોવાથી તેમને સમર્પિત થવાથી જીવ દેહ-ગેહમાં ફસાતો નથી. ટૂંકમાં ગુરુ દ્વારા જેને હરિની સ્મૃતિ થઈ ગઈ છે તેવા તીર્થોમાં પરિભ્રમણ કરનાર પુરુષ સારા ગુણોને છોડી દુષ્ટ ગુણોનો આશ્રય નથી કરતો.

૩૬ : હવે શંકા કરે છે કે - જગત્ સત્ છે તેનું કોઈ પ્રમાણ છે ? સન્તોએ જગત સત્ (જગત મિથ્યા નથી સત્ છે) હોવાથી તેનું ભજન-સેવન ન કરવું જોઈએ તેણે તો કૃષ્ણની ભક્તિ કરવી જોઈએ. તેણે તો એમ માનવું કે જગતમાં સત્ હોવાની માન્યતા ભ્રાન્તિથી થઈ છે.

૩૭ : સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં અને પછી જગત્ નથી તેથી વચ્ચેના સમયમાં પણ તે ભ્રામક જ ગણાય. તેથી બ્રહ્મજ્ઞાનની દષ્ટિથી તે જગત બ્રહ્મરૂપ હોવા છતાં સાધારણ જનની દષ્ટિથી માયિક છે. તેથી શ્રીકૃષ્ણની ભક્તિ કરવી.

૩૮ : જીવ ભગવદ્રૂપ હોવા છતાં માયાથી અવિદ્યાને અનુસરે છે અને ગુણજન્ય વૃત્તિઓમાં ફસાઈ જાય છે. તેથી તે જન્મ-મરણશીલ થઈ જાય છે જ્યારે આપ અવિદ્યાથી અલિપ્ત રહો છો તેથી આપ તેજોરૂપ ધામમાં (જ્ઞાનરૂપ ધામ) બિરાજો છો તેથી જીવે ઘાસથી શરૂ કરીને કાલ સુધીના કોઈની સેવા ન કરતાં, દોષ દૂર કરી દેનાર ભગવાનની જ સેવા કરવી.

૩૯ : મનુષ્ય યોગી બન્યા પછી પણ હૃદયની વિષય-વાસનાને ઉખેડી ફેંકી શકતો નથી, તેવા માટે આપના દર્શન દુર્લભ છે. આપના ચરણ પ્રાપ્ત ન થવાને લીધે પરલોકમાં પણ નરકનાં દુઃખ જ મળે છે. જીવોમાં આત્મારૂપે આપ બિરાજ્યા હોવા છતાં ઢંકાયેલા હોવાથી (આનંદ તિરોહીત), સર્વથા જીવ-અંશનું ભજન ન કરવું પણ અંશીનું જ ભજન કરવું.

૪૦ : આપના મૂળ સ્વરૂપને જેણે જાણી લીધું છે તે સુખ-દુઃખ કે અભિમાનીનાં કટુવચનોને ધ્યાનમાં લેતો નથી. કેમ કે તેણે તો કાનમાં ભગવાનના ગુણ-લીલાને જ ભરી દીધેલા છે. તેથી સુખ અને સેવાના પ્રયોજનવાળાએ ભક્તિ કરવી. અન્યથા દુઃખ જ મળશે.

૪૧ : આપના આનંદની સિમાંને બ્રહ્માજી પણ નથી જાણતા, અરે ખુદ આપ નથી જાણતા કેમ કે તેનો અંત છે જ નહિ. અમે શ્રુતિઓ તો ગોથાં જ ખાઈએ છીએ. તેથી સર્વોત્તમ આનંદ કૃષ્ણાનંદ છે. આ પ્રકારે શ્લોક ૧૪ થી ૪૧ માં શ્રુતિઓએ ભગવાનનાં ૨૯ તત્ત્વો આપનાં છે તેમ પ્રબોધ કરી જગાડીને અધિક ફળની આશા રાખી છે.

૪૨ : આ રીતે શ્રુતિગીતાનો ઉપદેશ નારાયણે નારદજીને કર્યો. શ્રુતિગીતાનો અર્થ ભગવાન જ પુરુષાર્થરૂપ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ રૂપ) છે. એ જ સેવા કરવા યોગ્ય છે. આ સાર જાણવાથી સનંદનાદિ સિદ્ધ થયા.

૪૩ - ૪૮ : સમગ્ર વેદ-પુરાણાદિ શાસ્ત્રોનો સાર આ શ્રુતિગીતામાં છે તેથી તે રસ છે. પછી નારદને કહ્યું કે આ રસ ધારણ કરીને બધે તું હવે બે ફર્યા કર. તેથી નારદે ભગવાનની સ્તુતિ કરી અને પછી નારદજી વ્યાસાશ્રમમાં ગયા ત્યાં તેમણે બધું દ્વૈપાયનને (વ્યાસજી) સંભળાવ્યું.

૪૯ : આ રીતે શુકદેવજીએ શ્રુતિ દ્વારા કરાતું ભગવાનનું વાર્ણન કહ્યું. તથા તેમનામાં મન કેવી રીતે પ્રવેશે તે પણ કહ્યું. પછી ફરી શુકદેવજી આ બધાનો સાર કહે છે કે - હિતચિંતક ભગવાન જ આદિ-મધ્ય-અંતરૂપ છે. તે સર્વના નિયામક છે આપ જ સર્વને ઉત્પન્ન કરી તેમાં પ્રવેશનાર છે. પ્રકૃતિથી જોડાયેલ પુરુષ અવિદ્યાનો ત્યાગ કરી દે તો તેને તે અવિદ્યા વિસરાઈ જાય છે. આપનો જન્મ-વ. નથી. આપ અભય છે તથા અભયદાન કરનારા છો.

## અધ્યાયાર્થ ૮૪ સુબોધિની

કારિકા ૪૪૯ થી ૪૫૨ : શ્રુતિગીતા સર્વસંદેહની વારક છે તથા તેણે ભગવદ્યશ ગાયો છે. ભગવાનનું કર્તાપણું અલૌકિક હોવાથી યુક્તિથી સિદ્ધ થાય તેમ નથી. ભગવાનનાં કાર્યો અલૌકિક છે. (૪૫૦) ભગવાન જ ૨૮ તત્ત્વરૂપે થયા છે) તેવું જ ભગવાનના નામની બાબતે છે તેથી તેમના યશ ગાનારી શ્રુતિઓ પણ ૨૮ છે, જે ભગવાનના નામ-યશનું ગાન કરે છે. આ ગાન શ્લો. ૧૪ થી ૪૧માં કર્યું છે. અહીં શ્લો. ૧ માં સંદેહ કર્યો છે કે ગુણરહિત બ્રહ્મને ગુણ જ દર્શાવનાર વેદ કેવી રીતે જાણાવી શકે ? આ સંદેહનું નિવારણ

શ્રુતિગીતાથી કરેલ છે. વેદે નિર્ણય આપ્યો છે કે ગુણરહિત ભગવાનના સ્વરૂપમાં પણ મન સ્થિર કરી શકાય છે.

## અધ્યાય-૮૮ / સુબોધિની અ. ૮૫

## નિર્દોષ લક્ષ્મી નિત્ય ભગવાન પાસે જ રહે છે

વિશેષ : ગયા અધ્યાયમાં સમજાવ્યું કે ભગવાન લૌકિક જેવી ક્રિયા કરતા દેખાય છતાં શ્રીકૃષ્ણ અલૌકિક છે તથા સર્વથી મહાન છે. ગયા અધ્યાયમાં ભગવાનનો યશ ગુણ પ્રકટ જણાયો. અહીં આ અધ્યાય શ્રીગુણ પ્રકટ કરવા કહેલ છે અવ્યય લક્ષ્મી સદા કૃષ્ણમાં જ રહે છે. ચંચલ લક્ષ્મીનો સંબંધ હોવો તે લોકમાં દોષરૂપ છે તેવું અહીં નથી. તેથી ભક્તિ તો શ્રીકૃષ્ણની જ કરવી. શ્રીકૃષ્ણ જે દાન કરે છે તે હિતકારક હોય છે. જ્યારે શિવ વ. વગર વિચારે દાન કરી દે છે તેથી દાનનો નાશ થાય છે. શ્રીકૃષ્ણમાં આસક્તિવાળી લક્ષ્મી ચંચલતા વ. દોષો વગરની શુદ્ધ છે. તેથી જ શ્રીકૃષ્ણની જ કામના કરવી, લક્ષ્મીની નહિ.

શ્લો. ૧ થી ૩ : પરીક્ષિત - શિવજી કે જે લક્ષ્મીની શોભા વગરના છે તેમના ભક્તોને તે લક્ષ્મી તથા ભોગ આપે છે જ્યારે લક્ષ્મીપતિ પોતાના ભક્તોને ભોગ તથા લક્ષ્મી નથી આપતા, તેનું કારણ શું ? શુકદેવજી - શિવજી પોતાની ઘોર શક્તિ કે જે ત્રણ પ્રકારનો અહંકાર (સત્વ, રજ, તમ) છે અને અહંકાર ગુણોથી વિંટળાયેલ હોવાથી શિવજી પોતે પણ એવા થયા.

વિશેષ : જો શિવજી ઘોર-રૂપા શક્તિથી અલગ થાય તો તે શક્તિઓ પ્રલય કરી નાખે તેથી આપ તેમનાથી વિંટળાયેલા રહે છે. શિવજી કંઠમાં કાલકૂટ ઝેરની સંઘરી ન રાખે તો ઝેરથી દરેક વસ્તુનાં આધિદૈવિક સ્વરૂપ દુષિત થતાં બધાં મૃત્યુ પામે અને આ જ કારણે શિવજી સર્પને વિંટાળી રાખે છે. તે રીતે અગ્નિને ધારણ કરી રાખે છે. ચંદ્રને ધારણ ન કરે તો બધાંનો ક્ષય થઈ જાય. વસ્ત્રો દેવતામય હોવાથી શિવ વસ્ત્રોને ધારણ નથી કરતા. વ્યાઘ્રચર્મ મૃત્યુનો વર્ણ છે, તે પ્રાણીઓના મૃત્યુને રોકી રાખવા ધારણ કરે છે. ગંગાજીને રોકી ન રાખે તો ગંગા અધિકારી-અનાધિકારી સર્વને ફલ દઈ દે. જટાથી વાદળોની વૃષ્ટિને કાબુમાં રાખે છે.

શ્લો. ૪ થી ૧૧ : સોળ વિકારોમાંથી મહાદેવજીના સોળ રૂપ કહ્યાં તેમાંથી કોઈ એકને ભજે તો વિભૂતિ દ્વારા અપાતું ફળ પ્રાપ્ત કરે. હવે પ્રશ્ન એ છે કે - વિષ્ણુ લક્ષ્મીરૂપ ફળ પોતાના ભક્તોને નથી આપતા. તો શું લક્ષ્મીયુક્ત ફળો અધમ છે ? અને જો તેમ હોય તો પોતે શા માટે ભોગવે છે ? તેના





જવાબમાં કહે છે કે તે ભગવાન ભોગવે છે તેથી ઉત્તમ જ છે પણ ભગવાન પ્રકૃતિથી પર તથા ગુણાતીત છે અને સર્વજ્ઞ તથા અંતર્યામી હોવાથી પોતાના ભકતને જેની જ્યારે જરૂર હોય તે ત્યારે આપે છે. આવો ભકત પણ નિર્ગુણ હોવાથી વિષયોની ઈચ્છા નથી કરતો તેથી ભગવાન પણ નથી આપતા. શુકજી પરીક્ષિતને કહે છે કે - આ જ સવાલ તમારા દાદા યુધિષ્ઠિરે અશ્વમેઘ યજ્ઞ પૂરો થયા પછી પૂછ્યો હતો ત્યારે ભગવાને તેમને જે ઉત્તર આપ્યો તે તમને કહું છું. ભગવાને કહ્યું - હું જેના પર કૃપા કરું છું તેનું ધન હરિ લઉં છું ત્યારે તેવા ધનહીનનો તેના સ્વજનો ત્યાગ કરી દે છે. પછી ભકતના ધન કમાવવા કરેલા પુરુષાર્થોને પણ હું નિષ્ફળ બનાવી દઉં છું. તેથી તે સંસારથી વિરકત થઈ જવાથી અન્ય ભકતોનો સંગ કરે છે, ત્યારે હું મારી મેળે જ તેના પર અનુગ્રહ કરું છું. તે એ રીતે કે ભકતોના સંગથી તેને જ્ઞાન ઉદય થાય અને તેથી તે મારું જ ભજન કરે છે. તેને અન્યભાવ થતા નથી કે દુષ્ટ ભાવ થતા નથી. અન્ય દેવો પાસેથી પ્રાપ્ત કરેલ લક્ષ્મીથી તે જીવો ઉદ્ધત-ઉન્મત અને પ્રમાદી થઈને વરદાન આપનાર દેવોને પણ ભૂલી જાય છે.

૧૨ થી ૨૦ : શુકદેવજી - અન્ય દેવો પ્રસન્ન પણ જલ્દી થાય છે અને રુષ્ટ પણ જલ્દી થાય છે. તેથી તો મહાદેવજી વૃકાસુરને વરદાન આપીને પોતે જ મુશ્કેલીમાં મૂકાયા હતા. આ વૃકાસુર હિરણ્યાક્ષના પુત્ર શકુનીનો પુત્ર છે. તેણે નારદજી પાસેથી જાણી લીધું કે મહાદેવજી જલ્દી પ્રસન્ન થાય છે તેથી તે કેદારક્ષેત્રમાં પોતાનું માંસ કાપીને હવન કરવા લાગ્યો. તે માનતો કે અગ્નિ શિવનું મુખ છે. છ દિવસની ઉપાસનાથી પણ શિવ પ્રત્યક્ષ ન થયા ત્યારે સાતમે દિવસે તે પોતાનું માથું કાપીને હોમવા તૈયાર થયો ત્યારે શિવે હોમમાંથી પ્રકટ થઈ તેને રોકયો. (કૃષ્ણભક્તિ કર્યા વગર લોકો મહામૂલો દેહ ખોઈ બેસે છે તે જોઈ આઘાત પામીને શિવજી સ્મશાનની ભસ્મમાં આળોટે છે.) અને વરદાન માંગવા કહ્યું ત્યારે તેણે માંગ્યું કે “ હું જેના માથે હાથ મૂકું તે મરણ પામે.” શંકરે તથાસ્તુ કહ્યું. ત્યારે વૃકાસુરે ગૌરીનું હરણ કરવાની ઈચ્છાથી તથા વરદાનની પરીક્ષા કરવા શિવજીના માથે જ હાથ મૂકવા ધસ્યો. ત્યારે શિવજી તેનાથી બચવા ભાગ્યા અને બદરીનારાયણ બિરાજે છે ત્યાં આવ્યા, પછી ભગવાન તેમનું દુઃખ હરવા નાના બટુક બની ગયા અને વિનયપૂર્વક વૃકાસુરને વંદન કર્યા. (ભગવાનના વંદનથી વૃકનું આયુષ્ય હરાઈ ગયું તથા દર્ભ-કંદોરો વ. ચાર વસ્તુથી તેના ચાર પુરુષાર્થો હરિ લીધા) પછી તેના ખબર અંતર પૂછી તે શું કરવા માંગે છે તેમ પૃચ્છા કરી ત્યારે અસુરે બધી વાત કહી, ત્યારે ભગવાને તેને વિશ્વાસમાં લાવવા કહ્યું કે - “અરે તેમની વાત પર વિશ્વાસ ન લાવો.

દક્ષના શાપથી તો તે પીશાચપણાને પામ્યા છે. તમારે ખાત્રી કરવી હોય તો તમારા માથે જ હાથ મૂકી જૂઓ અને ખોટું પડે તો તેમને સીધા કરો.'' ભગવાનનાં વચનોથી તેની બુદ્ધિ ભ્રમિત થઈ અને પોતાનો હાથ પોતાના માથે મૂકયો અને તરત તે મરણ પામ્યો. (જો કે શિવજીના માથે હાથ મૂકત તો પણ તેમને કંઈ ન થાત. પણ તેથી તેમનું વરદાન ખોટું પડત. અને શિવજી મરણ પામે તો તે અજર-અમર છે તે વાત ખોટી ઠરે.) પછી ભગવાને શિવને કહ્યું - અસુર પોતાના પાપથી મર્યો અને જે આપનો અપરાધ કરે તે બચે કઈ રીતે ? આ મહાદેવજીનો કરેલ મોક્ષ તો ભગવાનની અનંત લીલામાંની એક લીલા છે.

## અધ્યાયાર્થ ૮૫ સુબોધિની

આ અધ્યાયમાં બતાવ્યું છે કે શ્રીકૃષ્ણ પોતે જ શ્રીનો ભોગ કરનાર છે બીજો કોઈ શ્રીનો ભોગ કરનાર નથી. (૪૫૩) ભગવાન પોતાના ભકતને લક્ષ્મીનો ભોગ કરતાં અટકાવે છે તેથી તેનું ચિત્ત ભગવાનમાં પરોવાય છે. (૪૫૪) બીજા દેવો શ્રીનું વરદાન આપીને પોતે જ સંકટમાં આવી પડયા છે. ભકતે બીજા દેવો પાસેથી મળેલી લક્ષ્મીનો પણ ભોગ ન કરવો અહીં વૃકાસુરની કથામાં તે બતાવે છે કે વૃકાસુરને વરદાન આપી શંકર જ મુસિબતમાં પડયા. (૪૫૫)

## અધ્યાય-૮૯ / સુબોધિની અ. ૮૬

## ગુણાધિષ્ઠાતા દેવ ત્રણ છે તેમાં વિષ્ણુ ભજન કરવા યોગ્ય છે.

વિશેષ : ભગવાન ઉત્તમ દાન જ કરે છે. તેથી શ્રીકૃષ્ણની શ્રેષ્ઠતા છે. ભગવાનનું માહાત્મ્ય બે પ્રકારે છે, પ્રમાણથી અને પ્રમેયથી પ્રમાણનું મૂળ વેદમાં છે. પ્રમેયથી માહાત્મ્ય ભગવાને જ કહ્યું. ભગવાનનુ જ્ઞાન તેમની ક્રિયામાં ઉતરેલ હોવાથી તેમનામાં સહનશકિત છે. અત્યાર સુધીમાં ભગવાનનાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રીગુણ કહ્યાં. હવે શુકદેવજી વગર પૂછે જ્ઞાન-વૈરાગ્ય (ભગવાનનાં) કહે છે.

શ્લો. ૧ : એકવાર સરસ્વતી નદીના તીરે યજ્ઞ કરવા બેઠેલા ઋષિ-મુનીઓમાં વાદ-વિવાદ ઉભો થયો કે બ્રહ્મા, વિષ્ણુ, શિવ ત્રણેમાં સૌથી મહાન કોણ !

વિશેષ : ઋષિઓને જિજ્ઞાસા થઈ કે કર્મનું ફળ કોને સમર્પણ કરવું ? કોઈકે કહ્યું બ્રહ્મા પિતા છે, તો કોઈએ કહ્યું વિષ્ણુ યજ્ઞરૂપ છે, તો કોઈકે કહ્યું મહાદેવ જ્ઞાનોપદેશ કરનાર ગુરૂ છે. તેથી તે સમર્પણને લાયક છે. છેવટે નિર્ણય કર્યો કે





જેમનામાં સૌથી મોટો સદ્ગુણ - કે ગમે તે પરિસ્થિતિમાં પણ વિચલીત ન થાય, ગુસ્સે ન થાય એટલે કે જેનામાં સત્વગુણ જેટલો વધારે તે મહાન.

શ્લો. ૪ થી ૨૧ : આ પરીક્ષા લેવા માટે તેઓએ બ્રહ્માના પુત્ર ભૃગુઋષિને ત્રણેની પાસે મોકલ્યા. પહેલાં તે બ્રહ્માજી પાસે ગયા અને પરીક્ષા ખાતર બ્રહ્માજીની સભામાં ગયા અને તેમને પ્રણામ કે સ્તુતિ કાંઈ ન કર્યા તેથી બ્રહ્માજી ગુસ્સે થઈ ગયા. પણ સામે પુત્ર હોવાથી ક્રોધને ગળી ગયા. જ્ઞાનરૂપ બ્રહ્મતેજથી બ્રહ્માજીનો ક્રોધ શાન્ત થયો. પછી ભૃગુઋષિ શિવજી પાસે કૈલાસ ગયા. શિવજીએ ભાઈને આવેલો જાણી ભેટવા ઉભા થયા પણ ભૃગુએ કહ્યું - તમે લોક-વેદનો અનાદર કરો છો તેથી તમને નહિ ભેટું. આ સાંભળી શિવે ગુસ્સે થઈને ત્રિશૂળ ઉઠાવ્યું ત્યારે પાર્વતીજી તેમને તેમ કરતાં રોકવા માટે ચરણમાં પડયા. તે પછી ભૃગુ વિષ્ણુ પાસે વૈકુંઠમાં ગયા ત્યારે પ્રભુ લક્ષ્મીજીના ખોળામાં માથું મૂકીને સૂતા હતા ત્યારે ભૃગુએ ભગવાનની છાતીમાં લાત મારી. (દ્વારપાલે ભૃગુને ન રોકયા કેમ કે એક સમયમાં ભૃગુ અને કર્દમકુમારી ખ્યાતિને ત્યાં લક્ષ્મીજી અવતર્યા હતા તેથી વિષ્ણુ તેમના જમાઈ થયા તેથી સસુરને રોકયા નહિ.) ત્યારે ભગવાને લક્ષ્મીજી સહિત ઊભા થઈને મુનીને પ્રણામ કરીને ખબર અંતર પૂછ્યા અને ક્ષમા માંગી. અને પછી (હે પ્રભો એમ સંબોધન કરીને ભગવાન્ પોતાના ગુણો ભૃગુજીમાં સ્થાપે છે) ભૃગુજીના ચરણોને દબાવવા લાગ્યા. (ભૃગુજીમાં પોતાના ધર્મો મૂકયા કે જેથી ભૃગુજીનો નાશ ન થાય) આપના ચરણકમલોના સ્પર્શથી મારાં બધાં પાપ ધોવાઈ ગયા. હવેથી આપના ચરણ ચિન્હવાળા મારા વક્ષસ્થળ પર લક્ષ્મી સર્વદા નિવાસ કરશે.

શુકદેવજી - ત્યારે ભૃગુજીને ખૂબ સંતોષ થયો. (કેમકે ભગવાને ભૃગુના અપરાધ બદલ ભૃગુને પ્રેમલક્ષણા ભકિત દીધી.) અને પ્રેમાશ્રુ ઉભરાઈ ગયા. પછી તેમણે ઋષિઓના સત્રમાં આવી બધી બીના - પરીક્ષા કહી સંભળાવી. પછી બધા વિષ્ણુને સર્વશ્રેષ્ઠ માનવા લાગ્યા. એ ભગવાન જ સર્વફળદાયક છે. તથા મુનિઓની પરમંગતિ (ભગવાન) છે. નિષ્કામઃ શાન્ત, અને જ્ઞાનયુકત પુરુષો તેમનું જ ભજન કરે છે એટલે કે ભજનમાં કુશળ બુદ્ધિની જરૂર નથી.

શુકદેવજી - આ ઋષિઓએ પોતાનો નહિ પણ બીજાનો સંશય દૂર કરવા આ યુકિત રચી હતી. સૂતજી - ભગવાનના કીર્તિગાનને પીનારને ભગવદ્ ગતિ થાય છે. (નિરોધલક્ષણ)

૨૨ થી ૬૬ : શુકદેવજી - દ્વારકામાં એક બ્રાહ્મણીને પુત્ર થયો તે જન્મતાં વેંત જ મૃત્યુ પામ્યો. તેથી તે બ્રાહ્મણ રડતાં રડતાં રાજદ્વારે આવ્યો (કેમકે જયાં

ભગવાન બિરાજતા હોય ત્યાં આમ બને તો દોષ રાજાનો ગણાય) અને કહેવા લાગ્યો કે ''રાજાના કર્મદોષ કે બ્રાહ્મણ દ્રોહ કે લોભ કે દુષ્ટબુદ્ધિના કારણે જ મારા બાળકનું મૃત્યુ થયું છે આવા રાજાની પ્રજા દરીદ્રી જ રહે છે.'' તેમ કહી તે બ્રાહ્મણ ચાલ્યો ગયો. આ પ્રકારે તેના બધા જ બાળકો મરી જતાં તે તેમને રાજદ્વારે ફેંકી આવતો જ્યારે નવમું બાળક મર્યું ત્યારે અર્જુન ભગવાન પાસે બેઠો હતો. તેણે આ બાળકની વાત જાણીને હુંકાર કરી ભરી સભામાં કહેવા લાગ્યો કે - આ બધા કહેવા માત્રના ક્ષત્રીય છે કે જે એક બાળકની રક્ષા નથી કરી શકતા. આ બ્રાહ્મણની વાત સાચી છે કે ક્ષત્રીયદોષથી જ તેના બાળકો મરે છે. તેમ કહી તેણે યાદવોની ઘણી નિંદા કરી પછી પ્રતિજ્ઞા કરી કે ''હું તમારી પ્રજાની રક્ષા કરીશ અને તેમ ન કરી શકું તો ચિતા પર ચડી જઇશ.'' ત્યારે બ્રાહ્મણે કહ્યું - અહીં કૃષ્ણ-બલરામ જેવા સમર્થ વીરો છે તે પણ કંઇ ન કરી શકયા તો તારું આ કહેવું મૂર્ખતા છે. ત્યારે અર્જુને કહ્યું - હું કૃષ્ણ-બલરામ નહિ પણ અર્જુન છું તેમ કહી અર્જુને જાતે જ પોતાના પરાક્રમની પ્રશસ્તિ કરી. ત્યારે વિપ્ર વાહ વાહ કરતો ગયો. જ્યારે બ્રાહ્મણની સ્ત્રીને પ્રસુતિનો સમય થયો ત્યારે અર્જુને મંત્રથી શિવજીનું આરાધન કરીને ગાંડીવ સાંધ્યું અને સુતિકાગૃહને મંત્રોથી રક્ષિત કરી દીધું છતાં પણ તેને બાળક જન્મતાં જ મૃત્યુ પામ્યો. ત્યારે બ્રાહ્મણ અર્જુનની નિંદા કરવા લાગ્યો. ત્યારે અર્જુન પોતાની વિદ્યાના પ્રભાવથી યમપુરી, ઈન્દ્રપુરી અને બીજા પાતાલાદિ લોકમાં પણ ગયા પણ તેને બ્રાહ્મણપુત્ર ન મળ્યો. ત્યારે તેણે પ્રતિજ્ઞા પૂરી કરવા અગ્નિ પર ચડવા વિચાર કર્યો. ત્યારે ભગવાને તેને અટકાવીને કહ્યું કે લોકો તો સ્તુતિ કે નિંદા કરનારા જ છે. હું તને તેના બધા પુત્રો બતાવી દઉં. પછી ભગવાન ગરૂડ પર ચડી અર્જુનને લઇને ઘોર અંધકારને વીંધીને પછી જલરાશીને વીંધીને ગયા તો શેષજી મહારાજના લોકમાં આવી ગયા જેમને હજારો મસ્તક-ફેણો હતી અને ભગવાનને શેષશૈયા પર બિરાજેલા. અર્જુને જોયા ભગવાન પોતાના આયુધો સહિત બિરાજી રહ્યા છે. બારે શકિત ભગવાનની સેવા કરી રહી છે. ત્યારે ભગવાને પોતાના જ સ્વરૂપ અનંતને પ્રણામ કર્યા. અર્જુન તો ડરી ગયો હતો. ત્યારે અનંત ભગવાને કહ્યું-કૃષ્ણ-અર્જુન તમારા દર્શન માટે જ હું આ પુત્રોને અહીં લાવ્યો છું. હવે તમે ભૂ-ભાર હરણનું કાર્ય પૂરું કરીને જલ્દી અહીં આવી જાઓ. (અર્જુનનું અભિમાન દૂર કરવા જ ભગવાને આ નાટ્ય રચ્યું હતું.) પછી શ્રીકૃષ્ણ અને અર્જુન બાળકોને લઇને દ્વારિકાપુરી આવ્યા. (અર્જુનને ખ્યાલ આવ્યો કે વિષ્ણુધામ અને ઈન્દ્રધામ વચ્ચે કેટલો બધો ફરક છે.) તેને સમજાયું કે જીવ જે કંઇ પરાક્રમ કરે છે તે ભગવાનની કૃપાને





કારણે જ થઇ શકે છે. આ રીતે ભગવાનનું શ્રેષ્ઠપણું બધાંને ધ્યાનમાં આવ્યું.

## અધ્યાયાર્થ ૮૬ સુબોધિની

કારિકા ૪૫૬ થી ૪૫૯ : આ અધ્યાયમાં ભગવાનના જ્ઞાનગુણનો નિર્ણય કરેલો છે. જ્ઞાનનું ઉત્તમ ચિન્હ ક્ષમા છે. શ્રીકૃષ્ણમાં ક્ષમાશીલતા છે. તે જણાવવા ભૃગુનું આખ્યાન ૨૧ શ્લોકથી કહેવાયેલું છે. (૪૫૭) બ્રાહ્મણના બાળક મૃત્યુ પામતા હતા તે પ્રસંગમાં અર્જુને ભર સભામાં ભગવાન વ.ની ઘણી નિન્દા કરી છે. ભગવાન જાણતા હતા કે બાળકો કયાં છે ? તેમને લાવી આપવા માટે પણ સમર્થ હતા છતાં તેમણે ક્રોધ ન કર્યો પણ શાન્ત જ રહ્યા આ આપની ક્ષમાશિલતા છે. (૪૫૮) અહીં એ બતાવવા માંગે છે કે જ્ઞાન તો માત્ર ભગવાનમાં જ છે. મહાભારત યુદ્ધમાં ભગવાને અર્જુનને ગીતોપદેશ કર્યો હતો છતાં અર્જુને ભગવાન વ. ને 'રાજન્યબંધુ' 'અસુમ્ભર' વ. ઘણાં નિંદાજનક સંબોધનો કર્યા. તેથી જણાય છે કે ગીતા સાંભળવા છતાં તેને જ્ઞાન નથી થયું. વળી, બ્રાહ્મણના પુત્રો શા માટે મર્યા અને કયાં ગયા તેનું જ્ઞાન અર્જુનને ન્હોતું પણ ભગવાનને હતું. તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાન ભગવાનનો જ ગુણ છે. (૪૫૯)

## અધ્યાય-૯૦ / સુબોધિની અ. ૮૭
## ભગવદ્ વૈરાગ્યનું વર્ણન

વિશેષ : આ અધ્યાયમાં ભગવાનના વૈરાગ્ય ગુણનું નિરૂપણ છે. અહીં પ્રાણયલીલા કહેવામાં આવી છે. શ્રીકૃષ્ણ ભગવાન્ હોવાથી તેમને પોતાને તો વિષયોમાં આસકિત નથી. પણ સ્ત્રીઓને વિષયમાંથી આસકિત જાય તે માટેનું અહીં નિરૂપણ છે.

શ્લો. ૧ થી ૧૪ : દ્વારકામાં લક્ષ્મીપતિ ભગવાન નિવાસ કરી રહ્યા છે. તેમાં સ્ત્રીઓ, યોદ્ધાઓ, બાગ બગીચા વ. સુખદાયક છે. ભગવાન પણ જેટલી પત્ની તેટલા રૂપ ધરી વિહાર કરી રહ્યા છે. બધાંનાં જ મહેલો સુખના વિષયોથી ભરપૂર છે. ભગવાન તેમની સાથે અનેક પ્રકારે ક્રિડા કરી રહ્યા છે. ભગવાનના તેમની સાથેના વિહારને કારણે ભગવાને તેમની ચિત્તવૃત્તિને હરિ લીધી હતી. તેથી તેમને બીજું કંઇ જ સ્મરણમાં ન રહેતું. પત્નીઓનું સર્વસ્વ શ્રીકૃષ્ણ જ હતા. તેઓ એટલા ભગવાનમાં મગ્ન થઇ જતા કે ઉન્મત્તની જેમ અસંબદ્ધ બોલતા તેમનો પ્રેમ દશ શ્લોકથી ૧૦ પ્રકારે ૯ ગુણ ૧ નિર્ગુણ તેમ શ્લોક ૧૫ થી ૨૪ માં પ્રકટ થઇ રહ્યો છે.

શ્લો. ૧૫ : તે રાત્રે બોલતી ટીટોડીને કહે છે. અત્યારે તો જેમનું જ્ઞાન કદી છૂપાતું નથી તેવા ઈશ્વર પણ પોઢી ગયા છે એટલી રાત થઈ છે, શું અમારી જેમ તારું હૃદય પણ વિંધાઈ ગયું છે તેથી તને પણ નિંદ નથી આવતી !

વિશેષ : મહિષિઓ ઉન્મત્ત દશામાં હોવાથી ટીટોડી વ. કોઈ નથી છતાં તેમને સંબોધિને બોલે છે કે તેમને ભગવાન સાથેના ભોગમાં (ભગવાન તેમના પતિ છે) લાલસા છે છતાં ભગવાનમાં આસકિત છે. ૧૦ શ્લોકથી ટીટોડી, ચકવાકી, સમુદ્ર, ચન્દ્ર, મલય પવન, મેઘ, કોયલ, ક્રીડા, પર્વત, નદી અને હંસ સાથે સંવાદ કરે છે.

સુબોધિની - જેમ રાસપંચાધ્યાયીમાં ભગવાનનું કાયિક અંતર્ધાન હતું તેમ અહીં માનસ અંતર્ધાન છે. તેથી ઘર સંસારને ભૂલીને મહિષઓ વિયોગને લીધે પ્રલાપ કરે છે.

ભગવાને શયનલીલા કરી તેથી ટિટોડીનો સ્વાભાવિક વિલાપ સાંભળીને રાજસ-રાજસ મહારાણીઓને ટિટોડીના વિલાપથી ભગવાન જાગી જશે તો તો ફરી સંયોગલીલા થઈ શકે તેમ હોવા છતાં સ્નેહના કારણે ભગવાનની નિંદ્રાભંગ ન થાય માટે ટિટોડીને સાંત્વન આપી વિલાપ કરતી બંધ કરે છે. જગતના સર્વજીવો સ્ત્રીરૂપ છે. (બધા જીવો ભોગ્યરૂપ) તેમ જાણી તે ટિટોડીને પોતાની સમાનશિલ સમજે છે.

કારિકાર્થ : ચિન્તા છે કે મહામુશ્કેલીએ પ્રસન્ન થયેલ ભગવાન કઈ રીતે વશ થાય ? તેના કારણે મહિષિઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. જાણે કે ટિટોડી કહે છે કે મારી વેદના ભગવાનને જણાવો. તો રાણીઓ કહે છે - ભગવાન તો પોઢી ગયા છે એટલે કે જગતમાં સર્વત્ર નિંદ્રાનું સુખ લેનાર ભગવાન જ છે. ભગવાન પોઢયા હોય ત્યારે પણ તેમનું જ્ઞાન છૂપાતું નથી. વળી અત્યારે પ્રભુ લીલા માટે પોઢયા છે માટે જગાડી ન શકાય. તેથી હે ટિટોડી, તારી વાત અમે તેમને કહી શકતા નથી. અમે પણ કામપિડાથી દુ:ખી છીયે. ભગવાને તેમના કમળસમાન (નેત્રરૂપી) ધનુષ્યથી અમને વીંધ્યા છે. રમતમાં પીડાનો વિચાર ન હોય તેથી આપે વિંધવામાં દયા નથી વાપરી. જ્ઞાનશકિત (દષ્ટિ) ક્રિયાશકિત (લીલા) ભકિતયોગ (ઉદારતા), માયા (હાસ્ય) વૈભવનો સમય (કમલ-મકરન્દ) આ પાંચ વસ્તુ જેના હૃદયમાં બિરાજે છે તે ભકત દુ:ખી (અનિર્વૃત) (વિપ્રયોગ) કહેવાય છે.

શ્લો. ૧૬ : રાજસ - સાત્વિક મહારાણીઓ ચકવાકીને ખેદ કરતી અટકાવતાં કહે છે - અરે ચકવી, તું પતિને નથી જોતી માટે રાત પડી છતાં તારા નેત્રોને



બંધ નથી કરતી અને આક્રન્દ કરે છે ? કે પછી તું પણ અમારી જેમ ભગવાનની પ્રસાદીરૂપ માલાને અમ્બોડામાં ધરવા ઈચ્છે છે ?

સુબોધિની : પોતાના જેવી જ દુ:ખીયારી ચકવી છે. ચકવો તેની પાસે હોવા છતાં ચકવી પણ સમ્ભ્રમ થઈ છે. આખો દિવસ પતિની સેવા કર્યા પછી તેનું ફલ ઈચ્છે છે. તે અહીં ભગવાનના ચરણમાં સમર્પેલી પુષ્પમાળા છે. તે ભગવાન આપે તો સમજવું કે ભગવાને સેવાને સ્વીકારી છે. ભકત ભકિતરૂપ માલાને માથે ચડાવીને કૃતાર્થ થાય છે પણ ચકવીને આવો પ્રસાદ નથી મળ્યો માટે તે વિલાપ કરે છે.

શ્લો. ૧૭ : રાજસ-તામસ મહારાણીઓ સમુદ્રનો ઘુઘવાટ સાંભળીને તેને સંબોધન કરે છે - હે સમુદ્ર, તું નિરન્તર ઘુઘવ્યા કરે છે તે શું તને અનિદ્રાનો રોગ લાગુ પડયો છે ? ના... ના... અમને લાગે છે કે શ્યામસુન્દરે જેમ અમારાં પ્રાણ ઈન્દ્રિયાદિ હરિ લીધા છે તેવી રીતે તારાં સ્વાભાવિક ગુણો ધૈર્ય-ગાંભીર્ય હરિ લીધા લાગે છે. તેથી તને પણ અમારા જેવો વ્યાધિ લાગુ પડયો છે. કે જેની કોઈ દવા નથી.

સુબોધિની : સમુદ્ર સાંભળે માટે ભો: ભો: બે વાર કહ્યું છે વળી તારું ન સૂવાનું કારણ તું જલવાળો છે તેથી ઠંડીથી પિડાતુ હશે. તને ભલે ઊંઘ ન આવે પણ ઘોંઘાટ કેમ કરે છે ? ભગવાન સમુદ્રમાં શેષ શય્યા પર પોઢે છે પણ અત્યારે અવતારકાળ હોવાથી તને વિયોગ થતો હશે, જેમ અમને થાય છે. પોતાનું સર્વસ્વ જાય તે રાડો જ પાડે તેમાં નવાઈ નથી ! અમારી જેમ તારો સંસાર અને મોક્ષ બન્ને નથી રહ્યા. તેથી હવે તો કોઈ ઉપાય નહિ હોવાથી દુ:ખને ગણકારવું નહિ.

શ્લો. ૧૮ : તામસ-તામસ મહારાણીઓ તો કાલને શાપ આપે છે કે રાત પૂરી થાય તો અમારું દુ:ખ મટે. તેથી ચંદ્રના આથમવાની રાહ જોતી ચંદ્રની ગતિ તરફ નજર માંડીને બેઠી છે. તેમને લાગે છે કે ચન્દ્ર જાણે ચાલતો જ નથી તેથી જેઓ કામથી અંધ થઈ ગયાં છે તેવાં મહારાણીઓ કહે છે - હે ચન્દ્રદેવ ક્ષયરોગ લાગુ પડવાથી તમે અંધારાને હટાવવા નાકામ થયા છો. અમારા શ્યામસુન્દરની મીઠી મીઠી વાતો ભૂલી જવાથી તમારી વાચા બંધ થઈ ગઈ છે ? કે તે ચિન્તામાં મૌન છો ?

સુબોધિની : ચન્દ્રને દક્ષ પ્રજાપતિના શાપથી ક્ષય થયો તેથી તે ચાલતો નથી તે તો જાણે માની શકાય પણ અંધકાર કેમ દૂર નથી કરતો ? તેના કારણની

કલ્પના કરે છે - કે એનો આ દોષ સ્વાભાવિક નથી પણ મુકુન્દ મોક્ષ આપવા સંબંધે વચનો કહેલ તે આ ભૂલી ગયો તેથી ચિંતામાં હોવાથી તેની વાણી બંધ થઈ ગઈ છે. ચંદ્રની વાણી = ગો = કિરણ કીરણરૂપ છે તે ઝાંખી થઈ ગઈ છે.

શ્લો. ૧૯ : હવે તામસ રાજસી મહારાણીઓ કામથી પીડિત હોવાથી મલયપર્વતના વાયુને ઠપકો આપે છે - અરે મલયાનિલ અમે તારું શું બગાડયું છે કે તું અમારા હૃદયમાં કામનો સંચાર કરે છે ? ભગવાને આમેય અમારા હૃદયને પહેલેથી વીંધેલું તો છે જ.

સુબોધિની : અમે અમારા હૃદય પર શિતલ ચંદન લગાવેલ તેથી તને ઠંડક મળી હતી તેવા અમારા ઉપકાર ઉપર તું અપકાર કરવા બેઠો છે ? અમારું હૃદય ગોવિન્દના કટાક્ષથી વિંધાએલું છે તેમાં તું પાછો કામનો સંચાર કરે છે ! વૃક્ષના પોલાણમાં અગ્નિ મૂકે તો લીલુંછમ વૃક્ષ પણ બળી જાય, તેવું તું અમોને કરી રહ્યો છે ?

શ્લો. ૨૦ : હવે તામસ સાત્વિક મહારાણીઓએ મેઘનું સ્વરૂપ ભગવાન જેવું જોઈને તથા મેઘે ચન્દ્રને ઢાંકયો તેથી શિતળતા થવાની મેઘની પ્રશંસા કરે છે. પછી પોતાના ગુણોનો તેમાં આરોપ મૂકી તે પણ દુઃખી છે તેમ કલ્પના કરે છે. તમે પણ અમારી જેમ અતી આતુર થઈ આંસુઓની ધારા વહાવો છો. તમે પણ લૌકિકમાં નિંદનીય થયા છો. (તમે શ્યામસુંદર જેવા દેખાવ છો તેથી તમે પણ તેમના પ્રેમપાશમાં બંધાયેલા જણાવ છો તેથી)

સુબોધિની : મેઘને શ્રીમાન્ કહીને આદર આપ્યો કેમ કે તે વિદ્યુતની શોભાવાળો છે, ભગવાનનો પ્રિય છે, ભગવાન જેવા વર્ણવાળો છે, વસ્ત્રો પણ પીળા છે, પ્રાણીઓને જીવન આપે છે અને તેમના તાપ મટાડે છે તેથી કહે છે - તું ભગવાનને પ્રિય છે પણ તું ય અમારી જેમ સુખી નથી કેમ કે તું પણ ભગવાનનું ધ્યાન ધરે છે તોય તને તે દર્શન નથી આપતા. ભગવાન સુખથી સુઈ ગયા છે. ભૃગુ ભગવાનનું અતીક્રમણ કરે છે તેથી તેના મિત્ર એવો તું દુઃખી છે ? લક્ષ્મીજી શ્રીવત્સમાં હોવાથી ભગવાનની પાસે છે તેથી ભગવાન અમને અવગણે છે. મેઘમાં પાંચ પ્રકારના કલેશ દેખાય છે.

૧. માનસ કલેશ - ભગવાનના દર્શનની ઉત્કંઠા
૨. લોકમાં નિંધ્ય - કેમકે ખૂબ જોરથી ગરજે છે.
૩. નિસ્તેજ - ધૂળીયા રંગનો થઈ જવાથી
૪. અશ્રુપાત
૫. પ્રિયનું વારંવાર શ્રવણ





મેઘને આ બધાં દુઃખ કયા અપરાધથી થયા ? તો કહે છે, વિશેષ સંગ.

શ્લો. ૨૧ : હવે સાત્વિક-સાત્વિકી મહારાણીઓ વિચારે છે કે - હે કોયલ, તું પણ અમારા પ્રાણપ્રિયની જેમ મીઠું-મધુરું બોલનારી છે. જે બોલી અમૃતસમાન છે અને વિરહમાં અમને જીવાડનારી છે. અમે તારું શું પ્રિય કરીયે ?

મહિષિઓને લાગે છે કે કોયલ સમાન અવાજથી ભગવાન અમને બોલાવે છે.

શ્લો. ૨૨ : સાત્વિક-રાજસ મહારાણીઓ પર્વતને કહે છે કે તું નથી હાલતો-ચાલતો કે બોલતો કેમ કે તું પણ તારા શિખરો કે જે તારાં સ્તન છે તેના પર ભગવાનનાં ચરણ-કમલ સ્થાપન કરાવવા ચાહે છે. પર્વત ભગવાનનાં ચરણારવિંદ ધારણ કરે છે. પર્વત વિચારે છે કે બોલવા કરતાં આશ્રય કરવો જોઈએ જેથી સર્વનો ઉદ્ધાર (પુલિન્દીઓનો) થાય, આવું વિચારનારો તે ઉદાર છે.

શ્લો. ૨૩ : સાત્વિક તામસ મહારાણીઓ નદી પ્રત્યે કહે છે કે - જેમ અમે યદુપતિના પ્રણય અને દષ્ટિને પ્રાપ્ત ન થવાથી અમારા હૃદયને ખોઈ બેઠી છીએ તેમ નદી પણ સાગરની દષ્ટિ નહિં પામતાં તેની ધારાઓ સુકાઈ ગઈ છે. પોતે ક્ષીણ થઈ ગઈ છે અને કમળોવિના શોભાહીન થઈ ગઈ છે.

શ્લો. ૨૪ : હવે ગુણાતીત મહારાણીઓ નદીતીર પરના હંસોને જોઈને કહે છે - હે હંસ, અમે તારું સ્વાગત કરીએ છીએ. તું શ્યામસુંદરની વાત સંભળાવ, કેમ કે તું તેમનો દૂત છે. તે અજીત કુશળ તો છે ને ? તેમની મિત્રતા તો ભારે ક્ષણિક છે. તેમને અમારાં પ્રતિનું પ્રિયપણું યાદ છે ? જો તે અમને યાદ ન જ કરતા હોય તો તારી વાત શા માટે સાંભળવી ? કે શા માટે તેમને યાદ કરવા ? સર્વકામના પૂર્ણ કરવાવાળા તેમની વાત ચલાવ, પણ તેમાં લક્ષ્મીજીનો ઉલ્લેખ ન કરતો. શું લક્ષ્મીજી એકલાં જ તેમના પ્રતિ એકનિષ્ઠ છે ?

શ્લો. ૨૫ : આ પ્રમાણે સ્ત્રીઓને ક્રીડામાં પ્રાપ્ત થયેલ સંસાર ભગવાને દૂર કર્યા તેથી તેમનો ભગવાનમાં ભાવ દઢ થયો તેથી તેમની પરમગતિ થઈ.-ભગવાનની કીર્તિકથા સહજ આકર્ષણ કરાવનારી છે. આ ભગવાન જ ફળરૂપ છે.

તે પછી ભગવાનના પુત્રોના યશનું વર્ણન તથા તેમની સંતતિનું પણ વર્ણન શ્લોક ૩૩ થી ૪૨માં કર્યું છે.

શ્લો. ૪૩ થી ૪૭ : દેવાસુર સંગ્રામમાં જે અસુરો મરાયા તે મનુષ્યોમાં પેદા થયા તેમનું દમન કરવા ભગવાનની આજ્ઞાથી જે દેવતાઓ યાદવો થઈને જન્મ્યા

તે તો ૧૦૧ જ હતા. આ યાદવોનું મન ભગવાનમાં એટલું લાગેલું કે તેઓ સૂતાં, ભોજન કરતાં, ફરતાં, વાતો કરતાં, ક્રીડા કરતાં, સ્નાન કે બેસતાં દરેક વખતે પ્રભુમાં ચિત્તવાળા થઈ ગયા હતા. તેઓ પોતાને વિસ્મૃત કરી ચૂકયા હતા. ભગવાનનો મહિમા એટલો થયો કે સૌને પવિત્ર કરનાર ગંગાજીનો અપાર મહિમા પણ તુલનામાં ઓછો થઈ ગયો. તેથી તો લક્ષ્મીજી ભગવાનની સેવામાં નિત્ય લાગેલા રહે છે.

શ્લો. ૪૮ : તો આવા ભગવાન અત્યારે કયાં છે ? આવા ભગવાન સર્વ ભકતજનોમાં વાસ કરીને બિરાજેલા છે દેવકીજીને ત્યાં જન્મ લીધો છે. તે તો કહેવા પૂરતું જ પરંતુ આપે પોતાના બાહુરૂપી યાદવોથી અધર્મીઓનો નાશ કર્યો અને પોતાના સ્વરૂપબલથી ભકતોમાં પ્રેમને વધારે છે ! આ પ્રમાણે અક્ષરબ્રહ્મથી પણ ઉત્તમ એવા ભગવાને પોતાના ભકતોની રક્ષા કરવા દિવ્ય લીલા અને શરીરને ધારણ કર્યું છે. અને તેને અનુરૂપ અદ્‌ભૂત ચરિત્રોનો અભિનય કર્યો. આપની લીલાના સ્મરણથી કર્મબન્ધનોનો નાશ થાય છે. અને આપની સેવાથી પુષ્ટ થએલો જીવ વૈકુંઠધામને પ્રાપ્ત કરે છે કે જ્યાં કાલનો વેગ સમાપ્ત થઈ ગએલો છે અને એ જ ધામની પ્રાપ્તિની આશામાં પ્રાચીન કાળના રાજાઓ રાજપાટ છોડી દઈને ગામડાંથી વનમાં જતા હતા. આમ ભગવાનની લીલાનું ફળ કહીને શુકદેવજીએ સ્કંધ ૧૦ પૂરો કર્યો

## અધ્યાયાર્થ ૮૭ સુબોધિની

કારિકા ૪૬૦ : આ અધ્યાયમાં ભગવાનના વૈરાગ્યગુણને બતાવ્યો છે કારણ વૈરાગ્યથી જ નિરોધ પૂર્ણ થાય છે. સંસારમાં વૈરાગ્ય થાય તો જ ભગવાનમાં ચિત્ત આસકત થાય છે. (૪૬૦) શ્રીકૃષ્ણના સમ્બન્ધને લીધે તો પટરાણી-મહારાણીઓ પણ સંપૂર્ણ રીતે સંસારમાં વૈરાગ્યવાળી થઈ, તો પછી શ્રીકૃષ્ણ વૈરાગ્યવાળા હોવામાં કહેવાનું જ શું ? આ અધ્યાયના પહેલા ૧૨ શ્લોકમાં ભગવાનની ક્રીડાનું વર્ણન છે. વૈરાગ્યના અધ્યાયમાં ક્રીડા કહેવાનું પ્રયોજન - ભગવાન તે રીતે પણ ભકતનો નિરોધ કરે છે અને સંસારમાંથી મનને હટાવીને ઉદ્ધાર કરે છે. (૪૬૩) ટીટોડી વગેરે ૧૦ પદાર્થોને નિર્ગુણ ભગવાનનો સંબંધ થતાં તે બધાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. વળી તેમના કારણે મહારાણીઓમાં જે વિચારો ઉદ્‌ભવે છે તેનાથી તેમનામાં સંસારનો અંશ દૂર થાય છે. (૪૬૪) ભગવાન મનથી તિરોહિત થયેલા છે. તેથી તેઓ વિહ્‌વળ થયા છે. ભગવાને તેમને ઘાણું અંગસુખ આપ્યું છે છતાં તેઓ ભગવાનનો સંગ ચાહે છે કેમકે તેમને ભગવાનમાં દૃઢ આસકિત છે. (૪૬૫) અહીં મહારાણીઓ બધી





ક્રિયા ભગવદર્થે કરતી તેમ કહી આ સ્કંધનો અર્થ નિરોધ કહી ઉપસંહાર કરે છે. શ્રીઆચાર્યજી કહે છે કે જીવો વિશ્વની માયાને હટાવી, ભગવાનના પરમધામને પ્રાપ્ત કરે તે માટે જ પરમગુરુ ભગવાને મારી પાસે આ ત્રાણ પ્રકરણો પૂરાં કરાવ્યા છે. (૪૬૭)

**પ્રિન્ટેડ બુક**

*Not published on a regular bases*
*Posted under post office guide clause 2.16*

**પ્રતિ શ્રી,** ____________________

____________________

____________________

____________________

**રવાના : શ્રીવલ્લભઆજ્ઞાનુવર્તિની સમિતિ**
**કાર્યાલય :** ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે,
ભરૂચ - ૩૯૨ ૦૦૧.
ફોન નં. : ૦૨૬૪૨-૨૨૯૦૪૮

# બડેનકી વાણી

## પુષ્પ-૧૬




## શ્રીમદ્ ભાગવત્ સાર

**સ્કંધ ૧૦ રાજસ - સાત્વિક - ગુણ પ્રકરણ**
**(ભાગવતાર્થ પ્રકરણ સમ્મત અર્થ સહિત)**

**ગ્રંથ** – બડેનકી વાણી પુષ્પ ૧૬

**પ્રકાશક** – શ્રીવલ્લભ આજ્ઞાનુવર્તિની સમિતિ, ભરૂચ.

**કાર્યાલય** – ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ–૩૯૨ ૦૦૧. ટે.નં. (૦૨૬૪૨) ૨૨૯૦૪૮

**ન્યોછાવર** – નિઃશુલ્ક વિતરણાર્થ

**મૂલ્ય** – શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતોનો હૃદયપૂર્વક સ્વીકાર તથા આચરણ માટે પ્રતિબદ્ધતા

**સંકલન** – દેવેન્દ્ર શાહ

## પ્રવૃત્તિ તથા ઉદ્દેશ્ય

- સત્સંગ
- સ્વમાર્ગીય ગ્રંથ પ્રવચનમાળા તથા ગ્રંથાભ્યાસ
- સેવોપયોગી સામગ્રી શિખવાના વર્ગ
- કીર્તન શીખવાના વર્ગ
- પરીક્ષાકેન્દ્ર
- પુસ્તક પ્રકાશન
- ગ્રંથાલય (પુસ્તક, સીડી, કેસેટ)
- ગ્રંથો મંગાવી આપવા તથા ઓછી કિંમતે આપવા
- સ્વમાર્ગીય યાત્રા
- રૂબરૂ મુલાકાતથી સમજણ સ્પષ્ટ કરવી.

## <u>વિશેષ માહિતિ માટે :</u>

| દેવેન્દ્રભાઈ શાહ | ભરતભાઈ શાહ | અંજુબેન મારફતિયા |
|---|---|---|
| ૯૪૨૮૧ ૭૬૩૦૨ | ૯૪૨૭૮ ૭૯૨૭૩ | (૦૨૬૪૨) ૨૪૧૭૪૬ |

***<u>For Private Circulation Only</u>***

નિયમિત રૂપમાં પ્રકાશિત થતું નથી.
લેખની જવાબદારી લેખકની છે, પ્રકાશકની નહિ.

# આયોજીત પ્રવચનમાળા

- ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન–સુરત)
  સિદ્ધાંત મુક્તાવલી
- ગો. શ્રી રાજેશકુમારજી (અમદાવાદ–કડી)
  નવરત્ન
- ગો. શ્રી શરદકુમારજી (માંડવી–કચ્છ)
  સિદ્ધાંત રહસ્ય-ભક્તિવર્ધિની, સંન્યાસ નિર્ણય, શિક્ષાશ્લોકી
- પુ.પ્ર.મ. ભેદ, વિવેકધૈર્યાશ્રય
  અંતઃકરણ પ્રબોધ
- ગો. શ્રી યોગેશકુમારજી (મુંબઈ–કામવન–ગોકુલ)
  ચતુશ્લોકી-બાલબોધ, સેવાફલ, સાધન દીપિકા
- ગો. શ્રી મનોજકુમારજી (મુંબઈ–વસઈ)
  કૃષ્ણાશ્રય, જલભેદ, પંચપદ્યાનિ, નિરોધ લક્ષણ
- ગો. શ્રી પુરુષોતમજી (જૂનાગઢ)
  યમુનાષ્ટક, પંચશ્લોકી
- નેશનલ શિબિર
  પુષ્ટિઅસ્મિતા વિષય પર